# આધુનિક અભિમન્યુ

## નેતૃત્વનો માપદંડ :
## શ્રી નરેન્દ્ર મોદીનું સર્વાંગી બાળવિકાસનું વિઝન

ડૉ. જયદીપ શર્મા

BlueRose ONE.com
Stories Matter
NewDelhi • London

**BLUEROSE PUBLISHERS**
India | U.K.

Copyright © Dr Jaydeep Sharma 2025

All rights reserved by author. No part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the author. Although every precaution has been taken to verify the accuracy of the information contained herein, the publisher assumes no responsibility for any errors or omissions. No liability is assumed for damages that may result from the use of information contained within.

BlueRose Publishers takes no responsibility for any damages, losses, or liabilities that may arise from the use or misuse of the information, products, or services provided in this publication.

BlueRoseONE.com
Stories Matter
NewDelhi • London

For permissions requests or inquiries regarding this publication, please contact:

BLUEROSE PUBLISHERS
www.BlueRoseONE.com
info@bluerosepublishers.com
+91 8882 898 898
+4407342408967

ISBN: 978-93-7139-818-3

Cover design: Yash Singhal
Typesetting: Namrata Saini

First Edition: September 2025

# સાદર અર્પણ..

બાલ્યાવસ્થા શૂરવીર બને,

દર્શન તમારી આંખે ઝળકે.

પોષણથી લઈ શિક્ષણ સુધી,

દરેક નીતિમાંથી સ્નેહ છલકે.

માનનીય મોદીજી,

તમારું સ્વપ્ન સફળતાના પંથે

બાળહિત કાજે,

આજે સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વને અચંબિત કરી રહ્યું છે.

જેમનું સમગ્ર જીવન રાષ્ટ્ર માટે સમર્પિત છે એવા

વિકાસપુરુષ અને રાષ્ટ્રના સંન્નિષ્ઠ યોદ્ધાને લાખ લાખ વંદન સહ

મારા જીવનનું આ પહેલું પુસ્તક અર્પણ કરતાં અનહદ

આનંદ અનુભવું છું.

# પ્રસ્તાવના

વિશિષ્ટ માનવીઓના જીવનમાંથી મળતી પ્રેરણા સમાજનાં તમામ સ્તરને પ્રગતિની દિશામાં દોરી શકે છે. ખાસ કરીને જ્યારે વાત બાળકોના ઘડતર અને સર્વાંગી વિકાસની આવે ત્યારે એક દૃષ્ટિવાન નેતાની જરૂર પડે છે, જે માત્ર આજનું નહીં પણ આવતીકાલનું ભારત સર્જે. આજના યુગમાં દૃષ્ટિ, દિશા અને દૃઢતાના જીવંત ઉદાહરણ તરીકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની કાર્યશૈલી આપણને સ્પષ્ટ રીતે નજરે પડે છે. તેમણે જે યોગદાન આપ્યું છે તે માત્ર નીતિગત નથી, પણ સંવેદનાશીલ છે, ખાસ કરીને બાળકો માટે. બાળકની આસપાસનું વાતાવરણ કેવું હોય, તેમનું શારીરિક અને માનસિક ઘડતર કેવું હોય, તેઓ કેવી રીતે આત્મવિશ્વાસભર્યા નાગરિક બની શકે  એ તમામ મુદ્દાઓ પર મોદીજીએ અનેક મહત્ત્વની યોજનાઓ દ્વારા કામ કર્યું છે. તેમનું વિઝન માત્ર વિકાસ નથી પણ મજબૂત સંસ્કાર અને નવી પેઢી માટે પ્રકાશમય પથ છે. **‘આધુનિક અભિમન્યુ’**માં એ તમામ પ્રયાસોનું દસ્તાવેજીકરણ છે. અહીં તમને જે તે યોજનાઓની માહિતી કે આંકડાઓ નહીં, પણ એક નેતાનો બાળક માટેનો લાગણીસભર દૃષ્ટિકોણ જોવા મળશે. આ પુસ્તક દરેક વાચકને, ખાસ કરીને શિક્ષકો, માતા-પિતા અને વિદ્યાર્થીઓને  વિચારણા માટે ઊંડાણ આપે એવું અવકાશ છે. આવનારા યુગ માટે આ પુસ્તક ‘અભિમન્યુ’ જેવા કૌશલ્યવાન અને સંસ્કારી યોદ્ધાઓને ઘડી શકશે તેવી આશા વ્યક્ત કરું છું.

દીકરી આરાધ્યાના જન્મ સાથે જ પિતૃત્વની એક નવી યાત્રાની શરૂઆત થઈ, એક એવી યાત્રા જ્યાં પ્રેમ, જવાબદારી અને સંવેદનશીલતા સાથે જીવનની અવનવી અનુભૂતિઓ ઉદ્ભવી. બાળક માત્ર ઘરના સદસ્ય તરીકે નહિ, પણ રાષ્ટ્રના ઉજળા ભવિષ્યના ભગીરથ સ્વપ્નરૂપ છે. આ ભાવના પરથી પ્રેરિત થઈને, જ્યારે હું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ બાળકલ્યાણ માટે કરેલા પ્રયાસોનું અવલોકન કરું છું, ત્યારે બાળકો પ્રત્યેનો મારો દૃષ્ટિકોણ વધુ ઊંડો અને જવાબદાર બને છે. બાળકની ખુશાલી અને સુરક્ષા એ માત્ર કુટુંબની નહીં, પણ સમગ્ર રાષ્ટ્રના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. આ પુસ્તક એ સંવેદનશીલ હૃદયથી કરેલો એક નમ્ર પ્રયત્ન છે, આરાધ્યા તથા દરેક બાળકને સમર્પિત આ પુસ્તક આજનાં અને ભવિષ્યનાં બાળકો માટે પ્રેરણાદાયી સાબિત થાય તેવી ઊંડી શ્રદ્ધા વ્યક્ત કરું છું.

**ડૉ. જયદીપ શર્મા**



"બાળકો દ્વારા કહેવામાં આવતી નાની નાની વાતોમાં પણ એક મોટો સંદેશ છુપાયેલો હોય છે."

- શ્રી નરેન્દ્ર મોદી (5 સપ્ટેમ્બર, 2014ના રોજ શિક્ષક દિવસ નિમિત્તે તેમના ભાષણમાં વ્યક્ત થયેલ વિચાર.)

# સર્વાંગી બાળવિકાસ થકી રાષ્ટ્રવિકાસની દીર્ઘદૃષ્ટિનું યથાર્થ શબ્દચિત્ર : આધુનિક અભિમન્યુ

માનવજીવનનાં હજારો વર્ષના ઇતિહાસ તરફ એક દૃષ્ટિપાત કરતાં જણાય છે કે 'એક સાચો સર્જક અને એક સાચો નેતા જન્મે છે, એને બનાવી શકાતા નથી.' આ સત્ય અનુસાર જન્મજાત પ્રતિભાનું તો ગૌરવ છે જ, સાથે એમાં જીવનના સમૃદ્ધ અનુભવો અને કંઈક નવું કરવાની તમન્ના ઉમેરાય છે ત્યારે ધાર્યું પરિણામ પ્રાપ્ત થાય છે. ઉત્તમ શાસનવ્યવસ્થાની શોધમાં માણસે અત્યાર સુધીમાં અનેક શાસનપ્રણાલીઓ-વ્યવસ્થાઓ અમલી બનાવી છે અને અનુભવી પણ છે. એ તમામ વ્યવસ્થાઓમાં લોકશાહી શાસનવ્યવસ્થા ઉત્તમ જણાઈ છે. લોકશાહીના સામાન્ય ખ્યાલ પ્રમાણે બહુમતીનો વિચાર કેન્દ્રસ્થાને છે. બહુમતી પ્રાપ્ત કરનાર પક્ષ અને તેના પ્રતિનિધિ વ્યક્તિ નેતા બને અને આખી શાસનવ્યવસ્થાને પોતાના વિચારો અને કાર્યો થકી પ્રભાવિત કરે એવો સર્વસામાન્ય ખ્યાલ આ વ્યવસ્થામાં છે. પરંતુ આ સર્વસામાન્ય ખ્યાલને અતિક્રમી જઈ કોઈ વિશિષ્ટ પ્રતિભા જનસમૂહના નેતા તરીકે ઊભરી આવે ત્યારે પ્રજાકલ્યાણનાં કાર્યો એક ચોક્કસ દિશા તરફ આગળ વધે છે. આ કાર્યો સદીઓ સુધી પોતાની અમીટ છાપ છોડી જાય છે. નેતાજી સુભાષચંદ્ર  બોઝ હોય કે સરદાર પટેલ, તેમના જીવનકાર્ય તરફ એક નજર કરીએ

તો તેમણે માત્ર નેતાગીરી પૂરી પાડી નથી પરંતુ એવાં યુગપરિવર્તક કાર્યો તેમના થકી થયાં છે કે જે સદીઓ સુધી ઇતિહાસના સુવર્ણપાને લખાયેલાં રહેશે.

ભારતની ગુપ્તકાલીન સંસ્કૃતિથી માંડી આજ સુધીમાં આવા ઉત્તમ નેતાઓનાં નામ યાદ કરવાં હોય તો તે આંગળીના વેઢે ગણી શકાય એટલાં જ મળી આવે. આ ગણતરીમાં છેલ્લા વેઢે આંગળી અટકે ત્યારે જે નામ મૂકવું પડે તે ભારતના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીનું આવે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ થયેલું તેમનું પ્રત્યક્ષ જનકલ્યાણનું કાર્ય આજે ભારતના વડાપ્રધાન તરીકે વિશ્વફલક ઉપર વિસ્તરી રહ્યું છે. ઉત્તમ રાષ્ટ્રવાદ અને ઉમદા વિશ્વવાદને કેન્દ્રમાં રાખીને છેલ્લાં દસ વર્ષથી થઈ રહેલું ભારત-વિકાસનું ચિત્ર આજે દુનિયાની નજરમાં પણ સ્પષ્ટપણે જોઈ શકાય એવું ધ્યાનાકર્ષક બન્યું છે.

વિશ્વના અન્ય દેશો કરતાં ભારતની સ્થિતિ અલગ છે. ‘વિવિધતામાં એકતા’ એ ભારતની વિશિષ્ટ ઓળખ રહી છે ત્યારે આ વિવિધતાઓને સાથે લઈ એકતા સાબિત કરવાનું ભગીરથ કાર્ય સંપન્ન થયું છે. મોદીજીએ જ્યારે રાષ્ટ્રીય નેતૃત્વ સંભાળ્યું તે જ ક્ષણેથી ભારતની એક મહાન રાષ્ટ્ર તરીકેની શક્યતાઓ પ્રજા સમક્ષ ઊભરી આવી હતી. વર્ષોથી ચાલતાં લોકકલ્યાણ અને રાષ્ટ્રવિકાસનાં કાર્યોની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવ્યું છે અને એવાં તો કેટલાંય ક્ષેત્રો છે કે જે આજે એક દાયકા પછી નખશિખ પરિવર્તન પામ્યાં છે. યુવાવિકાસ, મહિલા સશક્તીકરણ, ઉદ્યોગ અને ટેકનોલોજીનો વિકાસ, શિક્ષણ અને આરોગ્ય, વિશ્વ રાજનીતિ, આંતરરાષ્ટ્રીય સીમાસુરક્ષા, સર્વાંગી બાળવિકાસ એમ રાષ્ટ્ર માટે

અતિ મહત્ત્વનાં ક્ષેત્રોના વિકાસના ધ્યેયને શ્રી નરેન્દ્ર મોદીજીએ પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. અથાગ પરિશ્રમ અને કાર્યજિગીષાને લીધે આ તમામ ક્ષેત્રો ઝળહળતી સફળતા પામ્યાં છે.

ઘણીવાર વિશ્વના અન્ય રાષ્ટ્રોની તુલના કરી ભારતના વિકાસની અલ્પ ગતિ તરફ અંગૂલીનિર્દેશ કરવામાં આવે છે. પરંતુ સત્ય હકીકત તો એ છે કે ભારતના એક રાજ્ય કરતાં પણ ઓછી વસ્તી કે વિસ્તાર ધરાવતા દેશમાં વિકાસનું ચિત્ર જેટલું ઝડપથી નજરમાં આવે એટલું વિશ્વના પાંચમા ભાગની વસ્તી ધરાવતા આ બૃહદ રાષ્ટ્રમાં આવી શકે નહીં. ભારતની સામાજિક, ધાર્મિક, આર્થિક, ભૌગોલિક અને સ્થાનિક પરિસ્થિતિઓ પણ પડકારજનક રહી છે. એ તમામને પહોંચી વળ્યા બાદ તમામ ક્ષેત્રે વિકાસનું જે ચિત્ર અંકિત થયું છે તેના મૂળમાં એક સાચા નેતાની દીર્ઘદૃષ્ટિ અને ઉત્તમ પુરુષાર્થ સિવાય બીજું કંઈ નથી.

આ પુસ્તકમાં ડો. જયદીપ શર્માએ શ્રી નરેન્દ્ર મોદીજીના બાળકલ્યાણની અને બાળવિકાસની સર્વગ્રાહી દૃષ્ટિને કેન્દ્રમાં રાખી ભારતની વર્તમાન વિકાસ-યોજનાઓ અનેક ઉદાહરણો સાથે નક્કર રીતે ચીંધી આપી છે. નરેન્દ્ર મોદીજીનું સમગ્ર જીવન કોઈ પણ બાળક માટે પ્રેરણારૂપ બની શકે એવું છે, ત્યારે રાષ્ટ્રનાં બાળકો માટે એક સાચા નેતાના હૃદયમાં વસેલો ભક્તિભાવ નકર કાર્યમાં પરિણમે છે તેનો શબ્દચિતાર અહીં આલેખવામાં આવ્યો છે. 'પરીક્ષા પે ચર્ચા' હોય કે 'મન કી બાત'માં અસાધારણ કાર્ય કરનાર બાળકોની વાતનો ઉલ્લેખ હોય, એ તમામ પાછળનો આશય બાળકના બૌદ્ધિક અને શારીરિક વિકાસ સાથે તેના

સાંવેગિક વિકાસને છતો કરવાનો છે. એકાંગી નહીં પરંતુ સર્વાંગી વિકાસ થકી વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવાનું છે ત્યારે ભારતનાં બાળકો આવતીકાલનું ઉજ્જ્વળ ભવિષ્ય બની શકે એ માટેની યોજનાઓ દ્વારા મોદીજીનું એક સાચા નેતા તરીકેનું વ્યક્તિત્વ અહીં ઉપસી આવે છે. અસાધારણ કાર્યો કરવા માટે અસાધારણ પરિવારમાં જન્મ લેવો જરૂરી નથી. સાધારણ પરિસ્થિતિમાંથી પણ અસાધારણ વિકાસ સાધી શકાય છે તે વાત અને વિચાર અહીં આરંભથી જ વણી લેવામાં આવ્યા છે. બાળવિકાસ થકી રાષ્ટ્રવિકાસ માટેનું સતત ચિંતન અહીંયા દૃષ્ટિગોચર થાય છે.

આ આધુનિક અભિમન્યુ સાતમા કોઠાની રણનીતિ પણ જાણે છે. છેલ્લા એક દાયકાના અવિરત સંઘર્ષ બાદ છ કોઠા જીતવામાં સફળતા મળી છે. મારા મતે સાતમો કોઠો એ વિકસિત ભારત-2047 થકી વિશ્વગુરુ તરીકે પ્રસ્થાપિત થવું તે હોઈ શકે. એક યુગપ્રવર્તક અને યુગપરિવર્તક નેતા નિમિત્તે આ શક્યતાઓને ધારી સફળતા પ્રાપ્ત થાય એવી શુભેચ્છા સાથે એક પુસ્તક દ્વારા સર્વાંગી વ્યક્તિચિત્ર શબ્દના માધ્યમથી રજૂ કરવા બદલ તેના લેખકને અભિનંદન પાઠવું છું.

**ડો. સંજય પટેલ**
પ્રાધ્યાપક
ચિલ્ડ્રન્સ રિચર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

# અનુક્રમણિકા


1. નરેન્દ્ર મોદીજીની પ્રેરણાયુક્ત બાળપણનો સુવર્ણયુગ.......1
2. નવા ભારતનું નિર્માણ: શિક્ષણ અને વ્યક્તિત્વ-વિકાસ....20
3. આત્મવિશ્વાસ સાથે પરીક્ષા : નરેન્દ્ર મોદીજીનો સંવાદ ....45
4. મન કી બાત : બાળકો માટે ઉત્તમ પ્રેરણા-સંદેશ..........64
5. ભારતીય મૂલ્યો અને બાળકોનું ચારિત્ર્ય-નિર્માણ..........82
6. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન : નરેન્દ્ર મોદીજીનું ઉત્તમ પ્રેરણા-પાથેય ..............................................103
7. પર્યાવરણ પ્રત્યે પ્રેમ : બાળમનથી રાષ્ટ્રમન સુધી ......129
8. નવાચારથી નવું ભારત: નરેન્દ્ર મોદીજીનું બાળવિઝન .145
9. ભવિષ્યના ભારતના શિલ્પી : પ્રેરણાપ્રાપ્ત બાળકો.....165
10. આધુનિક અભિમન્યુ: આત્મવિશ્વાસથી ઉજ્જ્વળ ભવિષ્ય તરફ.......................................................171

# 1. નરેન્દ્ર મોદીજીની પ્રેરણાયુક્ત બાળપણનો સુવર્ણયુગ

બાળપણ...માત્ર ઉંમર નહીં પણ જીવનની એક અનમોલ યાત્રા છે, જ્યાં જીવનના પ્રથમ શબ્દો, પ્રથમ અનુભવો અને જીવનમૂલ્યો આકાર લે છે. એક વાર્તાનું બીજ, એક શિક્ષકનું હળવું હાસ્ય, એક સંવેદનાસભર સંવાદ આ બધું બાળકના વિશ્વમાં એવી રચના કરે છે કે જે આખું જીવન એની છાયા બની રહે છે. આજના સમયમાં જ્યારે શિક્ષણ દબાણ અને સ્પર્ધાની જાળમાં આવી ગયું છે, ત્યારે પ્રધાનમંત્રીશ્રી યાદ અપાવે છે કે સાચું શિક્ષણ તો બાળકના સમગ્ર વિકાસ વિશે હોય. મોદીજી બાળપણને એક આગવી દૃષ્ટિથી જુએ છે. તેમના મતે બાળપણ એ નથી કે જે સમય સાથે વીતી જાય, પરંતુ એ છે જે રાષ્ટ્રના ભવિષ્યને ઘડે છે.

નરેન્દ્ર મોદીજી બાળકો સાથે માર્ગદર્શક, શિક્ષક અને સંવેદનશીલ વ્યક્તિ તરીકે સંવાદ સાધે છે. એમનું પુસ્તક 'એક્ઝામ વોરિયર્સ', પરીક્ષા પે ચર્ચા અને રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' વગેરે  સાબિત કરે છે કે તેઓ બાળકોને માત્ર ભણતર સુધી જ નહીં, પણ ભારતના ભવિષ્યના સ્તંભ તરીકે જુએ છે. મોદીજીનું જીવન એ સાદગીથી શરૂ થયેલી એક અસાધારણ યાત્રા છે. એક નાનકડા ગામડાના સામાન્ય છોકરાથી દેશના પ્રધાનમંત્રીશ્રી બનવાનો તેમનો માર્ગ એ માત્ર રાજકીય નહિ,

પરંતુ જીવનમૂલ્યોથી ભરેલી સંવેદનશીલ યાત્રા છે. આ યાત્રાએ તેમને શીખવ્યું છે કે દરેક બાળકની અંદર અપાર શક્તિ છુપાયેલી છે અને એ શક્તિને ઓળખી, પ્રોત્સાહન આપવું કેટલું મહત્ત્વપૂર્ણ છે. તેમનાં  લખાણો, ભાષણો અને નીતિઓમાં બાળપણ અને બાળવિશ્વ માટે એક ખાસ જગ્યા છે. તેઓ બાળકોને ભવિષ્યના નાગરિક તરીકે જુએ છે. તેઓ ઘણી વખત પોતાના બાળપણને યાદ કરતાં કહે છે કે, "બાળપણમાં શીખેલાં મૂલ્યો અને સંસ્કારોએ તેમને જીવનભરના નિર્ણયોમાં માર્ગદર્શન આપ્યું છે."

ભારતીય સંસ્કૃતિમાં શૌર્ય અને ત્યાગનું હંમેશા ઉચ્ચ સ્થાન રહ્યું છે. મહાભારતના અભિમન્યુ પછી, ગુરુ ગોવિંદસિંહજીના પુત્રઓએ નાની વયે અદ્ભુત શૌર્ય અને બલિદાનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વર્ષ 2021માં, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ 26 ડિસેમ્બરને દર વર્ષે 'વીર બા**ળ** દિવસ' તરીકે ઉજવવાની ઐતિહાસિક જાહેરાત કરી. આ દિવસ ગુરુ ગોવિંદસિંહજીના ચારેય પુત્રઓના અપ્રતિમ શૌર્ય અને સર્વોચ્ચ બલિદાનને યાદ કરવાનો છે. 'વીર બા**ળ** દિવસ' માત્ર એક શ્રદ્ધાંજલિ નથી, પરંતુ તે આપણી ભાવિ પેઢીમાં રાષ્ટ્રીયતા, ધર્મનિષ્ઠા અને ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવાનો પવિત્ર હેતુ ધરાવે છે. આ દિવસ ભારતના નાના બાળકો માટે સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમનો જીવંત પ્રેરણાસ્ત્રોત છે. તે આપણા સમૃદ્ધ ઐતિહાસિક અને આધ્યાત્મિક વારસાને જીવંત રાખી, ભવિષ્યની પેઢીઓને સાચી દિશામાં દોરે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ બાળકોમાં શૌર્ય, સંસ્કાર, ધૈર્ય અને દૃઢ રાષ્ટ્રીય ભાવનાનું સિંચન કરવાનો છે.

“વીર બાળ દિવસ હવે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પ્રેરણાનું પર્વ બની ગયું છે. આપણા બાળકો અને યુવાનો માટે આ દિવસ શક્તિ અને સંકલ્પનું પ્રતિક છે.” - શ્રી નરેન્દ્ર મોદી ( 26 ડિસેમ્બર, 2024)

### ❖ નરેન્દ્ર મોદીજીના બાળપણથી મળતી પ્રેરણા

ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી આપણા દેશના એવા નેતા છે કે જેમના જીવનની શરૂઆત ખૂબ જ સામાન્ય હતી, પણ મહેનત અને દૃઢ સંકલ્પના આધાર પર તેઓ દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યા. તેમના બાળપણની વાતો અને જીવનયાત્રા દરેક બાળક માટે પ્રેરણાદાયી છે. તેમનો જન્મ 17 સપ્ટેમ્બર, 1950ના રોજ ગુજરાત રાજ્યના વડનગર નામના નાના ગામમાં થયો હતો. તેમનો પરિવાર સરળ અને સામાન્ય જીવન જીવી રહ્યો હતો. તેમના પિતા દામોદરદાસ મોદી રેલવે સ્ટેશન પર ચા વેચતા હતા. તેઓ પણ બાળપણમાં પોતાના પિતા સાથે ચાની દુકાન પર કામ કરતા હતા. તેમણે તણાવભર્યા સમયે પણ હંમેશાં આનંદથી કામ કર્યું. નાનપણથી જ નરેન્દ્રભાઈને સંઘર્ષ કરતા આવડતું હતું. તેમને વાંચનનો ખૂબ જ શોખ હતો. તેઓ બાળપણમાં પુસ્તકોમાંથી નવી નવી વાતો શીખવા માટે ઉત્સુક રહેતા. સાથે સાથે તેઓ સ્કૂલનાં નાટકો, ભાષણ અને રમતગમતમાં પણ ખૂબ સક્રિય રહેતા. આ બધું બતાવે છે કે તેઓ માત્ર અભ્યાસમાં જ નહીં, પણ વિવિધ પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા હતા.

બાળપણથી જ તેમણે મહેનત અને ઇમાનદારીને જીવનમંત્ર બનાવ્યો હતો. તેમને દેશભક્તિ અને સમાજસેવાના પ્રેરણારૂપ ગુણો વારસામાં મળેલા હતા. નાની વયે જ તેઓએ નક્કી કરી લીધું હતું કે પોતાનું જીવન માત્ર પોતાના માટે નહીં, પણ દેશની સેવા માટે વ્યતિત કરવું છે. સહાનુભૂતિભર્યું મન હોવાને કારણે તેઓ ક્યારે પણ કોઈને મદદરૂપ થવામાં પાછા ન પડતા. જ્યારે ગામમાં પૂર જેવી આપત્તિ આવી, ત્યારે નરેન્દ્રભાઈ નિઃસંકોચ રીતે રાહત કાર્યમાં જોડાઈ ગયા. આમાંથી સમજાય છે કે ઉંમર કોઈ પણ હોય, જો ઇરાદા મજબૂત હોય અને મનમાં સેવાભાવ હોય તો સમાજ માટે ઘણું કરી શકાય છે.

તેમના જીવનનો મોટો પાઠ એ છે કે જીવનમાં સમસ્યાઓ આવે, સંજોગો વિકટ બને, તો પણ જો આપણે મનમાં ધ્યેય રાખીને સતત પ્રયત્ન કરીએ, શિસ્ત પાળીએ અને આત્મવિશ્વાસ ન ગુમાવીએ તો સફળતા ચોક્કસ મળતી હોય છે. નરેન્દ્રભાઈએ પોતાનું સમગ્ર જીવન આ મૂલ્યો પર આધારિત રાખીને એક ઉદાર અને પ્રેરણાત્મક વ્યક્તિત્વ ઊભું કર્યું છે. તેમના જીવનમાંથી બાળકોને અનેક મહત્ત્વપૂર્ણ પાઠ મળી શકે છે. સૌથી પહેલાં તો, બાળકોએ સંકટોથી ડરવું નહીં. તેમણે બાળપણમાં અનેક કઠિન પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો, છતાં ક્યારેય હાર માની નહીં. તેઓ મુશ્કેલીઓમાં પણ ધૈર્ય અને હિંમત સાથે આગળ વધવાનું શીખવે છે. આ સાથે, તેમના જીવનથી એ પણ શીખી શકાય છે કે મહેનત પર વિશ્વાસ રાખવો ખૂબ જરૂરી છે; સફળતા એકાએક મળતી નથી, તેને મેળવવા માટે સતત પ્રયત્નો જરૂરી છે. તેમની સકારાત્મકતાનું પણ વિશેષ મહત્ત્વ છે. નરેન્દ્રભાઈ મુશ્કેલીમાં

પણ હંમેશાં સકારાત્મક દૃષ્ટિકોણ રાખતા, જે તેમને આગળ વધવામાં મદદરૂપ બન્યું. બાળકોએ તેમના જેવી જ રીતે સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ, જેથી સમાજ માટે જવાબદાર નાગરિક બની શકાય. વધુમાં, પોતાનાં સપનાંને સાકાર કરવા માટે વિશ્વાસ, ધૈર્ય અને જિજ્ઞાસા રાખવી જોઈએ. નરેન્દ્રભાઈએ પોતાનાં જીવનથકી આ બધું યથાર્થ રીતે સાબિત કર્યું છે.

નરેન્દ્ર મોદીજી આજે દુનિયાના સૌથી લોકપ્રિય નેતાઓમાંથી એક છે. પણ તેઓએ પોતાના જીવનની શરૂઆત એક ચા વેચનાર બાળક તરીકે કરી હતી. તેથી દરેક બાળક માટે મહત્ત્વપૂર્ણ છે કે તેઓ પોતાનાં બાળપણમાંથી જ મહાનતાની શરૂઆત કરી શકે છે. નાનપણમાં જ આપણી આદતો, શિસ્ત, અભ્યાસની પદ્ધતિ અને વિચારધારાઓ આપણું ભવિષ્ય ઘડે છે. આખરે, નરેન્દ્ર મોદીજીના જીવનમાંથી આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે સામાન્ય પરિવારમાંથી આવેલા બાળક માટે પણ દુનિયાની સૌથી મોટી લોકશાહીનો પ્રધાનમંત્રી બનવું શક્ય છે. જો આપણે મહેનત, ઈમાનદારી અને દેશપ્રેમના માર્ગે ચાલીએ તો...

### ❖ બાળપણ : રાષ્ટ્રનિર્માણની મજબૂત આધારશિલા

બાળપણ કોઈ પણ દેશની નીતિ અને સંસ્કૃતિના ભવિષ્યનું મૂલ્યવાન દર્પણ છે. આપણા નરેન્દ્ર મોદીજીએ વારંવાર આ વાત પર ભાર મુક્યો છે કે બાળકોને માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરું પાડવું પૂરતું નથી, પરંતુ તેમને યોગ્ય દિશા પણ આપવી જરૂરી છે. આ દિશાદર્શનમાં બાળસાહિત્ય અને ગુણવત્તાયુક્ત શિક્ષણની ભૂમિકા

અત્યંત અગત્યની છે. બાળસાહિત્ય; જેમાં વાર્તાઓ, કવિતાઓ, જીવંત સંસ્મરણો અને પ્રેરણાદાયી ઘટનાઓ હોય છે, જે બાળકોના ભાવિ જીવનના પાયાનું ઘડતર કરે છે. આ સર્જનાત્મક માધ્યમો બાળકના મનને માત્ર આનંદિત નથી કરતાં, પરંતુ તેમનામાં નૈતિકતા, આત્મવિશ્વાસ અને સામાજિક સંવેદનશીલતાના ગુણો પણ વિકસાવે છે. બાળપણમાં જે સંસ્કાર અને વિચારધારાનો અભ્યાસ થાય છે, તે જ બાળ મનને ઊર્જાવાન નાગરિકમાં રૂપાંતરિત કરે છે. આવું મનુષ્યવલણ અને વિચારશીલ પેઢી જ આવતીકાલે એક સંવેદનશીલ, આત્મનિર્ભર અને શક્તિશાળી ભારતનું નિર્માણ કરશે.

બાળકો પ્રત્યેનો પ્રેમ, સંવાદ અને સાહિત્યિક યોગદાન એ સાબિત કરે છે કે જો નેતાઓ બાળકોની ભાષામાં વાત કરે છે, તો તેઓ માત્ર દેશને જ નહીં પરંતુ ભવિષ્યને પણ આકાર આપી શકે છે. તેમના શબ્દો, તેમના વિચારો અને તેમનું વલણ બાળકોને એક નવી દિશા આપવાનું કામ કરે છે. જો આજનાં બાળકો સાહિત્ય સાથે જોડાઈને પોતાના વિકાસ તરફ આગળ વધી રહ્યાં છે, તો પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણાને નકારી શકાય નહીં. નરેન્દ્ર મોદીજી પોતે એક એવા નેતા છે જેમણે પોતાનાં કાર્યો અને શબ્દો દ્વારા સાબિત કર્યું છે કે બાળપણને સકારાત્મક દિશા આપવામાં વાતચીત અને લેખન કેટલું અસરકારક હોઈ શકે છે. તે ઘણીવાર બાળકો સાથે વાતચીત કરે છે, તેમને પ્રેરણા આપે છે અને તેમની ઊર્જાને સર્જનાત્મક દિશામાં વાળવાનો પ્રયાસ કરે છે. તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં બાળસાહિત્યનો ઉલ્લેખ અને બાળવાર્તાઓનો સમાવેશ દર્શાવે છે કે તેઓ બાળકના મનનું મહત્ત્વ  ખૂબ સારી

રીતે સમજે છે. નરેન્દ્ર મોદીજીના વિચારો અને પ્રયાસો સ્પષ્ટ કરે છે કે તેઓ બાળકના મનની કોમળતા અને તેની દિશા ઘડવામાં સાહિત્ય અને સંવાદની ભૂમિકાને ખૂબ સારી રીતે સમજે છે. તેમના શબ્દોમાં પ્રેરણા છે અને બાળકો તેમના સંવાદોમાં આગળ વધવાનો આત્મવિશ્વાસ મેળવે છે.

"બાળકો એ રાષ્ટ્રનો આત્મા છે" આ ભાવના નરેન્દ્ર મોદીજી દ્વારા રજૂ કરાયેલા વિચારો, નીતિઓ અને પુસ્તકોમાં સતત પ્રતિબિંબિત થાય છે. તેમના દ્વારા લખાયેલા પુસ્તક 'એક્ઝામ વોરિયર્સ' આ દૃષ્ટિકોણનું ઉત્તમ અને જીવંત ઉદાહરણ છે. આ પુસ્તકના માધ્યમથી વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસ સંબંધિત તણાવથી મુક્ત થવાના ઉપાય જ નથી જણાવવામાં આવ્યા, પણ તેમાં જીવન પ્રત્યેનો સહજ દૃષ્ટિકોણ પણ શીખવાયો છે. પુસ્તકમાં મોટી બાબતોને સરળ ભાષામાં રજૂ કરીને બાળકના મનમાં આત્મવિશ્વાસનું સિંચન કરવામાં આવ્યું છે. બાળકોને એમની અંદર છુપાયેલી ક્ષમતાઓ ઓળખવામાં અને તેનો વિકાસ કરવા પ્રેરણા આપવામાં આવી છે. દબાણ હેઠળ નહીં, પણ આનંદ અને આત્મવિશ્વાસ સાથે. આ જ તત્ત્વો બાળસાહિત્યનો મૂળ મર્મ છે. જીવન જીવવાની કળા બાળકને રમતમાં શીખવી દેવી, જેથી તે ભવિષ્યમાં એક સંવેદનશીલ, શક્તિશાળી અને સંતુલિત નાગરિક બની શકે.

આ ઉપરાંત, દર વર્ષે 'પરીક્ષા પે ચર્ચા' દરમિયાન બાળકો સાથે પ્રધાનમંત્રીશ્રીનો સંવાદ એક પ્રેરણાદાયી પહેલ છે. આ કાર્યક્રમમાં, તેઓ વિદ્યાર્થીઓ સાથે સીધા વાર્તાલાપ કરે છે, તેમના પ્રશ્નોના જવાબ આપે છે અને તેમને ખાતરી આપે છે કે

નિષ્ફળતા સફળતાની શરૂઆત હોઈ શકે છે, અંત નહીં. આવી વાતચીત બાળકોના આત્મવિશ્વાસને મજબૂત બનાવે છે અને તેમને પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરે છે. આજે, જ્યારે સમાજને નૈતિક મૂલ્યો અને સંવેદનશીલતાની પહેલાં કરતાં વધુ જરૂર છે, ત્યારે આવા સમયે, બાળસાહિત્યને પ્રોત્સાહન આપવું અને બાળકોને પ્રેરણા આપવી એ આપણા ભવિષ્યને ઘડવાનું સૌથી અસરકારક માધ્યમ બની શકે છે. નરેન્દ્ર મોદીજીના વિચારો અને પ્રયાસો આ દિશામાં એક પ્રેરણાદાયક ઉદાહરણ છે, જે દર્શાવે છે કે બાળપણને યોગ્ય શબ્દોથી દિશા આપી શકાય છે અને તે દિશા દેશનું ભવિષ્ય બને છે.

તેમના શબ્દો બાળકોના હૃદયને સ્પર્શે છે - તે શબ્દો ભારતના ભવિષ્યને આકાર આપે છે.

### ❖ નરેન્દ્ર મોદીજીના મતે 'ભારતીય લોકવાર્તાઓનું પુર્નજીવનએ સમયની માંગ છે'

ભારત એ વાર્તાઓની ધરતી છે, જ્યાં દરેક ખૂણો, દરેક પરિવારમાં પેઢી દર પેઢી લોકકથાઓ જીવંત રહી છે. આ લોકવાર્તાઓ માત્ર મનોરંજન પૂરતી નથી રહી, પણ તેમાં નૈતિક મૂલ્યો, જીવનના સિદ્ધાંતો અને સામાજિક સંદેશા ઊંડાઈથી વણાયેલા હોય છે. ભારતની સંસ્કૃતિનો નાદ લોકસાહિત્યમાં ધબકતો રહે છે, અને તેનું જતન કરવું આપણા સૌનું સાધારણ નહીં પરંતુ અનિવાર્ય કર્તવ્ય છે. મોદીજીએ અનેક ભાષણ માં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે "લોકસાહિત્ય એ ભારતના સાંસ્કૃતિક આત્માનું પ્રતિબિંબ છે. તેનું સંરક્ષણ અને વિકાસ આપણી

સંસ્કૃતિને જીવંત રાખવા માટે અત્યંત આવશ્યક છે." તેમના 'મન કી બાત' જેવા લોકપ્રિય કાર્યક્રમોમાં તેઓ વારંવાર પ્રાચીન લોકગીતો, કથાઓ અને પ્રાદેશિક ભાષાઓના મહત્ત્વની ચર્ચા કરે છે. તેઓ બાળકો અને યુવાવર્ગને આ વારસા સાથે જોડાવાનું આવાહ્ન આપે છે, જેથી આપણી જૂની વાર્તાઓ નવી પેઢીમાં ફરીથી જીવંત બની રહે.

ભારતીય લોકકથાઓ ફક્ત મનોરંજનનો સ્રોત જ નહોતી, પરંતુ જ્ઞાન, મૂલ્યો અને પરંપરાઓનો વાહક પણ હતી. પ્રધાનમંત્રીશ્રી પણ આ સાંસ્કૃતિક રાજધાનીના મહત્ત્વને ખૂબ સારી રીતે સમજે છે. તેઓ વિશ્વમંચ પર ભારતની સંસ્કૃતિને મજબૂત રીતે રજૂ કરી શકે છે. તેમણે ભારતીય વાર્તાઓને કરવા માટે નવા લેખકો, કલાકારો અને ડિજિટલ મીડિયાને પ્રેરણા આપી છે. આજના વૈશ્વિકરણ અને ડિજિટલ યુગમાં, જ્યાં વિદેશી વાર્તાઓ અને પાત્રો બાળકોના મનમાં પ્રવેશ કરી રહ્યાં છે, ત્યાં ભારતીય લોકકથાઓને પુર્નજીવિત કરવી અનિવાર્ય બની ગઈ છે. ભારતીય પરંપરામાં લોકકથાઓ અને પૌરાણિક પ્રસંગોનું મહત્ત્વ વિશાળ છે. નરેન્દ્ર મોદીજી આ વાર્તાઓને માત્ર પ્રાચીન વારસો નથી માનતા, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટેના મૂલ્ય આધારિત શિક્ષણ રૂપે પણ જુએ છે. તેમનું માનવું છે કે આવું સાહિત્ય બાળકોનું ભવિષ્ય ઘડવાનું સાધન છે.

મોદીજી ઘણા પ્રસંગોએ જણાવે છે કે ભારતની ગૌરવગાથા અને સાંસ્કૃતિક સમૃદ્ધિને સમજવા માટે નવી પેઢીને પોતાની જ ઐતિહાસિક વાર્તાઓ સાથે જોડાવું અત્યંત જરૂરી છે. તેઓ કહે છે, "આપણે આપણાં લોકગીતો, પૌરાણિક વાર્તાઓ અને સંસ્કૃતિનો

વારસો બાળકો સુધી પહોંચાડવો પડશે, જેથી તેઓ પોતાના મૂળને ઓળખી શકે અને દેશના સંસ્કૃતિક ઊંડાણ પર ગર્વ અનુભવી શકે." રામાયણ, મહાભારત, પંચતંત્ર અને જાતકકથાઓ જેવી વાર્તાઓ બાળકોને માત્ર રસપ્રદ મનોરંજન પૂરું પાડતી નથી, પરંતુ નૈતિકતા, સત્યનિષ્ઠા, ન્યાય અને સમાજ પ્રત્યેની જવાબદારી જેવાં જીવનમૂલ્યો પણ સરળતાથી સમજાવે છે. મોદીજી માને છે કે આવા ગ્રંથોમાં રહેલા આધ્યાત્મિક અને નૈતિક સંદેશો બાળમનને સકારાત્મક દૃષ્ટિકોણ આપે છે અને જીવનના ઊંચા સિદ્ધાંતો તરફ દોરી જાય છે. લોકકથા અને કલ્પનાશક્તિ વચ્ચેનો સંબંધ ખૂબ જ ઊંડો છે. એક તરફ કથા બાળકોને આનંદ આપે છે, તો બીજી તરફ તે તેમની કલ્પનાશક્તિનો વિકાસ કરે છે અને તેમને જીવનની જટિલતાઓનો સામનો કરવા સક્ષમ બનાવે છે. તેથી, બાળકોને શક્ય તેટલી કથા વાંચવા મળે તે જરૂરી છે. જેથી તેઓ મજબૂત, સંવેદનશીલ અને સર્જનાત્મક વિચારસરણી ધરાવતા નાગરિક બની શકે. શિક્ષણ પ્રણાલીમાં લોકકથાઓને સ્થાન આપીને આપણે બાળકોને તેમના મૂળ સાથે જોડી શકીએ છીએ.

નૈતિક શિક્ષણ, પર્યાવરણીય જાગૃતિ, બહાદુરી અને સંવાદિતા જેવાં મૂલ્યોને વાર્તાઓ દ્વારા રસપ્રદ રીતે રજૂ કરી શકાય છે. નૈતિક શિક્ષણ એ એવો પાયો છે જેના પર વ્યક્તિનું ચારિત્ર્ય અને સમાજનું ભવિષ્ય ટકે છે. બાળકો હોય કે યુવાનો, જો તેમનામાં નૈતિક મૂલ્યોની સમજ વિકસે તો તેઓ માત્ર સારા નાગરિક જ નહીં પણ માનવતા પ્રત્યે જવાબદાર પણ બને છે.

આ હેતુને પૂર્ણ કરવા માટે વાર્તાઓ, કવિતાઓ અને હાસ્યલેખ ખૂબ જ અસરકારક માધ્યમ બની શકે છે.

### ❖ બાળમનનું સંસ્કાર અને વિચારોથી ઘડતર

બાળકો કોઈ પણ દેશનો અમૂલ્ય ખજાનો છે. બાળપણ એ રાષ્ટ્રના ભવિષ્ય માટે મજબૂત આધારશિલા સમાન છે. જો પ્રારંભથી જ બાળકોમાં સારા સંસ્કારો અને સકારાત્મક વિચારધારા વિકસાવવામાં આવે, તો તેઓ પોતાનું જીવન તો સુધારે છે, સાથે સમગ્ર સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ શ્રેષ્ઠ યોગદાન આપી શકે છે. આપણા દેશના પ્રધાનમંત્રીશ્રી પણ આ દૃષ્ટિકોણનું સમર્થન કરે છે. તેઓ વારંવાર કહી ચૂક્યા છે કે માત્ર શૈક્ષણિક વિકાસ પૂરતો નથી, પણ બાળકોમાં નૈતિક મૂલ્યો અને વિચારશીલતા પણ જાગૃત કરવી એ તેટલી જ આવશ્યક બાબત છે. તેઓ માને છે કે બાળકનો વિકાસ ફક્ત શાળાની ચાર દીવાલોમાં જ થતો નથી, પરંતુ તેનો વિકાસ પરિવાર, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના ટેકાથી થાય છે. તેઓ ઘણીવાર કહે છે કે "બાળપણમાં કેળવાયેલાં મૂલ્યો જીવનભર આપણી સાથે રહે છે." તેમનો દૃષ્ટિકોણ ફક્ત રાજકીય વિચાર જ નહીં પરંતુ ઊંડા સામાજિક અને સાંસ્કૃતિક વિચારને પ્રતિબિંબિત કરે છે. તેઓ એમ પણ કહે છે કે જો આપણે બાળકોમાં ફરજની ભાવના, દેશભક્તિ, પ્રામાણિકતા અને શિસ્ત જેવા ગુણો વિકસાવીશું, તો તે જ બાળકો એક મજબૂત, આત્મનિર્ભર અને મૂલ્યો આધારિત ભારતનું નિર્માણ કરશે.

પ્રધાનમંત્રીશ્રી બાળકો સાથેની ખુલ્લી વાતચીત, જેમ કે 'પરીક્ષા પે ચર્ચા' માં સ્પષ્ટ સંકેત આપે છે કે તેઓ શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તકના ઢાંચામાં મર્યાદિત નથી માનતા. તેઓનો દૃઢ વિશ્વાસ છે કે બાળકોની ઉન્નતિ માટે માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું નથી, પરંતુ તેમનામાં વિચારવા, આત્મમંથન કરવા અને સમજદારીપૂર્વક નિર્ણયો લેવાની શક્તિ પણ હોવી જોઈએ. મોદીજીના મતે, આજના દિનચર્યાભર્યા અને સ્પર્ધાત્મક યુગમાં બાળકને વિચારશીલ, આત્મવિશ્વાસભર્યો અને સંવેદનશીલ બનાવવાનો આરંભ ખૂબ નાની ઉંમરમાં જ થવો જોઈએ. એવું શક્ય ત્યારે જ બને જ્યારે બાળક યોગ્ય દિશામાં પોતાની ક્ષમતાઓનો સંપૂર્ણ વિકાસ કરી શકે. શ્રી નરેન્દ્ર મોદીજી વારંવાર આ વાત પર ભાર મૂકે છે કે બાળકના જીવનમાં નૈતિક મૂલ્યો, ઉન્નત વિચારો અને સામાજિક જવાબદારીની ભાવના બાલ્યાવસ્થામાં જ વિકસાવવી જોઈએ. આવા ઊંડા સંસ્કારોથી ઘડાયેલું બાળક ફક્ત પોતાના જીવનને સિદ્ધિ તરફ દોરી જતું નથી, પરંતુ દેશના ભવિષ્યને પણ સદ્દિશામાં આગળ વધારવાનું કાર્ય કરે છે. કારણ કે, સંવેદનશીલતા અને નૈતિકતાને આધારે તૈયાર થયેલી નાગરિકતાનું બીજ તેણે બાળપણમાં જ ગ્રહણ કરેલું હોય છે.

## ❖ નરેન્દ્ર મોદીજીને પ્રેરણા આપનારી વાર્તાઓ

માનવ - ઇતિહાસના આરંભથી જ વાર્તાઓ જ્ઞાનના પ્રસારક અને સંસ્કૃતિના વહેતાં સ્રોત રહ્યાં છે. તે માત્ર શબ્દોની રચના નથી, પરંતુ વિચારધારાનો પ્રકાશપથ છે, જે જીવનદૃષ્ટિ, ભાવના અને સમજણને સ્પર્શે છે. વાર્તાઓમાં એવી શક્તિ હોય છે કે તે

કોઈ સામાન્ય મનુષ્યને અસાધારણ યાત્રા તરફ દોરી શકે. એ માત્ર મનોરંજન પૂરતું નથી, પણ વ્યક્તિના વિચારો, આદર્શો અને નિર્ણયો પર પણ ઊંડો પ્રભાવ છોડી શકે છે. જ્યારે આપણે પ્રધાનમંત્રીશ્રીના જીવનમાં વાર્તાઓની ભૂમિકા પર દૃષ્ટિ કરીએ, ત્યારે સ્પષ્ટ થાય છે કે તેમનાં જીવનમાર્ગને આ વાર્તાઓએ અનેક રીતે ઘડ્યો છે. મોદીજી ઘણીવાર પોતાના સંવાદોમાં જણાવ્યું છે કે બાળપણમાં તેઓ જે કથાઓ વાંચતા અને સાંભળતા, તે તેમની આંતરિક દુનિયાને ઊંડા પાયે સ્પર્શી હતી. તેમને ખાસ કરીને રામાયણ, મહાભારત જેવી પૌરાણિક કથાઓ, સ્વામી વિવેકાનંદના વિચારો અને સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન સંદેશોથી ખૂબ જ પ્રેરણા મળી છે. આ વાર્તાઓએ તેમના વ્યક્તિત્વમાં સંસ્કાર, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રસેવાને કેન્દ્રસ્થાને રાખનાર દૃષ્ટિકોણ વિકસાવ્યો છે. અત્યારના સમયમાં જ્યારે વાર્તાઓનું મહત્ત્વ  ઓછું થાય તેવું લાગતું હોય છે, ત્યારે મોદીજીના જીવનમાંથી આપણે શીખી શકીએ છીએ કે સચોટ વાર્તાઓ કેવી રીતે જીવન ઘડવામાં એક મજબૂત આધાર બની શકે છે.

પ્રધાનમંત્રીશ્રીએ તેમનાં ઘણાં ભાષણો અને વાર્તાલાપમાં સ્વીકાર્યું છે કે બાળપણમાં વાંચેલી વાર્તાઓ; ખાસ કરીને પૌરાણિક વાર્તાઓ, ઐતિહાસિક વ્યક્તિઓના જીવનની ઘટનાઓ અને ભારતના સ્વતંત્રતા સંગ્રામ સાથે સંબંધિત વાર્તાઓએ તેમના મન પર ઊંડી અસર છોડી હતી. બાળપણમાં વડનગર રેલવે સ્ટેશન પર ચા વેચતી વખતે તેમણે જે વાર્તાઓ સાંભળી અને વાંચી હતી તે ફક્ત મનોરંજન માટે નહોતી, પરંતુ જીવનમાં

હેતુ, સંઘર્ષ અને ફરજની ભાવના માટે પ્રેરણા બની હતી. રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો પ્રધાનમંત્રીશ્રીના નૈતિક નિર્ણયો અને નેતૃત્વ કૌશલ્ય માટે પ્રેરણાસ્ત્રોત છે. ભગવાન રામની ગરિમા અને ભગવાન કૃષ્ણની રાજદ્વારી કુશળતા તેમને વાર્તાઓ શીખવે છે.

જેમ કે અયોધ્યાના દીપોત્સવ – ૨૦૨૨ દરમિયાન પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે : "રામનું આદર્શ શાસન આજે પણ પ્રેરણા આપે છે. બધા માટે ન્યાય, બધા માટે સમાનતા." આ વિચારધારાને આજે ભારતના પ્રધાનમંત્રીશ્રીએ તેમની શાસનપદ્ધતિમાં જીવંત રાખવાનો પ્રયાસ કર્યો છે. તેઓ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ની ભાવનાને કેન્દ્રમાં રાખીને નીતિઓ રચે છે. એટલે કે, માત્ર થોડી વ્યક્તિઓ માટે નહીં, પણ સમગ્ર સમાજના હિત અને સુખ માટે તેઓ કાર્યરત છે. સ્વચ્છ ભારત અભિયાન, ઉજ્જવલા યોજના, જન ધન યોજના કે આયુષ્માન ભારત જેવી પહેલ દરેક નીતિમાં આપણે જનકલ્યાણનાં મૂલ્યો જોવા મળેછે. આ રીતે જોઈ શકાય છે કે રામરાજ્ય માત્ર ભૂતકાળની કલ્પના નથી, પરંતુ આજના યુગમાં પણ શાસન માટે એક જીવંત મૂલ્યસૂચક માળખું છે, જ્યાં ન્યાય, સમાનતા અને સર્વહિતના સિદ્ધાંતો વડે દેશ આગળ વધે છે.

"એકલવ્ય જે રીતે પોતાના લક્ષ્ય માટે પોતાનો અંગૂઠો અર્પણ કરે છે એ સાચું સમર્પણ છે." (પ્રધાનમંત્રીશ્રીએ યુવા સમિટ, દિલ્હી યુનિવર્સિટી, 2016 ભાષણમાં કહ્યું.) મોદીજીએ એકલવ્યના આ બલિદાન અને સમર્પણને "કર્તવ્ય પ્રત્યેની અખંડિત નિષ્ઠા" તરીકે વર્ણવ્યું, જે દર્શાવે છે કે દરેક વ્યક્તિના

લક્ષ્ય પ્રત્યેનું અવલંબન અને સંકલ્પ તેની સફળતા માટે મહત્ત્વપૂર્ણ છે.

પ્રધાનમંત્રીશ્રી અનેક વખતે કહ્યું છે કે, સ્વામી વિવેકાનંદના જીવનચરિત્રની છાપ બાળપણથી તેમના જીવન પર પડી છે. જયારે સ્વામી વિવેકાનંદે શિકાગોમાં વિશ્વધર્મ સંસદમાં ભાગ લેતાં કહ્યું હતું, "અમેરિકાના ભાઈઓ અને બહેનો...", જેમાં તેમને ભારતીય સંસ્કૃતિની ઊંડાઈ અને મહાનતા વિશ્વ સમક્ષ રજૂ કરી.

"સ્વામી વિવેકાનંદના શબ્દોએ મને મારા દેશ, મારી સંસ્કૃતિ અને મારા આત્મામાં વિશ્વાસ રાખવાનું શીખવ્યું."

(શ્રી નરેન્દ્ર મોદી, મન કી બાત, જાન્યુઆરી 2015, રાષ્ટ્રીય યુવા દિવસ)

મોદીજીએ ઘણીવાર જણાવ્યું છે કે સ્વામી વિવેકાનંદના વિચારો અને તેમના જીવનના પ્રસંગોએ મને  આત્મવિશ્વાસ, દેશપ્રેમ અને સેવા માટેની ભાવનાને પ્રેરણા આપી છે.

મહાત્મા ગાંધીજીની આત્મકથા "સત્યના પ્રયોગો"દ્વારા તેમણે પોતાના જીવનમાં સત્ય અને અહિંસા કેવી રીતે અમલમાં મૂકી, તે બહુ સરળ અને સચોટ રીતે સમજાવ્યું છે. મોદીજી માને છે કે જે પણ વ્યક્તિ જીવનમાં નેતૃત્વ કરવા માગે છે, તેણે આ આત્મકથા જરૂરથી વાંચવી જોઈએ. નરેન્દ્ર મોદીજી મહાત્મા ગાંધી જયંતી (2 ઑક્ટોબર, 2019) ભાષણમાં જણાવ્યું હતું કે “ગાંધીજીની આત્મકથા દરેક માટે માર્ગદર્શિકા છે.”

તે જ રીતે, સુભાષચંદ્ર બોઝનું જીવન પણ મોદીજીને ખૂબ પ્રેરણા આપે છે. બોઝે "તમે મને લોહી આપો, હું તમને આઝાદી

આપીશ" જેવો ઉમંગભર્યો સંદેશ આપીને લાખો યુવાનોમાં જાગૃતિ પેદા કરી. તેમણે આઝાદ હિંદ ફોજ બનાવીને દેશ માટે બલિદાન આપવાની ભાવના જગાવી.

“સુભાષબાબુનું જીવન બલિદાન અને જુસ્સાનું પ્રતીક છે.” (શ્રી નરેન્દ્ર મોદી , નેતાજી જયંતી 23 જાન્યુઆરી, 2021)

આજે પણ મોદીજી જ્યારે યુવાનોને દેશની સેવા માટે પ્રેરણા આપે છે ત્યારે એમાં સુભાષબાબુની ભાવના અને આશયની છાપ સ્પષ્ટ દેખાઈ આવે છે.

નરેન્દ્ર મોદીજીની વિચારશૈલી અને કામ કરવાની રીતમાં વાર્તાઓનો ઊંડો અસરકારક પ્રભાવ છે. તેઓ જ્યાં પણ જાય, જેમ કે "મન કી બાત" જેવી લોકપ્રિય વાતચીત હોય કે આંતરરાષ્ટ્રીય મંચ પર દેશનું પ્રતિનિધિત્વ, ત્યાં તેઓ વાર્તાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને વારસાની વાત જરૂરથી કરે છે. મોદીજી માટે વાર્તાઓ ફક્ત ભૂતકાળની યાદો નથી, પરંતુ આજે શું કરવું અને આવતીકાલે શું બનાવી શકાય તેની દિશા બતાવે છે. તેઓ માને છે કે વાર્તાઓ માણસના વિચાર, મૂલ્યો અને વ્યક્તિત્વ ઘડવામાં મદદરૂપ થાય છે. એવું સ્પષ્ટ દેખાય છે કે વાર્તાઓ વ્યક્તિના ભાવનાત્મક જીવનને સ્પર્શતી હોવા ઉપરાંત, તેની વિચારસરણી, મૂલ્યવ્યવસ્થા અને દૃષ્ટિકોણ ઘડવામાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે. અને જ્યારે એવી વાર્તાઓ રાષ્ટ્રના સર્વોચ્ચ નેતૃત્વને પ્રેરણા આપે, ત્યારે તેનું મહત્ત્વ માત્ર વ્યક્તિગત જ નહીં, રાષ્ટ્રીય સ્તર પર પણ વિશાળ બની જાય છે.

## ❖ બાળકો પ્રત્યે નરેન્દ્ર મોદીની સંવેદનશીલ દૃષ્ટિ

નરેન્દ્ર મોદીજી માત્ર એક પ્રશાસક તરીકે જ નહીં, પરંતુ એક દૃષ્ટિ ધરાવતા અને સંવેદનશીલ નેતા તરીકે ઓળખાય છે. તેઓ માને છે કે દેશનો સાચો વિકાસ ત્યારે જ થાય છે, જ્યારે દેશના બાળકોને મજબૂત, શિક્ષિત અને સંસ્કારી બનાવવામાં આવે. મોદીજીનું માનવું છે કે બાળકો ભારતના ભવિષ્યના નિર્માતા છે. તેથી, તેઓ તેમના સર્વાંગી વિકાસ માટે ઘણા મહત્ત્વપૂર્ણ પ્રયાસો કરી રહ્યા છે. તેઓ શિક્ષણની ગુણવત્તાને સુધારવા, બાળકોનાં આરોગ્ય અને સુરક્ષાને મજબૂત બનાવવાની કસોટી પર કામ કરી રહ્યા છે અને તેઓ બાળકોના આત્મવિશ્વાસને ઉજાગર કરવા માટે પણ કડી મહેનત કરી રહ્યા છે. નરેન્દ્ર મોદીજીનો અભિગમ ફક્ત નીતિગત હદ સુધી સીમિત નથી રહ્યો, તેઓ બાળહિતોને હંમેશાં સમજદારીથી અને દૃષ્ટિપૂર્વક ધ્યાનમાં લેતા રહ્યા છે. તેમણે બાળકોના વિકાસને કેન્દ્રમાં રાખીને તેમનું સશક્તીકરણ કરવાનો મક્કમ સંકલ્પ વ્યક્ત કર્યો છે. આજના સમયમાં, તેમનું નેતૃત્વ દેશનાં બાળકોને એક ઉજ્જ્વલ અને સફળ ભવિષ્ય મેળવવા માટે માર્ગદર્શક અને મજબૂત આધારરૂપ સાબિત થયું છે. મજબૂત રાષ્ટ્રનું નિર્માણ ત્યારે જ શક્ય બને છે જ્યારે તેનો પાયો - બાળકો સશક્ત અને મજબૂત હોય. નરેન્દ્ર મોદીજીએ આ બાબતને ગહનતાથી સમજીને બાળકોના સર્વાંગી વિકાસ માટે અનેક મહત્ત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકી છે. મોદીજીએ બાળકોની વિવિધ જરૂરિયાતોને, જેમ કે સારું શિક્ષણ, આરોગ્યને મજબૂત બનાવવાની કોશિશોને વધુ પ્રોત્સાહન આપ્યું છે.

બાળપણ એ રાષ્ટ્રની મજબૂતી માટેનો પાયો છે. બાળકોએ જીવનની શરૂઆતમાં જે મૂલ્યો, શિક્ષણ અને પ્રેરણા મેળવી હોય છે, તે તેમને સશક્ત, સંવેદનશીલ અને જવાબદાર નાગરિક બનાવે છે. સારાં મૂલ્ય, દેશપ્રેમ, શ્રેષ્ઠતા અને આધુનિક જ્ઞાનનું મિશ્રણ હોવું જરૂરી છે, જેથી તેઓ પોતાને શ્રેષ્ઠ બનાવી શકે અને દેશના વિકાસ માટે પણ સહયોગ આપી શકે. આ માટે, બાળકોને યોગ્ય માર્ગદર્શન, યોગ્ય સાધનો અને પ્રેરણાદાયી વાતાવરણ આપવું મહત્ત્વપૂર્ણ છે. નરેન્દ્ર મોદીજીએ ભાષણોમાં જ નહીં, પરંતુ સાચી રીતે તે વિચારોને આમલમાં લાવવાનો પ્રયાસ કર્યો છે. તેઓ એવી દિશા તરફ પ્રયાણ કરે છે જ્યાં બાળકો પોતાને આત્મનિર્ભર, વિચારશીલ કરી શકે. તેમના નેતૃત્વમાં, તેઓ બાળકોને ફક્ત "નાના નાગરિકો" તરીકે જ નહીં પરંતુ "ભવિષ્યના સર્જકો" તરીકે જુએ છે. નરેન્દ્ર મોદીજીએ સ્પષ્ટ રીતે સાબિત કર્યું છે કે બાળકો પ્રત્યેની સંવેદનશીલતા ફક્ત એક લાગણી નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્રના વિકાસ માટેની મહત્ત્વપૂર્ણ છે. તેમના દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ યોજનાઓ અને પ્રોગ્રામો બાળકોના સર્વાંગી વિકાસ માટેની તેમની ગંભીરતા અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા જેવી મૂળભૂત જરૂરિયાતોને મજબૂત બનાવવા માટે તેમની યોજનાઓ દેશના ભવિષ્યને ઘડવામાં સહાયક સાબિત થઈ રહી છે.

જો આવું જ ધ્યાન અને જાગૃતિ બાળકોમાં ચાલુ રહેશે, તો આવનારા સમયમાં ભારત એક આધુનિક, સંવેદનશીલ અને સમૃદ્ધ દેશ તરીકે વિશ્વમાં ઊભરી આવશે. આથી, પ્રધાનમંત્રીશ્રીનો દૃષ્ટિકોણ આપણને આ શીખ આપે છે કે રાષ્ટ્રનું પ્રકાશમય

ભવિષ્ય નિર્માણ કરવા માટે આજના બાળકોમાં સારાં મૂલ્યો અને વિચારશક્તિનો વિકાસ કરવો અનિવાર્ય છે. આ એક મજબૂત, સંવેદનશીલ અને ઉત્કૃષ્ટ ભારત તરફના પ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ પગલા રૂપે માનય છે.

# 2. નવા ભારતનું નિર્માણ: શિક્ષણ અને વ્યક્તિત્વ-વિકાસ

"શિક્ષણ એ માત્ર પુસ્તકો જ નહીં, પરંતુ વ્યક્તિના દરેક પાસાની સંતુલિત વૃદ્ધિ માટેનું સાધન છે, જે નવીનતા વિના શક્ય નથી." – શ્રી નરેન્દ્ર મોદી

(29 સપ્ટેમ્બર, 2018ના રોજ નવી દિલ્લી માં યોજાયેલા "Academic Leadership on Education for Resurgence" સંમેલનમાં)

શિક્ષણનો અર્થ ફક્ત દૈનિક આવક કમાવા માટેના જ્ઞાન સુધી મર્યાદિત ન હોવો જોઈએ, પણ એ માનવજીવનના દરેક પાસાના વિકાસ માટેનો એક મહત્ત્વપૂર્ણ સાધન હોવો જોઈએ. પ્રધાનમંત્રીશ્રીની દૃષ્ટિ પણ આ રીતે છે. તેઓ માને છે કે યોગ્ય શિક્ષણ એ ફક્ત ડિગ્રી, ગુણ અથવા રોજગાર મેળવવા માટે નહીં, પરંતુ એ વ્યક્તિના ચરિત્ર, સંસ્કાર અને માનવમૂલ્યોને મજબૂત બનાવવાની ક્ષમતા ધરાવતું હોવું જોઈએ. મોદીજીના અભિપ્રાય મુજબ, સાચું શિક્ષણ તે છે જે વિદ્યાર્થીઓને નમ્રતા, કરુણા, અને દેશપ્રેમ જેવા ગુણો શીખવે. તેઓ માને છે  કે શિક્ષણ માત્ર જાણકારી આપવાનું સાધન નથી, પરંતુ તે વ્યક્તિના અભિગમ અને વ્યક્તિત્વને વિસ્તૃત, વિકાસશીલ અને સકારાત્મક

બનાવવાનો એક માર્ગ છે. તેઓ એવી શૈક્ષણિક પદ્ધતિઓની હિમાયત કરે છે, જે બાળકોના આંતરિક ગુણોને ઉત્તેજિત કરે, તેમને પોતાના વિચારો પર મજબૂતીથી ઊભા રહીને જીવનના દરેક પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરે. શિક્ષણનું એટલું મહત્ત્વ છે કે તે ફક્ત રોજગારી માટે નહીં, પરંતુ એક એવા વ્યક્તિ બનાવે, જે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે.

નરેન્દ્ર મોદીજીએ એક વાર કહ્યું હતું કે "શિક્ષણ ફક્ત પુસ્તકીયા જ્ઞાન પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ, તેનું લક્ષ્ય વ્યક્તિત્વનિર્માણ હોવું જોઈએ." આ વિધાન આજની શિક્ષણપ્રણાલી પર એક ઊંડો દૃષ્ટિકોણ રજૂ કરે છે. એટલું જ નહીં, પરંતુ આપણને એ પણ જણાવે છે કે સાચું શિક્ષણ એ છે જે સંપૂર્ણ, જાગૃત અને ચારિત્ર્યવાન નાગરિકનું નિર્માણ કરે છે. આજના સમયમાં, જ્યારે શિક્ષણને ફક્ત રોજગાર મેળવવાના સાધન તરીકે ગણવામાં આવે છે, ત્યારે મોદીજીનો આ વિચાર ખૂબ જ સુસંગત છે. પ્રાચીન ભારતમાં શિક્ષણનો ઉદ્દેશ્ય માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો જ નહોતો, પરંતુ તમામ પાસાંઓમાં વ્યક્તિત્વનો વિકાસ કરવાનો પણ હતો. ગુરુકુળ પ્રણાલીમાં, વિદ્યાર્થીઓને માત્ર શાસ્ત્રોનું જ્ઞાન જ નહીં, પરંતુ જીવન જીવવાની કળા, નૈતિકતા, વર્તન, શિસ્ત અને સમાજ પ્રત્યેની ફરજો પણ શીખવવામાં આવતી હતી. આજના સમયમાં, જ્યારે શિક્ષણપ્રણાલી મોટે ભાગે ગુણ અને પ્રમાણપત્રો સુધી મર્યાદિત છે, ત્યાં ગુરુકુલોમાં વિદ્યાર્થીઓને માત્ર વિદ્યા જ ન અપાતી, પણ જીવનજીવનની કળા, કૃતજ્ઞતા, સ્વઅનુશાસન, અને સમાજ પ્રત્યે જવાબદારીની ભાવના પણ આપવામાં આવતી. મોદીજી ઈચ્છે છે કે ભારતની

નવી પેઢી માત્ર માહિતીથી ભરપૂર ન બને, પરંતુ એમાં મૂલ્ય આધારિત દૃષ્ટિ વિકસે, જે તેને સાર્થક જીવન જીવવા માટે માર્ગદર્શક બને. ત્યારે નરેન્દ્ર મોદીજીનું આ નિવેદન આપણને મૂળભૂત શિક્ષણ તરફ પાછા ફરવા માટે પ્રેરણા આપે છે.

નરેન્દ્ર મોદીજીની જીવનયાત્રા એ આ વિચારનું સજીવ ઉદાહરણ છે. તેમણે શિક્ષણને માત્ર ડિગ્રી મેળવવા કે પરીક્ષામાં ઉતીર્ણ થવા સુધી સીમિત રાખ્યું નહીં. તેમના જીવનમાં જે સાચું શિક્ષણ હતું, તે હતો તેમતાં શ્રમ, અનુભવો, અને સેવા. આ બધાંની મદદથી તેમણે એક એવું વ્યક્તિત્વ બનાવ્યું, જે તેમને એક સામાન્ય વ્યક્તિથી દેશના પ્રધાનમંત્રી સુધી લઈ ગયું. મોદીજીનું જીવન એ બતાવે છે કે સાચું શિક્ષણ માત્ર પુસ્તકો અને પ્રવચનોમાં નહીં, પરંતુ જીવનના સાચાં મૂલ્યોમાં છે. તેઓ યુવાનોને આ સંદેશ આપે છે કે, "સાચું શિક્ષણ એ છે જે આદર, સન્માન, અને સંસ્કારોથી ભરેલું હોય." આજની શિક્ષણપ્રણાલીમાં, નૈતિક મૂલ્યોની ઘણીવાર અવગણના કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ડિગ્રીઓ મેળવે છે પરંતુ આત્મવિશ્વાસ, નેતૃત્વ, સંવેદનશીલતા અને જીવનકૌશલ્યનો અભાવ ધરાવે છે. નરેન્દ્ર મોદીજીના મતે, જો આપણે શિક્ષણને "માનવનિર્માણ" તરફ વાળીએ, તો આપણે માત્ર સક્ષમ નાગરિકો જ નહીં, પણ સારા માણસો પણ ઉત્પન્ન કરી શકીએ છીએ. તેમના આ વિચારોને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020)માં સ્પષ્ટ રૂપે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, જેમાં માત્ર વિષય જ્ઞાન નહીં પરંતુ વ્યક્તિગત કૌશલ્યો, સાહિત્યિક રસ, નૈતિકતા, અને સર્જનાત્મકતાને પણ ભાર આપવામાં આવ્યો છે.

મહાપુરુષોના મહત્ત્વપૂર્ણ વિચારો એ દર્શાવે છે કે, સાચું શિક્ષણ ફક્ત બધી બાબતોના જ્ઞાન સુધી મર્યાદિત નથી, પરંતુ વ્યક્તિની પાત્રતા, આદર અને સમાજ પ્રત્યેની જવાબદારીથી પણ જોડાયેલું છે. સ્વામી વિવેકાનંદ કહે છે, "ચારિત્ર્ય વિનાનું જ્ઞાન વિનાશ તરફ દોરી શકે છે." એટલે, જો માણસ પાસે યોગ્ય આચાર-વિચાર અને પાત્રતા ન હોય, તો થોડીક વારના જ્ઞાનથી તે ખોટી દિશામાં જઈ શકે છે. મહાત્મા ગાંધી પણ એવી જ દૃષ્ટિ ધરાવતા હતા. તેઓ કહે છે, "જો આપણે આ દુનિયામાં વાસ્તવિક શાંતિ મેળવવી છે, તો આપણે બાળકોને અલગ રીતે શિક્ષિત કરવાં પડશે." તેમનો અર્થ એ છે કે, જો આપણે દુનિયામાં સચ્ચાઈ અને શાંતિના વિચારોથી જીવન જીવીશું, તો એ શિક્ષણની પદ્ધતિઓમાં પરિવર્તન લાવવું પડશે. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કહે છે, "શિક્ષણનો ઉદ્દેશ્ય ફક્ત નોકરી શોધતા યુવાનો નહીં, પરંતુ સંસ્કારી અને જાણકાર નાગરિકનું નિર્માણ કરવાનો હોવો જોઈએ." આનો અર્થ એ છે કે શિક્ષણનો મુખ્ય હેતુ એક એવી વ્યક્તિ નિર્માણનો છે, જે સ્વાધ્યાય, સંસ્કાર અને સામાજિક જવાબદારી સાથે સમાજ માટે ઉપયોગી બની શકે.

આ બધા વિચારોથી એ સ્પષ્ટ થાય છે કે સાચું શિક્ષણ એ છે જે માત્ર જ્ઞાનની જ નહીં, પરંતુ વ્યક્તિનાં ચારિત્ર્ય, આદર્શ, અને સમાજ પ્રત્યે જવાબદારી પર આધાર રાખે. સાચું શિક્ષણ એ એવા ગુણો અને મૂલ્યોનો વિકાસ કરે છે, જે વ્યક્તિને ન માત્ર શ્રેષ્ઠ કાર્યકરો, પરંતુ સારા નાગરિકો અને યોગ્ય માનવીઓ બનાવે છે. નરેન્દ્ર મોદીજી દ્વારા આપવામાં આવેલ આ સંદેશ "શિક્ષણ અને વ્યક્તિત્વનિર્માણ" - આજની શિક્ષણપ્રણાલીમાં એક

નવા અભિગમ માટે આહ્વાન છે. જો આપણે આ ફિલસૂફી અપનાવીએ, તો આપણે ફક્ત શિક્ષિત જ નહીં, પણ ચારિત્ર્યવાન અને જવાબદાર નાગરિકો પણ તૈયાર કરી શકીશું. પ્રધાનમંત્રીશ્રીએ અનેક વખત શિક્ષણના હેતુ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે કહ્યું કે શિક્ષણનો ઉદ્દેશ્ય ફક્ત નોકરી મેળવવાનો ન હોવો જોઈએ પરંતુ તે વ્યક્તિત્વ- વિકાસ, કૌશલ્યવૃદ્ધિ અને સમાજમાં સકારાત્મક યોગદાન માટે પ્રેરણા આપતો હોવો જોઈએ.

"આપણે ફક્ત ડિગ્રીધારકો જ નહીં, પણ દેશને માનવસંસાધન યુવાનો પણ પૂરા પાડવા જોઈએ."

(શ્રી નરેન્દ્ર મોદી 2022 માં વારાણસીમાં આયોજિત અખિલ ભારતીય શિક્ષણ સંમેલનમાં)

નરેન્દ્ર મોદીજીની શિક્ષણ સાથેની દૃષ્ટિ અત્યંત વ્યાપક અને ભવિષ્યમાં દેશના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. તેમનું મંતવ્ય છે કે ભારતને એક "જ્ઞાન આધારિત સમાજ"માં ફેરવીને, શિક્ષણને માત્ર ડિગ્રી પ્રાપ્ત કરવા માટે નહીં, પરંતુ કૌશલ્ય, ચારિત્ર્ય અને નાગરિક જવાબદારીના વિકાસ માટે વાપરવામાં આવે. પ્રધાનમંત્રીશ્રીનો એક વિચાર છે, "શિક્ષણ અને વ્યક્તિત્વનિર્માણ", જે માત્ર એક સૂત્ર નહીં, પરંતુ એક મજબૂત દૃષ્ટિ છે. આ દૃષ્ટિ આપણને એ રીતે શિક્ષણના મહત્ત્વને સમજાવે છે, કે જે એક સારા સમાજ અને મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે જરૂરી છે. આ વિચાર આપણને ચિંતન કરવા માટે પ્રેરિત કરે છે કે શું આપણે શિક્ષણનો સાચો હેતુ સમજીએ છીએ ? જો આપણે શિક્ષણને ખરા અર્થમાં વ્યક્તિત્વનિર્માણના સાધન તરીકે

અપનાવીએ, તો ભારતને અન્ય કોઈ પણ વસ્તુ વિશ્વ ગુરુ બનાવવાની યાત્રામાં અવરોધ પેદા નહીં કરી શકે.

### ❖ નરેન્દ્ર મોદીની શિક્ષણનીતિ અને તેમનો દૃષ્ટિકોણ

ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે મજબૂત શિક્ષણપ્રણાલી ખૂબ જ અગત્યની છે. 2014માં નરેન્દ્ર મોદીજી જ્યારે પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેમણે શિક્ષણ ક્ષેત્રમાં અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવાનો નિર્ણય લીધો. તેમનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે, શિક્ષણ એ એવું હોવું જોઈએ કે જે વિદ્યાર્થીને માત્ર ડિગ્રી ન આપે, પરંતુ એ તેમને જ્ઞાન, કુશળતા અને સારા સંસ્કાર પણ આપે. નરેન્દ્ર મોદીજીનું માનવું છે કે શિક્ષણનીતિમાં બદલાવ લાવવાથી ભારતમાં નવી શૈક્ષણિક ક્રાંતિ આવી શકે છે. તેઓ એવા યુવાનોને તૈયાર કરવાને પ્રાથમિકતા આપે છે, જે માત્ર શિક્ષણમાં અનુભવી હોય, પરંતુ તે આત્મનિર્ભર અને સંસ્કાર પણ ધરાવતા હોય. તેમની નીતિની ખાસ વાત એ છે કે તે ટેકનોલોજી, સંસ્કૃતિ અને કુશળતાનું સંતુલિત મિશ્રણ પ્રદાન કરે છે. આથી, તે વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકોથી જ નહિ, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થવા માટે તૈયાર કરે છે.

નરેન્દ્ર મોદીજીની શિક્ષણનીતિ સરળ અને સમય પ્રમાણે યોગ્ય છે. એ માત્ર પુસ્તકીયા શિક્ષણ પૂરતું નહીં, પણ બાળકના સર્વાંગી વિકાસ, કુશળતા, નૈતિકતા અને આધુનિક ટેકનોલોજી માટે તૈયાર કરે છે. તેમનો દૃષ્ટિકોણ એ છે કે દરેક બાળક પોતાનાં સપનાનું ભારત બનાવી શકે, અને ભારત વિશ્વગુરુ બને તે દિશામાં આગળ વધે. ભારત એક યુવાન દેશ છે. દેશનો વિકાસ

સીધો શિક્ષણની ગુણવત્તા સાથે જોડાયેલો છે. 2014 પછી પ્રધાનમંત્રીશ્રીએ શિક્ષણ ક્ષેત્રે નવી દૃષ્ટિ, નવી યોજના અને ટેકનોલોજી આધારિત નીતિઓને આગળ ધપાવી છે. તેમનો હેતુ એવા નાગરિકો તૈયાર કરવાનો કે જે જ્ઞાન, કુશળતા અને સંસ્કારથી સમૃદ્ધ હોય. શ્રી નરેન્દ્ર મોદીજીની શિક્ષણનીતિ માત્ર પદવી સુધી સીમિત નથી, તે વિદ્યાર્થીને સમગ્ર રીતે વિકસિત નાગરિક બનાવવાની દિશામાં કાર્યરત છે. નવી નીતિ દ્વારા શિક્ષણ હવે માત્ર માહિતી નહી, પરંતુ ઉદ્દેશપૂર્વકનું, જીવનદક્ષ, ટેકનિકલ અને સંસ્કારભર્યું બન્યું છે. આવી દૃષ્ટિ ભારતને આગળ વધારશે અને વિશ્વગુરુ બનવા તરફ આગળ ધપાવશે. નરેન્દ્ર મોદીજી માત્ર એક રાજકીય નેતા નહીં, પરંતુ એવા દૃષ્ટિવાન નેતા છે, જેઓ શિક્ષણને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું મૂળ માને છે. તેમના મતે, શિક્ષણનો ઉદ્દેશ માત્ર ડિગ્રી મેળવવું નહીં, પણ વ્યક્તિના સર્વાંગી વિકાસમાં સહાયક બનવું તે હોવો જોઈએ. તેઓ ભારતીય સંસ્કૃતિને જાળવી રાખતી આધુનિક શિક્ષણપદ્ધતિ તરફ આગળ વધવા માટે વચનબદ્ધ છે.

નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં શિક્ષણક્ષેત્રે અનેક મહત્ત્વપૂર્ણ સુધારાઓ થયા છે. તેમણે શિક્ષણને દરેક વર્ગના લોકો સુધી પહોંચાડવા માટે કામ કર્યું છે, ખાસ કરીને ગરીબ અને પછાત વિસ્તારોમાં. ટેકનોલોજીનો સમાવેશ કરીને શિક્ષણને વધુ સરળ અને સાર્થક બનાવવામાં આવ્યું છે જેમ કે; ઑનલાઇન અભ્યાસ, મોબાઇલ એપ્સ અને ઈ-કન્ટેન્ટથી દૂર દૂરના વિદ્યાર્થીઓને પણ તક મળી રહી છે. મોદીજી માને છે કે શિક્ષણ માત્ર ભણાવવા પૂરતું નહીં, પણ યુવાનોમાં કૌશલ્ય વિકાસ કરવો પણ જરૂરી છે, જેથી

તેઓ આત્મનિર્ભર બની શકે. તેમણે મહિલા શિક્ષણ પર પણ ખાસ ભાર આપ્યો છે, “બેટી બચાવો, બેટી પઢાવો” જેવાં અભિયાનો દ્વારા દીકરીઓ માટે શિક્ષણના દરવાજા ખોલાયા છે. સાથે જ, તેઓ એવી શિક્ષણપદ્ધતિ તરફ પ્રયાણ કરવા માંગે છે કે જેમાં ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને નૈતિકતાનું પાલન થાય, જેથી દેશને જવાબદાર અને સંસ્કારવાન નાગરિકો મળી શકે. આમ નરેન્દ્ર મોદીજીની શિક્ષણ પ્રત્યેની દૃષ્ટિ એ સંપૂર્ણ વિકાસ તરફ દોરી જાય છે જ્યાં અભ્યાસ, કૌશલ્ય, મૂલ્યો અને આધુનિક ટેક્નોલોજી સૌનું સંકલન થાય છે. તેમના પ્રયત્નો એ દર્શાવે છે કે શિક્ષણ દ્વારા એક સશક્ત ભારત નિર્માણ શક્ય છે. તેઓનો અભિગમ આજે દેશના લાખો યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બન્યો છે.

### ❖ નવી શિક્ષણનીતિ 2020માં બાળકો માટે નવીનતા

“NEP 2020 એ 21મી સદીના યુવાનો માટે છે, જે માત્ર પ્લાનિંગ કે પોલિસી ડોક્યુમેન્ટ નથી, પરંતુ 21મી સદીના ભારતના નવા યુગ માટેનો માર્ગ દર્શાવે છે."

-શ્રી નરેન્દ્ર મોદી ( 7 ઑગસ્ટ, 2020ના નવી શિક્ષણ નીતિ 2020 (NEP 2020)

"અમારા દેશમાં, ઘણાં બાળકો ભાષા અવરોધના કારણે અભ્યાસ અધવચ્ચે છોડી દેતાં હતાં. અમારી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવા અવરોધોને દૂર કરવામાં મદદ કરી રહી છે." -શ્રી નરેન્દ્ર મોદી (108 એપિસોડ 'મન કી બાત' કાર્યક્રમ, 31 ડિસેમ્બર, 2023)

શિક્ષણ એ દરેક દેશના પ્રગતિપથનો મજબૂત આધારસ્તંભ છે. બાળકના ઉજ્જવળ ભવિષ્યની રચના તેની શાળાની શરૂઆતથી જ થતી હોય છે. ભારતમાં 2020માં રજૂ કરાયેલી નવી શિક્ષણ નીતિ (NEP 2020) એ સંસ્કૃતિસંગત અને સમકાલીન જરૂરિયાતોને અનુરૂપ મોટા સુધારાઓની શરૂઆત કરી છે. આ નીતિ અંતર્ગત શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક પૂરતું જ રાખવામાં ન આવતાં, બાળકોનાં રસ, કૌશલ્ય અને વ્યક્તિત્વવિકાસ તરફ દૃષ્ટિ રાખી શીખવાનું માધ્યમ વધુ આત્મસાત અને જીવંત બન્યું છે. અનુભવ આધારિત શિક્ષણ, નાટ્યશાસ્ત્ર, સંગીત, ખેલકૂદ અને પ્રોજેક્ટ આધારિત અભ્યાસના માધ્યમથી બાળકો હવે વિષયને માત્ર રટતાં નથી, પણ તેને જાણે છે અને સમજે છે. આ નવી નીતિમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિજિટલ શિક્ષણને પણ વેગ આપવામાં આવ્યો છે. તે સિવાય, ભાષાઓનાં વૈવિધ્ય અને માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ બાળકો માટે શીખવાનું સરળ અને સહજ બનાવે છે. આ રીતે, નવી શિક્ષણ નીતિ 2020 વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એક મજબૂત પગલું સાબિત થઈ રહી છે. ચાલો, આગળ વધીને તેની અંદરની વિગતોને વધુ સારી રીતે સમજીને તેનું મૂલ્યાંકન કરીએ.

નવી શિક્ષણ નીતિ હેઠળ શૈક્ષણિક માળખું બદલાયું છે. પહેલાંની 10+2 પદ્ધતિને બદલે હવે 5+3+3+4 માળખું અપનાવવામાં આવ્યું છે. તેમાં બાળકના ઉંમરના તબક્કાને અનુરૂપ શિક્ષણની રચના કરવામાં આવી છે. શાળાનો પહેલો તબક્કો એટલે ફાઉન્ડેશનલ સ્ટેજ છે, જેમાં 3 વર્ષના પૂર્વ-પ્રાથમિક

શિક્ષણ સાથે ધોરણ 1 અને 2 સામેલ છે. ત્યારબાદનો તબક્કો પ્રોપાઇટરી સ્ટેજ છે, જેમાં ધોરણ 3 થી 5 આવે છે. ત્યારપછી મિડલ સ્ટેજ છે, જેમાં ધોરણ 6 થી 8 સમાવિષ્ટ છે અને છેલ્લું છે સેકન્ડરી સ્ટેજ, જે ધોરણ 9 થી 12 સુધી ચાલે છે. આ માળખું બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો, સમજશક્તિ અને રસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે, જેમાં રમતગમત, ચિંતન અને સર્જનાત્મકતાને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

નવી નીતિમાં શિક્ષણ માટે માતૃભાષાનો ઉપયોગ ખૂબ મહત્ત્વનો ગણાયો છે. બાળક પોતાના શૈક્ષણિક જીવનની શરૂઆતમાં (ધોરણ 5 કે વધુમાં વધુ 8 સુધી) માતૃભાષા કે સ્થાનિક ભાષામાં ભણે તો તે ખૂબ સહેલાઈથી સમજશે અને ભણવામાં રસ પણ વધશે. ભાષાની આવડત હોવાને કારણે ખ્યાલ વધુ સ્પષ્ટ રીતે સમજાઈ શકે છે અને શિક્ષણ વધુ અસરકારક બને છે. આ સાથે હવે અભ્યાસક્રમ પણ બદલાયો છે. ભણતર માત્ર પાઠ્યપુસ્તકો અને પરીક્ષાઓ પૂરતું જ નહિ, પણ તેમાં ચિત્રકલા, સંગીત, નૃત્ય, નાટક, હસ્તકલા, યોગ અને રમતગમત જેવી પ્રવૃત્તિઓને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આથી બાળકોને અભ્યાસ સાથે અન્ય ક્ષેત્રોમાં પણ પોતાની રુચિ અને પ્રતિભા દર્શાવવાનો મોકો મળે છે. આ નવો અભિગમ બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

નવી શિક્ષણ નીતિ હેઠળ હવે વિદ્યાર્થીઓને વિષયોની પસંદગીમાં પૂરતી આઝાદી આપવામાં આવી છે. હવે તેઓ પોતાની રુચિ અને ઇચ્છા અનુસાર વિષયો પસંદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, હવે વિજ્ઞાન સાથે સંગીત કે ગણિત સાથે

ચિત્રકલા જેવા વિષયો એકસાથે લઈ શકાય છે. આ નવી રીત વિદ્યાર્થીઓને પોતાની લાગણી, કલ્પનાશક્તિ અને જિજ્ઞાસાને અનુરૂપ ભણવાનો અવકાશ આપે છે અને ભણતરને વધુ રસપ્રદ અને વ્યક્તિગત બનાવે છે. ધોરણ 6થી જ વિદ્યાર્થીઓને હાથે કામ શીખવાનો અવસર મળે છે, જેના દ્વારા તેઓ વ્યવહારું કૌશલ્યો જેવાં કે કારીગરી, હસ્તકલા, રાંધણકલાએ પણ શીખી શકે છે. સાથે સાથે કમ્પ્યૂટર કોડિંગ જેવી આધુનિક ટેક્નોલોજી પર આધારિત કૌશલ્યો પણ શીખવાની તક આપવામાં આવી છે. આ રીતથી બાળકો માત્ર ભણવામાં જ નહિ, પણ જીવન માટે ઉપયોગી કૌશલ્યોમાં પણ કુશળ બને છે, જેના આધાર પર તેઓ આત્મનિર્ભર બની શકે છે. શિક્ષણ હવે માત્ર ભૌતિક શાળાઓ સુધી સીમિત નથી રહ્યું, તે ડિજિટલ બની ગયું છે. DIKSHA, SWAYAM અને અન્ય ઇ-લર્નિંગ પ્લેટફોર્મ્સના માધ્યમથી વિદ્યાર્થીઓ મોબાઇલ, ટેબલેટ કે કમ્પ્યૂટરના ઉપયોગથી ઘેરબેઠાં ભણી શકે છે. વીડિયો લેસન્સ, ઇન્ટરેક્ટિવ ક્વિઝ અને રમતમાં શીખવાનાં માધ્યમોથી ભણતર વધુ જીવંત, રસપ્રદ અને બાળકોના માટે સહેલું બન્યું છે.

નવી શિક્ષણ નીતિ 2020 બાળકોના શૈક્ષણિક વિકાસને કેન્દ્રસ્થાને રાખે છે અને ભણતર માત્ર ગોખવાની પ્રક્રિયા નહીં રહે, પણ બાળક કેવી રીતે વિચારે, પ્રશ્નો ઉઠાવે અને પોતાનું સર્જન કરે એ દિશામાં આગળ વધે – એ જ મુખ્ય ઉદ્દેશ્ય છે. શાળાના શરૂઆતનાં વર્ષોમાં બાળકોને માતૃભાષા કે સ્થાનિક ભાષામાં ભણતર મળતું રહેશે, જેથી તેઓ સહેલાઈથી સમજશે અને આત્મવિશ્વાસથી આગળ વધશે. બાળકો ધોરણ 3 સુધી વાંચન,

લેખન અને ગણતરીમાં નિપુણ બને તે માટે 'નિપુણ ભારત' નામનું મિશન અમલમાં આવ્યું છે. શરૂઆતથી જ તેમની અંદર જિજ્ઞાસા અને વિચારશક્તિ ઊભી કરવા ઉપર ભાર આપવામાં આવ્યો છે.

આ સિવાય ધોરણ 6થી બાળકોને કોડિંગ શીખવાનો પણ મોકો મળે છે, જેમાં તેઓ લોજિકલ વિચાર, પ્રોગ્રામિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવા આધુનિક વિષયો સાથે પરિચિત થાય છે. ભણતર હવે રુચિપૂર્ણ અને આનંદદાયક બની રહ્યું છે, જેમાં રમતગમત, કલા, પ્રોજેક્ટ આધારિત અભ્યાસ અને અનુભવ આધારિત શીખવાની રીતોનો સમાવેશ છે. બાળકો હવે ફક્ત પુસ્તક પર આધારિત ભણતર નહીં મેળવે, પણ તેમની પોતાની રુચિ મુજબ શીખી શકશે. ફલિત રૂપે હવે રિપોર્ટ કાર્ડ પણ બદલાઈ ગયું છે. અગાઉ ફક્ત સંખ્યાઓનો અહેવાલ મળતો હતો, જ્યારે હવે બાળકની વિચારશક્તિ, સામાજિક વર્તન અને મૂલ્યોના આધાર પર પણ મૂલ્યાંકન થાય છે. એટલું જ નહીં, શાળાઓમાં હવે ઇનોવેશન લેબ્સ અને અટલ ટિંકરિંગ લેબ્સ જેવી વ્યવસ્થાઓ પણ ઊભી થઈ રહી છે, જ્યાં વિદ્યાર્થીઓ વિજ્ઞાન, રોબોટિક્સ અને ટેક્નોલોજી સાથે પ્રયોગો કરી શકે છે. બાળક પોતાની રુચિ અનુસાર કલા, વિજ્ઞાન, સંગીત કે વ્યાવસાયિક વિષયોને પસંદ કરી શકે છે અને પોતાના મંતવ્ય પ્રમાણે આગળ વધી શકે છે.

આમ, નવી શિક્ષણ નીતિ 2020માં બાળકો માટે કરાયેલાં આ પરિવર્તનો શિક્ષણજગતમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનાર છે. આ નીતિ ભણતરને માત્ર નમ્બરો સુધી મર્યાદિત ન રાખે, પણ

બાળકની  રચનાત્મકતા, જીવનકૌશલ્ય અને નૈતિક મૂલ્યો વિકસાવે છે. તે સ્પષ્ટ વિચારવાળા, આત્મવિશ્વાસુ અને જવાબદાર નાગરિક ઘડવાનું મિશન ધરાવે છે. ભારતના ભવિષ્ય માટે આ નીતિ આશાજનક અને દિગ્દર્શક છે.

## ❖ બાળશિક્ષણમાં નવીનતા: ચિલ્ડ્રન્સ રિચર્ચ યુનિવર્સિટીની સ્થાપના

"આપણે બાળકોને ફક્ત પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત રાખી શકીએ નહીં. આપણે બાળવિકાસને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવો પડશે. આપણે એ સમજવાની જરૂર છે કે દરેક બાળક એક સંશોધન પ્રોજેક્ટ છે."

-શ્રી નરેન્દ્ર મોદીજી (ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનો ઉદ્ઘાટન સમારોહ, ગાંધીનગર, 2009)

ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ઘણાં વર્ષોથી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે, તેમ છતાં બાળશિક્ષણને વૈજ્ઞાનિક અને સંવેદનશીલ દૃષ્ટિકોણથી જોવાની આવશ્યકતા સતત અનુભવાતી રહી છે. બાળકોના પ્રારંભિક શિક્ષણને વધુ ગહન રીતે સમજવા અને તેમાં નવીનતા લાવવા માટે હવે ચોક્કસ પ્રયાસો શરૂ થયા છે. આ જ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલા તરીકે ભારતમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. આ યુનિવર્સિટી માત્ર દેશ માટે જ નહીં, પરંતુ આખી દુનિયા માટે એક અનોખું અને પહેલું પગલું છે, જે સંપૂર્ણપણે બાળવિકાસ અને શિક્ષણ સંશોધનને સમર્પિત છે. બાળકના જીવનનાં પ્રારંભિક વર્ષો તેના માનસિક, ભાવનાત્મક

અને સામાજિક વિકાસની પાયાની ઈંટ હોય છે. આ તબક્કે આપવામાં આવતું શિક્ષણ બાળકના સમગ્ર જીવનને આકાર આપે છે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી એ આવા બાળકેન્દ્રિત અભિગમને આવકારીને, વૈજ્ઞાનિક અભ્યાસ અને નવી શિક્ષણપદ્ધતિઓ દ્વારા સમગ્ર શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહી છે. આ યુનિવર્સિટીની સ્થાપના અનોખી છે. હવે ભારત બાળકના ભવિષ્યને વધુ ગંભીરતાપૂર્વક લેશે અને તેમાં સંશોધન આધારિત દૃષ્ટિકોણ લાવશે – જે શિક્ષણજગતમાં એક નવો યુગ શરૂ કરવાનો સંકેત છે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની સ્થાપનાનું વિઝન ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના ભારતના પ્રધાનમંત્રીશ્રીની કલ્પનાશક્તિ અને દૂરદૃષ્ટિને આવકારે છે. તેમણે શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત ન રાખીને, તેને મૂલ્યો, સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે જોડાવાનું મહત્ત્વ સમજાવ્યું. મોદીજીએ એવા પ્લેટફોર્મની જરૂરિયાત વ્યક્ત કરી હતી, જ્યાં બાળકના વિકાસને એકથી વધુ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે અને તેમાં શારીરિક, બુદ્ધિગત, ભાવનાત્મક અને નૈતિક વિકાસનું સમતોલ સમર્થન મળે. આ વિચારના અમલરૂપે, વર્ષ 2009માં ગાંધીનગર શહેરમાં ભારતની પહેલી બાળ યુનિવર્સિટીની સ્થાપના થઈ. આ યુનિવર્સિટી માત્ર અનોખી પહેલ જ નથી, પણ આખા દેશમાં બાળકના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને કાર્ય કરતી પ્રથમ શૈક્ષણિક સંસ્થા છે. અહીં બાળકો માટે શિક્ષણ, સંશોધન અને તાલીમની વિશિષ્ટ પદ્ધતિઓ વિકસાવવામાં આવે છે. આ યુનિવર્સિટીની સ્થાપનાનું

મુખ્ય ઉદ્દેશ્ય માત્ર બાળકોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાનું નથી, પરંતુ બાળકો સાથે સંકળાયેલા શિક્ષકો, માતાપિતા અને અન્ય સંસ્થાઓને પણ સંવેદનશીલ અને સશક્ત બનાવવાનું છે. આ રીતે, બાળકોના સમગ્ર જીવનવિકાસ માટે એક મજબૂત શૈક્ષણિક આધાર ઊભો કરવાનો આ પ્રયાસ છે, જે દેશના ભવિષ્યના નાગરિકોને વધુ જવાબદાર અને સમર્થ બનાવશે.

પરંપરાગત શિક્ષણપ્રણાલીમાં બાળકોને ઘણીવાર ફક્ત યાદ રાખવાનું, પરીક્ષા આપવાનું અને ગુણ મેળવવાનું શીખવવામાં આવતું હતું. આ પ્રણાલીમાં સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી અને ભાવનાત્મક વિકાસનો અભાવ હતો. સમય જતાં એ સમજાયું કે દરેક બાળક અલગ રીતે શીખે છે, અને તેમની જિજ્ઞાસા, કલ્પના અને સ્વ-અભિવ્યક્તિને સંતોષવા માટે એક નવીન શિક્ષણ અભિગમની જરૂર છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ચિલ્ડ્રન્સ રિચર્ચ યુનિવર્સિટીનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. યુનિવર્સિટી સ્વીકારે છે કે દરેક બાળક અનન્ય છે અને તેની શીખવાની પ્રક્રિયા અલગ છે. આ વિચાર સાથે, સંસ્થા શિક્ષણને ગોખણપટ્ટીથી દૂર કરીને તેને અનુભવલક્ષી, સર્જનાત્મક અને ઇન્ટરેક્ટિવ બનાવવા તરફ કામ કરી રહી છે. બાળકોમાં રમત, સંગીત, વાર્તા, કલા અને પ્રયોગો દ્વારા જિજ્ઞાસા અને સ્વ-અભિવ્યક્તિ કેળવવામાં આવે છે. યુનિવર્સિટી માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી પરંતુ તે એક વિચારધારા, એક દૃષ્ટિકોણ અને એક અનુભવકેન્દ્ર છે જે બાળશિક્ષણને તેની પરંપરાગત સીમાઓથી આગળ વધારીને

એક નવી દિશામાં લઈ જાય છે. તેમાં ઘણી વિશેષતાઓ છે જે તેને અન્ય યુનિવર્સિટીઓથી અલગ અને અનન્ય બનાવે છે.

યુનિવર્સિટીનો 'તપોવન' નામનો એક ખાસ વિભાગ છે, જે ગર્ભસંસ્કાર અને ગર્ભાધાન સંસ્કાર પર કામ કરે છે. તેનો મુખ્ય હેતુ એ છે કે જ્યારે મહિલા ગર્ભ ધારણ કરે ત્યારે તે અને ગર્ભસ્થ બાળક બંનેનું શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય સારું રહે. આ વિભાગ માતા અને બાળક માટે યોગ, ધ્યાન, સંગીત, વૈદિક ગણિત, આર્ટ અને યોગ્ય ખોરાક-વ્યાયામ જેવી વસ્તુઓનું માર્ગદર્શન આપે છે. અહીં ગર્ભસંવાદ પણ શીખવાય છે, એટલે કે માતા પોતાના ગર્ભમાં રહેલા બાળક સાથે વાત કરે જેથી બાળકના વિકાસ પર સારી અસર થાય. ગર્ભસંસ્કાર એ ભારતની એક જૂની સંસ્કૃતિ છે, જેને આજે વૈજ્ઞાનિક રીતે પણ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. માનવામાં આવે છે કે માતાની લાગણીઓ અને વિચારોથી ગર્ભમાં રહેલું બાળક પ્રભાવિત થાય છે. આ યુનિવર્સિટી સંશોધન પણ કરે છે અને લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે શાળાઓ અને સંસ્થાઓમાં વર્કશોપ્સ અને સેમિનારોનું આયોજન કરે છે. આ રીતે તપોવન વિભાગ ભારતની પરંપરા અને વૈજ્ઞાનિક વિચારધારાને સાથે લાવીને માતા અને બાળકના સર્વાંગી વિકાસ માટે કામ કરી રહ્યો છે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી એ એવી અનોખી સંસ્થા છે જે સંપૂર્ણપણે બાળકોના સર્વાંગી વિકાસ માટે સમર્પિત છે. ભારતમાં અને કદાચ વિશ્વમાં પણ એ એકમાત્ર યુનિવર્સિટી છે જ્યાં દરેક અભ્યાસક્રમ, પ્રવૃત્તિ અને સંશોધન બાળકની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. અહીં ભણતર માત્ર

પુસ્તક સુધી મર્યાદિત નથી, પરંતુ અનુભવ આધારિત, રમતગમત આધારિત અને સર્જનાત્મક રીતોમાં બાળકોને શીખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ યુનિવર્સિટી શિક્ષણ સાથે સંશોધન અને નવીનતાને પણ મહત્ત્વ આપે છે. બાળશિક્ષણ, મનોવિજ્ઞાન અને શૈક્ષણિક પદ્ધતિઓ પર સઘન સંશોધન થતું રહે છે, જેથી શિક્ષણ વધુ જીવંત અને અસરકારક બને. એ સાથે શિક્ષકો અને માતાપિતાને પણ તાલીમ આપવામાં આવે છે જેથી તેઓ બાળકોને વધુ સારી રીતે સમજી શકે અને તેમનું યોગ્ય માર્ગદર્શન કરી શકે. યુનિવર્સિટીમાં ભારતીય સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોનો પણ સંચાર થાય છે. અહીં વિદ્યાર્થીઓને સંસ્કાર, કરુણા, સહઅસ્તિત્વ અને દેશભક્તિ જેવી બાબતો શીખવવામાં આવે છે. તહેવારો, લોકસાહિત્ય અને નૈતિક કથાઓ અભ્યાસક્રમનો ભાગ છે. અત્યારના ડિજિટલ યુગને અનુરૂપ, યુનિવર્સિટીમાં ટેક્નોલોજીનું મહત્ત્વ પણ સમાયેલું છે. ડિજિટલ વર્ગખંડો, ઇ-કન્ટેન્ટ, મોબાઇલ એપ્લિકેશન્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી ટેકનોલોજીનો ઉપયોગ ભણતર માટે થાય છે.

યુનિવર્સિટી બહુભાષી અભિગમ પણ અપનાવે છે, જેમાં અભ્યાસસામગ્રી હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી જેવી ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેથી દરેક ભાષાકીય પૃષ્ઠભૂમિનાં બાળકો માટે શીખવું સરળ બને. સાથે સાથે, બાળસાહિત્યનું સર્જન, બાળલેખકોને પ્રોત્સાહન અને બાળકોની કલાત્મક પ્રતિભાઓને વિકસાવવાનું કાર્ય પણ અહીં હૃદયપૂર્વક થાય છે. આ રીતે, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી બાળક કેન્દ્રિત શિક્ષણની દિશામાં એક સચોટ અને અત્યંત મહત્ત્વપૂર્ણ પહેલ છે.

આમ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી એક એવો પ્રયાસ છે જે સાબિત કરે છે કે જો શિક્ષણને યોગ્ય દિશા, વિચાર અને સંસાધનો મળે, તો તે ફક્ત બાળકોનું જ નહીં પરંતુ સમગ્ર સમાજનું જીવન બદલી શકે છે. તેની અનોખી વિશેષતાઓ તેને બાળશિક્ષણમાં એક આદર્શ મોડેલ તરીકે સ્થાપિત કરે છે. આવું વિઝન માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે બાળશિક્ષણ પ્રત્યેના દૃષ્ટિકોણને બદલી નાખે છે. આ વિચાર માત્ર નીતિનો જ નહીં, પણ સાંસ્કૃતિક ક્રાંતિનો આધાર બને છે. એક એવી સંસ્થા જે બાળકોને જ્ઞાન, મૂલ્યો અને આત્મવિશ્વાસથી સશક્ત બનાવવા માટે કાર્ય કરે છે.

### ❖ કન્યાઓનાં શિક્ષણ અને સશક્તીકરણ પ્રત્યે પ્રધાનમંત્રીશ્રીની પ્રતિબદ્ધતા

પ્રધાનમંત્રીશ્રીએ દેશની દીકરીઓ માટે શિક્ષણ અને સશક્તીકરણને પ્રાથમિકતા આપી છે. તેમનો મજબૂત વિશ્વાસ છે કે દીકરી માત્ર પરિવારનું નહીં, પણ સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ છે. જે સમાજ દીકરીઓને શિક્ષણથી વંચિત રાખે છે, તે સમૃદ્ધિ તરફ આગળ વધી શકે નહિ આ ભાવના સાથે તેમણે "બેટી બચાવો, બેટી પઢાવો" અભિયાનની શરૂઆત કરી. આ અભિયાનનો મુખ્ય હેતુ દીકરીઓને જીવનના દરેક ક્ષેત્રમાં સમાન અવકાશ આપવાનો છે. તેના માધ્યમથી સમાજમાં દીકરીઓ પ્રત્યેની નકારાત્મક માનસિકતા બદલવાનો પ્રયાસ થયો છે. ઘણાં સ્થળોએ હવે લોકો દીકરીના જન્મની ખુશી ઉજવે છે અને તેમને શિક્ષિત કરવા માટે પ્રયત્નશીલ છે. ગામડાંઓમાં પણ હવે

દીકરીઓ શાળાએ જઈ રહી છે, શિક્ષણના મહત્ત્વને સમજી રહી છે અને પોતાના સપનાને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. આ અભિયાન એક મોટો સામાજિક પરિવર્તન લાવવાની દિશામાં મજબૂત પગલું સાબિત થયું છે.

બીજી મહત્ત્વપૂર્ણ યોજના છે "સુકન્યા સમૃદ્ધિ યોજના", જેમાં દીકરીના જન્મ સમયે તેનો બેંકમાં ખાતું ખોલીને તેના ભવિષ્ય માટે બચત શરૂ કરવામાં આવે છે. આ બચતથી તેને ઉચ્ચ શિક્ષણ અથવા લગ્ન માટે મદદ મળે છે. મોદીજીએ દરેક શાળામાં દીકરીઓ માટે ખાસ શૌચાલય (ટોઇલેટ) બનાવડાવવાનું કામ પણ કર્યું છે. પહેલાં, ઘણાં સ્થળે દીકરીઓ માટે શૌચાલયની સુવિધા નહોતી, તેથી તેઓ શાળાથી અંતર કેળવતી હતી. હવે તેઓ આરામથી શાળાએ જઈ શકે છે. દૂરના વિસ્તારોમાં દીકરીઓને શિક્ષણ મળી શકે તે માટે "કસ્તુરબા ગાંધી બાળિકા વિદ્યાલય" જેવી યોજનાઓ શરૂ થઈ છે, જ્યાં દીકરીઓ રહીને ભણતી હોય છે. મોટી થઈ ગયેલી દીકરીઓ માટે "પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના" શરૂ કરવામાં આવી છે, જેમાં તેમને સિલાઈ, કમ્પ્યૂટર જેવી કળાકૌશલ્યો શીખવવામાં આવે છે જેથી તેઓ પોતે કમાઈ શકે અને સ્વાવલંબી બની શકે. મોદીજીનું માનવું છે કે દીકરીઓનું શિક્ષણ માત્ર એક પરિવારનું નહીં, પણ આખા રાષ્ટ્રનું ભવિષ્ય બનાવે છે. આજે તેમના પ્રયાસોથી દેશની અનેક દીકરીઓ ડૉક્ટર, ઇજનેર, વૈજ્ઞાનિક, શિક્ષિકા અને અધિકારી બની રહી છે. આથી આપણે સૌએ શીખવું જોઈએ કે દીકરીઓ પણ એવી જ હોંશિયાર અને શક્તિશાળી છે જેમ કે

દીકરા. આપણે તેમને પ્રેમ, ઈજ્જત અને શિક્ષણ આપીને તેમના સપનાંઓ સાકાર કરવા મદદ કરવી જોઈએ.

ગતકાળમાં આપણા દેશમાં ઘણાં એવાં ગામો અને શહેરો હતાં જ્યાં દીકરીઓને ખૂબ પાછળ રાખવામાં આવતી. લોકો એવું માનતા કે દીકરીઓનું ભવિષ્ય છોકરાઓ કરતાં ઉજ્જવળ નથી, એટલે તેમને ભણાવવાની જરૂર નથી. ઘણા મામલાઓમાં તો દીકરીનો જન્મ થાય એ પહેલાં જ તેમના જન્મનો હક પણ છીનવી લેવામાં આવતો હતો. આવી પછાત માનસિકતા સામે લડવા માટે પ્રધાનમંત્રીશ્રીએ 2015માં "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના શરૂ કરી. આ અભિયાનનો ઉદ્દેશ્ય હતો સમાજમાં દીકરીઓ માટે ચેતના લાવવી અને તેમની સાથેનો ભેદભાવ ઘટાડવો. સરકાર દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો યોજાયા, શાળાઓમાં જાગૃતિ ફેલાવવામાં આવી અને દીકરીના ગૌરવને ઉજાગર કરતાં પોસ્ટર્સ અને પ્રવૃત્તિઓ દ્વારા લોકોનું ધ્યાન આ તરફ ખેંચાયું. ધીરે ધીરે પરિવર્તન આવવા લાગ્યું હવે અનેક વિસ્તારોમાં દીકરીના જન્મ સમયે ખુશી ઉજવાય છે અને માતા-પિતા તેમને ભણાવવાનાં સપનાં જુએ છે.

આ સાથે, દીકરીના ભવિષ્યને સુરક્ષિત બનાવવા માટે સરકારે “સુકન્યા સમૃદ્ધિ યોજના” પણ શરૂ કરી. આ યોજના અંતર્ગત માતા-પિતા દીકરીના નામે ખાસ બચત ખાતું ખોલાવી શકે છે, જેમાં નિયમિત રીતે થોડી થોડી રકમ જમા કરી શકાય છે. આ બચત દીકરીના ભણતર કે લગ્ન માટે ઉપયોગી બની શકે છે. આ ખાતામાં વ્યાજદરમાં પણ સરકાર તરફથી વધુ લાભ મળે છે, જેથી આ યોજના દીકરીના ભવિષ્ય માટે એક મજબૂત આધાર

બની રહે છે. આ રીતે, આજની દીકરી પણ હવે સ્વાવલંબી, શિક્ષિત અને આત્મવિશ્વાસથી ભરેલી બની રહી છે. દેશના ઉન્નત ભવિષ્ય માટે સાચી શક્તિ. મોદીજીએ "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ શાળાઓમાં દીકરીઓ માટે અલગ શૌચાલય બનાવવાની પહેલ કરી. આ પગલાથી અનેક દીકરીઓ શાળા છોડવાને બદલે શાળામાં જ રહી ભણવા લાગી. ઘણી વખત ગામડાંમાં માબાપની પાસે દીકરીઓને ભણાવવા માટે યોગ્ય શાળા અથવા સલામત મુસાફરીની વ્યવસ્થા નહોતી, માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય જેવી શાળાઓ શરૂ કરવામાં આવી. અહીં દીકરીઓને રહેવાની અને ભણવાની બંને સગવડ છે. આવું વાતાવરણ દીકરીઓને ભણવામાં મગ્ન રહેવામાં સહાયરૂપ બને છે.

આમ, આટલી બધી યોજનાઓથી અને પ્રધાનમંત્રીશ્રીએ કરેલા પ્રયાસોથી આજે લાખો દીકરીઓનું જીવન બદલાયું છે. તેઓ હવે ઘર અને સમાજની સીમાઓથી આગળ વધી રહી છે ટોપરની યાદીમાં છે, સ્પોર્ટ્સમાં મેડલ જીતી રહી છે અને બિઝનેસ ઉદ્યોગ શરૂ કરી રહી છે. હવે આપણા સૌની જવાબદારી છે કે, દીકરીઓને પ્રેમ, આત્મવિશ્વાસ અને સમજથી આગળ ધપાવીએ. ભણતર, સન્માન અને સમાન તકો આપીએ, કેમ કે દીકરી ખિલશે તો પરિવાર અને દેશ બંને ઉજાસ પામશે.

## ❖ બાળકોના વ્યક્તિત્વવિકાસમાં શિક્ષકનો ફાળો – નરેન્દ્ર મોદીજીના વિચારોના પ્રકાશમાં

નરેન્દ્ર મોદીજીએ શિક્ષકને માત્ર જ્ઞાન આપનાર વ્યક્તિ નહીં, પણ વિદ્યાર્થીના જીવનના ઘડવૈયા તરીકે જુએ છે. તેમના મતે, શિક્ષક એ બાળકોના વ્યક્તિત્વના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતો મુખ્ય સ્તંભ છે. બાળકને વિષયનું જ્ઞાન આપવું પૂરતું નથી, પરંતુ તેની અંદર સંસ્કાર, શિસ્ત, નૈતિક મૂલ્યો અને રાષ્ટ્રપ્રેમ જેવી ભાવનાઓ જગાવવી એ સાચા શિક્ષકની ફરજ છે. મોદીજી વારંવાર પોતાનાં ભાષણોમાં જણાવ્યું છે કે સારો શિક્ષક વિદ્યાર્થીઓને વિચારવાની અને નવી દિશામાં શોધવાની પ્રેરણા આપે છે. તે તેમને જીવનને માત્ર જીવવું નહિ, પણ સાર્થક રીતે જીવવાનું શીખવે છે. તેઓ માને છે કે શિક્ષકનું વર્તન, જીવનશૈલી અને વ્યાવહારિક ઉદાહરણો એવાં હોવા જોઈએ કે બાળકો તેને પોતાનો આદર્શ માને અને તેના જેવાં બનવાનો પ્રયાસ કરે.

આદર્શ શિક્ષક માત્ર વર્ગખંડમાં જ નહીં, પરંતુ પોતાના જીવનથી પણ વિદ્યાર્થીઓને શીખવે છે. તે પોતાની આચારશૈલીથી એવી પ્રેરણા આપે છે કે બાળકોના જીવનમાં ઘેરી અસર કરે છે. મોટે ભાગે બાળકો પોતાના શિક્ષકોને જીવનભર યાદ રાખે છે અને તેમના માર્ગદર્શનમાં પોતાનું ભવિષ્ય ઘડે છે, આવી હોય છે એક સાચા શિક્ષકની સાકાર ભૂમિકા. મોદીજી ઘણીવાર શિક્ષણવ્યવસ્થાની સમીક્ષા કરતા કહે છે કે આપણે માત્ર ડિગ્રી આપવા પર ધ્યાન કેંદ્રિત નહીં રાખવું જોઈએ, પણ એવું શિક્ષણ આપવું જોઈએ કે જે જીવન માટે ઉપયોગી બને. આવા શિક્ષણમાં શિક્ષકનું યોગદાન અતિ મહત્ત્વપૂર્ણ છે. શિક્ષક દરેક

બાળકની આગવી ક્ષમતા અને રુચિને ઓળખીને તેને યોગ્ય દિશામાં આગળ વધવા માટે પ્રેરિત કરે છે, જેથી બાળકનો આત્મવિશ્વાસ અને આત્મસમ્માન વધે છે અને તેનું સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ પામે છે.

'મન કી બાત' કાર્યક્રમમાં પણ તેમણે શિક્ષકો અને શિક્ષણના મહત્ત્વ અંગે ઘણી વખત ચર્ચા કરી છે. તેઓ ભારતીય પરંપરાના ગુરુ-શિષ્ય સંબંધી સિદ્ધાંતોની પ્રશંસા કરે છે અને માને છે કે સારો ગુરુ બાળકના જીવનમાં દીપક સમાન હોય છે  જે માત્ર પ્રકાશ જ આપે નહીં, પણ બાળકને પોતે પ્રકાશ બનવાની દિશામાં દોરી જાય છે. નિષ્કર્ષરૂપે કહી શકાય કે નરેન્દ્ર મોદીના વિચારો દર્શાવે છે કે શિક્ષક એક એવો પવિત્ર વ્યવસાય છે જે માત્ર પાઠ્યપુસ્તક સુધી મર્યાદિત નથી, પણ એ ભારતના ભવિષ્યના નાગરિકોને ઘડે છે. જો દરેક શિક્ષક પોતાની ફરજનિષ્ઠા, સમર્પણ અને દૃષ્ટિ સાથે સમજે, તો ચોક્કસ રીતે એક સંસ્કારી, જવાબદાર અને શક્તિશાળી પેઢી તૈયાર થઈ શકે છે, જે દેશને વિકાસની નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે.

શિક્ષકો ભારતીય પરંપરામાં જ્ઞાન અને સંસ્કારના સ્રોત તરીકે માનવામાં આવે છે, જે સમાજના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નરેન્દ્ર મોદીજીના વિચારો મુજબ શિક્ષક માત્ર ભણાવનાર નહીં, પરંતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ, નવીનતા અને આત્મનિર્ભરતા પેદા કરીને સમાજ પરિવર્તનના નિર્માતા છે. આજે શિક્ષકોને આધુનિક ટેકનોલોજી અને જીવનમૂલ્યો સાથે જોડાઈને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવું જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં શિક્ષકને દેવતાનું સ્થાન મળેલું છે. પરંપરાગત રીતે શિક્ષકને

જ્ઞાનના દાતા અને સંસ્કારના ઘડવૈયા તરીકે માનવામાં આવે છે. તેઓ માત્ર વિદ્યાર્થીઓને ભણાવતા નથી, પણ તેમને નૈતિક અને સાંસ્કૃતિક દિશા આપે છે. નરેન્દ્ર મોદીજીના વિચારો અનુસાર શિક્ષક સમાજ બદલાવનો મુખ્ય આધાર છે. શિક્ષક વિદ્યાર્થીઓમાં નવા વિચારો, આત્મનિર્ભરતા અને રાષ્ટ્રપ્રેમના સંસ્કાર ઊંડા કરે છે. આજના યુગમાં શિક્ષકોને આધુનિક ટેક્નોલોજી અને જીવનકૌશલ્ય સાથે જોડાવાની જરૂર છે, જેથી તેઓ વિદ્યાર્થીઓને સંપૂર્ણ રીતે ઘડી શકે. આ રીતે, પરંપરાગત દૃષ્ટિ અને નરેન્દ્ર મોદીજીના આધુનિક વિચાર બંને શિક્ષકોને સમાજના માર્ગદર્શક અને રાષ્ટ્રના શિલ્પી તરીકે માને છે.

સંસ્કૃતિમાં શિક્ષકને સર્વોચ્ચ સ્થાન મળેલું છે. પ્રાચીન સમયથી 'ગુરુ'ને દેવતાના સમાન માનવામાં આવ્યા છે. ઉપનિષદોમાં પણ લખાયું છે – "ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ", અર્થાત્ ગુરુ કોઈ એક વિષયનો જ જાણકાર નથી, પણ જીવનના સંસ્કાર, મૂલ્યો અને ધર્મનો પણ માર્ગદર્શન આપે છે. પરંપરાગત દૃષ્ટિકોણ અનુસાર શિક્ષક સમાજનો ઘડવૈયો છે જે શિષ્યોના માધ્યમથી રાષ્ટ્રને આકાર આપે છે. પ્રાચીન ગુરુકુલ વ્યવસ્થામાં શિક્ષક અને શિષ્યનો સંબંધ માત્ર ભણાવા સુધી સીમિત નહોતો, પણ જીવનઘડતર સુધી વિસ્તરેલો હતો. શિક્ષક શિષ્યને એક વિષય વિશેષજ્ઞ નહીં, પણ સાચો સશક્ત, માણસ નૈતિક અને સંસ્કારવાન નાગરિક બનાવવાનો પ્રયાસ કરતો હતો. આ પરંપરા આજે પણ આપણા સમાજના મનમાં ઊંડી રીતે વણાયેલી છે.

પ્રધાનમંત્રીશ્રી શિક્ષકોની ભૂમિકાને અનમોલ માને છે. તેઓ માને છે કે શિક્ષક માત્ર વિદ્યાર્થીને વિષયજ્ઞાન આપતા નથી, પરંતુ તેમનાં મન અને હૃદયમાં દેશપ્રેમ, નવા વિચારો અને સેવાભાવના સંસ્કારો ઊંડા કરે છે. મોદીજીના મતે, એક સાચો શિક્ષક એ એવો દીવો છે જે પોતે બળીને બીજા માટે પ્રકાશ ફેલાવે છે. તેમણે અનેક પ્રસંગે જણાવ્યું છે કે શિક્ષક ઇચ્છે તો સમગ્ર સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. શિક્ષણ ક્ષેત્રમાં સુધારાના માર્ગે મોદી સરકારે અનેક મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે. "પ્રધાનમંત્રી શિક્ષક સન્માન" દ્વારા શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે, જ્યારે "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020" જેવી દૃષ્ટિપૂર્ણ નીતિથી સમગ્ર શિક્ષણવ્યવસ્થામાં નવી તાજગી આવી છે. મોદીજી એવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરે છે કે આજના શિક્ષકો ટેકનોલોજીથી સજ્જ હોવા જોઈએ, જેથી તેઓ વિદ્યાર્થીઓને આજના યુગના પડકારોનો સામનો કરવા યોગ્ય રીતે તૈયાર કરી શકે. એક શિક્ષકનો અમૂલ્ય ફાળો એ છે કે તે વિદ્યાર્થીમાં નૈતિક મૂલ્યો, ડિજિટલ જાગૃતિ, પર્યાવરણ પ્રત્યે લાગણી અને સમાજસેવાની ભાવનાનું વાવેતર કરે. તેમના મતે, શિક્ષકો એ નવા ભારતના ઘડવૈયા છે, અને તેમના જ પ્રયત્નો અને દિશામાં દેશ આત્મનિર્ભર બનવાની રાહ પર આગળ વધી શકે છે.

અંતે, આપણે કહી શકીએ કે પરંપરાગત દૃષ્ટિકોણ અને નરેન્દ્ર મોદીજીના વિચારો શિક્ષકને સમાજનો આધારસ્તંભ માને છે. પરંતુ મોદીજી તેને આધુનિક યુગ સાથે સંકળાવવાનો આગવો પ્રયાસ કરે છે જેથી શિક્ષક માત્ર ભણાવનાર નહીં, પણ સમાજ પરિવર્તનનો દૃષ્ટા બને.

# ૩. આત્મવિશ્વાસ સાથે પરીક્ષા : નરેન્દ્ર મોદીજીનો સંવાદ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લખાયેલ પુસ્તક *'Exam Warriors'* માત્ર એક વાંચનપાત્ર નથી, પરંતુ તે વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક દીવારૂપ છે. આ પુસ્તકનો ઉદ્દેશ માત્ર અભ્યાસની તૈયારી કરાવવાનો નથી, પણ વિદ્યાર્થીઓને પરીક્ષાના તણાવને હળવો કરવાની રીત  સમજાવવા અને તેને આત્મવિશ્વાસભર્યા તહેવાર બનાવવાની દિશામાં દોરવાનો છે. આજના સમયની સ્પર્ધાત્મકતા બાળકો અને કિશોરોમાં વધુ તણાવ જન્માવે છે. આવા સમયમાં 'Exam Warriors' પરીક્ષા કેવળ ગુણ મેળવવાનો અભ્યાસ નથી, પરંતુ શારીરિક, માનસિક અને ભાવનાત્મક સમતોલતાથી જીવન જીવવાની કળા  શીખવે છે. પુસ્તકમાં આપવામાં આવેલી ટિપ્સ ખૂબ જ સરળ છે, પણ તેની અસર ઊંડી છે. મોદીજીએ વિદ્યાર્થીમિત્રો સાથે સંવાદાત્મક અને સરળ ભાષામાં વાતચીત કરી છે, જે તેને વધુ હૃદયસ્પર્શી બનાવે છે. પુસ્તકમાં ધ્યાન, યોગ, સમયવ્યવસ્થાપન અને આત્મવિશ્વાસ વધારવા માટેના વિવિધ ઉપાયો પણ સમાવિષ્ટ છે. વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક એક સાથી દોસ્ત છે જે તેમને ઊર્જાથી ભરપૂર રાખે છે, સાથોસાથ જીવનજીવન માટે જરૂરી જીવનકૌશલ્ય પણ શીખવે છે.

પુસ્તકમાં પ્રધાનમંત્રીશ્રીએ પોતાના વ્યક્તિત્વના અનુભવો, વિચારશૈલી અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોના સંકલન દ્વારા બાળકોઓને એ સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે પરીક્ષા માત્ર ગુણ માટે નહિ, પણ આત્મપરીક્ષણ, નવી દૃષ્ટિ અને આત્મવિકાસની તક છે. પુસ્તકમાં કેટલાંક ઉપયોગી અને જીવનમાં ઉતારી શકાય એવા સૂચનો આપવામાં આવ્યાં છે, જેમ કે "સ્માઇલ મોર, સ્કોર મોર", જે એ સંકેત આપે છે કે ખુશમિજાજ રહેવું સફળતા તરફ એક પગથિયું છે; "પેપરને નહીં, પોતાને પરખો", જે આત્મમૂલ્યાંકન પર ભાર મૂકે છે; "રમતગમત પણ જરૂરી છે", જે તંદુરસ્ત જીવનશૈલીનું મહત્ત્વ સમજે છે; અને "સોશિયલ મીડિયા સાથે થોડી દૂરી રાખો", જે એકાગ્રતાને મહત્ત્વ આપે છે. આ તમામ સૂચનો બાળકોઓને અભ્યાસ પ્રત્યે હકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવામાં અને પરીક્ષાને જીવનના એક સંઘર્ષ તરીકે નહિ, પણ વિકાસના અવસર તરીકે જોવામાં મદદરૂપ થાય છે.

પરીક્ષા પ્રત્યેના દૃષ્ટિકોણમાં રૂપાંતર લાવવા માટે 'પરીક્ષા પર ચર્ચા' નામના રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમ દ્વારા પ્રધાનમંત્રીશ્રી સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ, તેમનાં માતાપિતા અને શિક્ષકો સાથે સીધો સંવાદ સ્થાપિત કરે છે. તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ આપે છે, પરીક્ષા દરમિયાન થતો તણાવ ઓછો કરવા માટે ઉપયોગી સૂચનો આપે છે અને જીવનનાં મહત્ત્વપૂર્ણ લક્ષ્યો તરફ આગળ વધવા માટે પ્રેરણા આપે છે. 'પરીક્ષા પર ચર્ચા'માં કેટલાક મહત્ત્વના સંદેશો સ્પષ્ટ રીતે આપવામાં આવ્યા છે, જેમ કે

પરીક્ષાના ગુણ જીવનનું અંતિમ લક્ષ્ય નથી, તે તો સફળતાની યાત્રાનો એક તબક્કો છે; સખત મહેનત અને સકારાત્મક વિચારધારા સફળતાની ચાવી છે; નિષ્ફળતા પણ શિક્ષણનો એક અવકાશ છે, જેને સ્વીકારી આગળ વધવું જોઈએ; તેમજ માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા માત્ર એક શૈક્ષણિક દાયિત્વ સુધી સીમિત ન રહીને, સંવેદનશીલ સહાયક બની રહેવી જોઈએ. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય સાર આ છે કે પરીક્ષા એ તણાવભર્યો પ્રસંગ નહિ, પણ આનંદ અને આત્મવિશ્વાસથી ભરેલી ઉજવણી હોવી જોઈએ. નરેન્દ્ર મોદીજીના જણાવ્યા મુજબ, જ્યારે વિદ્યાર્થીઓ અભ્યાસને માત્ર ભારરૂપ લાગણી તરીકે નહીં જુએ, પરંતુ તેને જ્ઞાન મેળવવાની રોચક યાત્રા તરીકે અપનાવે, ત્યારે પરીક્ષાઓ પ્રત્યેની તેમની દૃષ્ટિ સંપૂર્ણ રીતે બદલાઈ શકે છે. આજના સમયમાં, જ્યારે વિદ્યાર્થીઓ પરીક્ષા અને અભ્યાસને લઈને તણાવ અને ચિંતાનો ભોગ બને છે, ત્યારે 'Exam Warriors' પુસ્તક અને 'પરીક્ષા પર ચર્ચા' કાર્યક્રમ જેવી પહેલ શૈક્ષણિક ક્ષેત્રમાં નવા દિશામાં વિચાર કરાવે છે.

આ બંને પ્રયત્નોનો ઉદ્દેશ બાળકો અને વિદ્યાર્થીઓને માત્ર ભણાવવાનો નથી, પણ એમને એવી રીતે ઘડવાનો છે કે તેઓ આત્મવિશ્વાસથી જીવન જીવી શકે. 'Exam Warriors' વિદ્યાર્થીઓને ભયમુક્ત અભિગમ અપનાવવાની પ્રેરણા આપે છે, જ્યારે 'પરીક્ષા પર ચર્ચા' તેમને વળી જીવંત સંવાદ દ્વારા માર્ગદર્શન આપે છે. આ અવલોકનોથી સ્પષ્ટ થાય છે કે આ પ્રયાસો માત્ર પરીક્ષાની તૈયારી પૂરતા મર્યાદિત નથી, પણ એ બાળકોઓમાં આત્મવિશ્વાસ, સાર્થક વિચારસરણી અને સજાગ નાગરિકતાનું

બીજ રોપે છે. આમ, આ પહેલ શિક્ષણજગતમાં એક સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ છે.

### ❖ પરીક્ષાને ઉત્સવરૂપે જોવાનો દૃષ્ટિકોણ

આધુનિક યુગમાં, પરીક્ષાનું નામ આવતાં જ ઘણા વિદ્યાર્થીઓના ચહેરા પર ચિંતા અને તણાવના ભાવ છલકાઈ ઊઠે છે. આપણે પરીક્ષાને ઘણીવાર એવી રીતે લઈએ છીએ કે એ ખૂબ જ ગંભીર, તણાવભરી અને ડરામણી વાત હોય. પરિણામે, વિદ્યાર્થીઓ માટે પરીક્ષા અનુભવ એક ભાવનાત્મક દબાણનું કારણ બની જાય છે. આ પરિસ્થિતિમાં, ભારતના પ્રધાનમંત્રીશ્રી દ્વારા લખાયેલ પુસ્તક 'એક્ઝામ વોરિયર્સ' એવી દિશામાં એક નવી દૃષ્ટિ આપે છે, જે પરીક્ષાને તણાવભરી ક્ષણ તરીકે નહીં, પણ ઉત્સવરૂપ યાત્રા તરીકે જોવાની વાત કરે છે. મોદીજીના વિચાર પ્રમાણે, જો વિદ્યાર્થી અભ્યાસને આનંદદાયક પ્રક્રિયા તરીકે અપનાવે, તો પરીક્ષા પણ એક ઉજવણી સમાન બની શકે. 'એક્ઝામ વોરિયર્સ' માત્ર માર્ગદર્શિકા નથી, પણ વિદ્યાર્થીઓના મનમાં આત્મવિશ્વાસ, સ્વસ્થતા અને જાગૃત વિચારસરણી વિકસાવવાનો પ્રયત્ન છે. આ રીતે, મોદીજીની આ પહેલ વિદ્યાર્થીઓને નકારાત્મક દૃષ્ટિકોણમાંથી બહાર લાવી, પરીક્ષા જેવી અગત્યની પ્રક્રિયા પ્રત્યે સકારાત્મક અને ઉત્સાહી અભિગમ વિકસાવવાની દિશામાં એક અસરકારક પગલું સાબિત થાય છે.

આજકાલના સમયમાં, પરીક્ષાઓનું નામ પણ વિદ્યાર્થીમાં ચિંતાની લાગણી જન્માવે છે. જો કે, નરેન્દ્ર મોદીજીનો અભિગમ આ પરંપરાગત વિચારસરણીથી સંપૂર્ણપણે અલગ છે. તેઓ

પરીક્ષાને એક તણાવભરી ઘટના તરીકે નહિ, પણ આનંદદાયક ઉત્સવ તરીકે જોવાની પ્રેરણા આપે છે. તેમની સ્પષ્ટ માન્યતા છે કે ડર અને તણાવના વાતાવરણમાં કોઈ પણ બાળક પોતાની યથાર્થ ક્ષમતા દર્શાવી શકતું નથી. તેઓ માને છે કે પરીક્ષા એ માત્ર પરિણામ માપવાનો સમય નથી, પણ એ તો એવો મોકા છે જ્યાં વિદ્યાર્થી પોતાનું જ્ઞાન અને તૈયારી વિશ્વાસપૂર્વક રજૂ કરે છે. મોદીજીનું મંતવ્ય છે કે સ્પર્ધા બીજાને હરાવવાનો પ્રયત્ન ન હોવો જોઈએ, પરંતુ પોતાને પહેલાંથી વધુ સુધારવાનો પ્રયત્ન હોવો જોઈએ. આ વિચાર વિદ્યાર્થીઓમાં આત્મમૂલ્યાંકન અને સ્વવિકાસની ભાવના વિકસાવે છે, જે લાંબાગાળે વધુ ફળદાયી સાબિત થાય છે. તેઓ અવારનવાર આ વાત પર ભાર મૂકે છે કે વિદ્યાર્થીઓએ પોતાની શૈક્ષણિક યાત્રાને બીજા સાથે માપવા કરતાં વધુ, પોતાના આંતરિક વિકાસ તરફ કેન્દ્રીત રાખવી જોઈએ. માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, માતા-પિતા અને શિક્ષકોને પણ આ દિશામાં વિચારવા અપીલ કરે છે. તેઓ કહે છે કે બાળકો કરતાં વધુ તણાવ મોટા લોકોમાં હોય છે ખાસ કરીને ત્યારે જ્યારે તેઓ પોતાનાં અધૂરાં સપનાંઓ બાળકો પર લાદે છે. એ બહોળી સમજ સાથે તેઓ કહે છે કે બાળકોને તુલનાથી નહિ, પણ સહાનુભૂતિ અને સમર્થનથી આગળ લાવવામાં આવે.

પરીક્ષા માત્ર પરિણામ મેળવવાની પ્રક્રિયા નથી, એ તો એક એવો મંચ છે જ્યાં પ્રયત્નો, પરિશ્રમ અને આત્મવિશ્વાસ જોવા મળે છે. જીવનમાં સફળતા કે નિષ્ફળતા અંતિમ નથી,  એ તો નવી યાત્રાની શરૂઆત છે. મોદીજીના મતે, જ્યારે પરીક્ષાને તણાવ નહિ પણ ઉત્સવ તરીકે જોવામાં આવે છે, ત્યારે શીખવાની પ્રક્રિયા

વધુ રસપ્રદ અને લાગણીસભર બની જાય છે. આ જ દૃષ્ટિકોણને સમગ્ર દેશમાં પહોંચાડવા માટે શરૂ કરવામાં આવેલો કાર્યક્રમ 'પરીક્ષા પર ચર્ચા' એક અનોખી પહેલ છે. એ માત્ર એક કાર્યક્રમ નહીં, પણ એ એક વિચારધારા છે  જે બાળકોને ભયમાંથી મુક્ત કરી, તેમને આત્મવિશ્વાસથી ભરેલાં, ઉમંગભર્યા અને શિસ્તબદ્ધ નાગરિક બનવાની દિશામાં માર્ગદર્શન આપે છે. જ્યારે પરીક્ષા એક ઉત્સવ બને, ત્યારે ભણતર સાચે જ સારું ભવિષ્ય બનાવવાની શરૂઆત બને છે.

પરીક્ષાને જો આપણે તણાવરૂપ અવસ્થાની જગ્યાએ એક ઉત્સવ જેવી ઘટના તરીકે માનીએ, તો તેની તૈયારી પણ આનંદદાયક બની શકે છે. જેમ આપણે જન્મદિવસ કે કોઈ તહેવાર માટે ઉત્સાહપૂર્વક તૈયારીઓ કરીએ છીએ, તેમ પરીક્ષાની તૈયારી પણ ઉત્સાહ અને આનંદ સાથે કરી શકાય. આવી તૈયારીમાં પરિશ્રમ તો હોય, પણ તેની સાથે ખુશી અને આત્મસંતોષની લાગણી પણ રહે છે, જે માનસિક તણાવને દૂર કરે છે. તણાવથી મુક્ત રહેવા માટે વિદ્યાર્થીઓએ યોગ, ધ્યાન કે રમતમાં થોડો સમય પસાર કરવો જોઈએ. આ પ્રવૃત્તિઓ મનને શાંતિ આપે છે અને ચિંતામાંથી બહાર લાવીને ઊર્જાવાન બનાવે છે. જ્યારે મન શાંત અને તાજું હોય, ત્યારે અભ્યાસ વધુ અસરકારક રીતે શક્ય બને છે. પરીક્ષાના ગુણોને જીવનનું અંતિમ પ્રમાણપત્ર માનવાને બદલે, તેને પોતાની મહેનત, પ્રતિબદ્ધતા અને વિશ્વાસના પરિણામ તરીકે જોવું જોઈએ. ગુણો કોઈની સંપૂર્ણ શક્તિ માપી શકતા નથી. દરેક વ્યક્તિનું મહત્ત્વ ગુણોથી ઘણું મોટું હોય છે.

સકારાત્મક અભિગમ અપનાવવો પણ ખૂબ જ મહત્ત્વનો છે. પરીક્ષા એ માત્ર પેપર લખવાનો સમય નથી, એ તો પોતાને પરખવાનો અને વધુ સારી રીતે ઊભા રહેવાનો અવસર છે. જો વિદ્યાર્થી નિષ્ફળતા અને પરિણામ વિશે ચિંતા કર્યા વગર, પોતાની શક્તિ, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે, તો પરીક્ષાનો સમય પણ પ્રેરણાદાયક બની શકે છે. આ રીતે જોવામાં આવે તો, પરીક્ષા ખરેખર તણાવ નહીં, પણ એક ઉત્સવ છે, જે શૈક્ષણિક જીવનને વધુ ઊજળું બનાવી શકે છે.

## ❖ પુસ્તકની પૃષ્ઠભૂમિ અને લખાણ પાછળની પ્રેરણા (બાળકોના સંદર્ભમાં)

'Exam Warriors' ભારતના પ્રધાનમંત્રીશ્રી દ્વારા રચાયેલું એક અત્યંત અર્થપૂર્ણ અને ઉમંગપૂર્ણ પુસ્તક છે, જેનો ઉદ્દેશ ખાસ કરીને વિદ્યાર્થીઓને પરીક્ષાનાં ભય, ભાવનાથી મુક્ત કરાવવાનો છે. આ પુસ્તક વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસથી પરીક્ષાનો સામનો કરવા માટે પ્રેરણા આપે છે અને શૈક્ષણિક દબાણને હળવુ બનાવવા માટેના સરળ અને પ્રયોગાત્મક માર્ગો સૂચવે છે. આ પુસ્તક લખવાનું બીજ ત્યારે વવાયું જ્યારે મોદીજીએ પોતાના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’ તેમજ વિવિધ રાજ્યભ્રમણો દરમિયાન અનેક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતાઓ સાથે સીધો સંવાદ કર્યો. તેમણે અભિપ્રેત કર્યું કે વિદ્યાર્થીઓ પર અતિશય ભણતરનું દબાણ હોય છે, ખાસ કરીને પરીક્ષાના સમયમાં. નાનાં બાળકોથી લઈ કિશોરાવસ્થાના વિદ્યાર્થીઓ પણ ગુણોની દોડ, સમાજની અપેક્ષાઓ અને

તુલનાના ભાવમાં તણાઈ જાય છે. અફસોસજનક રીતે, આ તણાવ કેટલાંક બાળકોમાં મનોબળ ખોવાનું કારણ બને છે અને કેટલાક તો નિરાશાથી ઘેરાઈ, ગંભીર પગલાં પણ લઈ લે છે. આ પરિસ્થિતિની ગંભીરતાને સમજીને અને વિદ્યાર્થીઓ માટે સહજ ભાષામાં, જીવનમૂલ્યો અને આત્મવિશ્વાસ ભરેલો સંદેશ આપવાનો ઉદ્દેશ રાખીને મોદીજીએ 'Exam Warriors' લખવાનું નક્કી કર્યું.

આપણે કહી શકીએ કે આ પુસ્તક માત્ર અભ્યાસ માટે ની માર્ગદર્શિકા નથી, પરંતુ આજના યુવાનોને ભવિષ્ય માટે મજબૂત અને દબાણમુક્ત બનાવવાનો વિચારપૂર્વકનો પ્રયાસ છે.

### ❖ પુસ્તકના રચનાત્મક ઉદ્દેશો (વિશિષ્ટ અભિગમ સાથે)

*'Exam Warriors'* પુસ્તકનું મૂળ લક્ષ્ય એ છે કે વિદ્યાર્થીઓ પરીક્ષાને માત્ર પરિણામપ્રદાન પ્રક્રિયા તરીકે ન માને, પણ તેને શીખવાની અને આત્મવિકાસની એક બહુમૂલ્ય તક તરીકે ઓળખે. આ પુસ્તક વિદ્યાર્થીઓને એવું સમજાવવાનો પ્રયત્ન કરે છે કે જીવનમાં ગુણ માત્ર એક તબક્કો છે, આખું જીવન નહિં, અને દરેક પરીક્ષા નવા અનુભવ અને નવી દિશા માટેનો એક મંચ છે. પુસ્તક એ દિશામાં પણ ધ્યાન આપે છે કે પરીક્ષાઓ કોઈ ડર અથવા તણાવ નહીં, પણ આત્મમૂલ્યાંકન અને ઉજવણીનો અવસર હોવા જોઈએ. વિદ્યાર્થીઓએ તેમની તૈયારી અને પ્રતિભાને ઉત્સાહભરી દૃષ્ટિથી જોવી જોઈએ, જેથી તેઓ આત્મવિશ્વાસ અને શાંતિ સાથે પરીક્ષા આપી શકે.

આ સાથે, પુસ્તક શારીરિક અને માનસિક સંતુલન માટે વિદ્યાર્થીઓને યોગાસન, ધ્યાન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં

જોડાવાની પ્રેરણા આપે છે. આવા ઉપાયો દ્વારા વિદ્યાર્થીઓ માત્ર ભણવામાં જ નહીં, પણ જીવનના દરેક પાસામાં સક્રિય અને ખુશમિજાજ બની શકે છે. અંતે, પુસ્તક એ વાત પર ભાર મૂકે છે કે બાળકો એવા શૈક્ષણિક માહોલમાં અભ્યાસ કરે જ્યાં તેઓ મુક્તપણે વિચાર કરી શકે, પોતાની કલ્પનાઓને પણ પાંખ આપી શકે અને સ્પર્ધાને એક રમૂજી, સકારાત્મક અનુભવ તરીકે જાણી શકે. એવા વાતાવરણનું નિર્માણ થાય, જ્યાં શિક્ષણ એક દબાણ નહીં, પણ આનંદદાયક યાત્રા બને.

પ્રધાનમંત્રીશ્રીએ આ પુસ્તકમાં પોતાના જીવનના અનુભવો, વિચારધારાઓ અને ભારતીય સંસ્કૃતિના મુખ્ય તત્ત્વો જેમ કે યોગ, આધ્યાત્મ, સમયવ્યવસ્થાપન અને આત્મવિમર્શનો સમાવેશ કર્યો છે. આ મુદ્દાઓ બાળકોને માત્ર પરીક્ષાની તૈયારી માટે નહીં, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં મજબૂત બનવા માટે પ્રેરણા આપે છે. કે દરેક વિદ્યાર્થીની અંદર અનન્ય પ્રતિભા છુપાયેલી છે, જેને ઓળખીને આગળ વધારવાની જરૂર છે. તેઓ વિદ્યાર્થીઓને આ સમજાવવા ઇચ્છે છે કે પરીક્ષા માત્ર જીવનનું એક નાનું પાસું છે અને તેનું પરિણામ બધું નક્કી કરતું નથી. મોદીજીનો સંદેશો છે કે પરીક્ષાને ડર તરીકે નહીં, પણ એક ઉત્સવ અને ઉજવણીના અવસરમાં રૂપાંતરિત કરવું જોઈએ.

આ પુસ્તકમાં પ્રધાનમંત્રીશ્રીએ અનેક પ્રેરણાદાયી વિચારો, જીવનકૌશલ્યો અને યોગ સાથે વ્યવહારુ માર્ગદર્શનો રજૂ કર્યા છે, જે ફક્ત પરીક્ષાની જ નહીં, જીવનની તમામ પરિસ્થિતિઓમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. આ માત્ર એક પુસ્તક તરીકે નહીં, પરંતુ એક એવા મિત્રરૂપ સહાયક તરીકે કાર્ય કરે છે, જે

વિદ્યાર્થીઓને માત્ર માર્ગદર્શન જ નથી આપતું, પરંતુ તેમને આત્મવિશ્વાસ, આનંદ અને સમજદારીથી જીવવાની કળા પણ શીખવે છે. પ્રધાનમંત્રીશ્રીની વિદ્યાર્થીઓ પ્રત્યેની ઊંડા સહાનુભૂતિ અને શૈક્ષણિક વ્યવસ્થામાં સકારાત્મક પરિવર્તન લાવવાની ઇચ્છા આ પુસ્તકની મોહક પૃષ્ઠભૂમિ છે. તેમનું વિઝન તણાવમુક્ત પરીક્ષાપદ્ધતિ અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટેના આશાવાદથી ભરેલું છે, જે આ પુસ્તકમાં સ્પષ્ટ દેખાય છે.

## ❖ પુસ્તકના મુખ્ય વિચારો અને સંદેશાઓ:

**'Exam Warriors'** એક પ્રેરણાદાયી પુસ્તક છે, જે ફક્ત પરીક્ષાની તૈયારી માટે માર્ગદર્શન પૂરું પાડતું નથી, પણ જીવનને ઉજવવાની અને સફળતાપૂર્વક જીવવાની કળા પણ શીખવે છે. આ પુસ્તક દરેક વિદ્યાર્થી, માતાપિતા અને શિક્ષક માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે પરીક્ષાઓને ડરનો વિષય ન બનાવીને, એક ઉત્સવ તરીકે માણવા પ્રોત્સાહિત કરે છે. જ્યારે પરીક્ષાઓ એક બોજ નહીં, પરંતુ આનંદ અને ઉત્સાહનો સ્ત્રોત બની જશે, ત્યારે જ શૈક્ષણિક પ્રક્રિયાનો ખરો હેતુ પૂર્ણ થશે. પુસ્તકનો કેન્દ્રિય સંદેશ એ છે કે પરીક્ષા જીવનનો એક નાનો અંશ છે  જેના માટે ડરવાની જરૂર નથી અને જેને જીવનનો મોટો પ્રશ્ન બનાવવું પણ યોગ્ય નથી. જો વિદ્યાર્થી પોતાના માનસિક, શારીરિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યનું ધ્યાન રાખે, આત્મવિશ્વાસ સાથે અભ્યાસ કરે અને જીવનમાં યોગ્ય સંતુલન જાળવી શકે, તો સફળતા પોતાને આપમેળે મળી રહેશે.

- **'Exam Warriors' પુસ્તકમાં પ્રધાનમંત્રીશ્રીના પ્રેરણાદાયી વિચારો**

**૧. "પરીક્ષા એ એક તક છે, ડરવાનું કારણ નથી." (પાનું ૫)**

મોદીજી આ વાક્ય દ્વારા વિદ્યાર્થીઓને કહે છે કે પરીક્ષા એ ડરવાની વસ્તુ નથી, પણ પોતાને સુધારવાનો અને આગળ વધવાનો મોકો છે. તેને તણાવ તરીકે નહીં, પણ એક તક તરીકે જોવી જોઈએ. તૈયારી શાંતિથી અને મન લગાવીને કરવી જોઈએ. યોગથી મન શાંત અને એકાગ્ર બને છે, જેનાથી તણાવ ઓછો થાય છે અને આત્મવિશ્વાસ વધી જાય છે.

**૨. "તમારા પ્રયત્નોની સફળતા તમારા પરિણામો દ્વારા નહીં, પરંતુ તમારી મહેનત દ્વારા માપવામાં આવે છે." (પાનું ૧૨)**

આ વિચારમાં વિદ્યાર્થીઓને કહે છે કે પરિણામ કરતાં મહેનત વધુ મહત્ત્વની છે. યોગમાં પણ એ જ કહ્યું છે કે સફળતા કરતાં દૈનિક પ્રેક્ટિસ અને પ્રયત્ન વધુ મહત્ત્વના છે. જેમ યોગ કરનાર નિયમિત અભ્યાસથી ધીરજ અને સારું આરોગ્ય મેળવે છે, એમ જ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નિયમિત રીતે મહેનત કરવી જોઈએ. પરિણામ આપમેળે મળશે.

**૩. "જો તમે નિષ્ફળ જાઓ છો તો તમારી યાત્રા પૂરી થઈ** ગયેલી **માનવામાં આવતી નથી, પરંતુ તે ફક્ત એક નવો રસ્તો બતાવે છે." (પાનું ૨૨)**

આ વાક્યમાં નિષ્ફળતાને શીખવાની તક અને નવી શરૂઆત તરીકે જોવાની પ્રેરણા આપે છે. જ્યાં કેટલાક દિવસોમાં મુશ્કેલી આવે પણ તે યાત્રાનો એક ભાગ છે. નિષ્ફળતા એટલે યાત્રામાં પડાવ જેવી છે; તે તમને શીખવા અને સુધરવા માટે પ્રેરણા આપે છે. આત્મવિશ્વાસ અને ધીરજ સાથે ફરીથી પ્રયત્ન કરો તે જ સાચી યાત્રા છે.

**૪. "જો તમે તમારા હૃદય અને મનથી પ્રયાસ કર્યો હોય, તો પરિણામની ચિંતા કરવાનું બંધ કરો."(પાનું ૩૫)**

આ વાક્ય આપણને દૃઢ અને આત્મવિશ્વાસી બનવાનું જણાવે છે. યોગમાં એકાગ્રતા અને મનની શાંતિ મહત્ત્વપૂર્ણ છે. જ્યારે યોગાસન અથવા ધ્યાનની પ્રેક્ટિસ કરવામાં મન સંપૂર્ણ રીતે જોડાય છે, ત્યારે તમે પરિણામની ચિંતા છોડીને માત્ર પ્રેક્ટિસમાં કાર્યરત રહેશો. તે જ રીતે, પરીક્ષાની તૈયારીમાં પણ પ્રયાસ પર ધ્યાન રાખવું અને પરિણામ પર તત્કાળ ચિંતિત ન થવું. શાંતિ અને સફળતા માટે જરૂરી છે.

**૫. "યોગ અને ધ્યાન દ્વારા મનને શાંત રાખવું એ સફળતાની ચાવી છે." (પાનું ૪૦)**

આ વિચાર તણાવથી મુક્ત રહેવા માટે યોગ અને ધ્યાનના મહત્ત્વને ઉજાગર કરે છે. સાથે સાથે, યોગ અને ધ્યાનની વિધિઓ

મનમાં શાંતિ લાવીને તણાવ દૂર કરે છે, જે પરિણામે ધ્યાન વધુ કેન્દ્રિત રહે છે અને કામમાં શ્રેષ્ઠતા મળે છે. આ રીતે, પરીક્ષાની તૈયારીમાં યોગ અને ધ્યાન ઉપયોગી સાધન બને છે.

**૬. "તમારી સરખામણી કરવાનું બંધ કરો, દરેકની સફર અલગ હોય છે." (પાનું ૪૫)**

આ વિચાર વિદ્યાર્થીઓને પોતાનું મન દબાણથી મુક્ત રાખવા અને પોતાની શક્તિઓ પર જ ફોકસ કરવા માટે પ્રેરણા આપે છે. જેમ દરેક યોગાભ્યાસી પોતાની ગતિએ યોગ કરતો હોય છે, તે જ રીતે જીવનમાં પણ દરેકની સફર અનોખી હોય છે. પોતાના માર્ગ પર ધ્યાન આપવું અને બીજાની તુલના કરવી ટાળવી યોગનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે, જે શાંતિ અને આત્મવિશ્વાસ લાવે છે.

('Exam Warriors', શ્રી નરેન્દ્ર મોદી,પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા,પ્રકાશન વર્ષ: 2018)

Exam Warriors'નું મુખ્ય મંતવ્ય એ છે કે પરીક્ષાઓને એક ભારરૂપે નહીં, પરંતુ એક આનંદદાયક પ્રક્રિયા તરીકે અપનાવવી જોઈએ. આ પુસ્તક આત્મવિશ્વાસ, શિસ્ત, યોગ, ધ્યાન, સંતુલિત જીવનશૈલી, સમય નિયંત્રણ અને સકારાત્મક દૃષ્ટિકોણ જેવા મહત્ત્વના ગુણોને પ્રોત્સાહિત કરે છે. પ્રધાનમંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો, "તમારું શ્રેષ્ઠ કાર્ય કરો અને પરિણામની ચિંતા છોડો" આ વાક્ય આ પુસ્તકના મોટે ભાગે મૂલ્યને સમેટે છે. મોદીજી એ 'Exam Warriors' માં વિદ્યાર્થીઓ માટે અનેક પ્રેરણાદાયી મુદ્દાઓ રજૂ કર્યા છે. તેઓ કહે છે કે પરીક્ષા કોઈ તણાવનું કારણ ન હોવું

જોઈએ, તે એક ઉજવણીનો અવસર છે, જ્યાં વિદ્યાર્થીઓ પોતાનું જ્ઞાન અને મહેનત દેખાડે. આત્મવિશ્વાસને તેઓ વાસ્તવિક શક્તિ તરીકે માન્યતા આપે છે અને નિષ્ફળતાને જીવનનો અંત ન ગણાવીને નવી શરૂઆત તરીકે જોવાનું પ્રોત્સાહન આપે છે.

મોદીજી યોગ, પ્રાણાયામ અને ધ્યાનને માનસિક શાંતિ અને એકાગ્રતા વધારવા માટે મહત્ત્વપૂર્ણ ગણાવે છે, જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંને માટે લાભદાયક છે. સરખામણી ન કરવાની અને દરેક બાળકની પોતાની ગતિ અને ક્ષમતાનું માન રાખવાનું પણ તેઓ મહત્ત્વપૂર્ણ માને છે, ખાસ કરીને માતાપિતા અને શિક્ષકો માટે આ સંદેશ ખાસ છે. આ તમામ વિચારોનું કેન્દ્ર છે કે પરિણામની ચિંતા કરતા પ્રયત્નો પર ધ્યાન આપવું વધુ જરૂરી છે. પ્રધાનમંત્રીશ્રીનું મુખ્ય વાક્ય છે, "તમારું શ્રેષ્ઠ કરો અને બાકીનું ભૂલી જાઓ," જે દરેક વિદ્યાર્થી માટે પ્રેરણાનું સ્રોત બની શકે છે.

### ❖ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ પર અસર

પ્રધાનમંત્રીશ્રી દ્વારા લખાયેલું 'Exam Warriors' પુસ્તક વિદ્યાર્થીઓ માટે દૃષ્ટિકોણમાં મોટો ફેરફાર લાવનાર સાબિત થયું છે. આ પુસ્તક દ્વારા વિદ્યાર્થીઓએ પરીક્ષાને ભય અથવા તણાવરૂપ પ્રસંગ તરીકે નહીં, પરંતુ એક નવી તક તરીકે જોવાનું શીખી લીધું છે. પરિણામે, હવે વિદ્યાર્થીઓ પરીક્ષાઓનો સામનો વધુ શાંતિપૂર્ણ મન અને આત્મવિશ્વાસ સાથે કરે છે. પુસ્તકમાં સમાવિષ્ટ યોગ, ધ્યાન, સમયનિયંત્રણ અને આત્મપ્રેરણાથકી વિદ્યાર્થીઓએ પોતાનો તણાવ ઘટાડવા અને ભણવામાં વધુ મન

લગાડવા માંડ્યું છે. સાથે જ, ટેક્નોલોજી અને મોબાઇલ જેવા ધ્યાન વિખેરતા સાધનોમાંથી પોતાને દૂર રાખવાની સમજણ પણ વિકસી છે, જેને કારણે અભ્યાસ વધુ સઘન અને અસરકારક બન્યો છે. વિદ્યાર્થીઓએ હવે નિષ્ફળતાને જીવનના અંત તરીકે નહીં, પરંતુ નવી શરૂઆત તરીકે જોવાનું શીખી લીધું છે. તેઓ વધુ ધૈર્યશીલ બનીને સતત પ્રયત્નો કરતા રહે છે. મહત્ત્વની બાબત એ છે કે આ પુસ્તકે તેમને બીજાની તુલના કરતાં પોતાને ઓળખવાની દિશા તરફ લઈ જયાં છે  જેમાં તેઓ પોતાની અંદરની ક્ષમતા, રસ અને પ્રતિભાને શોધી રહ્યા છે.

આ રીતે, ‘Exam Warriors’ માત્ર એક પુસ્તક નથી, પરંતુ વિદ્યાર્થીઓના જીવનમાં નવી ઊર્જા અને દૃઢ વિશ્વાસ જગાવતું માર્ગદર્શનરૂપ સાબિત થયું છે.

શિક્ષકો પર "Exam Warriors" પુસ્તકની મોટી સકારાત્મક અસર થઈ છે. હવે શિક્ષણપદ્ધતિમાં ભાવનાઓ અને માનવીયઅભિગમ વધુ જોવા મળે છે. શિક્ષકો માત્ર પાઠ ભણાવતા નથી, પણ બાળકોને સારી રીતે સમજવા, તેમનો આત્મવિશ્વાસ વધારવા અને તેમનું માનસિક સુખ સમજવા લાગ્યા છે. તેઓ હવે વિદ્યાર્થીઓના તણાવને સમજવા લાગ્યા છે અને વધુ સહાનુભૂતિથી વર્તે છે. પરિણામે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે વધુ વિશ્વાસભર્યો સંબંધ બન્યો છે. ઉપરાંત, શિક્ષકો હવે માતા-પિતા સાથે પણ વધુ સંવાદ કરે છે અને તેમને માર્ગદર્શન આપે છે કે બાળકોને દબાણ વિના કેવી રીતે ટેકો આપવો. અગાઉ જે અભ્યાસ માત્ર પરીક્ષાઓ માટે કરવામાં આવતો, તે હવે જીવન માટે શીખવાની દિશામાં બદલાઈ રહ્યો છે. "Exam Warriors"

પુસ્તક શિક્ષણજગતમાં સકારાત્મક વિચારધારા, માનસિક આરોગ્ય અંગે જાગૃતિ અને પ્રેરણાત્મક અભિગમ લાવ્યું છે. Exam Warriors માત્ર વિદ્યાર્થીઓ માટે નહિ, પણ માતા-પિતાઓ માટે પણ ઉપયોગી પુસ્તક છે. આ પુસ્તક તેમને શીખવે છે કે પોતાના બાળકના ભણતર અને જીવનમાં કેવી રીતે સાચા સાથી બની શકાય. હવે માતા-પિતા પહેલાં જેવું અભ્યાસ માટે દબાણ કરતી પદ્ધતિ છોડીને બાળકોના પ્રયત્નને માન આપી રહ્યાં છે. તેઓ સમજે છે કે દરેક બાળક જુદું હોય છે અને પોતાનું ખાસ કામગીરી ક્ષેત્ર હોય છે. હવે પરીક્ષાને જીવનમરણનો પ્રશ્ન ન માની, બાળકોને સમજાવે છે કે નિષ્ફળતા જીવનનો અંત નથી. હવે માતા-પિતા બાળકોના રસ વિશે પૂછે છે, તેમને સાથ આપે છે અને પ્રેમ તથા શિસ્ત વચ્ચે સંતુલન સાધે છે.

પુસ્તક દ્વારા તેઓ બાળકોની રમતો, સંગીત, નૃત્ય જેવી સૃજનાત્મક વાતોમાં રસ જુએ છે અને તેમને પોતાની રીતે વિકસવા મોકો આપે છે. પરીક્ષા સમયે ઘરમાં શાંતિભર્યું વાતાવરણ રાખે છે અને દરેક રીતે ટેકો આપે છે. સાથે સાથે ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ શીખીને મોબાઇલના નિયમો પણ પ્રેમભેર નક્કી કરે છે. હવે માતા-પિતા માત્ર માર્ગદર્શન આપનારા નહિ, પણ એક મિત્ર અને સાથી બની ગયાં છે જે બાળકો માટે ખૂબ મોટો આશરો છે. આ બદલાવ આજે હજારો ઘરમાં જોવા મળે છે, જ્યાં અભ્યાસ એક તણાવ નથી  પણ એક પરિવારની સાથે મળીને શીખવાની યાત્રા છે.

## ❖ Exam Warriors' પુસ્તકને મળેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાઓ

જ્યારે ભારતના પ્રધાનમંત્રીશ્રીએ 'Exam Warriors' નામનું પુસ્તક રજૂ કર્યું ત્યારે એ માત્ર એક પુસ્તકીય પ્રકાશન નહોતું, પરંતુ એક વિચારક્રાંતિ હતી. આજના યુગના વિદ્યાર્થીઓ, માતા-પિતા અને શિક્ષકો બધાં માટે આ પુસ્તક જીવનની દિશા દર્શાવતું માર્ગદર્શન બની રહ્યું છે. એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ સકારાત્મક અસર છોડી છે. આ પુસ્તક વૈશ્વિક પ્રેરણાસ્ત્રોત બન્યું છે, જેણે પરીક્ષા જેવા ગંભીર વિષયને જીવનમાં સરળ, અને ઉપયોગી બનાવ્યું છે. તેની પ્રતિક્રિયાઓ સાબિત કરે છે કે શિક્ષણ ફક્ત પુસ્તકીયું જ્ઞાન નથી પણ ભાવનાત્મક અને માનસિક વિકાસનું માધ્યમ પણ છે. Exam Warriors પુસ્તકે રાષ્ટ્રીય સ્તરે ભારતના લાખો વિદ્યાર્થીઓ, શાળાઓ અને પરિવારોને સકારાત્મક રીતે પ્રભાવિત કર્યું છે. દેશના નાનાં ગામડાંથી લઈને મોટાં શહેરો સુધી, અનેક વિદ્યાર્થીઓએ આ પુસ્તકને માત્ર વાંચ્યું નથી, પણ તેની ભાષામાં છુપાયેલા સંદેશને જીવનમાં લાગુ પાડવાનો પ્રયત્ન કર્યો છે. હવે વિદ્યાર્થીઓ માટે ભણવાનું માત્ર માર્ક મેળવવા માટે નહીં રહ્યું, પણ આત્મવિશ્વાસ જાળવીને શાંતિપૂર્વક શીખવાનું માર્ગ બની રહ્યું છે. તેઓ કહી રહ્યા છે, "હવે ભણવાનું જીવન માટે છે, નહિ કે ફક્ત પરીક્ષા માટે." શાળાઓ અને શિક્ષણતંત્ર પણ આ બદલાવ તરફ સક્રિય રીતે આગળ વધ્યા છે. અનેક રાજ્યોમાં આ પુસ્તકને ભલામણ આપવામાં આવી છે, અને કેટલીક શાળાઓએ તો "Exam Warriors Clubs" શરૂ કરી છે, જ્યાં વિદ્યાર્થીઓ એકબીજાને પ્રેરણા આપે છે અને પરીક્ષાનો તણાવ ઘટાડવા માટે

વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયે પણ આ પુસ્તકની વિચારધારાને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી માન્યું છે.

માતા-પિતામાં પણ આ પુસ્તકને લીધે નોંધપાત્ર બદલાવ આવ્યો છે. હવે તેઓ બાળકોને વધુ સમજવા લાગ્યાં છે, તેમને દબાણ નહીં પણ સહારો આપવા લાગ્યાં છે. ઘણાં માતા-પિતા કહે છે કે, "આ પુસ્તક વાંચીને સમજાયું કે દરેક બાળકની ઝડપ જુદી હોય છે, અને આપણું કાર્ય છે તેને સમજવું, ના કે ફક્ત પરિણામ માંગવું." પરિણામે, પરિવારમાં વધુ સહજતા અને પ્રેમભર્યું વાતાવરણ ઊભું થયું છે, જે બાળકના ભણતર માટે ખૂબ ફળદાયી બન્યું છે. Exam Warriors માત્ર ભારતમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ખૂબ લોકપ્રિય બન્યું છે. અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં વસતા ભારતીય પરિવારો આ પુસ્તકને ખૂબ પસંદ કરે છે. તેમનાં બાળકો પણ પરીક્ષાના તણાવનો સામનો કરે છે, અને આ પુસ્તક તેમને શાંતિ અને આત્મવિશ્વાસથી આગળ વધવાનો માર્ગ બતાવે છે. વિશ્વની ઘણી યુનિવર્સિટીઓ અને શિક્ષણ તજ્જ્ઞોએ પણ આ પુસ્તકના વિચારોને આવકાર્ય છે. તેમનું માનવું છે કે વિદ્યાર્થીઓના માનસિક આરોગ્ય માટે આવી દૃષ્ટિ ખૂબ જરૂરી છે. કેટલીય કોલેજોએ તો આ પુસ્તકના અંશોને પોતાના શૈક્ષણિક કાર્યક્રમમાં પણ સ્થાન આપ્યું છે.

આ પુસ્તક આજે 15થી વધુ ભાષાઓમાં અનુવાદિત થઈ ચૂક્યું છે  જેમાં ભારતીય ભાષાઓ ઉપરાંત ફ્રેંચ અને સ્વાહિલી જેવી વિદેશી ભાષાઓ પણ છે. આ બતાવે છે કે પુસ્તકનો સંદેશ

માત્ર ભારત માટે નહિ, પણ આખા વિશ્વ માટે છે. યુનેસ્કો જેવી વૈશ્વિક સંસ્થાઓ પણ શિક્ષણમાં આવી માનવીય દૃષ્ટિનું સ્વાગત કરે છે. Exam Warriors એ યોગ, ધ્યાન, આત્મવિશ્વાસ અને ગુરુ-શિષ્ય પરંપરા જેવા ભારતીય મૂલ્યોને આધુનિક શિક્ષણ સાથે જોડીને દુનિયાને દર્શાવે છે કે ભારતના વિચારો પણ વૈશ્વિક સ્તરે માર્ગદર્શન આપી શકે છે.

આ પુસ્તક માત્ર વાંચવાની વસ્તુ નથી, પણ એ બાળકો, શિક્ષકો અને માતા-પિતાના દિલને સ્પર્શતું અભિયાન છે, જે દરેકને શીખવે છે કે તણાવને હરાવીને આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધવું શક્ય છે.

# 4. મન કી બાત : બાળકો માટે ઉત્તમ પ્રેરણા-સંદેશ

પ્રધાનમંત્રીશ્રી દર મહિનાના છેલ્લાં રવિવારે "મન કી બાત" શીર્ષક હેઠળ વિશેષ રેડિયો કાર્યક્રમ કરે છે. આ કાર્યક્રમ ટેલિવિઝન, મોબાઇલ અને આકાશવાણી પર સાંભળી શકાય છે. તેમાં મોદીજી દેશના લોકો સાથે હૃદયપૂર્વક વાતચીત કરે છે. તેઓ સમાજ, શિક્ષણ, કુદરત, વિજ્ઞાન, ખેલકૂદ અને દેશપ્રેમ જેવી અનેક મહત્ત્વની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કાર્યક્રમમાં બાળકોનું જોડાણ ખૂબ જ વિશેષ છે, કારણ કે મોદીજી બાળકોને દેશનું ભવિષ્ય માને છે. બાળકો "મન કી બાત" ખૂબ રસપૂર્વક સાંભળે છે. તેમને આ કાર્યક્રમમાંથી ઘણું શીખવા મળે છે. મોદીજી ઘણી વખત બાળકોને પોતાના વિચારો મોકલવા માટે આમંત્રિત કરે છે. ઘણી વખત તેમણે એવું પણ કહ્યું છે કે બાળકોનાં નાનકડાં નાનકડાં સારાં કાર્યો પણ મોટી અસર કરી શકે છે. જ્યારે કોઈ બાળક સ્વચ્છતા માટે કંઇક કરે છે, વૃક્ષ વાવે છે કે કોઈ નવીન શોધ કરે છે તેની વાત "મન કી બાત" માં કહેવામાં આવે છે, ત્યારે એ બાળક અને બીજાં તમામ બાળકોમાં ખૂબ ઉત્સાહ આવે છે.

"મન કી બાત" માત્ર એક રેડિયો કાર્યક્રમ નથી, પણ દેશના નાગરિકો સાથે હૃદયપૂર્વકનો સંવાદ છે. દરેક મહિનાના છેલ્લા રવિવારે થતું આ આયોજન દેશના નાનામોટા દરેક નાગરિકને

દેશપ્રેમ, સેવાભાવના અને સજાગ નાગરિકત્વ તરફ પ્રેરણા આપે છે. ખાસ કરીને બાળકો માટે આ કાર્યક્રમ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. નાનકડાં બાળકો પણ આ મંચ દ્વારા સમજી શકે છે કે તેમનું દરેક સાચું કાર્ય દેશ માટે કેટલો મૂલ્યવાન છે. પ્રધાનમંત્રીશ્રીએ બાળકોને માત્ર ભવિષ્યના નાગરિક નહીં, પરંતુ આજના ભારતના સક્રિય સહભાગી માન્યાં છે. તેથી જ તેઓ "મન કી બાત"માં બાળકોના વિચારો, કામગીરી અને પ્રેરણાદાયક કહાનીઓનો ઉલ્લેખ કરીને તેમને પ્રોત્સાહિત કરે છે. આ કાર્યક્રમ દ્વારા બાળકોને આત્મવિશ્વાસ મળે છે, નવા વિચાર કરે છે અને સારાં કામ કરવા માટે ઉત્સાહિત થાય છે. જે બાળકોએ કોઈ ઉપયોગી કામ કર્યું હોય, તેમની સફળતાને જ્યારે રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળે છે, ત્યારે એ ન માત્ર તેમના માટે ગૌરવનું કારણ બને છે, પરંતુ અન્ય બાળકો માટે પણ પ્રેરણા પુરી પાડી શકે છે. "મન કી બાત"માં જે વિષયો પર ચર્ચા થાય છે, જેમ કે સ્વચ્છ ભારત, પર્યાવરણરક્ષણ, આરોગ્ય, શિક્ષણ અને રમતગમત  એ બધું આજનાં બાળકને આવતીકાલેના જવાબદાર માનવા તરીકે ઘડવા માટે અગત્યનું છે. આ રીતે, "મન કી બાત" માત્ર વાતચીતનું એક માધ્યમ નથી, પણ ભારતના ભવિષ્યને ઘડતો એક મજબૂત પાયો છે.

આ કાર્યક્રમ બાળકોમાં સારા સંસ્કાર, દેશપ્રેમ, સમાજ પ્રત્યેની જવાબદારી અને નવીન વિચારો માટે ઊંડા ભાવ ઉત્પન્ન કરે છે. બાળકોને સમજાવે છે કે નાનકડા પ્રયાસો પણ દેશમાં મોટો ફેરફાર લાવી શકે છે. આ રીતે "મન કી બાત" બાળકો માટે શીખવાની, વિચારવા અને સકારાત્મક રીતે આગળ વધવાની એક

સુંદર તક છે. બાળકોને માત્ર શ્રોતાઓ નહીં, પણ સક્રિય ભાગીદાર તરીકે સ્વીકારવાનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. નરેન્દ્ર મોદીજીની "મન કી બાત" એવી વાતચીત છે જ્યાં તેઓ એવા વિષયો પર વાત કરે છે જે બાળકોના જીવન સાથે જોડાયેલાં હોય છે, જેમ કે અભ્યાસ, રમતો, પર્યાવરણ, સ્વચ્છતા અને સામાજિક ફરજ. મોદીજી એવી ભાષામાં વાત કરે છે કે નાનાં બાળકો પણ તેને સમજવાની અને વિચારવાની ક્ષમતા રાખે છે. તેઓ એ પણ સમજાવે છે કે નાના હોય તો શું થયું, દેશ માટે કંઈક સારું કામ દરેક કરવું જોઈએ. આ કાર્યક્રમમાં એવાં અનેક બાળકોનો ઉલ્લેખ થાય છે જેમણે કોઈ ખાસ કામ કર્યું હોય, જેમ કે વૃક્ષો વાવ્યાં હોય, કુદરત માટે કંઈક કર્યું હોય, પોતાના વિસ્તારને સાફ રાખ્યો હોય, અન્ય લોકોને મદદ કરી હોય અથવા નાના વૈજ્ઞાનિક પ્રયાસો કર્યા હોય. જ્યારે એવા બાળકનું નામ "મન કી બાત"માં આવે છે, ત્યારે તેમને ખૂબ આનંદ થાય છે અને ગર્વ પણ અનુભવે છે. સાથેસાથે બીજાં બાળકોને પણ એવું કામ કરવા માટે ઉત્સાહ મળે છે. આ કાર્યક્રમથી બાળકોના વિચારો ઊંડા બને છે, તેમનો આત્મવિશ્વાસ વધે છે અને તેઓ સમજવા લાગે છે કે હા, આપણે નાનાં હોઈએ પણ દેશ માટે મોટું કામ કરી શકીએ છીએ.

બાળકો માટે "મન કી બાત" ખૂબ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે એ તેમના મનમાં દેશપ્રેમનો ભાવ ઊભો કરે છે. એના દ્વારા બાળકો પોતાના દેશમાં ગૌરવ અનુભવે છે અને સારી વાતો શીખે છે. જેમ કે શિસ્ત, સદાચાર, સમયની કદર અને સૌના પ્રત્યે સન્માન રાખવું. તેમને પર્યાવરણની સમજ પણ મળે છે. પાણી બચાવવું, વૃક્ષો વાવવાં અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવો

જેવી વાતો તેમને સમજાય છે. આ ઉપરાંત તેઓ સ્વસ્થ રહેવા માટે વ્યાયામ, યોગ્ય ખોરાક અને નિયમિત જીવનશૈલી અપનાવવાની પ્રેરણા પણ મેળવે છે. "મન કી બાત"માં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિશે નવી માહિતી પણ મળે છે, જેના દ્વારા બાળકોમાં નવા વિચારો જન્મે છે. આમ, બાળકો ફક્ત ભવિષ્ય માટે મહત્ત્વના નથી, પણ આજના સમય માટે પણ મૂલ્યવાન છે. તેમનો સંપૂર્ણ વિકાસ શિક્ષણ સાથે સાથે આવી વાતચીત અને સમજણથી પણ થાય છે. જ્યારે એવો કાર્યક્રમ બાળકોને સીધો સ્પર્શે છે, ત્યારે એ માત્ર વાતચીત નથી રહેતી તે એક સારા કૃત્ય માટેનો સંકલ્પ બની જાય છે.

## ❖ **"મન કી બાત"માં બાળકો**નાં **કાર્યોની પ્રશંસા અને પ્રેરણા**

બાળકો કોઈ પણ દેશનું ભવિષ્ય હોય છે. તેમનાં નાનકડાં કાર્યો ક્યારેક એવાં મોટા સાબિત થાય છે કે આખો સમાજ તે અંગે વિચારવામાં મજબૂર થઈ જાય છે. ભારતના પ્રધાનમંત્રીશ્રીએ શરૂ કરેલો "મન કી બાત" કાર્યક્રમ એ માત્ર એક સંવાદમાધ્યમ નથી, પણ એ એવો મંચ બની ગયો છે જ્યાં દેશના લોકોના અનોખા પ્રયાસો અને શ્રેષ્ઠ કાર્યોને આગળ લાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં ખાસ કરીને એવાં બાળકોનો પણ ઉલ્લેખ થાય છે જેઓ નવા વિચારો લાવે છે, પર્યાવરણની સંભાળ લે છે, વિજ્ઞાનમાં કંઈ નવી શોધ કરે છે કે પછી કોઈ હિંમતભર્યું કાર્ય કરે છે. જ્યારે આવાં બાળકોના કાર્યોને "મન કી બાત"માં સ્થાન મળે છે ત્યારે એ બાળકોને ખૂબ ગૌરવ થાય છે અને સાથે સાથે બીજા બાળકોને પણ પ્રેરણા મળે છે કે કંઈક નવી રીતે વિચારવું અને કામ કરવું જોઈએ.

આ કાર્યક્રમ દ્વારા પ્રધાનમંત્રીશ્રીએ એ દર્શાવ્યું છે કે ઉંમર ભલે નાની હોય, પણ વિચાર અને દૃઢ નિશ્ચય કરવાથી કોઈ પણ મોટું કાર્ય શક્ય બને છે. આવા ઉલ્લેખો બાળકોના આત્મવિશ્વાસને મજબૂત બનાવે છે અને તેમના અંદર રહેલી ક્ષમતા બહાર લાવે છે. “મન કી બાત” આજે માત્ર શાબ્દિક સંવાદ નહીં, પરંતુ એક એવું રાષ્ટ્રવ્યાપી પ્રેરણાસ્ત્રોત બની ગયું છે જે આપણા નાના નાના નાગરિકોને ભવિષ્યના નાગરિક બનાવવા દિશા આપે છે. કહે છે કે બાળમન સ્વચ્છ પાણી જેવી પવિત્રતા ધરાવે છે, જેમાં દરેક વિચારોની છબી સ્પષ્ટ દેખાઈ શકે છે. એ બાળમન જ્યારે કંઈક સારા માટે વિચારે, ત્યારે એ વિચારો માત્ર કલ્પના ન રહે, પરંતુ સર્જનાત્મકતાના દૃઢ પગલાં બની જાય. ભારતના પ્રધાનમંત્રીશ્રીએ પોતાના લોકપ્રિય કાર્યક્રમ “મન કી બાત” માં એ જ નિર્મળ બાળવિચારોને મંચ આપી એક અનોખું કાર્ય કર્યું છે જેમાં નાનકડા બાળકના કાર્યને રાષ્ટ્ર માટે પ્રેરણાસ્ત્રોત બનાવી દીધું છે.

"મન કી બાત" માત્ર વાતચીતનો કાર્યક્રમ નથી, પણ એ એવો આયનો છે જેમાં આપણા સમાજના સારા અને સચોટ ચહેરાને જોઈ શકાય છે. જ્યારે કોઈ બાળક પોતાના ગામમાં સફાઈ માટે પહેલ કરે, પાણી બચાવવાની નવી રીત અપનાવે કે દુખી જીવ માટે દયા દર્શાવે, ત્યારે "મન કી બાત" એ કાર્યોને સમગ્ર દેશ સુધી પહોંચાડે છે અને બાળકોના વિચારો અને કામને માન આપે છે. મોદીજીએ ઘણીવાર આવા બાળપ્રયત્નોની ખૂબ સરાહના કરી છે. જેમ કે, બાળકોએ શાળામાં રાખેલી સ્વચ્છતાની ઝુંબેશ, પર્યાવરણ બચાવવાના પ્રયત્નો કે સમાજ માટે કરેલાં

નાનાં કાર્યોના વખાણ કર્યાં છે. જ્યારે બાળકોનાં એવાં નાનાં કાર્યોની પ્રસંશા થાય છે, ત્યારે તેઓ સમજશે છે કે તેમના કામનું કંઈક મહત્ત્વ છે. તેમનો આત્મવિશ્વાસ વધે છે અને આગળ જઈને તેઓ વધુ સારાં કામ કરવા માટે ઉત્સાહિત થાય છે.

'સ્વચ્છ ભારત અભિયાન' હેઠળ શાળાઓ, ગામડાંઓ અને વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરતાં બાળકોના પ્રયાસોની પ્રશંસા કરી. બાળકોએ સ્વચ્છતા, કચરા વ્યવસ્થાપન અને પર્યાવરણીય સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવામાં પોતાની ભૂમિકા ભજવી હતી. બાળકો દ્વારા કરવામાં આવતી નાની સ્વચ્છતા પ્રવૃત્તિઓ માત્ર સમાજમાં જાગૃતિ ફેલાવતી નથી, પરંતુ સમગ્ર દેશમાં પરિવર્તનનો ભાગ પણ બને છે. તે બાળકોને સમજવવામાં મદદ કરે છે કે તેમના દરેક પ્રયાસ સમાજ પર સકારાત્મક અસર કરી શકે છે. મોદીજીએ ઘણી વખત બાળકોને નેતૃત્વના ગુણોને ઓળખવા માટે પ્રેરણા આપી છે. બાળકોએ સમાજમાં પરિવર્તન લાવવા માટે ઘણી પહેલ કરી છે, જેમ કે વૃદ્ધાશ્રમની મુલાકાત લેવી અને વૃદ્ધો સાથે સમય વીતાવવો, જરૂરિયાતમંદો માટે કપડાં અને ખોરાક એકઠા કરવાં અને પર્યાવરણીય જાગૃતિ લાવવા માટે ઝુંબેશ ચલાવવી. બાળકો દ્વારા નેતૃત્વ કૌશલ્ય દર્શાવવાથી તેઓ ભવિષ્યમાં વધુ જવાબદાર કાર્યો કરવા પ્રેરિત થાય છે. આવાં કાર્યો માટે બાળકોની પ્રશંસા કરવાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે અને તેમને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રેરિત કરે છે.

બાળકોમાં વૈજ્ઞાનિક વિચારસરણી અને નવીનતાને પ્રોત્સાહન આપ્યું છે. તેમણે બાળકોને નવા વિચારો લાવવા અને

સમાજ સામેની સમસ્યાઓના ઉકેલ તરીકે કંઈક નવું રજૂ કરવા પ્રેરણા આપી. બાળકોએ પ્રદૂષણ ઘટાડવાના રસ્તાઓ, ઊર્જા સંરક્ષણ અને વિજ્ઞાન પ્રયોગો દ્વારા ઉકેલો પ્રદાન કરવા જેવાં ઘણાં ક્ષેત્રોમાં નવીનતાનાં ઉદાહરણો રજૂ કર્યાં છે. જ્યારે બાળકોની નવીનતા માટે પ્રશંસા કરવામાં આવે છે, ત્યારે તેઓ સમજે છે કે તેમના વિચારો અને કાર્યોમાં શક્તિ છે. આનાથી બાળકોને નવું વિચારવા અને કરવા પ્રેરણા મળે છે અને તેઓ મોટાં કાર્યો માટે માનસિક રીતે તૈયાર થાય છે.

જ્યારે બાળકોના પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવે છે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ વધે છે, જે તેમને વધુ સારું અને મોટું કાર્ય કરવા માટે પ્રેરિત કરે છે. બાળકો દ્વારા કરવામાં આવેલી નાની નાની ક્રિયાઓ પણ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. આવી નાની પહેલ રાષ્ટ્રના નિર્માણ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થાય છે. વધુમાં, જ્યારે બાળકોને સામાજિક સેવાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે, ત્યારે તેઓમાં બીજાઓ પ્રત્યે સહાનુભૂતિ અને સહકારની ભાવના વિકસે છે. તેઓ દયાળુ બને છે અને બીજાને મદદ કરવા તૈયાર રહે છે. વધુમાં, જ્યારે બાળકોના નવા વિચારો અને સર્જનાત્મકતાની પ્રશંસા થાય છે, ત્યારે તેઓ વધારે વિચારવા અને કંઈક નવું કરવાનું શીખે છે. આથી સમાજમાં નવી દિશા અને નવા વિચારોનો ઉદય થાય છે. અંતે, કહી શકાય કે બાળકો માત્ર ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ આજના સમયમાં પણ તેઓ બદલાવ લાવી શકે છે. તેમની નિર્મળતા, ઉત્સાહ અને પ્રયત્નો

"મન કી બાત" જેવી પ્રવૃત્તિઓ દ્વારા દેશના દરેક ખૂણે પહોંચે છે અને દરેકને પ્રેરણા આપે છે.

મોદીજી હંમેશાં તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં બાળકો વિશે સકારાત્મક વિચારો રાખતા આવ્યા છે. તેમણે બાળકોને ફક્ત તેમનાં સપનાં પૂરાં કરવા જ નહીં, પરંતુ દેશ અને સમાજના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવવા માટે પણ પ્રેરણા આપી છે. તેમનું માનવું છે કે બાળકોનો આત્મવિશ્વાસ અને તેમના વિચારો સમાજ અને રાષ્ટ્ર માટે દિશા નિર્ધારિત કરી શકે છે. નરેન્દ્ર મોદીજી ના 'મન કી બાત' કાર્યક્રમમાં બાળકો પ્રત્યેના વિચારો હંમેશાં પ્રેરણાદાયક અને સકારાત્મક રહ્યા છે. તેમણે ઘણી વખત બાળકો સાથે વાતચીત કરી છે, તેમને તેમની સંપૂર્ણ ક્ષમતાનો ખ્યાલ આપવા અને સમાજમાં યોગદાન આપવાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો છે.

અહીં મેં મોદીજીએ 'મન કી બાત' કાર્યક્રમમાં બાળકો અંગે આપેલી કેટલીક પ્રેરણાદાયી વાતોને મહત્ત્વપૂર્ણ અવતરણ રૂપે રજૂ કરી છે, જેની સાથે તેમનો વિગતવાર સંદર્ભ પણ આપવામાં આવ્યો છે.

### 1. એપિસોડ 18 (30 ઓગસ્ટ, 2015)

આ એપિસોડમાં, મોદીજીએ બાળકોને કહ્યું કે તેમનું સ્વપ્ન ફક્ત તેમનું જ નહીં પરંતુ સમગ્ર દેશનું સ્વપ્ન છે. તેમણે બાળકોને અહેસાસ કરાવ્યો કે તેમનો દરેક પ્રયાસ રાષ્ટ્ર માટે મહત્ત્વપૂર્ણ હોઈ શકે છે.

**અવતરણ:**

"તમારું સ્વપ્ન, તમારા પ્રયત્નો અને તમારો દૃઢ નિશ્ચય તમારા દેશનું ભવિષ્ય બની શકે છે. જ્યારે તમે તમારા સ્વપ્નને સાકાર કરો છો, ત્યારે તે સમગ્ર સમાજ માટે પ્રેરણા બની જાય છે."

**વિસ્તરણ:**

અવતરણનો મુખ્ય ઉદ્દેશ એ દર્શાવવાનો છે કે બાળકો માત્ર આવનારા ભવિષ્યના નાગરિક તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રના ઘડતર અને વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. જ્યારે બાળકો પોતાના સપનાને પામવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે છે અને મહેનતથી કાર્ય કરે છે, ત્યારે તેઓ માત્ર પોતાનું જ ભવિષ્ય ઉજ્જ્વળ બનાવતાં નથી, પણ સમગ્ર સમાજ અને દેશ માટે પણ પ્રેરણાનું સ્રોત બની જાય છે. બાળકોનાં નાનાં લાગતાં પગલાં પણ સમાજમાં મોટા ફેરફાર સર્જી શકે છે.

**2. એપિસોડ 36 ( 29 મે, 2016)**

આ એપિસોડમાં, મોદીજીએ બાળકોને તેમના શિક્ષણ અને જીવનના દરેક પાસામાં શ્રેષ્ઠતા તરફ પ્રયત્નશીલ રહેવા અપીલ કરી. તેમણે બાળકોને કહ્યું કે કોઈ પણ સમસ્યાનો સામનો કરતી વખતે ક્યારેય હાર ન માનો અને હંમેશાં સકારાત્મક વલણ જાળવી રાખો.

**અવતરણ :**

"જો બાળકો સાચા માર્ગ પર ચાલે છે, તો તેમનું દરેક પગલું સમાજમાં પરિવર્તન લાવી શકે છે. બાળકોને સાચી દિશા બતાવવાની આપણી જવાબદારી છે."

**વિસ્તરણ :**

આ વાક્યથી સમજાય છે કે બાળકોના ભવિષ્યની દિશા નિર્ધારિત કરવી સમાજ અને પરિવારની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે. જો બાળકોને યોગ્ય માર્ગદર્શન મળે અને તેઓ યોગ્ય દિશામાં આગળ વધે, તો તેઓ સમાજમાં સુધારાત્મક બદલાવ લાવી શકે છે. તેથી, જરૂર છે કે આપણે તેમને સાચી દિશામાં દોરીએ, જેથી તેઓ જીવનમાં યોગ્ય નિર્ણયો લઈ શકે અને સમાજ માટે લાભદાયી બની શકે.

**3. એપિસોડ 74 (25 ઓગસ્ટ, 2019 )**

આ એપિસોડમાં મોદીજીએ બાળકોને રાષ્ટ્રના ભાવિનિર્માતા તરીકે જોયાં અને તેમને તેમની સર્જનાત્મકતા અને સકારાત્મક વિચારસરણીનો ઉપયોગ સમાજ માટે કરવા પ્રોત્સાહિત કર્યાં.

**અવતરણ :**

"આપણાં બાળકોના વિચારો, તેમનાં સપનાં અને તેમનો ઉત્સાહ દેશની તાકાત છે. જ્યારે તેઓ સકારાત્મક દિશામાં કામ કરે છે, ત્યારે સમગ્ર સમાજનો વિકાસ થાય છે."

**વિસ્તરણ :**

આ અવતરણ દ્વારા એ વાત જણાવવામાં આવી છે કે બાળકોના વિચારો, ઉત્સાહ અને ઊર્જા કોઈ સામાન્ય બાબત નથી, પરંતુ રાષ્ટ્રની સત્તા અને પ્રગતિ માટે એક શક્તિશાળી સાધન બની શકે છે. જ્યારે બાળકો પોતાની કલ્પનાશક્તિ અને કાર્યશક્તિનો સકારાત્મક રીતે ઉપયોગ કરે છે, ત્યારે તેઓ સમગ્ર સમાજ અને દેશનું ભવિષ્ય ઘડી શકે છે. બાળકોનું યોગદાન તેમની વ્યક્તિગત સીમાઓથી દૂર જઈ સમગ્ર વિશ્વમાં અસરકારક પરિવર્તન લાવી શકે છે.

**4. એપિસોડ 91 (29 માર્ચ, 2019 )**

કોરોના મહામારી દરમિયાન, મોદીજીએ બાળકોને આત્મનિર્ભર બનવા અને માનસિક શક્તિ મેળવવા માટે પ્રેરણા આપી હતી. તેમણે બાળકોને કહ્યું કે આ સમય આત્મનિરીક્ષણ અને આત્મવિશ્વાસ વધારવાનો છે, ગભરાવાનો નહીં.

**અવતરણ :**

"આપણાં બાળકોનો માનસિક વિકાસ આ સમયમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આપણે તેમને સમજાવવું જોઈએ કે આ કટોકટીનો સમય નથી, પરંતુ એક તક છે. આપણી અંદર છુપાયેલી શક્તિઓને ઓળખવાની તક."

**વિસ્તરણ :**

આ સમયગાળામાં મોદીજીએ બાળકોને સમજાવ્યું કે રોગચાળો કોઈ વિપત્તિ નહીં, પણ એક તકરૂપ પરિસ્થિતિ છે. આ સમય આપણા અંદરનાં સંસાધનો, ક્ષમતાઓ અને શક્તિઓને ઓળખવાની તક છે. મહામારીએ આપણને ઘરમાં રહેતાં પોતાના અને પોતાના મન સાથે જોડાવાની, તેમજ આત્મનિર્ભર બનવાની અનુભૂતિ કરાવી. આ સંદેશ દ્વારા બાળકોને આત્મવિશ્વાસ, ધીરજ અને સંકટ સમયે સકારાત્મકતા રાખવાની પ્રેરણા મળે છે, જેથી તેઓ ભવિષ્યમાં આવી કોઈ પણ પરિસ્થિતિનો સામનો મજબૂત રીતે કરી શકે.

**5. એપિસોડ 98 (31 ઓગસ્ટ, 2020)**

આ એપિસોડમાં, મોદીજીએ યુવાનો અને બાળકો સાથે નવીનતા અને સર્જનાત્મકતાના મહત્ત્વ વિશે વાત કરી. તેમણે કહ્યું કે બાળકો પોતાના વિચારોથી સમાજમાં નવાં પરિવર્તન લાવી શકે છે.

**અવતરણ :**

"યુવાનોની શક્તિ, તેમના વિચારો અને તેમની નવીનતા ભારતને આગળ લઈ જઈ શકે છે. આપણા બાળકોમાં કંઈક નવું કરવાની અદ્ભુત ક્ષમતા છે."

**વિસ્તરણ :**

આ સૂત્ર દ્વારા બાળકોને પ્રેરણા આપવામાં આવી છે કે તેઓ પોતાના વિચારો અને નવીનતા દ્વારા સમાજમાં ઉપયોગી યોગદાન આપી શકે. મોદીજીના જણાવ્યા મુજબ, બાળકોમાં સર્જનાત્મકતા અને નવી વસ્તુઓ રચવાની અનોખી ક્ષમતા હોય છે. જો આ શક્તિને યોગ્ય દિશામાં ઉપયોગમાં લેવામાં આવે, તો બાળકો દેશના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ સંદેશ તેમને એ સમજાવવાનો પ્રયત્ન કરે છે કે તેમના વિચારોનું મૂલ્ય છે અને તેઓ પોતાના અભિગમથી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

આમ, પ્રધાનમંત્રીશ્રીએ હંમેશાં 'મન કી બાત'માં બાળકોને તેમનાં સપનાં અને વિચારો પ્રત્યે સાચા રહેવા, સકારાત્મક દિશામાં કામ કરવા અને સમાજ માટે કંઈક સારું કરવા પ્રેરણા આપી છે. તેમનો સંદેશ હંમેશાં એ રહ્યો છે કે બાળકોની ઊર્જા, ઉત્સાહ અને સર્જનાત્મકતા સમાજમાં પરિવર્તન લાવી શકે છે. બાળકોના કાર્યની પ્રશંસા કરવી અને તેમને પ્રોત્સાહિત કરવું એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિષય છે. કારણ કે બાળકોનાં નાનાં કાર્યો ફક્ત તેમના વ્યક્તિગત વિકાસમાં જ ફાળો આપતાં નથી પરંતુ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જ્યારે બાળકોની પ્રશંસા કરવામાં આવે છે, ત્યારે તે તેમને વધુ પ્રેરણા મળે છે અને તેમનામાં આત્મવિશ્વાસ વધે છે. તે તેમને તેમનાં કાર્યો માટે જવાબદાર હોવાનો અનુભવ પણ કરાવે છે. 'મન કી બાત' કાર્યક્રમમાં બાળકોનાં કાર્યની પ્રશંસા કરવા અને તેમને પ્રોત્સાહિત કરવા પર સતત ભાર મૂકવામાં આવ્યો છે.

બાળકોની પ્રશંસા કરવાની સાથે, તેમણે તેમને સકારાત્મક દિશામાં કામ કરવા માટે પણ પ્રેરણા આપી. આ રીતે, “મન કી બાત” આજે એક માધ્યમ બન્યું છે. બાળમનોવૈજ્ઞાનિક શક્તિઓને ઓળખાવવાનું, તેમને પ્રોત્સાહન આપવાનું અને સમગ્ર સમાજને કહેવાનું કે, "બાળકોમાંથી પણ આપણે ઘણું શીખી શકીએ છીએ."

## ❖ "મન કી બાત" કાર્યક્રમમાં બાળકોની પ્રશંસાનાં કેટલાંક ઉદાહરણ

નરેન્દ્ર મોદીજીની "મન કી બાત" કાર્યક્રમમાં તેમણે બાળકોની ખાસ ક્ષમતાની પ્રશંસા કરી છે. તેમણે એવાં ઉદાહરણો આપ્યાં જ્યાં બાળકોએ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ હિંમત ન હારી અને મહેનત કરીને પોતાનું લક્ષ્ય હાંસલ કર્યું. આવાં ઉદાહરણો આપણને શીખવે છે કે જો આપણામાં સચ્ચાઈથી મહેનત કરવાનો જુસ્સો અને ઉત્સાહ હોય, તો કોઈ પણ મુશ્કેલી કે અડચણ આપણને સફળ થવામાં રોકી શકતી નથી.

1. **અભય ગુપ્તા – કોલકાતા (એપિસોડ: 46 | 29 જુલાઈ, 2018)**

   કાર્ય : અભયે રોડ પર સ્ટ્રીટ લાઇટની નીચે બેઠાં બેઠાં અભ્યાસ કર્યો અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત કર્યું.
   સંદેશ : અભયનું જીવનદૃષ્ટાંત બતાવે છે કે સંસાધનોની અછત હોવા છતાં જો મનમાં દૃઢ ઇરાદો અને મહેનત હોય, તો સફળતાના દરવાજા ખૂલી શકે છે. તેનું જીવન સંઘર્ષ સામે સંકલ્પનું પ્રતિનિધિત્વ કરે છે.

2. **અનુષ્કા પાંડા – ગુરુગ્રામ (એપિસોડ: 46 | 29 જુલાઈ, 2018)**

કાર્ય: શારીરિક અસક્ષમતા છતાં અનુષ્કાએ શૈક્ષણિક ક્ષેત્રે શાનદાર સિદ્ધિ હાંસલ કરી.

સંદેશ: અનુષ્કાની કહાની સાબિત કરે છે કે મજબૂત મનોબળ અને સકારાત્મક દૃષ્ટિકોણ હોવા થી કોઈ પણ શારીરિક અડચણ આપણને આગળ વધવાથી રોકી નથી શકતી.

3. **અકર્શન – હૈદરાબાદ (એપિસોડ: 105 | 24 સપ્ટેમ્બર, 2023)**

કાર્ય: માત્ર 11 વર્ષની ઉંમરે અકર્શને સાત લાઈબ્રેરી શરૂ કરી.

સંદેશ: અકર્શનનું કાર્ય સાબિત કરે છે કે બાળક પણ સામાજિક બદલાવનો અગ્રદૂત બની શકે છે, જો તેને યોગ્ય દિશા અને સહારો મળે.

4. **કુડૂખ સ્કૂલ – ઝારખંડ (એપિસોડ: 108 | 31 ડિસેમ્બર, 2023)**

કાર્ય: 300 આદિવાસી બાળકોને તેમની માતૃભાષા ‘કુડૂખ’માં શિક્ષણ આપવામાં આવે છે.

સંદેશ: આ પ્રયાસ બતાવે છે કે જ્યારે બાળકોને તેમની પોતાની ભાષામાં શીખવા મળે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ ઊંચો થાય છે અને શૈક્ષણિક ક્ષેત્રે વધુ સક્રિય બની શકે છે.

5. **કુડ્ડકલ ટ્રસ્ટ – ચેન્નઈ (એપિસોડ: 116 | 26 મે, 2024)**

   કાર્ય: બાળકોને ગૌરૈયા પક્ષી માટે માળો બનાવવાની તાલીમ આપવામાં આવી.

   સંદેશ: આ પ્રવૃત્તિથી જાણવા મળે છે કે બાળકોથી પર્યાવરણીય જાગૃતિ ફેલાવી શકાય છે અને તેઓ નાના પ્રયાસો દ્વારા પણ કુદરતની રક્ષા કરી શકે છે.

6. **બસ્તર ઓલંપિક – છત્તીસગઢ (એપિસોડ: 117 | 30 જૂન, 2024)**

   કાર્ય: બાળકો ઓલિમ્પિકમાં ભાગીદાર બન્યાં અને ઘણાં બાળકોને મેડલ મળ્યા.

   સંદેશ: રમતગમત ફક્ત શારીરિક કસોટી નથી, પણ તેના માધ્યમથી લીડરશિપ, ટીમવર્ક અને આત્મવિશ્વાસ જેવાં જીવનમૂલ્યો વિકસે છે, જે સમાજના ઘડતર માટે મહત્ત્વપૂર્ણ છે.

આ ઉદાહરણો આપણને બતાવે છે કે આજની યુવાન પેઢીમાં દૃઢ ઈરાદા, જ્ઞાન અને સમજદારી છે, જે સમાજમાં નવી સંભાવનાઓ અને બદલાવ લાવી રહી છે. નરેન્દ્ર મોદીજી દ્વારા

બાળકોનાં ઉત્કૃષ્ટ કાર્યોનાં વખાણ કરવામાં આવ્યાં છે, જેના દ્વારા બાળકોમાં પોતાનો વિશ્વાસ વધ્યો છે અને તેઓ નવી ઊંચાઈઓને પાર કરવા પ્રેરિત થયાં છે.

આ કાર્યક્રમ સમાજના દરેક વર્ગ માટે પ્રેરણાનું માધ્યમ બન્યો છે અને તેમાં બાળકોના હકો, શિક્ષણ અને સમાજમાં તેમની ભૂમિકાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે, જે સમગ્ર સમાજને વધુ સશક્ત અને પ્રગતિશીલ બનાવવાની દિશામાં આગળ લઈ જઈ રહ્યું છે.

## ❖ રાષ્ટ્રીય સ્તરે પ્રભાવ

બાળકોનાં કાર્યની પ્રશંસા અને પ્રેરણા આપવાથી માત્ર તેમનો આત્મવિશ્વાસ અને ક્ષમતાઓ જ વધતી નથી, પરંતુ રાષ્ટ્રીય સ્તરે મોટા ફેરફારો પણ થાય છે. બાળકોના નાના પ્રયાસો; જેમ કે સ્વચ્છતા અભિયાન, સમાજસેવા, નવીનતા અને પર્યાવરણીય સંરક્ષણ વગેરે તેમના વ્યક્તિગત વિકાસમાં મદદ કરે છે, પરંતુ દેશની પ્રગતિ તરફ મહત્વપૂર્ણ પગલું છે. જ્યારે બાળકોને તેમના કાર્ય માટે પ્રેરિત કરવામાં આવે છે અને પ્રશંસા કરવામાં આવે છે, ત્યારે તે સમાજમાં સકારાત્મક માનસિકતા અને રાષ્ટ્રીય એકતાનું નિર્માણ કરે છે.

નરેન્દ્ર મોદીજીએ "મન કી બાત" કાર્યક્રમમાં બાળકોની સફળતાઓ અને કાર્યક્ષમતાના ઉદાહરણો રજૂ કરીને દેશભરમાં શિક્ષણના મહત્ત્વમાં વધારો કર્યો છે. આથી વિદ્યાર્થીઓને શરૂઆતથી જ સર્વાંગીણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહન મળ્યું છે. કાર્યક્રમ દ્વારા એ પણ સમજાવવામાં

આવ્યું છે કે બાળકો ફક્ત ભવિષ્યના નાગરિકો જ નથી, પણ આજે સક્રિય ભાગીદારી કરીને સમાજમાં સકારાત્મક ફેરફાર લાવી શકે છે. તેમણે સમાન તકો અને દૃઢ ઇરાદા દ્વારા કઠિન પરિસ્થિતિઓને પાર કરીને સફળતા હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે, જેના કારણે દેશભરનાં બાળકોમાં આ વિષયમાં નવી જાગૃતિ અને પ્રેરણા ફેલાઈ છે. આ સાથે, "મન કી બાત" દ્વારા બાળકોમાં નેતૃત્વની ભાવના વધારવામાં આવી છે અને તેમને માત્ર અભ્યાસમાં નહીં, પરંતુ સમાજસેવા અને પર્યાવરણ સંરક્ષણ જેવાં ક્ષેત્રોમાં પણ આગળ આવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં છે. ખાસ કરીને બાલિકાશિક્ષણ અને મહિલા સશક્તીકરણ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે, જેનાથી વધુ છોકરીઓ શિક્ષણ અને જીવનમાં આગળ વધવાની પ્રેરણા મેળવી રહી છે. આ રીતે, આ કાર્યક્રમ દેશનાં બાળકોમાં આત્મવિશ્વાસ, જવાબદારી અને સમર્પણની ભાવના જગાવે છે અને સમગ્ર સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રેરણા આપે છે.

"મન કી બાત" કાર્યક્રમ દ્વારા બાળકોનાં કાર્ય અને તેમની પ્રેરણાનું દેશવ્યાપી સકારાત્મક પરિણામ જોવા મળ્યું છે. આ કાર્યક્રમ સમાજમાં ઉત્કૃષ્ટતા ફેલાવવાનું કામ કરે છે અને બાળકોને તેમના ભાવિ માટે યોગદાન આપવા પ્રોત્સાહિત કરે છે. મોદીજીના આ પ્રકારના કાર્યક્રમો દ્વારા બાળકોને સમજાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રના ઘડતરમાં તેમનો દરેક પ્રયાસ મહત્ત્વપૂર્ણ છે અને તેઓએ પોતાની શક્તિ અને ક્ષમતા ઓળખવી જોઈએ.

# 5. ભારતીય મૂલ્યો અને બાળકોનું ચારિત્ર્ય-નિર્માણ

"બાળકોને સંસ્કાર આપવું એટલું જ મહત્વપૂર્ણ છે જેટલું શિક્ષણ." – શ્રી નરેન્દ્ર મોદી

(15 ઓગસ્ટ, 2020ના સ્વાતંત્ર્ય દિવસ પરનું ભાષણ)

દેશમાં અનેક મહાન નેતાઓ થયા છે, જેમણે દેશને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. નરેન્દ્ર મોદીજી ભારતના પ્રધાનમંત્રી તરીકે કાર્યરત છે. તેઓ માત્ર રાજકીય નેતા નથી, પણ દેશભક્તિથી ભરપૂર, મહેનતી અને સારાં મૂલ્યો ધરાવતા વ્યક્તિ છે. નરેન્દ્ર મોદીજીના વિચારોમાં હંમેશાં નૈતિકતા અને ભારતીય સંસ્કૃતિનો ગહન પ્રેમ દેખાય છે. તેઓ ખાસ કરીને બાળકો અને યુવાનોને સદાચાર અને સત્યનું મહત્ત્વ સમજાવવા પ્રયત્ન કરે છે. તેઓ કહે છે કે જીવનમાં હંમેશાં સત્ય બોલવું, સદાચાર અપનાવવો અને મહેનત કરવી આવશ્યક છે. પોતાના બાળપણમાં ચા વેચવાનું કામ કરીને નરેન્દ્ર મોદીએ કઠિન પરિસ્થિતિઓનો સામનો કર્યો, પરંતુ ક્યારેય હાર માની નહીં. તેમની સફળતાનું રહસ્ય સદાચાર, અખંડ મહેનત અને સારી વિચારધારા છે. આથી શીખવા મળે છે કે જીવનમાં નિષ્ઠા, સંસ્કાર અને મહેનત જ સફળતાનું મુખ્ય માધ્યમ છે. નરેન્દ્ર મોદીજીના જીવન અને વિચારો આપણને પ્રેરણા આપે છે કે આપણે પણ

દેશપ્રેમી બનીને નૈતિક મૂલ્યોને જીવનમાં અપનાવી દેશનું ગૌરવ વધારવું જોઈએ. નરેન્દ્ર મોદીજીને ભારતીય સંસ્કૃતિ પર ખૂબ ગર્વ છે. તેઓ હંમેશાં યોગ, ભાષા, પરંપરા, કલાઓ અને ધર્મની મહત્તા વિશે બોલે છે. તેમણે યોગને વિશ્વસ્તરે પ્રસિદ્ધ બનાવ્યો. તેઓ માને છે કે આપણા સંસ્કાર આપણું આત્મબળ છે. બાળકો અને યુવાનોને તેઓ પોતાનું વલણ દેશ અને સંસ્કૃતિ તરફ સકારાત્મક રાખવા પ્રેરણા આપે છે.

મોદીજી દેશભરમાં અનેક મહત્ત્વપૂર્ણ અભિયાનો ચલાવી રહ્યા છે જે સંસ્કાર જાગૃત કરવા માટે વિશેષ છે. સ્વચ્છતા અભિયાન દ્વારા તેઓ પર્યાવરણ સ્વચ્છ રાખવાની જાગૃતિ ફેલાવે છે. "બેટી બચાવો, બેટી પઢાવો" જેવાં અભિયાન દ્વારા દીકરીઓના મહત્ત્વને સમજાવવાનું અને તેમને શિક્ષિત કરવા પ્રોત્સાહન આપવાનું સંદેશો આપે છે. "ડિજિટલ ઇન્ડિયા" અને "મેક ઇન ઇન્ડિયા" જેવા પ્રયાસો દેશના ટેક્નોલોજીકલ અને આર્થિક વિકાસ માટે છે. આ તમામ અભિયાનો દર્શાવે છે કે મોદીજી નૈતિક મૂલ્યો અને સંસ્કૃતિને પેઢીઓ સુધી પહોંચાડવા અને સાચવી રાખવાને મહત્ત્વ આપે છે. તેમના સંદેશ માત્ર શબ્દોમાં જ નહીં, પરંતુ જીવનમાં અમલ કરવા માટે છે. આપણે પણ એમના વિચારને અનુસરીને મહેનત કરવી, સારા સંસ્કારોને અપનાવવા અને દેશ માટે કશુંક ઉપયોગી કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. સાચા અર્થમાં, દેશની સેવા કરવી એ સંસ્કૃતિ અને નૈતિકતાનું જ રક્ષણ કરવું છે.

મોદીજી માટે ભારતીય સંસ્કૃતિ એક વારસો નથી, પરંતુ જીવન જીવવાનો માર્ગ છે. યોગ, આયુર્વેદ, સાહિત્ય, અને ભિન્ન-

ભિન્ન ભાષાઓ, તહેવારો અને પરંપરાઓ – બધું જ તેઓ માનપૂર્વક સ્વીકારીને વિશ્વભરમાં પ્રસિદ્ધ બનાવે છે. તેમણે 21મી જૂનને "અંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવાની શરૂઆત કરી, જે ભારતીય વિધ્યાના વિશ્વ સ્વીકારનું ઉદાહરણ છે. નરેન્દ્ર મોદીજીના વિચારો આપણને માર્ગદર્શન આપે છે કે જીવનમાં નૈતિકતા અને સંસ્કૃતિ બે મોટા સ્તંભ છે. જેમ તેઓ નાની ઉંમરે મહેનતથી આગળ વધ્યા, તેમ આપણે પણ સંસ્કાર અને શ્રમ દ્વારા આપણા જીવનને ઉજ્જવળ બનાવી શકીએ. આપણે સારા વિચારો અપનાવીએ, સંસ્કૃતિનો સન્માન કરીએ અને ભારતના ઊજળા ભવિષ્ય માટે કાર્ય કરીએ  એ જ સાચો દેશપ્રેમ છે.

### ❖ ભારતીય સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યો વિશે બાળકોમાં જાગૃતિ લાવવાનો નરેન્દ્ર મોદીજીનો પ્રયાસ

"ભારતની વિવિધ્યતામાં જે એકતા છે, એ આપણાં સંસ્કૃતિની શક્તિ છે. બાળકોને આ સમજાવવું જરૂરી છે કે આપણી ભાષાઓ, ખાનપાનનું, રિવાજ ભલે જુદાં હોય, પણ મૂળ ભાવના એક છે. ભારત માતાની સેવા." -શ્રી નરેન્દ્ર મોદી  (કાશી તમિલ સંગમમ્, નવેમ્બર, 2022)

ભારતના પ્રધાનમંત્રીશ્રી માત્ર એક રાજકારણી જ નથી, પરંતુ એક સ્વપ્નદ્રષ્ટા નેતા પણ છે જે દેશના ભવિષ્ય એટલે કે બાળકોના સર્વાંગી વિકાસને ખૂબ મહત્ત્વ આપે છે. તેમનું દૃઢપણે માનવું છે કે કોઈ પણ રાષ્ટ્રની ટકાઉ પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે તેની યુવા પેઢી માત્ર ટેકનિકલ અને વૈજ્ઞાનિક રીતે સક્ષમ જ નહીં, પણ સાંસ્કૃતિક અને નૈતિક રીતે પણ મજબૂત હોય. નરેન્દ્ર

મોદીજીએ તેમના વિવિધ કાર્યક્રમો અને ભાષણો દ્વારા બાળકોમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરાઓ અને નૈતિક મૂલ્યો વિશે જાગૃતિ લાવવાનો સતત પ્રયાસ કર્યો છે. 'પરીક્ષા પે ચર્ચા', 'મન કી બાત' અને 'ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ' જેવાં પ્લેટફોર્મ પર, તેઓ બાળકોને મૂલ્યો, શિસ્ત, સખત મહેનત અને પ્રામાણિકતા સાથે જીવન જીવવા માટે સતત પ્રેરણા આપી રહ્યા છે.

શ્રી નરેન્દ્ર મોદીજીની કોશિશ માત્ર બાળકોમાં નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોના સિંચન સુધી સીમિત નથી, પણ તેમનો ઉદ્દેશ્ય તેમને જવાબદાર નાગરિક તરીકે ઘડવાનો છે. ભારતીય સંસ્કૃતિની ઊંડાણ અને નૈતિક શિક્ષણની જરૂરિયાતને સમજતાં તેમણે શિક્ષણનીતિમાં તથા વિવિધ સામાજિક અભિયાનોમાં આ મૂલ્યોને સમાવવામાં વિશેષ ધ્યાન આપ્યું છે. આવી દૃષ્ટિથી, મોદીજીના પ્રયાસો આગળ વધતી પેઢીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે સક્ષમ બનાવે છે, પણ તેમને તેમના સંસ્કૃતિક વારસા સાથે પણ જોડે છે. તેમના મતે, શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકોની મર્યાદામાં નહીં, પણ જીવનમૂલ્યો, સંસ્કાર અને સામાજિક જવાબદારીના ભાવને પણ સમાવેશ કરવો જોઈએ. બાળકો અને યુવાનોના સર્વાંગી વિકાસ,શારીરિક, માનસિક, બૌદ્ધિક અને નૈતિક સ્તરે માટે તેમણે અનેક પહેલ કરી છે. આવા પ્રયાસો દ્વારા તેમને ભારતીય સંસ્કૃતિ વિશે જાગૃતિ મળે છે અને એક સમજદાર, સંવેદનશીલ તેમજ જવાબદાર પેઢી ઘડી શકે છે.

પ્રધાનમંત્રીશ્રી ભારતીય સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યો સાથે જોડવા માટે સતત પ્રયાસ કરે છે. તેમણે ભાષણો, કાર્યક્રમો અને ઝુંબેશો દ્વારા બાળકોમાં દેશની પરંપરા પ્રત્યે ગૌરવ અને જાગૃતિ

પેદા કરવાની કોશિશ કરી છે. તેઓ તહેવારોના મહત્ત્વ, યોગ જેવી પરંપરાઓ અને મહાન ઐતિહાસિક વ્યક્તિઓ વિશે બાળકોને જણાવે છે, જેથી તેઓ પોતાના સંસ્કૃતિના મૂળને સમજે. તેમણે 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવ્યો, જેના માધ્યમથી યોગને શાળાઓમાં લોકપ્રિય બનાવી અને બાળકોને સ્વ-શિસ્ત અને શાંતિ તરફ દોરી ગયા. સાથે જ "મન કી બાત" જેવા કાર્યક્રમો દ્વારા તેઓ બાળકો સાથે સીધો સંવાદ કરી તેમને પ્રેરણાદાયી વાર્તાઓ અને સંસ્કૃતિ સાથે પરિચિત કરાવે છે. નૈતિક મૂલ્યોની બાબતે પણ તેઓ માને છે કે બાળકમાં ઈમાનદારી, શિસ્ત, મહેનત અને સહાનુભૂતિ જેવા ગુણો ખૂબ જરૂરી છે. "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં તેઓ વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષા વિશે જ નથી સમજાવતા, પરંતુ આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારો કેળવવા માટે પ્રોત્સાહન પણ આપે છે. આ રીતે, તેમના પ્રયાસો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. મોદીજીએ તેમના ઘણાં ભાષણોમાં ભારતીય ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્ત્વ સમજાવ્યું છે અને સંદેશ આપ્યો છે કે શિક્ષકો માત્ર શિક્ષણનું માધ્યમ નથી પણ મૂલ્યોના વાહક પણ છે. તેમણે વારંવાર પુનરાવર્તન કર્યું છે કે બાળકોને સારાં મૂલ્યો આપવા અને તેમને સત્ય અને કરુણા શીખવવી એ શિક્ષક અને વાલીનું કર્તવ્ય છે.

આમ ભારતીય સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યો વિશે બાળકોમાં જાગૃતિ લાવવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો પ્રયાસ અત્યંત મહત્ત્વપૂર્ણ અને સમયસરનો છે. તેમના પ્રયાસો બાળકોને સારા માણસ બનવા તરફ માર્ગદર્શન આપે છે એટલું જ નહીં, પરંતુ

તેમને તેમના મૂળ સાથે જોડતી વખતે આધુનિકતા સાથે સંતુલન જાળવવાનું પણ શીખવે છે. આવા પ્રયાસો દેશની ભાવિ પેઢીઓને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ, નૈતિક રીતે મજબૂત અને માનસિક રીતે મજબૂત નાગરિકો તરીકે તૈયાર કરવા માટે મજબૂત પાયો પૂરો પાડે છે. મોદીજીએ વારંવાર બાળકોને સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ તેમની ઓળખનો એક ભાગ છે. તેમનું કહેવું છે કે જો બાળકોને તેમની સંસ્કૃતિ અને વારસાનું યોગ્ય જ્ઞાન હશે, તો તેઓ સમાજમાં તેમનાં મૂળ સાથે જોડાયેલા રહેશે અને વિશ્વમાં તેમના રાષ્ટ્રની પ્રતિષ્ઠા પણ વધારશે. નરેન્દ્ર મોદીજીના મતે, ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન બાળકો માટે માત્ર શૈક્ષણિક બાબત નથી, પરંતુ તે તેમના આત્મસન્માન અને દેશપ્રેમના ભાવને મજબૂત બનાવે છે. આ સંસ્કૃતિના પરિચયથી તેઓ પોતાના મૂળ સાથે જોડાય છે અને તેમનું વ્યક્તિત્વ વધુ મજબૂત અને સંતુલિત બને છે. મોદીજીના જણાવ્યા મુજબ યોગ, ધાર્મિક વિધિઓ, આધ્યાત્મિકતા અને લોકકથાઓ બાળકોને માત્ર પરંપરા સાથે જ નહીં, પણ જીવનના મૂલ્યો અને દિશા સાથે પણ જોડે છે. ભારતીય સંસ્કૃતિમાં રહેલ આધ્યાત્મિક ઊંડાણ અને નૈતિકતાની શક્તિ બાળકોને જીવનમાં યોગ્ય માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે.

## ❖ બાળકોના નૈતિક અને સંસ્કારિક વિકાસમાં ભારતીય પરંપરા અને સંસ્કૃતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભારતીય સંસ્કૃતિ ઐતિહાસિક વારસો ધરાવે છે, જેમાં સદ્‌ભાવના, શિસ્ત, સેવા અને આધ્યાત્મિકતા સમાયેલ છે. પ્રધાનમંત્રીશ્રી મત પ્રમાણે, જો બાળકોને બાળપણથી જ પોતાના સંસ્કાર અને પરંપરાઓ સાથે જોડવામાં આવે, તો તેઓ નૈતિક, આત્મનિર્ભર અને રાષ્ટ્રભક્ત નાગરિક બની શકે છે. ભારત, વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિઓમાંનો એક દેશ છે જે પોતાનો વૈભવશાળી વારસો, ધર્મ, નૈતિક મૂલ્યો અને પરંપરાઓ માટે ઓળખાય છે અહીં જીવનના દરેક પાસાને સંસ્કારોથી ઓતપ્રોત બનાવી દેવાયો છે, ભલે તે પરિવાર હોય કે શિક્ષણ, તહેવારો હોય કે ભાષાઓ હોય, નરેન્દ્ર મોદીજી પણ વારંવાર કહે છે કે બાળકના ઘડતર માટે ભારતીય મૂલ્યો અને પરંપરાઓનો સજીવ સંપર્ક અત્યંત આવશ્યક છે. માતૃભાષા, લોકકથાઓ, તહેવારો અને પારંપરિક રમકડાં માત્ર મનોરંજન નહીં પણ નૈતિક શિક્ષણના સાધન બની શકે છે. આ પ્રસંગે, આવું સમજવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે કે આપણાં બાળકોને જો આપણે સાચા અર્થમાં ઘડવાં માંગતા હોઈએ, તો આપણે તેમને પોતાનાં જડમૂળ સાથે જોડવાં પડશે અને એ જ છે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ, બાળકોના વિકાસની સાચી, મજબૂત અને નૈતિક દૃષ્ટિ...

શિક્ષણ અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ ઘણો નજીકનો છે. શિક્ષણ માણસને જ્ઞાન આપે છે, જ્યારે સંસ્કૃતિ તેને આ જ્ઞાનનો સાચો ઉપયોગ કેવી રીતે કરવો તેનો માર્ગ બતાવે છે. જે સમાજ આ બંનેને સંતુલિત રીતે આગળ વધારે છે, તે નૈતિક રીતે સમૃદ્ધ

અને વિકાસશીલ બને છે. ભારતીય પરંપરા દ્વારા શિક્ષણને હંમેશાં જીવનમૂલ્યો સાથે જોડવામાં આવ્યું છે. ગુરુ-શિષ્ય પરંપરા, વેદો અને ઉપનિષદો એ બધું જ એ વાતનો પુરાવો આપે છે કે શિક્ષણ ફક્ત પુસ્તકોમાં સીમિત ન હોવું જોઈએ. નરેન્દ્ર મોદીજીના મતે પણ શિક્ષણ એવું હોવું જોઈએ કે જે બાળકને તેની ઓળખ આપે, તેનું વ્યક્તિત્વ ઘડે અને તેને પોતાની સંસ્કૃતિ સાથે જોડે. આજે જ્યારે દુનિયા ગ્લોબલ બને છે, ત્યારે આપણા માટે જરૂરી છે કે બાળકોને આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર અને પરંપરાનું જ્ઞાન પણ મળવું જોઈએ. મોદીજીના મતે, સાચું શિક્ષણ એ છે જે બાળકોને સશક્ત, સંસ્કારી અને જવાબદાર નાગરિક બનાવે. તેઓ માને છે કે માતા-પિતાની વાર્તાઓ, તહેવારો અને પરંપરાઓ બાળકોને નાની ઉંમરથી જ જીવનના મૂલ્યો શીખવે છે, જે તેમની જિંદગી માટે મજબૂત આધાર બને છે. સંસ્કૃતિ અને શિક્ષણનું આ સંયોજન બાળકોના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે.

ભારતની સંસ્કૃતિમાં વાર્તાઓનો એક વિશેષ અને ઊંડો સંબંધ રહ્યો છે. આ કથાઓ માત્ર મનોરંજન પૂરતી નથી, પરંતુ તેના માધ્યમથી બાળકોને સંસ્કાર, નૈતિક મૂલ્યો અને જીવન જીવવાની રીત શીખવવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રીએ પણ વાર્તાઓના મહત્ત્વને વારંવાર રેખાંકિત કર્યું છે. તેમણે એક વખત કહ્યું હતું: "ભારતમાં વાર્તાઓની ઘણીઘણી પરંપરા રહી છે. આ વાર્તાઓ બાળકોને સંસ્કાર આપવાનું સૌથી અસરકારક માધ્યમ રહી છે." (મન કી બાત, 27 સપ્ટેમ્બર, 2020) ભારતીય ઐતિહાસિક વાર્તાઓ, મહાભારત, રામાયણ, જાતકકથાઓ, પંચતંત્ર જેવી વાર્તાઓમાં ઈમાનદારી, કરુણા, ક્ષમા, અને ધૈર્ય

જેવા ગુણો બાળકોને સહજ રીતે શીખવવામાં આવે છે. આવી વાર્તાઓ બાળકના નૈતિક ઘડતર માટે આધારરૂપ બને છે. મોદીજીનું પણ મંતવ્ય છે કે, "વાર્તાઓ આપણી પરંપરાઓ, સંસ્કાર અને વ્યક્તિત્વને મજબૂત બનાવે છે." આજના આધુનિક યુગમાં જ્યારે મોબાઇલ, ટીવી અને ઇન્ટરનેટ મનોરંજનનાં મુખ્ય સાધન બની ગયાં છે, ત્યારે આવી પરંપરાગત વાર્તાઓ બાળકને સંસ્કૃતિથી જોડતી હોય છે અને તેને જીવનનાં સાચાં મૂલ્યો શીખવે છે. આવા સંદેશાવાહક કથાઓ બાળકની વિચારધારાને આકાર આપે છે અને તેમના આત્મવિશ્વાસ અને સમજણમાં વધારો કરે છે. વાર્તાઓના માધ્યમથી બાળક પોતાના સંસ્કૃતિક વારસાને ઓળખે છે, સમાજ માટે જવાબદાર બને છે અને સંવેદનશીલ નાગરિક તરીકે વિકસે છે.

### ❖ **રમકડાંમાં ભારતીય સંસ્કૃતિ – ટોયકેથો**ન **અને ઇન્ડિયા ટોય ફેર**

રમકડાં માત્ર બાળકોને રમવા માટેનું સાધન નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યોનાં પ્રતિનિધિ છે. નરેન્દ્ર મોદીજીએ "ઇન્ડિયા ટોય ફેર" ને સંબોધતાં કહ્યું હતુંઃ "રમકડાં બાળકો માટે રમતનાં સાધન જ નથી, પણ તે ભારતની વારસો અને મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે." (ટોય ફેર 27  ફેબ્રુઆરી, 2021). ભારતમાં રમકડાં માત્ર મનોરંજન પૂરતાં નથી, પણ દરેક પ્રદેશની હસ્તકલા, કળા અને લોકસંસ્કૃતિને પણ ઉજાગર કરે છે. આવાં રમકડાં બાળકોને તેમના દેશના ઐતિહાસિક વારસા સાથે સાંકળે છે અને તેમને સંસ્કારોથી ભરપૂર જીવન તરફ દોરી જાય

છે. સરકાર દ્વારા યોજવામાં આવેલા "ટોયકેથોન" અને "ઇન્ડિયા ટોય ફેર" જેવા કાર્યક્રમો ભારતીય ટોય ઉદ્યોગને માત્ર દેશ જ નહિ, વૈશ્વિક સ્તરે પણ મજબૂત બનાવે છે. "ટોયકેથોન" નવિન અને સંસ્કૃતિ આધારિત રમકડાં બનાવીને "Make in India" અભિયાનને પણ આગળ ધપાવે છે.

મોદીજીએ જણાવ્યું છે કે,હવે રમકડાં માત્ર મનોરંજનનાં સાધન ન રહીને, એ શૈક્ષણિક, વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈનોવેશનનાં શ્રેષ્ઠ સાધન બની રહ્યાં છે."ઇન્ડિયા ટોય ફેર" એક એવો મંચ છે, જ્યાં પરંપરાગત લાકડાનાં રમકડાં, કાપડનાં રમકડાં, ચતુરંગ જેવી પરંપરાગત બોર્ડ ગેમ્સ અને હસ્તકલા આધારિત રમકડાં પ્રદર્શિત થાય છે. આ રમકડાં બાળકોને ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને નૈતિક મૂલ્યોથી પરિચિત કરે છે. એ સાથે સાથે, તેઓ શૈક્ષણિક ઉપયોગ અને બાળકોના જ્ઞાનના વિકાસમાં પણ સહાયક બને છે. આ કાર્યક્રમો બાળકોમાં સર્જનાત્મકતા અને દેશભક્તિના ભાવને ઉદય આપે છે. આ રમકડાં નાનપણથી જ બાળકોને તેમના મૂળ સાથે જોડે છે અને તેમને આવો સમાજ ઘડવા માટે મદદરૂપ બને છે, જ્યાં એકતા, આદર અને સહયોગનાં મૂલ્યો સ્થાપિત થાય. આમ, રમકડાંની દુનિયા હવે માત્ર રમત નહિ, પણ ભારતની સંસ્કૃતિની જીવંત પથદર્શક બની છે.

### ❖ માતૃભાષા અને સંસ્કૃતિ

પ્રધાનમંત્રીશ્રીના મતે, માતૃભાષાનો ઉપયોગ અને અભ્યાસ માત્ર ભાષાને જ જીવંત રાખવાનો પ્રયાસ નથી, પરંતુ એ આપણી

સંસ્કૃતિક વારસો, જીવનમૂલ્યો અને આદર્શોને જાળવવાનું એક શક્તિશાળી સાધન છે. તેમણે કહ્યું હતું કે, "માતૃભાષા માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ આપણા સંસ્કૃતિનો આત્મા છે" (મન કી બાત, 27 ફેબ્રુઆરી, 2021). માતૃભાષામાં શિક્ષણ આપવાથી બાળકને  પોતાની સંસ્કૃતિ અને મૌલિક મૂલ્યો સાથે જોડી શકાય છે, જે દેશની પ્રગતિ માટે ખૂબ જ જરૂરી છે. વધુમાં, પ્રધાનમંત્રીશ્રીએ વિશ્વ સ્તરે ભારતીય સંસ્કૃતિના પ્રસાર માટે પણ માતૃભાષાની ભૂમિકા ઉપર ભાર મૂક્યો છે. તેમનું માનવું છે કે, "વિશ્વ સ્તરે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓનો પ્રસાર કરવાની જરૂર છે, અને તે મોટે ભાગે આપણા રાષ્ટ્રીય ભાષાઓ દ્વારા જ શક્ય છે". એટલે, જ્યારે આપણે દુનિયાના અન્ય દેશોમાં આપણી ભાષામાં વાત કરીએ, તે સમયે આપણે ભાષાની સાથે સાથે પોતાની સંસ્કૃતિને પણ સમક્ષ રીતે રજૂ કરીએ છીએ.

ભારત જેવા વિવિધતાયુક્ત દેશમાં ભાષાઓ સામાજિક એકતાનું પણ એક મોટું સાધન છે. મોદીજીના શબ્દોમાં, "ભારતની વિવિધ ભાષાઓ આપણી વિવિધતા અને સાંસ્કૃતિક એકતાનું પ્રતીક છે". દરેક ભાષા પાછળ તેની પોતાની સંસ્કૃતિ, પરંપરા અને લોકોની ઓળખ છુપાયેલી છે. તેથી, દરેક ભારતીય ભાષાની સાચવાણી એ એકતા અને સહઅસ્તિત્વના દૃષ્ટિકોણથી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અંતે, પ્રધાનમંત્રીશ્રીએ ખાસ કરીને આ મુદ્દો પણ ઊજાગર કર્યો છે કે "માતૃભાષા એ આપણો સાંસ્કૃતિક વારસો છે", જે માત્ર ભૂતકાળની ઓળખ નથી, પરંતુ ભવિષ્યના માર્ગદર્શક રૂપે પણ કામ કરે છે. માતૃભાષા આપણને આપણા મૂળ સાથે જોડે છે અને દેશના વિકાસ સાથે સંસ્કૃતિને પણ જીવંત રાખે

છે. આ રીતે, મોદીજી "માતૃભાષા"ને માત્ર એક ભાષા તરીકે નહીં, પરંતુ દેશના આત્માના રૂપે દર્શાવે છે, જેની માફક સંસ્કૃતિ, સામાજિક સમરસતા અને રાષ્ટ્રની એકતાનો પાયો મજબૂત બને છે.

## ❖ તહેવારો : માનવતાના પાઠ ભણાવતી એક પાઠશાળા

નરેન્દ્ર મોદીજીએ તહેવારોના મહત્ત્વને હંમેશાં ખાસ બનાવ્યું છે અને તેમને "જીવંત પાઠશાળા" તરીકે ગણાવ્યું છે. એમનું કહેવું છે કે, "તહેવારો માત્ર મનોરંજન અને આનંદ માટે નથી, તે આપણા જીવનના આંતરિક મૂલ્યો અને પરંપરાઓને જીવંત રાખે છે" (મન કી બાત, ઓક્ટોબર, 2020). તહેવારો આપણને માત્ર ઉજવણી માટેનું માધ્યમ નથી, પરંતુ તેઓ સામાજિક એકતા, શાંતિ અને સહઅસ્તિત્વ માટે પાયાનું કામ કરે છે. મોદીજીનું માનવું છે કે, " આપણા તહેવારોને ફેશન તરીકે નહીં, પરંતુ ભાવના અને પરંપરાના રૂપમાં ઉજવીએ. બાળકો એ સમજવા જોઈએ કે દરેક ઉજવણી પાછળ કોઈ સંદેશો છુપાયેલો છે" (મન કી બાત, ઓક્ટોબર, 2020). આથી તહેવારોમાં જે સંસ્કૃતિ અને સંસ્કારો હોય છે, તે નાની વયથી જ બાળકોએ સમજવા જોઈએ, જેથી તેઓ સંસ્કારભર્યા નાગરિક બની શકે.

તેઓ વધુ સ્પષ્ટ કરે છે કે, "જો બાળકો આપણા તહેવારો, ભાષાઓ, લોકકલાઓ અને પરંપરાઓથી પરિચિત રહેશે, તો જ તેઓ સંસ્કારભર્યા નાગરિક બની શકે" (મન કી બાત, જાન્યુઆરી 2021). આથી, તહેવારો માત્ર ઉત્સવ નહીં, પણ જીવનનાં મૂલ્યો શીખવાડવાનાં સશક્ત સાધન છે. તહેવારોના માધ્યમથી આપણે

સમાજના વિવિધ વર્ગો અને પેઢીઓ વચ્ચે એકતા અને પ્રેમના સેતુ બાંધીએ છીએ. દિવાળી, હોળી, દશેરા અને અન્ય તહેવારોમાં બાળકોને જે સંસ્કાર અને પરંપરાઓ શીખે છે, જે આપણને આપણા મૂળ અને ઓળખ સાથે જોડે છે. આ રીતે, પ્રધાનમંત્રીશ્રીએ તહેવારોને એકતા, સંસ્કૃતિ અને સંસ્કારના પાયા તરીકે મનાવીને જણાવ્યુ છે કે તેઓ આપણા જીવન અને સમાજનાં ઊંચા મૂલ્યોને સમજાવનાર જીવનની "જીવંત પાઠશાળા" છે.

### ❖ શિક્ષણમાં નૈતિક મૂલ્યોનો સમાવેશ

પ્રધાનમંત્રીશ્રીએ બાળકોમાં નૈતિક શિક્ષણને અતિ મહત્ત્વનું ગણાવીને જણાવ્યું છે કે, "ભારતીય મૂલ્યો પર આધારિત શિક્ષણપદ્ધતિ આજના સમયની માંગ છે. આપણાં બાળકોને પોતાની સંસ્કૃતિ, પોતાના સંસ્કારોથી જોડાવાની જરૂર છે. આથી તેમનામાં આત્મવિશ્વાસ, આત્મસન્માન અને દેશભક્તિની ભાવના વિકસે." (સ્વામી દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતી, 11 ફેબ્રુઆરી, 2024, ટંકારા, ગુજરાત). તેમણે સ્પષ્ટ કહ્યું હતું શિક્ષણ માત્ર પુસ્તકીયા જ્ઞાન પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ, પણ તેમાં નૈતિક મૂલ્યોનું સંકલન થવું આવશ્યક છે. મોદીજીનું માનવું છે કે, "શિક્ષણમાં નૈતિક મૂલ્યોનો સમાવેશ બાળકોને વધુ સારા માણસ બનાવે છે. તે તેમને સમાજ પ્રત્યે જવાબદાર અને સંવેદનશીલ બનાવે છે." શિક્ષણ એ ફક્ત શૈક્ષણિક જ્ઞાન પૂરું પાડવાનું કામ નથી, પરંતુ તે બાળકની આચાર-વ્યવહાર અને વિચારધારામાં પણ અસર પાડતું હોવું જોઈએ. તેઓ કહે છે કે નૈતિક શિક્ષણ દ્વારા બાળકોમાં સકારાત્મક વિચારસરણી અને સારાં

કાર્યો માટે પ્રેરણા વિકસે છે, જે તેમને જીવનમાં યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ બને છે.

પ્રધાનમંત્રીશ્રીએ સ્વચ્છતા અભિયાનને પણ નૈતિક ફરજ તરીકે રજૂ કર્યું છે. તેમનો ઉલ્લેખ છે કે, "સ્વચ્છતા માત્ર સ્વચ્છ રહેવા માટે નથી, પરંતુ તે એક નૈતિક ફરજ છે, જે દરેક નાગરિક માટે હોવી જોઈએ" (2 ઓક્ટોબર 2014, ગાંધી જયંતી). આ અભિયાન ફક્ત શારીરિક સ્વચ્છતાની જ નહીં, પણ સમાજમાં એકતા, જવાબદારી અને સકારાત્મક મૂલ્યોના પ્રચારનું પણ પ્રતીક છે. આ રીતે, પ્રધાનમંત્રીશ્રીએ શિક્ષણમાં સંસ્કૃતિ, પરંપરા અને નૈતિક મૂલ્યોના સંકલનને જરૂરી માન્યતા આપી છે. તેઓ માને છે કે, "શિક્ષણ માટે નૈતિક મૂલ્યોનો સમાવેશ એને વધુ સાર્થક અને પરિણામદાયક બનાવે છે," અને આ રીતે જ આપણો દેશ વધુ જવાબદાર નાગરિકો અને મજબૂત સમાજ તરફ આગળ વધી શકે છે.

ભારતીય જીવનમાં સંસ્કારને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. મોદીજી માને છે કે બાળકોને સંસ્કાર દ્વારા શીખવવું જોઈએ કે તેમનાં કાર્યો ફક્ત તેમના અંગત જીવનને જ નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્ર પર પણ અસર કરે છે. "સંસ્કાર (સંસ્કૃતિ) જીવનનો આધાર છે, અને તે બાળકોને માત્ર સાચી દિશા જ બતાવતું નથી પણ તેમને તેમને ફરજો અને જવાબદારીઓનો અહેસાસ પણ કરાવે છે." મૂલ્યોનો આ સમાવેશ બાળકોને સમાનતા, માનવતા અને સહિષ્ણુતા જેવાં મૂલ્યો શીખવે છે. મોદીજી માને છે કે નૈતિક શિક્ષણ અને મૂલ્યો વચ્ચેનું જોડાણ બાળકોને સશક્ત અને સકારાત્મક બનાવે છે, જે તેમને સમાજના જવાબદાર નાગરિક

બનાવે છે. પ્રધાનમંત્રીશ્રીએ બાળકોમાં સંસ્કારોના પ્રભાવ વિશે ઘણા પ્રસારિત સંદેશાઓ આપ્યા છે. તેમણે કહ્યું છે, "જ્ઞાનને તહજીબ અને નૈતિક મૂલ્યો સાથે મિશ્રિત કરીને જ એક સારા અને શ્રેષ્ઠ નાગરિકનું નિર્માણ શક્ય છે." તેમણે સકારાત્મક નૈતિક મૂલ્યો જેમ કે આદર, સત્ય, કરુણા અને એકતા પર ભાર મૂક્યો છે. આ મૂલ્યો બાળકોને માત્ર એક સારું  શિક્ષણ જ નહીં, પરંતુ તેમને એક જવાબદાર અને વૈશ્વિક નાગરિક તરીકે પણ પ્રેરિત કરે છે.

## ❖ પરિવાર અને સમાજની ભૂમિકા

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે, "પરિવાર એ સંસ્કારોની પહેલી અવસ્થા છે, જ્યાં બાળક પોતાના જીવનના પ્રથમ સંસ્કારોને માને છે"('મન કી બાત', અપ્રિલ, 2020). બાળકોના જીવનમાં સંસ્કારો માત્ર શાળામાં જ શીખવવા જેટલા નથી, પણ પરિવાર અને સમાજનું પણ તેમાં મૂલ્યવાન સ્થાન છે જ્યાંથી બાળક તેની જીવનશૈલી માટે પાયાની શીખ મેળવી શકે છે. મોદીજી કહે છે કે માતાપિતા અને પરિવારજનો દ્વારા સંસ્કારોનો સંચાર અત્યંત જરૂરી છે. તેઓ આ **દૃ**ષ્ટિએ કહે છે કે, બાળકોને જ્યારે સાચાં અને સકારાત્મક મૂલ્યો મળતાં હોય, ત્યારે તેઓ મુશ્કેલી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ યોગ્ય અને ઊંચા માર્ગ પર ચાલતાં રહે છે. પરિવારથી મળતા આ સંસ્કારો બાળકની માનસિકતા અને જીવનશૈલીના મજબૂત પાયા બનતા હોય છે, જે તેમને એક સારી વ્યક્તિ બનવામાં મદદરૂપ થાય છે.

પ્રધાનમંત્રીશ્રીએ આ બાબત પર પણ ભાર મૂક્યો છે કે, સંસ્કારોના અભાવથી શૈક્ષણિક તેમજ સામાજિક સમસ્યાઓ ઊભી થઈ શકે છે. તેઓ માને છે કે, "દરેક બાળકને પોતાની સંસ્કૃતિ, આદર્શ અને પરંપરાઓથી પરિચિત થવું જોઈએ, જેથી તે એક નૈતિક અને જવાબદાર નાગરિક બની શકે." આથી, બાળકોમાં નૈતિક મૂલ્યો અને પરંપરાઓની સમજણ વિકસાવવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ રીતે, મોદીજીના કહેવા પ્રમાણે, સંસ્કારો એ માત્ર વ્યક્તિગત ગુણો જ નથી, પણ એ દેશના પ્રગતિના મજબૂત પાયા પણ છે. જ્યારે બાળક સંસ્કૃતિ અને આદર્શોથી જોડાય છે, ત્યારે તે માત્ર પોતાનું જ નહીં, પરંતુ સમગ્ર સમાજનું સુખ અને સમૃદ્ધિ પણ યથાવત રાખે છે.

## ❖ બાળકોને ભારતીય ઇતિહાસ અને રાષ્ટ્રીય નાયકો વિશે જણાવવું

નરેન્દ્ર મોદીજીએ જણાવ્યું છે કે, "આપણે આપણાં બાળકોને એ જાણ કરવી જોઈએ કે આપણી આઝાદીનો માર્ગ કૈવો ખૂબ જ ત્યાગ અને બલિદાનથી ભરેલો રહ્યો છે" ('મન કી બાત', જુલાઈ, 2021). તેઓ હંમેશાં માનતા રહ્યા છે કે બાળકોએ ભારતીય ઇતિહાસ, મહાન નાયકો અને સંસ્કૃતિ વિશે જાણવું ખૂબ જ જરૂરી છે. જે તેમને તેમના રાષ્ટ્રના મહાન નેતાઓ અને તેમના યોગદાન વિશે સમજ આપશે, તેઓ તેમના દેશ પ્રત્યે ગર્વ અને પ્રેમ અનુભવશે. ભારતનો ઇતિહાસ અનેક વીરતાના પ્રસંગો, ત્યાગ અને રાષ્ટ્રપ્રેમથી ભરેલો છે. પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું છે કે આ ઇતિહાસ માત્ર ભૂતકાળ નથી, પણ તે બાળકો માટે પ્રેરણાનું

અવિભાજ્ય સ્રોત છે, જે તેમના વ્યક્તિત્વના વિકાસમાં સહાયક બની શકે છે. તેઓ આ વાત પર ભાર મૂકે છે કે, "જ્યાં બાળકોને તેમના દેશના મહાન વીરો વિશે ઓળખ નથી, ત્યાં તેઓ રાષ્ટ્ર માટે ગૌરવ અનુભવી શકતાં નથી." મોદીજીના નેતૃત્વ હેઠળ ચાલતા કાર્યક્રમો, જેવા કે "આઝાદી કા અમૃત મહોત્સવ", "પંચપ્રણ" અને "મન કી બાત" ખાસ કરીને બાળકો અને યુવાનોને દેશના ભૂલાયેલા અને મહાન નાયકો વિશે જાણકારી આપે છે અને દેશપ્રેમની ભાવના જાગૃત કરે છે. તેઓ માને છે કે દેશના ઇતિહાસ સાથે જોડાવું એ બાળકના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે એક મજબૂત પગલું છે, જેથી તેઓ દેશ માટે જવાબદાર નાગરિક બની શકે. આ રીતે, મોદીજીએ આપણાં બાળકોમાં દેશભક્તિ અને ઇતિહાસના જ્ઞાનનો વિકાસ કરવાની મહત્ત્વપૂર્ણ વાત રજૂ કરી છે, જે રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે અનિવાર્ય છે.

નરેન્દ્ર મોદીજીએ જણાવ્યું છે કે, "આપણાં નાનાં બાળકો, દીકરાઓ અને દીકરીઓએ દરેક યુગમાં ઇતિહાસ રચ્યો છે. બિલકુલ નાની ઉંમરે કનકલતા બરુઆ, ખુદીરામ બોઝ અને રાણી ગાઇદિનલ્યૂ જેવા નાયકો દેશની આઝાદી માટે ઝૂમી ઊઠ્યા હતા" ('મન કી બાત', 25 જુલાઈ, 2021). તેમનું માનવું છે કે આપણા ઐતિહાસિક નાયકો, જેમણે પોતાની જિંદગી દેશ માટે સમર્પિત કરી, તેમનું યોગદાન ઘણી વખત ભુલાઈ ગયું છે અને હવે એ લોકો માટે યોગ્ય ઐતિહાસિક ન્યાય મળવો જરૂરી છે. મોદીજીએ પણ જણાવ્યુ કે ઇતિહાસ ફક્ત પુસ્તકોમાં બંધાઈને ન રહે, પરંતુ તે જીવનમૂલ્યો અને સંસ્કારો તરીકે દરેક ઘરમાં વહેવો જોઈએ.

જ્યારે બાળકો આ મહાન નાયકોના જીવન અને તેમના ત્યાગ વિશે શીખશે, ત્યારે તેમના હૃદયમાં સાચા અર્થમાં દેશભક્તિ અને નૈતિકતા જાગશે. તેઓએ સૂચન આપ્યું, "આવા નાયકોની વાર્તાઓ બાળકોને બોલાવીને, તેમનાં ચિત્રો સ્કૂલમાં લગાવીને, વર્ગમાં તેમના વિષય પર ચર્ચા કરીએ – તો બાળકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના સાકાર થશે" ('મન કી બાત', નવેમ્બર, 2022).

આજના સમયમાં, જ્યાં માહિતી ઘણી હોય છતાં સાચા માર્ગદર્શનની જરૂર વધુ છે, ત્યારે બાળપણથી જ બાળકોને ભારતીય ઇતિહાસ અને મહાન નાયકો સાથે જોડવા મહત્ત્વપૂર્ણ છે. મોદીજીનું માનવું છે કે બાળકના જીવનમાં જે શિક્ષણ અને દેશપ્રેમની જડીબુટ્ટી વવાય, તે જ તેની સમગ્ર જીવનશૈલી અને રાષ્ટ્રપ્રેમ માટે આધાર બને છે. તેઓ સતત આહ્વાન કરે છે કે "આપણે સ્કૂલોમાં અને પરિવારમાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ભગતસિંહ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ જેવા નાયકોની વાર્તાઓ બતાવવી જોઈએ, જેથી બાળકો ભારતની ધરોહર પર ગર્વ અનુભવશે." મોદીજીએ એ પણ કહ્યું છે કે, "દેશનું દુર્ભાગ્ય રહ્યું છે કે પેઢીઓ સુધી રાષ્ટ્રીય નાયકોના યોગદાન વિશે લોકોને જણાવવામાં આવ્યું નથી. આજે આપણે એ મહાન વ્યક્તિત્વોને સામે લાવીએ છીએ, જેમનું યોગદાન પહેલાં અવગણવામાં આવ્યું હતું" (નહેરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરી, 14 સપ્ટેમ્બર, 2021). આ દૃષ્ટિકોણ માત્ર ઇતિહાસ વાંચવાનો નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમ જીવવાની પ્રક્રિયા છે, જે બાળપણથી શરૂ થવી જોઈએ. મોદીજીના નેતૃત્વમાં "મન કી

બાત", "આઝાદી કા અમૃત મહોત્સવ", અને "પંચપ્રણ" જેવા કાર્યક્રમો દ્વારા આજે પણ બાળકોને દેશના મહાન નાયકો સાથે જોડવાનો પ્રયાસ ચાલુ છે, જેથી તેઓ ગર્વ અને પ્રેમથી ભરપૂર નાગરિક બની શકે.

### ❖ બાળકોમાં ચારિત્ર્યનિર્માણ

નરેન્દ્ર મોદીજીએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, "શિક્ષણ ફક્ત ડિગ્રી મેળવવા માટે નથી. તે ચારિત્ર્યનિર્માણ, સહાનુભૂતિ અને જવાબદારીની ભાવના માટે છે" (શ્રી સત્ય સાંઈ યુનિવર્સિટી, 22 નવેમ્બર, 2014). તેમનું મંતવ્ય છે કે બાળકોના જીવનમાં સાચાં મૂલ્યો અને નૈતિકતાનું શીખવું એટલું જ જરૂરી છે જેટલું જ્ઞાન મેળવવું. તેઓ કહે છે કે ચારિત્ર્યનિર્માણનું કામ સૌથી પહેલાં પરિવાર અને શાળાઓએ કરવું જોઈએ, જ્યાં બાળકોને પ્રામાણિકતા, મહેનત, ધીરજ અને સંવેદનશીલતા જેવાં મૂલ્યો શીખવવામાં આવે. મોદીજીનું માનવું છે કે જ્યારે બાળકોને નૈતિક શિક્ષણ મળે છે, ત્યારે તેઓ જીવનમાં સાચા માર્ગ પર આગળ વધે છે અને પોતાનાં કર્તવ્યોની જવાબદારી સમજવામાં સક્ષમ બને છે. તેઓ વારંવાર બાળકોને સમજાવે છે કે શિક્ષણ માત્ર પુસ્તકો સુધી મર્યાદિત ન રહી, પરંતુ જીવનમાં શું યોગ્ય છે અને શું ખોટું, તે સમજવું અને અન્ય લોકો સાથે સહકાર કરવો પણ એટલું જ જરૂરી છે.

મોદીજીએ જણાવ્યું છે કે, "ચારિત્ર્ય ઘડવાનો આરંભ ઘરમાંથી થાય છે". માતા-પિતા, શિક્ષક અને સમાજ, આ ત્રણેય જ સ્થળે બાળકોને નૈતિક મૂલ્યો આપવાથી તેઓ બુદ્ધિશાળી અને

જવાબદાર નાગરિક બની શકે છે. મોદીજીએ એમ પણ જણાવ્યું છે કે શિક્ષણમાં માત્ર સ્પર્ધા નહીં, પરંતુ સહકાર અને સહાનુભૂતિનું મહત્ત્વ પણ સમજે તેવું વાતાવરણ બનાવવું જોઈએ. આ રીતે, પ્રધાનમંત્રીશ્રીના મતે શિક્ષણનો મૂળ ઉદ્દેશ માત્ર ડિગ્રી લેવાનો નથી, પરંતુ એક સાર્થક જીવન માટે જવાબદારી, સંવેદના અને નૈતિકતાના ગુણો વિકસાવવાનો છે, જે દેશના ભવિષ્ય માટે ખૂબ જ જરૂરી છે. પ્રધાનમંત્રીશ્રીએ બાળકોમાં ચારિત્ર્યનિર્માણ માટે કેટલીક અગત્યની બાબતો પર ખાસ ભાર મૂક્યો છે. તેઓ કહે છે કે સાચા આદર્શોને અપનાવવું ખૂબ જ જરૂરી છે, જેમ કે રામ, કૃષ્ણ, સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધી જેવા મહાન વ્યક્તિઓનું જીવન. તેમજ બાળકોમાં સેવાભાવ જાગૃત કરવો જરૂરી છે અને આ માટે ‘સ્વચ્છતા હી સેવા’, ‘ફિટ ઇન્ડિયા’, ‘પરીક્ષા પે ચર્ચા’ જેવા અભિયાનોમાં તેમને ભાગ લેવા પ્રોત્સાહન આપવું જોઈએ. શિસ્ત અને નિયમિતતાની પણ ખાસ જરૂરિયાત છે, જેથી તેઓ યોગ, પ્રાર્થના અને સમયનું પાલન દિનચર્યાનો ભાગ બનાવે.

મોદીજી કહે છે કે બાળકોએ માત્ર પાઠ્યપુસ્તક સુધી મર્યાદિત રહી ન જવું, પણ રમતગમત, સંગીત, લાઇટ સ્કિલ્સ અને પરોપકાર જેવાં ક્ષેત્રોમાં પણ ભાગ લેવો જોઈએ, કારણ કે આ જીવન માટે જરૂરી કુશળતાઓ વિકસાવે છે. તેમણે એક વાર કહ્યું હતું, "સફળતા મળે કે નહીં, પણ તમારા ચરિત્રને કોઈ ન પડકારે એ તમારી સૌથી મોટી જીત છે." (‘મન કી બાત’, માર્ચ, 2019). મોદીજીના દૃષ્ટિકોણ પ્રમાણે, એક સંસ્કારશીલ અને ચારિત્ર્યવાન પેઢી જ સશક્ત ભારત બનાવે છે. તેઓ માને છે કે

મજબૂત ચરિત્ર ધરાવતાં બાળકો જ જવાબદાર નાગરિક બની દેશના ભવિષ્યને ઉજળું બનાવી શકે છે. આ માટે તેમણે ‘મન કી બાત’, ‘કવિ સંમેલન’, ‘સંસ્કૃતિ મહોત્સવ’ અને ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ જેવા કાર્યક્રમો શરૂ કર્યા છે, જે બાળકો અને યુવાનોને પોતાની સંસ્કૃતિ સાથે જોડે છે. તેમણે એક મહત્ત્વપૂર્ણ વાત પણ કહી છે, "વિશ્વમાં આગળ વધો, પણ મૂળને ન ભૂલો." સંસ્કૃતિ અને પરંપરાના આ મૂલ્યો બાળકોમાં જાગૃત કરવા માટે મોદીજીએ સતત પ્રયત્ન કર્યા છે. તેમનું માનવું છે કે બાળકોને ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યો શીખવવાં જોઈએ, જેથી તેઓ પોતાના રાષ્ટ્ર અને સમાજ માટે જવાબદાર અને સશક્ત નાગરિક બની શકે.

# 6. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન : નરેન્દ્ર મોદીજીનું ઉત્તમ પ્રેરણા-પાથેય

"બાળકોનું બાળપણ પુસ્તકો વચ્ચે જ ન દટાઈ જાય, તેમને રમતો અને યોગ પણ એટલાં જ શીખવવાં જોઈએ." –શ્રી નરેન્દ્ર મોદી (‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમ દરમ્યાન, *2022)*

ભારત દેશના ભવિષ્ય રૂપે માનીતાં બાળકોનું સ્વાસ્થ્ય અને વિકાસ માત્ર કુટુંબ કે શાળાની જવાબદારી નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્રની અને ખાસ કરીને સરકારની પણ મહત્ત્વપૂર્ણ જવાબદારી છે. આજના સમયની ઝડપભરી અને સ્પર્ધાત્મક જીવનશૈલીએ બાળકોને શારીરિક રીતે નિષ્ક્રિય અને માનસિક રીતે તણાવગ્રસ્ત બનાવી દીધાં છે. બાળકો મોબાઇલ અને ટીવીમાં વધારે સમય વિતાવે છે અને દૈનિક કસરત કરતાં નથી. પરિણામે તેઓ શારીરિક રીતે નબળાં અને માનસિક રીતે તણાવગ્રસ્ત થઈ જાય છે. આવા સમયમાં પ્રધાનમંત્રીશ્રીએ બાળકોના સારા સ્વાસ્થ્ય અને આનંદી જીવન માટે વિવિધ પ્રયાસો કર્યા છે. તેઓ માને છે કે સ્વસ્થ બાળક જ સ્વસ્થ ભારતનું નિર્માણ કરી શકે. 2019માં શરૂ થયેલું ‘ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ’ અને ‘ખેલો ઇન્ડિયા’ જેવા કાર્યક્રમો દ્વારા તેમણે રમતગમત અને કસરતને જીવનશૈલીનો ભાગ બનાવવાની પ્રેરણા આપી છે. આ અભિયાનો માત્ર શરીરને ફિટ રાખવા પૂરતાં નથી. રમતો દ્વારા બાળકોમાં સહકાર, અનુશાસન, ટીમવર્ક અને આત્મવિશ્વાસ પણ વિકસે છે. આજે

અનેક સ્કૂલો અને કૉલેજોમાં આ કાર્યક્રમો અમલમાં આવ્યા છે અને વિદ્યાર્થીઓ ઉલ્લાસભેર ભાગ લે છે.

એક સુખી અને સ્વસ્થ દેશ માટે બાળકોનું સ્વાસ્થ્ય ઉત્તમ હોવું જરૂરી છે. તેમના વિકાસમાં સરકાર, કુટુંબ અને શાળાની સાથે સમાજને પણ સહભાગી થવું અગત્યનું છે. ઉપરાંત, માનસિક સ્વાસ્થ્યના મુદ્દે પણ પ્રધાનમંત્રીશ્રીને ખરા અર્થમાં ચિંતિત દેખાય છે. "મન કી બાત" અને "પરીક્ષા પે ચર્ચા" જેવા કાર્યક્રમોમાં તેઓ વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ અને દબાણમુક્ત જીવન જીવવાની પ્રેરણા આપે છે. પરીક્ષાના દબાણ, અભ્યાસનો ભાર અને મનોબળના અભાવ જેવી સમસ્યાઓનો ઉકેલ આપતા સંદેશો દ્વારા તેઓ બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે એક મજબૂત સહાયક બનેલા છે. આવી ગુણાત્મકતા અને સંવેદનશીલતા પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વની એક વિશેષ ઓળખ બની છે. બાળકના સમગ્ર વિકાસ માટે શારીરિક અને માનસિક બંને પાસાંઓનું સમતોલ સંવર્ધન જરૂરી છે અને આ દિશામાં નરેન્દ્ર મોદીજીની ભૂમિકા પ્રશંસનીય રહી છે. પ્રધાનમંત્રીશ્રીના પ્રયાસો બાળકોને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવવાની દિશામાં એક સકારાત્મક પગલું છે.

## ❖ બાળકોના રમત અને શારીરિક વિકાસ પર દૃષ્ટિકોણ

શારીરિક વિકાસ દરેક બાળકના સર્વાંગી વિકાસનો અગત્યનો ભાગ છે. નરેન્દ્ર મોદીજી પણ આ વાતને સારી રીતે સમજે છે અને વારંવાર પોતાનાં ભાષણોમાં બાળકોનાં સ્વાસ્થ્ય અને રમતગમતના મહત્ત્વ પર ભાર મૂકે છે. તેમણે સ્પષ્ટપણે

જણાવ્યું છે કે: "જ્યાં રમત છે, ત્યાં શિસ્ત છે, દરેક દિશામાં પ્રગતિ છે." આવા શબ્દો વડે તેમણે 2018ના 'ખેલો ઇન્ડિયા સ્કૂલ ગેમ્સ'ના ઉદ્ઘાટન પ્રસંગે દેશના વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. મોદીજી માને છે કે રમતો માત્ર મનોરંજન કે મેડલ મેળવવા માટે નથી, પણ તે જીવનનાં અગત્યનાં મૂલ્યો અને કુશળતાઓ શીખવાડે છે. રમત દ્વારા બાળક આત્મવિશ્વાસ, ટીમવર્ક, સમય - વ્યવસ્થાપન અને સમસ્યાઓના ઉકેલ જેવાં જીવનકૌશલ્યો શીખે છે. તે વાતને ધ્યાનમાં રાખીને તેમણે જણાવ્યું હતું કે: "રમત માત્ર મેડલ માટે નહીં, પણ મજબૂત વ્યક્તિત્વ માટે છે. રમતો બાળકના શરીરથી લઈને મન અને મોરલ સુધી બધું ઘડે છે." 2019માં શરૂ કરાયેલું 'ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ' પણ આ જ દૃષ્ટિકોણને ઉજાગર કરે છે. આ અભિયાનના પ્રારંભ સમયે મોદીજીએ જણાવ્યું હતું કે: "ફિટનેસ એ ફેશન નથી, એ જીવનશૈલી છે. જો શાળાની વયનાં બાળકોમાંથી ફિટનેસની સંસ્કૃતિ શરૂ કરીએ, તો આખું જીવન સ્વસ્થ રહી શકે છે." આ ઊંડા વિચારો દર્શાવે છે કે તેઓ ફિટનેસને માત્ર શારીરિક શક્તિ નહીં, પણ જીવનની જરૂરિયાત માને છે. 'ખેલો ઇન્ડિયા' અભિયાન પણ આ જ દિશામાં એક ઊંડો પ્રભાવ પડ્યો છે. નરેન્દ્ર મોદીજી કહે છે: "ખેલો ઇન્ડિયા" અભિયાન રમતની સંસ્કૃતિને ગામગામ સુધી પહોંચાડવાનો પ્રયાસ છે."આ અભિયાન દ્વારા શાળાઓ, મહાવિદ્યાલયો અને ગ્રામ્યવિસ્તારોમાં ખેલકૂદને પ્રોત્સાહન મળે છે અને રમતગમતને જીવનશૈલીનો ભાગ બનાવવાનો પ્રયાસ થાય છે. અંતે, સ્પષ્ટ છે કે પ્રધાનમંત્રીશ્રીની આગવી દૃષ્ટિ અને દૃઢ સંકલ્પના કારણે આજે દેશભરમાં બાળકોમાં ફિટનેસ અને રમતગમત પ્રત્યે જાગૃતિ આવી છે. "આજનાં બાળકો ફિટ રહેશે,

તો ભારતનું ભવિષ્ય હિટ રહેશે" જેવી વાતો માત્ર સૂત્ર નહીં, પણ રાષ્ટ્રના તંદુરસ્ત ભવિષ્ય માટે માર્ગદર્શિકા બની રહી છે.

આ ભાષણોના પ્રકાશમાં સ્પષ્ટ થાય છે કે નરેન્દ્ર મોદીજીની રમતગમત પ્રત્યેની દૃષ્ટિ માત્ર નીતિગત નથી, પણ સંસ્કારાત્મક છે. તેઓ માને છે કે રમતગમત બાળકોમાં નૈતિકતા, શિસ્ત અને સક્રિયતાની ભાવના જગાવે છે. આજના જ્ઞાનયુગમાં બાળકને માત્ર પુસ્તકો પૂરતું જ નહીં, પણ મેદાનમાં પણ તાકાતવાન બનાવવું આવશ્યક છે અને આ જ વિચારને મોદીજી આગેવાની આપી રહ્યા છે. “બાળક એ એક નિર્માણશીલ ઈંટ છે, જેમાંથી રાષ્ટ્રનું ભવિષ્ય રચાય છે.” આ ઉક્તિ પ્રધાનમંત્રીશ્રીની વિચારસરણીના કેંદ્રમાં છે. તેઓ માને છે કે દેશની પ્રગતિ માટે ફક્ત શિક્ષણ પૂરતું નથી, શારીરિક તંદુરસ્તી અને રમતગમતનું સાધારણ જીવનમાં સ્થાન હોવું એટલું જ જરૂરી છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં બાળકોનો શારીરિક ફાળો ઘટી રહ્યો છે, આવી સ્થિતિમાં મોદીજીએ રમતગમત અને કસરતને રાષ્ટ્રીય ઉછેરના સાધન તરીકે સ્થાન આપ્યું છે.

નરેન્દ્ર મોદીજીએ 29 ઑગસ્ટ, 2019ના રોજ "ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ"ની શરૂઆત કરીને દેશના નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કર્યા. તેમણે કહ્યું હતું: "એક સુજ્ઞ નાગરિક બનવા માટે બાળકે પહેલાં પોતાના શરીરને ઓળખવું જોઈએ અને એ રમત દ્વારા શક્ય બને છે. રમત ફક્ત મનોરંજન નહીં, પણ મજબૂત જીવનશૈલી માટે જરૂરી છે." આ વાત દર્શાવે  છે કે રમત માત્ર ક્રીડાના મેદાન સુધી સીમિત નથી, પણ તે બાળકના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. નરેન્દ્ર

મોદીજી માને છે કે રમતગમત શિક્ષણનું મહત્ત્વપૂર્ણ અંગ હોવું જોઈએ. તેઓ મંચ પરથી આ વાત કરતા રહે છે, પણ સાથે જ અમલમાં પણ લાવે છે. "ખેલો ઇન્ડિયા" જેવી યોજનાઓ દ્વારા તેમણે ગામથી શહેર સુધી રમતોને પ્રોત્સાહન આપ્યું છે. એમનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે જ્યારે બાળક શારીરિક રીતે તંદુરસ્ત હશે, ત્યારે તે માનસિક રીતે પણ સબળ બનશે. આજના સમયની મુખ્ય સમસ્યા પરીક્ષા દબાણ અને તણાવ સામે રમત એક મજબૂત ઔષધિ તરીકે કાર્ય કરે છે. રમતગમત માણસમાં સહકાર, નિર્ણયશક્તિ, નેતૃત્વ અને આત્મવિશ્વાસ વિકસાવે છે. આ સિવાય મોદીજી યોગ અને આયુષ જેવા પરંપરાગત સ્વાસ્થ્ય માર્ગોને પણ નવી પેઢી સાથે જોડવાના પ્રયાસો કરે છે. તેમણે ભારતીય આયુર્વેદ અને યોગને વૈશ્વિક સ્તરે પણ માન્યતા અપાવી છે. અંતે, નરેન્દ્ર મોદીજી માત્ર એક રાજકીય નેતા નથી, પણ ભવિષ્ય પેઢી માટે માર્ગદર્શક 'ગુરુ' સમાન છે. તેઓ બાળકોને માત્ર શાળા જવાનું નહીં, પણ જીવન જીવવાનું શીખવે છે  શુદ્ધ શરીર, શુદ્ધ મન અને મજબૂત વ્યક્તિત્વ માટે તેઓ ખરા અર્થમાં પ્રેરણારૂપ છે.

પ્રધાનમંત્રીશ્રી વારંવાર ખેલકૂદના મહત્ત્વ પર ભાર મૂકે છે. તેમનું માનવું છે કે બાળકોના જીવનમાં રમતો કેન્દ્રસ્થાને હોવી જોઈએ. તેમના જણાવ્યા મુજબ, "ખેલ મનોરંજન ફક્ત કોઈ સાધન નથી, તે બાળકોના જીવનમાં શારીરિક અને માનસિક મજબૂતીનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે." રમત માત્ર ફિટનેસ સુધી સીમિત નથી. રમત દ્વારા બાળક શારીરિક રીતે સક્રિય તો બને છે, પણ સાથે જ તેનું માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય પણ

મજબૂત બને છે. રમતોના માધ્યમથી બાળકમાં આત્મવિશ્વાસ વિકસે છે, વિચારશક્તિ સકારાત્મક બને છે અને તેમને જીવનમાં પડતી મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ મળે છે. મોદીજીનો દૃષ્ટિકોણ છે કે રમતો શિક્ષણ સાથે જોડાવી જોઈએ. એમના મત મુજબ રમતગમતમાં બાળકોને શિસ્ત, સહકાર, નેતૃત્વ અને સમયના યોગ્ય ઉપયોગ જેવી જીવનકળાઓ શીખવા મળે છે. આ ગુણો તેમને માત્ર રમતમાં નહીં, પરંતુ સમગ્ર જીવનમાં સફળ બનાવે છે. તેમણે પોતાનાં અનેક ભાષણોમાં જણાવ્યું છે કે રમતું બાળક ફિટ અને સજાગ હોય છે. પરિણામે, તેઓ શાળાના અભ્યાસમાં પણ વધુ ધ્યાન આપે છે અને તેમની યાદશક્તિ તેમજ એકાગ્રતા પણ વધી શકે છે.

આ રીતે જોઈશું તો, રમત માત્ર એક પ્રવૃત્તિ નથી. તે બાળકના સર્વાંગી વિકાસનું એક મજબૂત સાધન છે. નરેન્દ્ર મોદીજીની દૃષ્ટિ અને પ્રયત્નો ખેલકૂદને ભારતના ભવિષ્ય માટે મજબૂત આધારસ્તંભ બનાવવા માટે સતત કાર્યરત છે. 2018માં 'ખેલો ઇન્ડિયા' કાર્યક્રમ શરૂ કરતાં મોદીજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "રમત મેડલ માટે નહીં, પણ જીવન ઘડવા માટે છે." તેમના મત અનુસાર રમતો બાળકના જીવનમાં તંદુરસ્તી લાવે છે અને સંઘર્ષ સહન કરવાની શક્તિ પણ આપે છે. તેઓ શાળાઓમાં રમતગમતને અભ્યાસનું અંગ બનાવવા પર ભાર મૂકે છે, જેથી નાનપણથી જ બાળકોમાં સક્રિય જીવનશૈલી વિકસે. તેમનું માનવું છે કે "ફિટ ઇન્ડિયા" જેવી પહેલથી રાષ્ટ્રને તંદુરસ્ત અને શક્તિશાળી બનાવવામાં મદદ મળે છે.

### ❖ "ફિટ ઇન્ડિયા" મૂવમેન્ટ દ્વારા નરેન્દ્ર મોદીજીએ બાળકોમાં રમતોના મહત્ત્વને પ્રોત્સાહન આપ્યું.

પ્રધાનમંત્રીશ્રીએ 29 ઑગસ્ટ, 2019ના રોજ "ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ"ની શરૂઆત કરી, જે ભારતના નાગરિકોમાં ખાસ કરીને બાળકો અને યુવાનોમાં તંદુરસ્તી માટે જાગૃતિ ફેલાવવા માટેનું અભિયાન છે. તેઓ માને છે કે શારીરિક ફિટનેસ માત્ર વ્યક્તિગત જરૂરિયાત નહીં, પણ રાષ્ટ્રના સ્વસ્થ ભવિષ્ય માટે પણ મહત્ત્વપૂર્ણ છે. મોદીજીનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે "ફિટનેસ એ ફેશન નથી, એ જીવનશૈલી છે." તેમના માર્ગદર્શન હેઠળ 'ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ' શાળાઓ, કોલેજો અને બાળવિકાસ કેન્દ્રો સુધી પહોંચ્યું છે. આ અભિયાન દ્વારા વિદ્યાર્થીમિત્રો માટે નવિન રમતગમત કાર્યક્રમો, દૈનિક યોગઅભ્યાસ અને નિયમિત કસરતને શૈક્ષણિક વ્યવસ્થામાં સમાવેશ કરવામાં આવ્યો છે. "ખેલો ઇન્ડિયા" અને "ફિટ ઇન્ડિયા" જેવા કાર્યક્રમો બાળકના શારીરિક વિકાસ માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ અભિગમ દ્વારા રમત, શિક્ષણ અને તંદુરસ્ત જીવનશૈલી વચ્ચે સમતોલ સંકલન સાધવાનો પ્રયાસ થયો છે. બાળકોએ શું ખાવું, કેવી રીતે સક્રિય રહેવું અને પોતાના સ્વાસ્થ્ય માટે કેટલી જવાબદારી લેવી આવા મુદ્દાઓ પર અભિયાન દ્વારા જાગૃતિ લાવવામાં આવી છે.

'ફિટ ઇન્ડિયા' અભિયાન શારીરિક તંદુરસ્તી સાથે માનસિક શાંતિ અને મજબૂતી પર પણ ભાર મૂકે છે. પ્રધાનમંત્રીશ્રીનું માનવું છે કે "સ્વસ્થ શરીર અને મજબૂત માનસિકતા સાથે જ બાળક પોતાનો પૂરી ક્ષમતા સુધી વિકાસ કરી શકે છે." તેથી તેમણે યોગ, કસરત અને નિયમિત દિનચર્યાને જીવનશૈલીનો ભાગ

બનાવવા સૌને અપીલ કરી છે. આમ, 'ફિટ ઇન્ડિયા' મૂવમેન્ટ માત્ર એક અભિયાન નથી, તે ભારતને એક સક્રિય, સ્વસ્થ અને સજાગ પેઢી તરફ દોરી જતો રસ્તો છે. આ અભિગમ બાળકોને માત્ર આજે ફિટ બનાવે છે, પરંતુ તેમને દીર્ઘકાલીન રીતે તંદુરસ્ત જીવન જીવવાની દિશામાં માર્ગદર્શન આપે છે. નરેન્દ્ર મોદીજીએ ઘણી વખત કહ્યું છે કે બાળકોના જીવનમાં રમતોનું મહત્ત્વ હંમેશાં ઊંડું છે. તેઓ માને છે કે રમત માત્ર મનોરંજન માટે નહીં, પણ બાળકના સમગ્ર જીવનને ઘડવા માટે આવશ્યક છે. મોદીના શબ્દોમાં:"સ્વસ્થ વ્યક્તિ, સ્વસ્થ પરિવાર અને સ્વસ્થ સમાજ  આ જ નવા ભારતને શ્રેષ્ઠ ભારત બનાવવાનો માર્ગ છે." બાળકો માટે શારીરિક શિક્ષણ અને રમતો કેવળ કસરત પૂરતી નથી. આ પ્રવૃત્તિઓ તેમના શરીરને તંદુરસ્ત રાખે છે, મનને શાંત કરે છે અને સાથે સાથે આત્મવિશ્વાસ પણ પેદા કરે છે. રમતોના માધ્યમથી બાળકોમાં સહકાર, ટીમવર્ક, સમયના યોગ્ય ઉપયોગ અને દબાણ સંભાળવાની ક્ષમતા આવી શકે છે. રમતખેલ જીવનના મહત્ત્વના પાઠ શીખવે છે. જેવા કે જીતથી ઉલ્લાસિત થવું અને હારથી શીખીને આગળ વધવું. આમ, બાળક નાની ઉંમરમાં જ સમજે છે કે હાર-જીત જીવનનો ભાગ છે, અને દૃઢ મનોબળથી દરેક પરિસ્થિતિનો સામનો કરી શકાય છે.

મોદીજીના નેતૃત્વમાં શરૂ થયેલા 'ફિટ ઇન્ડિયા' અને 'ખેલો ઇન્ડિયા' જેવા અભિયાનો દેશના દરેક ખૂણે રમતગમતની જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહ્યાં છે. શાળાઓમાં પણ હવે રમતગમતને વધુ મહત્ત્વ મળવાનું શરૂ થયું છે. શારીરિક શિક્ષણ બાળકોમાં માત્ર ફિટનેસ જ લાવે છે નહીં, પણ માનસિક રીતે તેમને મજબૂત

બનાવે છે. તેઓ વધુ એકાગ્ર, આત્મનિર્ભર અને સજાગ બને છે જે બાળકના ભવિષ્ય માટે જરૂરી ગુણો છે. અંતે કહી શકાય કે નરેન્દ્ર મોદીજીની દૃષ્ટિએ રમતગમત અને શારીરિક શિક્ષણ કોઈ પૂર્તિ નહીં, પણ જીવનઘડતર માટેનો એક પાયો છે જે આજે બાળકોને સુંદર ભવિષ્ય તરફ લઈ જાય છે.

## ❖ રમતોમાં બાલિકાઓની ભાગીદારી

નરેન્દ્ર મોદીજી ઘણીવાર કહે છે કે, ભારતીય સમાજના દરેક ક્ષેત્રમાં બાલિકાઓની શ્રેષ્ઠતા માત્ર ખેલકૂદમાં જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રમાં પ્રેરણાનો સ્ત્રોત બની રહી છે. "મહિલા ખેલાડીઓએ વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે. તેમનો ઉત્સાહ, પરિશ્રમ અને જીતની ઇચ્છા એક મજબૂત અને પ્રેરણાદાયી દૃષ્ટિ છે." ('મન કી બાત', જુલાઈ 2021). બાલિકાઓ માટે રમતગમત માત્ર મનોરંજન અને શારીરિક સ્વાસ્થ્ય માટે નહીં, પરંતુ તેમના આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વના વિકાસ માટે પણ મહત્ત્વપૂર્ણ છે. મોદીજીએ કહ્યું છે, "જ્યારે મહિલા ખેલાડીઓ રમતગમતમાં આગળ વધે છે, ત્યારે તે પુરુષવાદી પેટર્નને પડકારતા અને સમાજમાં ભેદભાવને દૂર કરતી એક મજબૂત છબી પ્રસ્તુત કરે છે." ('મન કી બાત', જાન્યુઆરી, 2020 ). આ દૃષ્ટિકોણથી, તેમનું માનવું છે કે, જો મહિલાઓ આરોગ્ય અને તંદુરસ્ત જીવનશૈલી તરફ આગળ વધે છે, તો તે સમાજમાં સશક્ત અને સ્વતંત્ર એવી ભવિષ્ય પેઢી માટે માર્ગદર્શન આપે છે. પ્રધાનમંત્રીશ્રીએ "ખેલો ઇન્ડિયા" અને "ફિટ ઇન્ડિયા" જેવી પહેલ દ્વારા, શારીરિક શિક્ષણ અને રમતગમતના માધ્યમથી બાલિકાઓ માટે નવા માર્ગો તૈયાર કર્યા છે. તેમણે બાલિકાઓ માટે વધુ

સ્પોર્ટ્સ ક્ષેત્રમાં આગળ વધવાનું, ફિટનેસ અને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રોત્સાહન આપવાનો એક મજબૂત મંચ તૈયાર કર્યું છે.

તેમણે દૃઢ રીતે જણાવ્યું છે કે "જેમ જેમ મહિલાઓ રમતગમત અને કસરતના મેદાનમાં વધુ આગળ વધે છે, તેમ તેમ સમાજમાં તેમનું સ્થાન મજબૂત થાય છે." આ રીતે, નરેન્દ્ર મોદીજીનો દૃષ્ટિકોણ માત્ર સ્ત્રી-પુરુષ સમાનતા માટે નથી, પરંતુ તે મહિલા સશક્તીકરણ અને શારીરિક સ્વાસ્થ્ય માટે પણ એક મહત્ત્વપૂર્ણ અભિગમ છે. આ રીતે, મોદીજીની દૃષ્ટિ મુજબ રમતોમાં બાલિકાઓ અને બાળકોની ભાગીદારી માત્ર વ્યક્તિગત વિકાસ માટે નહીં, પરંતુ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે પણ મહત્વપૂર્ણ છે. સમાજમાં લિંગ સમાનતા, તંદુરસ્ત જીવનશૈલી અને આત્મવિશ્વાસભર્યું યુવાનોનું ભારત ત્યારે જ બને જ્યારે દરેક બાળક અને દરેક બાલિકા રમતના મેદાનમાં પોતાનું સ્થાન શોધી શકે. મહિલાઓની ભાગીદારીથી રમતપ્રત્યે સમાજની વિચારસરણીમાં પરિવર્તન આવશે, અને આ સમાજમાં સમાનતા અને તકો ઉપલબ્ધ છે. તેઓ બાળકોને આ સંદેશ આપે છે કે રમતમાં ભાગીદારી લિંગભાવથી ઉપર હોવી જોઈએ, અને દરેક બાળકોની પ્રતિભા સાથે સમાન તક મળવી જોઈએ.

## ❖ બાળકોના યોગ્ય શારીરિક શિક્ષણ માટે સુધારાની આવશ્યકતા છે.

આજના યુગમાં જ્યારે ટેક્નોલોજી અને સ્ક્રીનટાઇમ બાળકોના જીવનનો અતૂટ ભાગ બની ગયા છે, ત્યારે તેમના સમગ્ર વિકાસ માટે શારીરિક શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બની ગઈ છે. ભારતના પ્રધાનમંત્રીશ્રીએ બાળકોના શારીરિક શિક્ષણમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે, જે એક દૃષ્ટિપ્રેરક અને સમયોચિત અભિગમ છે. મોદીજીના મતે, મજબૂત અને તંદુરસ્ત ભારત નિર્માણ માટે બાળકોને નાનપણથી જ શારીરિક રીતે સક્રિય અને સ્વસ્થ જીવનશૈલી ખૂબ જ આવશ્યક છે. શારીરિક શિક્ષણ માત્ર રમતગમત પૂરતું સીમિત નથી, પણ તે શિસ્ત, ટીમવર્ક, નેતૃત્વ અને સામાજિક મૂલ્યોનું પણ સંસ્કારકેન્દ્ર છે. આવી શિક્ષણપદ્ધતિમાં સુધારા દ્વારા બાળકોના એકંદર વ્યકિતગત અને શૈક્ષણિક વિકાસને પણ નવી દિશા આપી શકાય છે. ભારતનું ભવિષ્ય તેનાં આજે આગળ વધતાં બાળકોએ ઘડવાનું છે, અને આ માટે તેમના સર્વાંગી વિકાસ પર ધ્યાન આપવું અત્યંત આવશ્યક છે. એમાં શારીરિક વિકાસ પણ એટલું જ મહત્ત્વનું છે જેટલો બૌદ્ધિક વિકાસ.

આજનાં બાળકો મોબાઇલ, ટેબલેટ અને કમ્પ્યૂટર સ્ક્રીન સામે વધુ સમય વિતાવે છે, જેના કારણે તેમની શારીરિક શક્તિ, ધૈર્ય, એકાગ્રતા અને સામૂહિક સહકારમાં ઘટ જોવા મળી રહી છે. આ પરિપ્રેક્ષ્યમાં નરેન્દ્ર મોદીજીએ શારીરિક શિક્ષણને નવી દૃષ્ટિથી જોવાની અને તેમાં સુધારા લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. મોદીજીના મત અનુસાર, રમતગમત અને

શારીરિક પ્રવૃત્તિ માત્ર મનોરંજન માટે નહીં, પરંતુ આત્મવિશ્વાસ, નેતૃત્વ, તંદુરસ્ત જીવનશૈલી અને સ્વયં વિકાસ માટે પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. નવી શિક્ષણ નીતિ (NEP 2020)માં શારીરિક શિક્ષણને મહત્ત્વ આપવાથી આ દૃષ્ટિકોણને મજબૂત બનાવવામાં આવ્યો છે, જે આ ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયાસોનું ઉત્તમ ઉદાહરણ છે. આજકાલ, બાળક માટે શારીરિક શિક્ષણ એ કોઈ વૈકલ્પિક પસંદગી નથી, પરંતુ એક આવશ્યક જરૂરિયાત બની ગઈ છે. પ્રધાનમંત્રીશ્રીના વિચાર અને માર્ગદર્શનમાં, જો યોગ્ય પગલાં લેવામાં આવે, તો ભારતનું ભવિષ્ય વધુ તંદુરસ્ત, જ્ઞાનમય અને શક્તિશાળી બની શકે છે. આવા અભિયાનો માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે નહીં, પરંતુ એક નવી, સશક્ત અને સ્વસ્થ ભારતની રચનામાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે.

### ❖ બાળકોના રમતના માધ્યમથી રાષ્ટ્ર - નિર્માણની તરફ માર્ગદર્શન આપવું

પ્રધાનમંત્રીશ્રીના વિચારોમાં બાળકોના શારીરિક શિક્ષણ અને રમતના માધ્યમથી રાષ્ટ્ર- નિર્માણના મુદ્દા મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેઓ માને છે કે રમત માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે શિસ્ત, ટીમવર્ક, નેતૃત્વ અને શારીરિક તેમજ માનસિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. આથી, બાળકોને રમતના માધ્યમથી રાષ્ટ્રનિર્માણની ભાવના અને જવાબદારીનો અભ્યાસ કરાવવો જોઈએ. મોદીજીએ અનેક પ્રસંગોએ યુવાનોને પ્રોત્સાહિત કર્યો છે કે તેઓ દેશના વિકાસમાં સક્રિય ભાગીદારી કરે. તેઓનું માનવું છે કે દરેક યુવાનને તક મળે તે મહત્ત્વપૂર્ણ છે, જેથી તેઓ

પોતાના દેશના વિકાસમાં યોગદાન આપી શકે. તેઓએ જણાવ્યું છે કે "મુદ્દો એ નથી કે હું મારી આર્થિક નીતિઓનો લાભ મેળવી શકું કે નહીં, મુદ્દો એ છે કે રાષ્ટ્રને તેનાથી ફાયદો થશે." તેઓના વિચારો અનુસાર, રમતના માધ્યમથી બાળકોને રાષ્ટ્રનિર્માણની દિશામાં માર્ગદર્શન આપવું, તેમને શિસ્ત, જવાબદારી અને સહકારના ગુણો વિકસાવવા માટે મહત્ત્વપૂર્ણ છે. આથી, શિક્ષણમાં રમતને મહત્ત્વ આપવું અને બાળકોને આ દિશામાં પ્રોત્સાહિત કરવા, રાષ્ટ્રના ભવિષ્ય માટે જરૂરી છે. રમત માત્ર વ્યક્તિગત લાભનું સાધન નથી, પરંતુ તે રાષ્ટ્રનિર્માણનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. બાળકોને રમતના માધ્યમથી આ શીખવવામાં આવે છે કે તેઓ ફક્ત તમારી સફળતા માટે નથી, સમગ્ર સમાજ અને દેશ માટે પણ કામ કરો. નરેન્દ્ર મોદીજી માને છે કે ભારતનું ભવિષ્ય ત્યારે જ ઉજ્જવળ બનશે જ્યારે આપણાં બાળકો સ્વસ્થ, સક્રિય અને આત્મવિશ્વાસથી ભરેલાં હશે. તેઓએ નીતિઓ, ઝુંબેશ અને સંદેશાવ્યવહાર દ્વારા બાળકોની તંદુરસ્તી, રમતગમત અને સ્વાસ્થ્યને આગળ લાવ્યા છે.

નરેન્દ્ર મોદીજીની દૃષ્ટિ એકદમ સ્પષ્ટ છે  "સ્વસ્થ બાળકથી જ મજબૂત રાષ્ટ્ર બને છે." તેમનું માનવું છે કે બાળકના સર્વાંગી વિકાસ માટે રમતગમત ખૂબ જરૂરી છે. રમત માત્ર શરીરને ફિટ રાખે છે એવુ નહીં, તે બાળકના માનસિક આરોગ્ય અને સામાજિક કુશળતાને પણ ઘડે છે. મોદીજીની દૃષ્ટિ મુજબ, રમતો બાળકોમાં પ્રતિસ્પર્ધાત્મક ભાવ, ટીમવર્ક અને આત્મવિશ્વાસ જેવા મહત્ત્વના જીવનકૌશલ્યો વિકસાવે છે."સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન નિવાસ કરે છે" આ વાક્ય તેમના અભિગમમાં સ્પષ્ટપણે જોવા

મળે છે. તેઓ માને છે કે બાળકોએ નાની ઉંમરથી જ કસરત, યોગ અને સક્રિય જીવનશૈલી અપનાવવી જોઈએ, જેથી ફિટનેસની સંસ્કૃતિ તેમના જીવનનું અંગ બને. આવું થતાં, બાળકો માત્ર અભ્યાસમાં સફળ નહીં બને, પણ જીવનમાં પણ સંતુલન, મજબૂતી અને સફળતા પ્રાપ્ત કરશે.

### ❖ બાળકોના માનસિક સ્વાસ્થ્ય અંગે પ્રધાનમંત્રીશ્રીનાં મંતવ્યો

"બાળકોની તુલના અન્ય બાળકો સાથે કરવાથી તેમનું માનસિક સ્વાસ્થ્ય નુકસાન પામે છે." - શ્રી નરેન્દ્ર મોદી ("પરીક્ષા પે ચર્ચા" *2024*)

પ્રધાનમંત્રીશ્રી માનસિક સ્વાસ્થ્યને બાળકોના સમગ્ર વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માને છે. તેમને વિશ્વાસ છે કે "આજનાં બાળકો આવતીકાલના ભારતના નિર્માતા છે" અને એથી તેમને શારીરિક, બૌદ્ધિક અને માનસિક રીતે મજબૂત બનાવવા અનિવાર્ય છે. મોદીજીએ 'પરીક્ષા પે ચર્ચા', 'મન કી બાત' અને શૈક્ષણિક કાર્યક્રમોમાં વારંવાર બાળકોના ભાવનાત્મક સ્વાસ્થ્યને મહત્ત્વ આપ્યું છે. તેઓ કહે છે: "તમારી લાગણીઓને દબાવશો નહીં; તેને તમારા મિત્રો અને પરિવાર સાથે વહેંચો."("પરીક્ષા પે ચર્ચા", 2024) તેમના દૃષ્ટિકોણ અનુસાર, બાળકો ઉપર જરૂર કરતાં વધુ અભ્યાસનું દબાણ ન મૂકવું જોઈએ. તેમને એવી જગ્યા આપવી જોઈએ જ્યાં તેઓ ખુલ્લે હૈયે પોતાની વાત કરી શકે. શિક્ષકો અને માતા-પિતાને એમની સાથે સંવાદ સાધવો જોઈએ, જેથી બાળકો માનસિક રીતે મજબૂત બને. મોદીજીનો વધુ એક મહત્ત્વનો સંદેશ એવો છે:"ઘરનું વાતાવરણ અને પરિવારની વાતચીત બાળકોના

માનસિક સ્વાસ્થ્ય માટે મહત્ત્વપૂર્ણ છે."(મન કી બાત, 2022)તેઓ માને છે કે જો ઘરમાં ઊર્જાસભર અને પ્રેમાળ વાતાવરણ હોય, તો બાળકોની અંદર આત્મવિશ્વાસ વધી શકે છે. તેમણે ટેક્નોલોજીનો સંતુલિત ઉપયોગ, નિયમિત દિનચર્યાઓ અને આરામદાયક વાતાવરણ તરફ દોરી જાય છે, જેથી બાળકો તણાવમુક્ત રહી શકે. આજે જ્યારે શાળાઓમાં શૈક્ષણિક સફળતા અને સ્પર્ધા પર ભાર છે, ત્યારે બાળકોના માનસિક સ્વાસ્થ્યને અવગણવું ખતરનાક છે. નરેન્દ્ર મોદીજીએ તેને ગંભીર મુદ્દો ગણાવી, એક સંકલિત પ્રયાસની જરૂરિયાત પર ભાર મૂક્યો છે જ્યાં શાળા, કુટુંબ અને સમાજ એકસાથે મળીને બાળકોના આનંદી અને તંદુરસ્ત મનના નિર્માણ માટે કાર્ય કરે. તેમનો **દૃ**ષ્ટિકોણ સ્પષ્ટ છે: માનસિક સ્વાસ્થ્ય ફક્ત તણાવથી બચવા માટે નહીં, પણ જીવન જીવવાની સકારાત્મક દૃષ્ટિ માટે જરૂરી છે. આવા વિચારો દ્વારા તેઓ નવી પેઢીને માત્ર ભણવા નહીં, પરંતુ સારી રીતે જીવવા માટે પ્રેરણા આપી રહ્યા છે.

21મી સદીના ભારત માટે સૌથી મૂલ્યવાન સંપત્તિ છે આપણાં બાળકો. તેઓ માત્ર પરિવારનો સમાજનો અને રાષ્ટ્રનો પણ આધારસ્તંભ છે. આજનું બાળક આવતીકાલનું નાગરિક છે, જેની વિચારસરણી, સંવેદના અને વ્યક્તિત્વને આધારે રાષ્ટ્રની દિશા નિર્ધારિત થવાની છે. તેથી બાળકોનો સર્વાંગી વિકાસ એ માત્ર વ્યક્તિગત જરૂરિયાત નહીં પરંતુ રાષ્ટ્રના ભવિષ્ય માટે પણ એક આવશ્યકતાનું રૂપ છે. સર્વાંગી વિકાસનો અર્થ છે  શારીરિક, બૌદ્ધિક, ભાવનાત્મક, સામાજિક અને નૈતિક વિકાસનો સમતોલ મેળ. આ વિકાસના હૃદયમાં આવેલું છે બાળકોનું માનસિક

સ્વાસ્થ્ય. માનસિક સ્વાસ્થ્ય એ એવી સ્થિતિ છે જેમાં બાળક પોતે જ પોતાના અંદર પોઝિટિવ લાગણીઓનો અનુભવ કરે, આત્મવિશ્વાસથી ભરપૂર હોય, તણાવ અને દબાણને હલ કરવા સક્ષમ બને અને અન્ય લોકો સાથે સ્વસ્થ સંબંધો બનાવી શકે. જો બાળકનો માનસિક પાયો મજબૂત હોય, તો એ શિક્ષણ, રમતગમત, કલાપ્રવૃત્તિઓ અને જીવનના દરેક ક્ષેત્રમાં પોતાનું શ્રેષ્ઠ આપવા શક્તિશાળી બની શકે છે.

આજના સમયમાં શિક્ષણપદ્ધતિ સ્પર્ધાત્મક બની ગઈ છે, સાથે સાથે, મોબાઇલ તેમજ સોશિયલ મીડિયાના વધતા પ્રભાવને કારણે બાળકોના જીવનમાં અનેક માનસિક પડકારો ઊભા થઈ રહ્યા છે. પરિવારમાં સંવાદની ઘટતી રીત, બાળકોના આંતરિક દુઃખો અને ખોટી સમજણ વચ્ચે એક ગૂંચવણ જેવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામે, અનેક બાળકો તણાવ, આત્મવિશ્વાસની ઊણપ અને કોમ્યુનિકેશન ગેપ જેવી સમસ્યાઓનો સામનો કરે છે. આવા સંજોગોમાં બાળકોના મનની સ્થિતિને યોગ્ય રીતે સમજી તેમને સમયસર યોગ્ય માર્ગદર્શન આપવું અત્યંત આવશ્યક બની ગયું છે. દેશના પ્રધાનમંત્રીશ્રીએ પણ પોતાના કાર્યક્રમો જેમ કે 'મન કી બાત' અને 'પરીક્ષા પે ચર્ચા'માં વારંવાર બાળકોના ભાવનાત્મક સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે બાળકો પર અપેક્ષાઓનો બોજ નાખવો અથવા તેમને અન્ય સાથે સરખાવવું, તેમની આત્મસન્માનની ભાવનાને હાનિ પહોંચાડી શકે છે. માતા-પિતાને તેમણે સલાહ આપી છે કે બાળકોને ધ્યાનપૂર્વક સાંભળો, તેમની લાગણીઓ સમજો અને તેમને એવી તૈયારી આપો કે તેઓ અસફળતાને પણ શાંતિ અને

આત્મવિશ્વાસ સાથે સ્વીકારી શકે. આ રીતે, બાળકના સમગ્ર વિકાસ માટે લાગણીસભર સમજૂતી અને સંવાદ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

આજના સમયમાં બાળકોના માનસિક સ્વાસ્થ્યને અગત્ય આપવું ખૂબ જરૂરી છે. દેશના પ્રધાનમંત્રીશ્રીએ પણ આ વિષય પર વારંવાર ધ્યાન ખેંચાવ્યું છે. તેમનું માનવું છે કે બાળકના શારીરિક અને ભાવનાત્મક વિકાસ સાથે તેનો માનસિક વિકાસ પણ એટલો જ મહત્ત્વનો છે. બાળકોમાં આત્મવિશ્વાસ, શાંતિ અને મજબૂત મનોબળ વધારવા માટે ઘર, શાળા અને સમાજ આ ત્રણેયની સાથે મળીને ભૂમિકા હોય છે. દરેક બાળકને પોતાની વાત કહી શકાય એવું વાતાવરણ મળવું જોઈએ, તેમને સમજવા માટે સૌમ્ય અને પ્રેમાળ વાતાવરણ હોવું જોઈએ અને તેમના અંદરના ગુણોને ઓળખી અને વધારવા તક મળવી જોઈએ. મોદીજી કહે છે કે જ્યારે બાળક શાંતિપૂર્વક અને સંતુલિત રીતે આગળ વધે છે, ત્યારે તે જીવનના દરેક ક્ષેત્રમાં વધુ સારી રીતે આગળ વધી શકે છે. જો ઘરમાં પ્રેમ હોય, શાળામાં સમજદારીભર્યો વાતચીતનો માહોલ હોય અને સમાજ તરફથી સ્વીકાર મળે, તો બાળક પોતાની અંદરની ક્ષમતા ઓળખી શકે છે અને વધુ સારું કરી શકે છે. આથી, જો આપણે ખરેખર એક નવીન અને શ્રેષ્ઠ ભારત બનાવવા ઇચ્છીએ, તો દરેક બાળકના મન સુધી પહોંચવું પડશે. તેના માટે ઘરથી લઈને શાળા અને આખા સમાજ સુધી મળીને કામ કરવું પડશે, જેથી બાળકો સુખી, નિર્ભય અને સમર્થ નાગરિક બની શકે.

### ❖ પરીક્ષાના તણાવ સામે યોગ અને માનસિક સ્વાસ્થ્યના કાર્યક્રમો લાભદાયી છે.

આજના યુગમાં શૈક્ષણિક પ્રગતિ અને સ્પર્ધાત્મકતાને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ પર શ્રેષ્ઠ પરિણામ લાવવા, ઉચ્ચ અંક મેળવવા અને ભવિષ્ય માટે યોગ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાની સતત દબાણભરી માનસિકતા રહેલી હોય છે. પરિણામે, વિદ્યાર્થીઓને પરીક્ષા નજીક આવે તેમ તેમ એક અજાણ્યો અંદરથી ઉદ્વેગ અને તણાવ અનુભવાય છે. આ તણાવ માત્ર શારીરિક થાક પૂરતો સીમિત નથી રહેતો, પરંતુ બાળકના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે. પરીક્ષાનું દબાણ બાળકોને એવી લાગણી આપે છે કે સફળતા એટલે બધું અને નિષ્ફળતા એટલે અંત. તેમને લાગે છે કે તેઓ માતા-પિતાની અપેક્ષાઓ, શિક્ષકોના માનદંડો અને સમાજના તુલનાત્મક ચશ્માંથી જોવાઈ રહ્યાં છે. આવા સંજોગોમાં તેમને તણાવ, નિરાશા, ગુમસુમપણું, આત્મવિશ્વાસની ખોટ અને કેટલીકવાર ઊંઘ, ભૂખ અને સ્વભાવમાં પણ ફેરફાર જોવા મળે છે. અત્યંત કઠિન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ આત્મહત્યાનો વિચાર પણ કરી બેસે છે જે સમાજ માટે ગંભીર ચેતવણી છે. માનસિક તણાવ સામે લડવા માટે માત્ર વિદ્યાર્થીઓ નહીં, પરંતુ માતા-પિતા, શિક્ષકો અને સમગ્ર શૈક્ષણિક પ્રણાલી સહભાગી બને એ અત્યંત આવશ્યક છે. પ્રધાનમંત્રીશ્રીએ પણ 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પોતાના તણાવથી મુક્ત થવા માટે, હળવી મનોવૃત્તિ અપનાવવા, સમય વ્યવસ્થાપન શીખવા અને પોતાની તુલના બીજા સાથે ન કરવાની સલાહ આપી છે. તેમનું

માનવું છે કે પરીક્ષા એ માત્ર ક્ષમતા માપવાની રીત છે, જીવનનો અંત નથી.

અત્યારે આપણા માટે જરૂરિયાત છે કે આપણે બાળકોને ફક્ત અભ્યાસમાં જ નહીં, પણ અંદરથી પણ મજબૂત બનાવીએ. તેનો અર્થ એ છે કે આપણે તેમના મન અને લાગણીઓની પણ સાચી કાળજી રાખવી જોઈએ. જીવનમાં સફળ થવા માટે ફક્ત માર્કશીટ નહીં, પણ નસીબમાં નિષ્ફળતાઓ આવવી અને એમાંથી શીખીને આગળ વધવું પણ જરૂરી છે. સાચું શિક્ષણ એ છે જે બાળકોને આ બધું સમજાવે. મોદીજીએ પણ ઘણીવાર કહ્યું છે કે પરીક્ષાનું દબાણ બાળકોનાં મન અને શરીર પર ખરાબ અસર કરી શકે છે. તેમનું માનવું છે કે બાળકોની ખુશી અને મનની શાંતિ, માર્ક્સથી વધુ મહત્ત્વપૂર્ણ છે. આપણે બાળકોને સમજાવવું જોઈએ કે પરીક્ષાનાં પરિણામો માત્ર નંબર નથી. એથી તેમનો આત્મવિશ્વાસ તૂટવો ન જોઈએ. પરીક્ષાઓ એ શિક્ષણની સાથે તેમની અન્ય ગુણવત્તાઓ, જેમ કે સમયનું સંચાલન અને મનની શાંતિ જાળવવી, તેની પણ કસોટી છે. બાળકોને ભણાવતાં ભણાવતાં માનસિક રીતે પણ મજબૂત બનાવીએ એજ સાચી દિશામાં ઉદ્દેશ્યપૂર્ણ શિક્ષણ છે.

યોગ અને ધ્યાન ભારતની પૌરાણિક વિદ્યાઓમાંથી ઉદ્ભવેલા એવો અમૂલ્ય વારસો છે, જેણે આખી દુનિયાને શારીરિક, માનસિક અને આત્મિક સંતુલન મેળવવાની દિશા બતાવી છે. આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીએ આંતરરાષ્ટ્રીય સ્તરે યોગના પ્રચાર અને પ્રસાર માટે નોંધપાત્ર પ્રયત્નો કર્યા છે. તેઓ માને છે કે “યોગ માત્ર કસરત નથી, યોગ એક જીવનશૈલી છે, એક સંસ્કૃતિ

છે, એક આત્મચેતનાની યાત્રા છે." પ્રધાનમંત્રીજીના પ્રયાસોને પરિણામે 21મી જૂનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે આખી દુનિયા ઊજવે છે. તેમના મંતવ્યો પ્રમાણે, યોગ મનુષ્યને માત્ર શારીરિક રીતે તંદુરસ્ત નથી બનાવતો, પરંતુ તે વ્યક્તિના મનને શાંત, ચિંતામુક્ત અને એકાગ્ર બનાવે છે. આજના યુગમાં જ્યારે લોકો તણાવ, ચિંતા અને ધમપછાડાવાળું જીવન જીવી રહ્યા છે, ત્યારે યોગ અને ધ્યાન તેમને આંતરિક શાંતિ, માનસિક સ્થિરતા અને જીવનમાં સંયમનો માર્ગ પ્રદાન કરે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, યુવાનો અને નોકરીયાત વર્ગ માટે યોગ અને ધ્યાન રોજિંદા જીવનમાં અપનાવવા મહત્ત્વ આપવું જોઈએ. મોદીજીએ 'મન કી બાત' અને યુ.એન.માં પોતાના સંબોધનોમાં વિશ્વસમુદાયને યોગના વૈશ્વિક લાભોની જાણ કરી છે અને ભારતની યોગ પરંપરાને ગૌરવ સાથે જગત સમક્ષ રજૂ કરી છે. તેમના મંતવ્યો અનુસાર, "યોગ એ કવાયત નથી, યોગ એ સમરસતા તરફનો રસ્તો છે, જ્યાં શરીર, મન અને આત્મા એકરૂપ બને છે."

નરેન્દ્ર મોદીજીના મતે, યોગ અને ધ્યાન એ માત્ર તંદુરસ્તી જાળવવાનું સાધન નથી, પણ જીવનને ઊંડાણથી સમજવા અને જીવવા માટેનો પથ છે. તેઓ માને છે કે યોગ માનવજાતને પોતાનું આંતરિક સ્વરૂપ જાણવામાં અને બહારના વિશ્વ સાથે સંતુલન સ્થાપિત કરવામાં મદદ કરે છે. બાળકોના માનસિક વિકાસ માટે યોગ અને ધ્યાનને તેઓ અત્યંત અગત્યનું માને છે. તેમના જણાવ્યા પ્રમાણે, બાળકો યોગ અને ધ્યાન દ્વારા તણાવને દૂર કરી શકે છે અને ચિત્ત વધુ એકાગ્ર બની શકે છે. આનું

અનુસંધાન તેઓના શિક્ષણ અને જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ સ્પષ્ટપણે દેખાય છે. મોદીજી માને છે કે યોગ માત્ર શરીર માટે લાભદાયક નથી, પરંતુ તે બાળકોને માનસિક અને ભાવનાત્મક રીતે પણ મજબૂત બનાવે છે. યોગ દ્વારા બાળકો તેમની લાગણીઓ ઓળખી શકે છે અને તેમને યોગ્ય રીતે સંભાળી શકે છે, જેનાથી જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરે ત્યારે તેઓ વધુ સંયમિત અને સશક્ત રહે છે. નરેન્દ્ર મોદીજીનું માનવું છે કે યોગ અને ધ્યાન બાળકોમાં સંતુલિત વ્યક્તિત્વ અને દૃઢ માનસિકતા વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

માનસિક સ્વાસ્થ્ય એ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે એટલું જ મહત્વનું છે જેટલું શારીરિક તંદુરસ્તી. ખાસ કરીને બાળકોના જીવનમાં જ્યારે તેઓ શીખવાના, સમજવાના અને સમાજ સાથે જોડાવાના આરંભિક તબક્કામાં હોય છે, ત્યારે તેમનું માનસિક સ્વાસ્થ્ય વધુ સુસંવેદનશીલ હોય છે. ભારતના પ્રધાનમંત્રીશ્રીએ બાળકોના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતાં અનેક પ્રયાસો હાથ ધર્યા છે. તેઓ વારંવાર આ વાત કહી ચૂક્યા છે કે આજે આપણે માત્ર અંક કે પરિણામ નહીં, પરંતુ સંતુલિત અને સ્વસ્થ માનસિકતા ધરાવતી પેઢી તૈયાર કરવા પર ધ્યાન આપવું જોઈએ. મોદીજીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા કેટલાક મહત્ત્વના કાર્યક્રમો, જેમ કે "પરીક્ષા પે ચર્ચા", "મન કી બાત"માં વિદ્યાર્થીઓ સાથે સંવાદ, અને "ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ"ના અંતર્ગત લાગુ થયેલા શાળાકીય મેન્ટલ વેલનેસ કાર્યક્રમો, બાળકોના માનસિક આરોગ્ય માટે નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. તેમણે "ટેકનોલોજીનો સંતુલિત ઉપયોગ",

"ફેમિલી ટાઈમ" અને "પોઝિટિવ થિંકિંગ" જેવા મુદ્દાઓ પર બાળકો, માતા-પિતા અને શિક્ષકોને સતત જાગૃત કર્યા છે. મોદીજી માને છે કે બાળકને સુખી અને મજબૂત નાગરિકમાં વિકસાવવા માટે તેને માત્ર શિખવણી નહિ, પણ સંવાદ, સમજણ અને સાચા સમયે સાચી સહાયની જરૂર હોય છે. તેમનો દૃષ્ટિકોણ છે કે, જો બાળકના મન પર તણાવ છે, તો શીખવાનું અને જીવવાનું બંને મુશ્કેલ બને છે એટલે શિક્ષણ સાથે માનસિક શક્તિનું પોષણ પણ અનિવાર્ય છે. તેથી આજે જ્યારે સમગ્ર વિશ્વમાં બાળકના ભાવનાત્મક વિકાસ માટે નવા પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે ભારતના પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં બાળકો માટે ચાલતા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમો એક **દૃઢ** અને વ્યાપક દિશા તરફ આગળ વધી રહ્યા છે, જે આત્મવિશ્વાસથી ભરપૂર અને સંતુલિત પેઢી તૈયાર કરવામાં સહાયરૂપ બનશે.

### ❖ બાળકોના માનસિક સ્વાસ્થ્યમાં સોશિયલ મીડિયા અને પરિવારની ભૂમિકા.

21મી સદીના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા હવે બાળકોના જીવનનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો બની ગયો છે. આ પ્લેટફોર્મ્સ દ્વારા બાળકોને માહિતી મેળવવા, પોતાની વાત જણાવવા અને દૂરસ્થ લોકો સાથે જોડાવાનું એક સરળ માધ્યમ મળ્યું છે. જો કે, બાળકો સતત સોશિયલ મીડિયા પર સમય પસાર કરે, તો તેનો ખરાબ પ્રભાવ તેમના મન પર પડી શકે છે. પ્રધાનમંત્રીશ્રીએ પણ ઘણા વખતથી આ મુદ્દા પર ધ્યાન આપ્યું છે. તેઓ કહે છે કે ટેક્નોલોજી ખરેખર ફાયદાકારક છે, પણ તેનો

યોગ્ય અને સાવચેતીપૂર્વક ઉપયોગ કરવો ખૂબ જ જરૂરી છે, ખાસ કરીને બાળકો માટે. 'પરીક્ષા પે ચર્ચા', 'મન કી બાત' અને અન્ય કાર્યોમાં તેમણે સ્પષ્ટ કહ્યું છે કે સોશિયલ મીડિયા બાળકોમાં તણાવ, મનની અસ્વીકૃતિ અને આત્મવિશ્વાસની અછત જેવી સમસ્યાઓ ઊભી કરી શકે છે. મોદીજી માને છે કે બાળકોને ટેક્નોલોજીથી દૂર ન કરવાં જોઈએ, પરંતુ તેમને સમજદારીથી તેનો ઉપયોગ શીખવવો જોઈએ. જો બાળકો સોશિયલ મીડિયાનો ઉપયોગ સકારાત્મક રીતે કરે, જેમ કે નવી વસ્તુ શીખવા, ક્રિએટિવિટી વિકસાવવા અને જ્ઞાન મેળવવા માટે તો તેનો લાભ તેમના ભવિષ્ય માટે પણ સારો સાબિત થઈ શકે છે. આથી, હવે જરૂરી છે કે માતા-પિતા, શિક્ષકો અને સમગ્ર સમાજ સાથે મળીને એવું વાતાવરણ ઊભું કરે જેમાં બાળકો સોશિયલ મીડિયાનો સજાગ અને સંતુલિત ઉપયોગ શીખે. આ રીતે તેઓ ટેક્નોલોજીથી પણ જોડાયેલાં રહેશે અને પોતાના મનની શાંતિ અને સંતુલન પણ જાળવી શકે.

આજના ડિજિટલ યુગમાં, સોશિયલ મીડિયાએ બાળકોના જીવનમાં એક નવું પરિમાણ ઉમેર્યું છે. મોદીજીએ બાળકોને સોશિયલ મીડિયાનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની સલાહ આપી છે જેથી તેની માનસિક સ્થિતિ પર અસર ન પડે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે બાળકોને ઓનલાઈન સુરક્ષિત રહેવા અને માહિતી કાળજીપૂર્વક શેર કરવા અંગે જાગૃત કરવાં જોઈએ. સોશિયલ મીડિયાનો સકારાત્મક ઉપયોગ બાળકોના માનસિક વિકાસમાં મદદરૂપ થઈ શકે છે, પરંતુ તેનો ખોટો ઉપયોગ માનસિક તણાવ અને આત્મ-શંકા જેવી સમસ્યાઓ તરફ

દોરી શકે છે. બાળકના જીવનમાં પરિવાર એ પ્રથમ શાળા છે જ્યાં તે જીવનનાં પ્રથમ પાઠ શીખે છે. તે બાળકોના માનસિક અને ભાવનાત્મક વિકાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે. આપણા દેશના પ્રધાનમંત્રીશ્રીએ પણ ઘણીવાર સ્પષ્ટ કર્યું છે કે બાળકની સુખાકારી અને માનસિક સ્વાસ્થ્યમાં પરિવારનું પ્રોત્સાહન, પ્રેમ અને સમજદારીભર્યું વલણ મુખ્ય કડી છે. મોદીજીના મતે, પરિવારમાં પ્રેમપૂર્ણ વાતાવરણ, સહનશીલતા અને સહયોગી સંબંધ હોવા જોઈએ, જેથી બાળક પોતાની લાગણીઓ ખુલ્લેઆમ વ્યક્ત કરી શકે અને મનમાં ઊભા થતા સંશયો અને તણાવોને દૂર કરી શકે. તેઓ કહે છે કે એક બાળક પર અત્યંત અપેક્ષાઓનું દબાણ, તુલનાત્મક વિચારસરણી અને સખ્ત શિસ્તના માહોલમાં તે સ્વસ્થ રીતે વિકસિત નહીં થઈ શકે. બાળકને માનસિક રીતે મજબૂત બનાવવા માટે પરિવારજનો દ્વારા સમજણ અને સમર્થન આપવું અનિવાર્ય છે.

મોદીજી એ ‘મન કી બાત’ અને ‘પરીક્ષા પે ચર્ચા’ જેવા કાર્યક્રમોમાં પણ કહ્યું છે કે, માતા-પિતા કે વાલીઓએ બાળકો સાથે મિત્રતા જેવી લાગણી જાળવી અને તેમને એકંદર જીવનમાં સાચાં મૂલ્યો અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રોત્સાહિત કરવાં જોઈએ. એક સુખદ અને સમર્થનસભર પરિવાર જાહેર વાતાવરણ બાળકને આજીવન સફળ અને સ્વસ્થ માનસિકતા સાથે જીવન જીવવા માટે મજબૂત પાયો આપે છે. પ્રધાનમંત્રીશ્રીના આ દૃષ્ટિકોણ અનુસાર, પરિવારજનોમાં સકારાત્મક, પ્રેમભર્યું અને સમજદારીભર્યું વાતાવરણ જ બાળમનોરોગોથી અટકાવ માટે શ્રેષ્ઠ ઉપાય છે. નરેન્દ્ર મોદીજીના

મતે, બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે સૌથી વધુ મહત્ત્વપૂર્ણ પાયા તરીકે પરિવારની ભૂમિકા સામે આવે છે. બાળક કઈ રીતે વિચારે છે, દુનિયાને કેવી રીતે જુએ છે અને મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરે છે  આ બધું મોટા ભાગે તેના ઘરના વાતાવરણ પર આધાર રાખે છે. મોદીજીનું માનવું છે કે માતા-પિતાએ બાળકોની લાગણીઓ સમજીને તેમને સહાનુભૂતિપૂર્વક સાંભળવાં જોઈએ. જ્યારે બાળકોને એમ લાગે કે તેમના વિચારો અને લાગણીઓનું માન રાખવામાં આવે છે, ત્યારે તેઓ આત્મવિશ્વાસથી ભરપૂર બને છે અને આંતરિક રીતે વધુ મજબૂત બને છે. મોદીજી ઘણી વખત એ વાત પર ભાર મૂકતા આવ્યા છે કે બાળકોના સારા વિકાસ માટે પ્રેમભર્યું, સમજદારીયુક્ત અને ખુશનુમા વાતાવરણ જરૂરી છે  ઘરેલું અને શાળામાં બન્ને જગ્યાએ. તેમના મતે, જ્યારે બાળકને એવી જગ્યા મળે છે જ્યાં તે નિર્ભયપણે પોતાના વિચારો વ્યક્ત કરી શકે, ત્રુટિઓમાંથી શીખી શકે અને નિષ્ફળતાઓને પણ નવા અવસરમાં રૂપાંતરિત કરી શકે, ત્યારે તેનું વ્યક્તિત્વ સંપૂર્ણ રીતે ખીલતું જાય છે. ‘પરીક્ષા પે ચર્ચા’, ‘મન કી બાત’ અને વિવિધ શિક્ષણ સંબોધનોમાં મોદીજી વારંવાર આ વાતે જોર આપતા રહ્યા છે કે બાળકોની તુલના કરવાને બદલે તેમને સમજવાં જોઈએ. જ્યારે માતા-પિતા અને શિક્ષકો સહકાર અને સમજ સાથે બાળમનને સાચવે છે, ત્યારે બાળકનો આત્મવિશ્વાસ વધી શકે છે. બીજી તરફ, સતત દબાણ અને અપેક્ષાઓનું બોજ બાળકને અંદરથી તોડી શકે છે.

બાળકોમાં સમજશક્તિ, સર્જનાત્મકતા, સહાનુભૂતિ અને આત્મવિશ્વાસનો વિકાસ ત્યારે જ થાય છે, જ્યારે તેમને મુક્તપણે

વિચાર વ્યક્ત કરવાની, ભૂલોમાંથી શીખવાની અને નવી વસ્તુઓ અજમાવાની તકો મળે. નરેન્દ્ર મોદીજીએ શૈક્ષણિક તંત્ર માટે એવી દૃષ્ટિ રજૂ કરી છે કે જેમાં અભ્યાસ માત્ર પુસ્તકોની હદ સુધી મર્યાદિત ન રહે, પણ જીવન જીવવાની કળા પણ બાળકો શીખી શકે. તેમનું માનવું છે કે બાળમાનસ માટે સૌથી મોટી તાકાત સકારાત્મક અને સમજૂતીભર્યું વાતાવરણ છે. મોદીજી કહે છે કે આજના ઝડપી પરિવર્તનશીલ સમયમાં જરૂરી છે કે બાળકોને એવી જગ્યા મળે જ્યાં તેઓ પોતાના ભાવો ખુલ્લેઆમ વ્યક્ત કરી શકે. તેમના સંદેશનો મુખ્ય મર્મ એવો છે કે બાળક માટે પરિપૂર્ણ વાતાવરણ એ તેની વિકાસયાત્રાનો આધારસ્તંભ છે. ઘરમાં પ્રેમ અને શાળામાં ઉત્સાહવર્ધક શૈક્ષણિક વાતાવરણ મળતું રહે તો બાળક પોતાનું મન ખૂલ્લું રાખીને વિચારી શકે છે, નવી દિશાઓ શોધે છે અને જીવન તરફ સકારાત્મક **દૃ**ષ્ટિ વિકસાવે છે. તેથી આપણે સૌએ મળીને એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ જ્યાં દરેક બાળક સંવેદનશીલતા, આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતાથી ભરપૂર જીવન જીવી શકે.

# 7. પર્યાવરણ પ્રત્યે પ્રેમ : બાળમનથી રાષ્ટ્રમન સુધી

પર્યાવરણ માનવજીવન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આપણે શ્વાસ લઈએ તે હવા, પીવાનું પાણી અને ખાવા માટેની ખોરાક તમામ પર્યાવરણ પર જ આધાર રાખે છે. આજકાલ પ્રદૂષણ, કુદરતી સંસાધનોનો અતિ ઉપયોગ અને જૈવવૈવિધ્યની હાનિ જેવી સમસ્યાઓ વિશ્વભરમાં વધી રહી છે. આવા સમયે આપણા દેશના પ્રધાનમંત્રીશ્રીએ પર્યાવરણીય રક્ષા માટે અનેક પગલાં લીધાં છે. તેમણે ખાસ કરીને બાળકો અને યુવાનોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો આગ્રહ રાખ્યો છે. તેઓ માને છે કે, "બાળકોમાં નાનપણથી પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને સંરક્ષણની ભાવના કેળવવી જોઈએ. તેમના સાથથી જ દેશને એક સ્વચ્છ અને હરિયાળું ભવિષ્ય મળશે." ("મન કી બાત", 15 જૂન, 2019 ) આ વિચારોના આધારે તેમણે અનેક કાર્યક્રમો અને અભિયાન શરૂ કર્યાં છે, જેનો ઉદ્દેશ્ય ભવિષ્યની પેઢીને પર્યાવરણની મહત્તા સમજાવવાનો છે. આજે જ્યારે આપણે વિકાસ તરફ આગળ વધી રહ્યા છીએ, ત્યારે પર્યાવરણનું રક્ષણ એ આપણી સૌની જવાબદારી બની ગઈ છે.

આજનાં બાળકો આવતીકાલના નાગરિક છે. અને તેથી તેઓને શરૂઆતથી જ  પર્યાવરણના મહત્ત્વ અને તેના રક્ષણની સમજ આપવી અત્યંત આવશ્યક છે. તેમના ભારતના પ્રધાનમંત્રી

બન્યા પછી અનેક એવી યોજનાઓની શરૂઆત કરી જે બાળકો અને યુવાઓને પર્યાવરણના મુદ્દે સક્રિય બનાવે. "સ્વચ્છ ભારત અભિયાન" એ માત્ર સફાઈ સુધી મર્યાદિત નહીં રહ્યો, પણ આ અભિયાનએ વ્યાપક રૂપ ધારણ કર્યું. દેશના દરેક ભાગમાં સ્કૂલોમાં સ્વચ્છતા અંગેના કાર્યક્રમો યોજાયા, બાળકોને પત્રો લખવા માટે પ્રોત્સાહન મળ્યું, અને સ્વચ્છતા ક્વિઝ, ચિત્ર સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિઓથી તેમને જોડવામાં આવ્યાં. તેમજ નરેન્દ્ર મોદીજીએ ‘મન કી બાત’માં વારંવાર એવાં બાળકો અને યુવાઓનું ઉદાહરણ આપ્યું છે જેમણે પોતાના ગામ કે શાળામાં પર્યાવરણ માટે આગવી કામગીરી કરી હોય. આ રીતે તેમણે એવાં બાળકોને રાષ્ટ્રીય સ્તરે ઓળખ આપી અને અન્યને પણ પ્રેરણા આપી. સામાન્ય રીતે વર્ગખંડો સુધી મર્યાદિત રહેતી શિક્ષણપ્રણાલીને પર્યાવરણપ્રેમી વિચારસરણી તરફ દોરી જતી ઘણી પ્રવૃત્તિઓ આજે દેશભરમાં શાળાઓમાં થવા લાગી છે. વિદ્યાર્થીઓ હવે માત્ર પુસ્તક સુધી સીમિત નથી, પણ વૃક્ષારોપણ, તળાવ સફાઈ, પ્લાસ્ટિક પ્રતિબંધના અભિયાન જેવાં કાર્યોમાં પણ ભાગ લઈ રહ્યાં છે. નરેન્દ્ર મોદીજીએ 2014માં શરૂ કરેલા "સ્વચ્છ ભારત અભિયાન" દ્વારા દેશવ્યાપી સ્વચ્છતા ચળવળ ઊભી કરી. આ અભિયાનમાં સ્કૂલો અને બાળકોને જોડીને તેઓમાં સફાઇ અને સ્વચ્છ જીવનશૈલી અંગે જાગૃતિ ફેલાવવામાં આવી. તેમનું માનવું છે કે સફાઈ એ માત્ર આરોગ્ય માટે નહીં પણ પર્યાવરણ માટે પણ જરૂરી છે. તેમણે પ્લાસ્ટિકમુક્ત ભારત, વૃક્ષારોપણ અને પાણી બચાવવાના સંદેશો આપીને બાળકોમાં પર્યાવરણીય સંવેદનશીલતા ઊભી કરવા પ્રયાસ કર્યો છે.

નરેન્દ્ર મોદીજી એ "LiFE – Lifestyle for Environment" નામે એક મહત્ત્વપૂર્ણ અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય એવો છે કે લોકો રોજિંદી જીવનશૈલીમાં એવી ટેવો અપનાવે કે જેના કારણે પર્યાવરણને નુકસાન ન થાય. ખાસ કરીને બાળકોને શરૂઆતથી જ પર્યાવરણ માટે ઉપયોગી ટેવો શીખવવા પર ભાર મૂકવામાં આવે છે. બાળકોને સમજાવવામાં આવે છે કે નાની નાની ટેવો, જેમ કે વપરાશ પછી પાણીનો નળ બંધ કરવો, વસ્ત્રોનો જથ્થાબંધ વપરાશ ન કરવો, ખોરાક બગાડવો નહીં, અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવો, આ બધું પર્યાવરણ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આવી ટેવો તેમના વ્યક્તિત્વનો ભાગ બની જાય તો તેઓ જવાબદાર નાગરિક બની શકે.

સરકાર શાળાઓ અને કોલેજોમાં પણ વિવિધ પર્યાવરણ સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. તેમાં વૃક્ષારોપણ, નિબંધ સ્પર્ધાઓ, દૃશ્યપ્રદર્શન અને પર્યાવરણીય વિષયોની ચર્ચાઓ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. બાળકો આવા કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને પર્યાવરણ વિશે વધુ જાગૃત બને છે. મોદીજીનો દૃષ્ટિકોણ એવો છે કે પર્યાવરણની રક્ષા માટે સરકાર પર આધાર રાખવો નહીં જોઈએ, પણ દરેક નાગરિક પોતે જ સચેત બનવો જોઈએ. તેથી તેમણે આ અભિયાનને લોકચળવળમાં ફેરવવાનું કાર્ય કર્યું છે. "મિશન LiFE" હવે માત્ર અભિયાન નથી રહ્યું, પણ દેશના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનો એક મજબૂત પાયો બની રહ્યું છે. આ પ્રયાસો માત્ર ભારત માટે જ નહીં, પરંતુ આખા વિશ્વ માટે પ્રેરણાદાયક છે. બાળકોમાં

પર્યાવરણીય જાગૃતિ જગાવવાથી ટેકનીકલ જીવનશૈલી વિકસે છે, જે ભવિષ્યમાં એક સ્વચ્છ અને સજીવ પૃથ્વી બનાવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

### ❖ પ્રકૃતિ સાથેના પ્રેમનું બીજ બાળપણમાં જ વાવવું

પ્રકૃતિ અને પર્યાવરણ માત્ર વૈજ્ઞાનિક કે રાજકીય મુદ્દાઓ નહીં, પણ તે સંસ્કૃતિ અને સંવેદનાની ઊંડાઈથી સંકળાયેલા વિષયો છે. ભારતના પ્રધાનમંત્રીશ્રીની દૃષ્ટિએ પર્યાવરણ સાથેનો સંબંધ એ માત્ર નીતિની બાબત નથી, પણ એક જીવનશૈલી છે, એક સંસ્કાર છે. તેઓ વારંવાર આ વાત પર ભાર મૂકતા આવ્યા છે કે જો આપણે આગળની પેઢીને સાચા અર્થમાં પર્યાવરણપ્રેમી બનાવવી છે, તો તે માટે શાળાની પાઠશાળામાંથી જ નહીં, પણ ઘરની સંસ્કારશાળામાંથી પણ શિક્ષણ આપવું પડશે. મોદીજીનું માનવું છે કે પર્યાવરણ સંરક્ષણ એ શીખવાનો વિષય નથી, પણ જીવનમાં ઉતારવાનો ગુણ છે. તેથી તેઓ બાળકપણથી જ બાળકોમાં પર્યાવરણીય જાગૃતિ અને પ્રેમ કેળવવાના પક્ષમાં છે. જેમ બાળક ચાલતાં શીખે છે, તે જ રીતે જો તે પ્રકૃતિ સાથે જીવતાં શીખશે, તો પર્યાવરણ પ્રત્યે તેમનું સબંધ માત્ર પુસ્તકો પૂરતું નહીં, પણ હૃદયપૂર્વકનું હશે. તેમનો દૃષ્ટિકોણ એ છે કે નાનાં પગલાં દ્વારા મોટાં પરિવર્તન લાવી શકાય. તેઓ પાણીનો વ્યય અટકાવવો, વાવેતર કરવું, ઊર્જાની બચત કરવી, અને પ્લાસ્ટિક ટાળવા જેવા દૈનિક જીવનનાં કાર્યોમાં બાળકોની ભાગીદારી જોઈ રહ્યા છે. એમનું કહેવું છે કે, પ્રકૃતિ સાથે જોડાવું એ માત્ર શારીરિક નહિ, પણ એક આધ્યાત્મિક અનુભવ છે, અને આવા અનુભવો બાળકને નાનપણથી જ મળવા જોઈએ.

નરેન્દ્ર મોદીજીની દૃષ્ટિએ, બાળકોમાં નાનપણથી જ પર્યાવરણ પ્રત્યે પ્રેમ, સંવેદના અને જવાબદારીના ભાવો ઊભા કરવા અત્યંત જરૂરી છે. તેઓ માને છે કે જો બાળક પ્રકૃતિને મિત્ર સમજે છે, તો તે આખું જીવન પર્યાવરણના રક્ષણ માટે પ્રતિબદ્ધ રહી શકે છે. આ દૃષ્ટિકોણથી જુઓ તો પર્યાવરણીય સંસ્કાર માત્ર શિક્ષણનો વિષય નથી, પણ એક જીવંત જીવનમૂલ્ય છે જેનું ઘડતર બાળપણથી જ થવું જોઈએ. જો કોઈ બાળક નાનપણથી જ વૃક્ષો સાથે સ્નેહ રાખે, પશુપંખીઓ પ્રત્યે કરુણા અનુભવતો થઈ જાય અને જમીન-પાણી સાથે લાગણીપૂર્ણ સંબંધ બાંધે, તો તે બાળક આગળ જતાં માત્ર કુદરતનો સંરક્ષક નહીં રહે, પણ ટકાઉ વિકાસ માટે જવાબદાર નાગરિક બની શકે છે. આ વિચારધારાને આધારે નરેન્દ્ર મોદીજીની આગેવાનીમાં કેન્દ્ર સરકારે શૈક્ષણિક સ્તરે પર્યાવરણ અંગેની જાગૃતિ વધારવાના પગલાં લીધાં છે. શાળાઓમાં પર્યાવરણીય અભ્યાસક્રમને પ્રોત્સાહન મળ્યું છે અને બાળકોમાં કાર્યાત્મક અભ્યાસ દ્વારા પર્યાવરણીય મૂલ્યો ઊંડા ઉતારવામાં આવ્યાં છે. “સ્વચ્છ ભારત અભિયાન”, “પ્લાસ્ટિક મુક્ત ભારત” અને “મિશન LiFE” જેવા પગલાંઓ બાળકોને માત્ર પુસ્તકીયું જ્ઞાન નહીં, પણ કાર્યો દ્વારા શીખવાનો માર્ગ આપે છે. બાળક પોતે વૃક્ષ રોપે, પાણી બચાવવાનું મહત્ત્વ સમજે અને નૈતિક જવાબદારીની ભાવના વિકસાવે એ છે સાચી શિક્ષણપ્રણાલી. આ અભિગમ માત્ર પર્યાવરણ માટે જ નહીં, પણ ભારતના સમૃદ્ધ ભવિષ્ય માટે પાયાની જેમ કાર્ય કરે છે. આજે, જ્યારે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિકાસે ભૌતિક સુખસુવિધાઓમાં વૃદ્ધિ કરી છે, ત્યારે પર્યાવરણ પર તેનું બોજ પણ વધ્યું છે. હવા પ્રદૂષણ, પાણીની અછત અને જૈવિક વૈવિધ્યનો ખોટો નાશ જેવી

સમસ્યાઓ વિકટ બની છે. આવી પરિસ્થિતિઓમાં સૌથી અસરકારક ઉકેલ છે  બાળકમાં નાનપણથી પર્યાવરણ માટે સંવેદનશીલતા જાગૃત કરવી. જયાંથી ઉદ્ભવ થાય છે એક નવી પેઢી પ્રકૃતિપ્રેમી, જવાબદાર અને વિચારશીલ નાગરિકોની.

## ❖ બાળશક્તિ દ્વારા ટકાઉ ભવિષ્યનું નિર્માણ

નરેન્દ્ર મોદીજી માને છે કે, "બાળકોમાં પર્યાવરણની સંરક્ષા માટેની ભાવના કેળવવી એ દેશના ટકાઉ ભવિષ્ય માટે સૌથી જરૂરી કામ છે" (મન કી બાત, 2 ફેબ્રુઆરી, 2020). તેમના દૃષ્ટિકોણ મુજબ, ટકાઉ વિકાસ એટલે એવો વિકાસ કે "જેમા આજની જરૂરિયાતો પૂરી પાડી શકાય, પણ ભવિષ્યની પેઢી માટે સંસાધનોની અછત ઊભી ન થાય" એવું શક્ય ત્યારે જ બને જ્યારે સમાજનાં નાગરિકો પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બને  અને એ ઘડતર બાળપણથીજ થાય. તેઓ સ્પષ્ટપણે કહે છે કે "જો બાળક નાનપણથી જ કુદરતી સંસાધનોનું મૂલ્ય સમજે, પાણી અને વીજળી બચાવવાનું શીખે, અને વૃક્ષોને પોતાની માલિકી નહીં પણ મિત્રો તરીકે જુએ તો આવતીકાલે દેશ માટે નીતિઓ કરતાં પણ વધુ અસરકારક નાગરિકો ઊભા થઈ શકે." મોદીજીના મતે, બાળકોએ માત્ર પુસ્તકમાં પર્યાવરણનો અભ્યાસ ન કરવો જોઈએ, પરંતુ "તેમનું યથાર્થમાં અનુસરણ પણ કરવું જોઈએ", જેથી શાળાથી જ ટકાઉ જીવનશૈલીનો આરંભ થાય. તેઓ કહે છે કે "જ્યારે બાળક શાળાથી જ પ્લાસ્ટિકનો ત્યાગ, વીજળી-પાણીનો યોગ્ય ઉપયોગ અને હરિત વિકલ્પોને સ્વીકારી જીવન જીવવા શીખે છે, ત્યારે સમાજ પરિવર્તન તરફ સ્વયં આગળ વધે છે." આજના યુગમાં, જ્યારે "વિજ્ઞાન, ટેકનોલોજી અને ઉદ્યોગ

વિકસતાં જાય છે, ત્યારે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન સાધવું સૌથી મોટું આહ્વાન બની ગયું છે", ત્યારે મોદીજી માને છે કે "સાચા અર્થમાં ભવિષ્ય ઘડવું હોય તો તેને બાળમનથી શરૂ કરવું પડશે." પ્રધાનમંત્રીશ્રી વારંવાર વ્યક્ત કરે છે કે ટકાઉ વિકાસ માટેની સચોટ શરૂઆત શાળાની પાઠશાળામાંથી થાય છે, જ્યાં બાળક માત્ર પાઠ ભણે નહીં, પણ જીવન માટે આવશ્યક મૂલ્યો શીખે, જેમ કે કુદરતી સંપત્તિઓનો સજાગ ઉપયોગ, ઊર્જા બચત અને સાદી જીવનશૈલી. જેમ જેમ દુનિયાના મંચો પર પર્યાવરણ અને વિકાસની ચર્ચાઓ થાય છે, તેમ તેમ સ્પષ્ટ થાય છે કે ટકાઉ વિકાસ માટે માત્ર નીતિઓ નહિ, પણ માનસિકતા બદલવાની જરૂર છે. અને આ બદલાવની શરૂઆત ત્યારે શક્ય છે જ્યારે બાળકોમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને સંવેદના બાળપણથી જ પ્રેરાઈ રહી હોય. તો આપણે વિચારશું કે બાળશક્તિ કેવી રીતે ટકાઉ વિકાસના વાહક બની શકે છે, અને મોદી સરકારના અભિગમ હેઠળ તેમને આ દિશામાં કેવી રીતે ઘડવામાં આવી રહ્યા છે.

ટકાઉ વિકાસ એ કોઈ એક સરકાર કે નીતિથી નિર્માણ પામતું વિઝન નથી; તે તો એક એવી વિચારધારા છે, જે માનસિકતા અને જીવનમૂલ્યોના આધારે ઊભી થાય છે. જ્યારે એક બાળક પોતાને “પૃથ્વીના સંરક્ષક” તરીકે ઓળખે છે, ત્યારે તે માત્ર કુદરત માટે નહીં, પણ સમગ્ર સમાજ માટે ભવિષ્યના સશક્ત નાગરિક તરીકે ઘડાય છે. એટલે જ જો આપણે ખરો પર્યાવરણપ્રેમી અને ટકાઉ સમાજ ઊભો કરવો હોય, તો શરૂઆત બાળમનમાં આ સંસ્કાર વાવવાથી જ કરવી પડશે. નરેન્દ્ર મોદીજીની દૃષ્ટિએ,

પર્યાવરણ કોઈ વૈજ્ઞાનિક સંકટ કે રાજકીય એજન્ડા નહીં, પરંતુ એક જીવનશૈલી છે, એવી સંસ્કૃતિ છે જેને દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં અપનાવવી જોઈએ. તેમણે પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસને માત્ર શાસનના દસ્તાવેજોમાં નહિ, પણ જનમાનસ સુધી પહોંચાડવાનું કાર્ય પણ અત્યંત ગંભીરતાથી લીધું છે. તેમના માટે પર્યાવરણ બચાવવાનો વિષય શાખાવાર નીતિ પર આધારિત નહીં, પરંતુ બાળકના મન પર રચાતી સંવેદના પર આધારિત છે. તેઓ માને છે કે "જ્યારે બાળક નાનપણથીજ પર્યાવરણ સાથે લાગણીપૂર્વક સંબંધ બાંધે છે, ત્યારે તે આવી જ દુનિયા ઊભી કરવા માટે જવાબદાર બની જાય છે, જેમાં વિકાસ અને પ્રકૃતિ વચ્ચે સંતુલન હોય." બાળકો અને યુવાનો માટે ઉત્તમ માર્ગદર્શિકા રૂપે, તેઓ સ્વચ્છ ભારત અભિયાન, મિશન LiFE અને અન્ય પર્યાવરણીય પ્રયાસો દ્વારા માત્ર આયોજન નહીં, પણ જીવનમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. મોદીજીના અભિગમનો મર્મ એ છે કે "પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ શિક્ષણમાંથી નહીં, પણ સંસ્કારમાંથી ઉદ્ભવે છે". તેઓ માને છે કે "ટકાઉ વિકાસ માટેની સાચી શરૂઆત ત્યારે થાય છે, જ્યારે બાળકમનમાં કુદરત માટેનું સન્માન ઊભું થાય". એથી પર્યાવરણના રક્ષણ માટે ઉમેરી શકાય તેવા વ્યવહારિક પગલાં બાળપણથી શીખવવામાં આવે તો જ દેશ લાંબા ગાળે સમય અને સમૃદ્ધિ સાથે આગળ વધે શકે.

### ❖ "મન કી બાત"માં બાળકો અને પર્યાવરણ

પ્રધાનમંત્રીશ્રીએ તેમની લોકપ્રિય રેડિયો શ્રેણી "મન કી બાત"માં વારંવાર પર્યાવરણ અંગે પોતાની ગંભીરતા વ્યક્ત કરી

છે અને ખાસ કરીને બાળકોની ભૂમિકાને અનેક પ્રસંગે વિશેષ સ્થાન આપ્યું છે. તેમનું માનવું છે કે "પર્યાવરણને બચાવવાનું કામ માત્ર સરકારનું નથી, તે દરેક નાગરિક અને ખાસ કરીને બાળકોનું પણ કૃત્ય છે. જે બાળક પર્યાવરણની સુરક્ષા શીખશે, તે જ દેશનો સાચો નાગરિક બનશે." (મન કી બાત, 22 નવેમ્બર, 2020). મોદીજીના દૃષ્ટિકોણ અનુસાર પર્યાવરણનું રક્ષણ કોઈ કાયદાકીય અથવા વૈજ્ઞાનિક ઉકેલ નથી, પરંતુ એ જીવનશૈલી, સંસ્કાર અને નૈતિકતા સાથે સંકળાયેલું એક ઊંડું દાયિત્વ છે. તેઓ માને છે કે "પર્યાવરણ માત્ર વિજ્ઞાન કે રાજનીતિનો વિષય નથી, તે એક નૈતિક અને સામાજિક જવાબદારી છે", અને આ સંદેશ ખાસ કરીને બાળકમન સુધી પહોંચાડવો તે સમાજની સૌથી મોટી ફરજ બની છે. “મન કી બાત” ના માધ્યમથી તેઓ વારંવાર શાળાઓ અને પરિવારોને અપીલ કરે છે કે "બાળકોમાં પર્યાવરણ માટે પ્રેમ, જાગૃતિ અને જવાબદારી કેળવવી એ આજની સૌથી મોટું શિક્ષણ છે". તેઓ બાળકોને ‘પર્યાવરણના દૂત’ બનાવવાની વાત કરે છે, અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વૃક્ષારોપણ, પાણી બચાવવાની ટેવ, અને પ્લાસ્ટિકનો ત્યાગ જેવા નાના પ્રયાસો દ્વારા બાળકોમાં પરિવર્તન લાવવાની વાત કરે છે. મોદીજી પોતાના કાર્યક્રમમાં એવા બાળકોનાં ઉદાહરણ પણ રજૂ કરે છે જેમણે સ્વપ્રેરિત પ્રયાસો દ્વારા પોતાનું ગામ પ્લાસ્ટિકમુક્ત બનાવ્યું હોય કે કોઈ નવી નવીનતા દ્વારા પાણી બચાવ્યું હોય. આ રીતે તેઓ જણાવે છે કે "નાના પ્રયાસો પણ મોટું પરિવર્તન લાવી શકે છે, જ્યારે બાળક પોતે પહેલ કરે છે ત્યારે આખો સમાજ તેનો અનુસરણ કરે છે." મોદીજીનો પર્યાવરણ પ્રત્યેનો અભિગમ

માત્ર શાસનશક્તિ પૂરતો મર્યાદિત નથી, પરંતુ એક સામાજિક ચળવળ અને સંસ્કૃતિના ઘડતરના પ્રયાસ રૂપે વિકસી રહ્યો છે.

નરેન્દ્ર મોદીજી તેમના રેડિયો કાર્યક્રમ “મન કી બાત” દ્વારા વારંવાર બાળકોના નાના પરંતુ અસરકારક પર્યાવરણીય પ્રયાસોને ઉજાગર કરતા રહ્યા છે. તેમણે એવી માન્યતા વ્યક્ત કરી છે કે "આવાં બાળકો આપણને બતાવે છે કે જ્યાં ઇચ્છા હોય ત્યાં રસ્તો હોય છે," અને તેઓ ભારતમાં ઉજ્જ્વળ પર્યાવરણ ભવિષ્યની આશા જગાવે છે.

ઉદાહરણરૂપે, એપિસોડ 35 (27 ઓગસ્ટ, 2017)માં મોદીજીએ વિધાન ઋષિ, કર્ણાટકના નવ વર્ષના બાળકના પ્લાસ્ટિક વિરોધી અભિયાન ચલાવવાનાં પ્રયાસોની પ્રશંસા કરી હતી. વિધાન ઋષિએ 'સિગ્નેચર ડ્રાઇવ' શરૂ કરી હતી અને 500થી વધુ લોકોને પ્લાસ્ટિકના ઉપયોગ સામે જાગૃત કર્યા હતા. પ્રધાનમંત્રીશ્રી કહ્યું કે "વિધાન ઋષિએ તેની ઉંમરથી મોટી જવાબદારી લીધી છે. એવાં બાળકો આપણા માટે પ્રેરણા છે." એ જ એપિસોડમાં તેમણે ગણેશચતુર્થી દરમિયાન બાળકો દ્વારા માટીના ગણપતિ બનાવવાની પ્રવૃત્તિને પણ સલામ કરી હતી. "આ બાળકો દરેક ઘરમાં માટીના ગણપતિ બનાવે છે અને રંગે છે. કેટલાક વેજીટેબલ કલર્સનો ઉપયોગ કરે છે, તો કેટલાક કાગળના ટુકડાઓથી પેસ્ટિંગ કરે છે. આ પર્યાવરણ જાગૃતિ માટેનું વિશાળ અભિયાન બની ગયું છે." આ પ્રવૃત્તિ માત્ર રિવાજ નથી રહી, પરંતુ પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક સર્જનાત્મક અભિગમ બની ગયો છે. એપિસોડ 43માં, ઉત્તરપ્રદેશના આર્યન મિશ્રાના પ્રયાસો અંગે મોદીજી એ જણાવ્યું કે આ દસ વર્ષના

બાળકએ તેના ગામમાં 100થી વધુ વૃક્ષો રોપાવ્યાં અને દર રવિવારે બાળકો સાથે મળીને 'ગ્રીન વોક' કરે છે. તેમના જણાવ્યા મુજબ, "આર્યન જેવી બાળમાનસિકતા ભારતનું ભવિષ્ય ઊજળું બનાવે છે." આ જ દૃષ્ટિએ, એપિસોડ 100 (30 એપ્રિલ 2023) માં "હિલિંગ હિમાલય" અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. પ્રદીપ સંગવાન દ્વારા શરૂ કરાયેલા આ અભિયાનમાં અનેક યુવાનો અને બાળકો જોડાયાં છે અને હિમાલયના વિવિધ વિસ્તારોમાંથી કચરો એકત્રિત કરીને પ્રકૃતિને શુદ્ધ કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું કે "પ્રદીપ સંગવાન અને તેમના સાથીઓના પ્રયાસોથી 'કચરો પણ સંપત્તિ બની રહ્યો છે' આથી લોકો પર્યાવરણ સંરક્ષણ માટે સજાગ થઈ રહ્યા છે." આ બધાં ઉદાહરણો દર્શાવે છે કે નરેન્દ્ર મોદી પર્યાવરણ સંરક્ષણના મુદ્દાને માત્ર નીતિગત સ્તર પર જ નહીં, પણ બાળકનાં મન અને કાર્યમાં સ્થાપિત કરવા માટે સતત પ્રયાસશીલ છે. તેઓ માને છે કે "પર્યાવરણનું રક્ષણ એક સમજૂતી અને જીવનશૈલીની બાબત છે, જેની શરૂઆત બાળપણથી જ થવી જોઈએ."

### ❖ મિશન LiFE (Lifestyle for Environment)

"જ્યાં સુધી આપણે જીવનશૈલી બદલતાં નથી, ત્યાં સુધી પર્યાવરણનું રક્ષણ શક્ય નથી. LiFE એ આ પરિવર્તન માટેની યોજના છે." – શ્રી નરેન્દ્ર મોદી, 5 જૂન, 2022 (વિશ્વ પર્યાવરણ દિવસ)

પ્રધાનમંત્રીશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ મિશન LiFE (Lifestyle for Environment) એ એવો અભિગમ છે જે માનવ

જીવનશૈલીમાં નાનાં-મોટાં પરિવર્તનો લાવીને પર્યાવરણના સંરક્ષણ તરફ દોરી જાય છે. તેઓ માને છે કે પર્યાવરણની રક્ષા નીતિ કે ટેક્નોલોજીથી નહીં, પણ વ્યક્તિગત વ્યવહારથી શરૂ થાય છે. LiFEના માધ્યમથી લોકોમાં એવી સંસ્કૃતિ ઊભી કરવામાં આવે છે જ્યાં પાણી બચાવવું, વીજળીનો વ્યર્થ વપરાશ ટાળવો, અને પ્લાસ્ટિકના બદલે પુનઃઉપયોગી સામગ્રી તરફ વળવું જેવી ટેવો પ્રોત્સાહન પામે. આ અભિયાનમાં બાળકોની ભૂમિકા કેન્દ્રસ્થાને છે, કારણ કે તેમનું મન વિકાસશીલ હોય છે અને નાના સંસ્કાર લાંબા સમય સુધી અસર કરે છે. મોદીજીનું માનવું છે કે "જ્યારે બાળક નાનપણથીજ પર્યાવરણને જીવનશૈલીના એક ભાગ તરીકે સ્વીકારે છે, ત્યારે જ દેશમાં ટકાઉ વિકાસના મૂળ ભણી જાય છે." LiFE એ માત્ર વ્યક્તિગત જાગૃતિ નહિ, પણ સામૂહિક જવાબદારીનું પ્રતિનિધિત્વ કરે છે. આ અભિયાન એક એવી દિશા આપે છે જ્યાં "સતત વિકાસ" માત્ર વિકાસની વાત નહિ, પરંતુ વિશ્વ માટે લાગણીપૂર્ણ જીવનશૈલી બની શકે. મોદીજીના નેતૃત્વમાં LiFE એ એક રાષ્ટ્રીય અભિયાનથી આગળ વધી હવે વૈશ્વિક સ્તરે પણ ગર્વનો વિષય બની ચૂક્યું છે.

### ❖ શાળાઓ અને અભ્યાસક્રમમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ

શાળામાં પર્યાવરણીય શિક્ષણનું મહત્ત્વ સતત વધી રહ્યું છે, કારણ કે આજના વિદ્યાર્થીઓ જ આવતી કાલના પર્યાવરણના સાચા રક્ષક બનવાના છે. પ્રધાનમંત્રીશ્રીના મતે, “આજના વિદ્યાર્થીઓ જ આપણા પર્યાવરણના રક્ષકો છે. શાળાઓમાં પર્યાવરણ વિષયક શિક્ષણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે ટકાઉ અને સ્વચ્છ ભારતના નિર્માણ માટે પાયાનું કામ કરે છે.”

(મન કી બાત, 25 એપ્રિલ, 2021 ) મોદીજીના અભિગમ અનુસાર, બાળકોએ નાનપણથી જ પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા અને જવાબદારીની ભાવના વિકસાવવી જોઈએ. એ માટે સરકાર દ્વારા શાળાના અભ્યાસક્રમમાં પર્યાવરણીય શિક્ષણને વધુ પ્રામાણિક બનાવવામાં આવ્યું છે. શૈક્ષણિક સંસ્થાઓ સાથે મળીને પર્યાવરણમૈત્રી અભ્યાસક્રમ તૈયાર કરાયા છે, જેમાં પ્રકૃતિ સાથે સંવાદિતા અને સંરક્ષણની ભાવનાઓ ઉત્પન્ન થાય છે. શાળાઓમાં વૃક્ષારોપણ, સફાઈ અભિયાન અને જળસંગ્રહ જેવા હસ્તગત કાર્યક્રમો શરૂ કરીને વિદ્યાર્થીઓને પર્યાવરણ સાથે જીવંત જોડાણ અનુભવવાનું અવસર પણ આપવામાં આવે છે. આ જ રીતે, શિક્ષણ દ્વારા જાગૃતિ ફેલાવી, બાળકોને ટકાઉ વિકાસ માટે તૈયાર કરી શકાય છે.

"જ્યાં સુધી બાળકોમાં પર્યાવરણ માટે પ્રેમ અને જવાબદારી નહી ઊઠે, ત્યાં સુધી દેશનો સારો વિકાસ શક્ય નથી." - શ્રી નરેન્દ્ર મોદી, શાળાઓમાં પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમ, 2019

આ ઉક્તિ મોદીજીના દૃઢ અભિગમને સ્પષ્ટ કરે છે કે શૈક્ષણિક ક્ષેત્રમાં પર્યાવરણ સંરક્ષણને તેઓ કેવી રીતે મોખરે મૂકે છે. તેઓ માને છે કે બાળકોમાં નાની વયથી પર્યાવરણપ્રેમ અને જવાબદારી ઊભી કરવામાં આવે, તો દેશનો વિકાસ માત્ર આર્થિક નહીં પણ સંવેદનશીલ અને ટકાઉ બની શકે છે. મોદીજીની દૃષ્ટિમાં નીતિ, સંસ્કૃતિ અને શિક્ષણ — આ ત્રણે પર્યાવરણ પ્રત્યેના અભિગમમાં એકબીજાથી જોડાયેલા છે. મોદી સરકારનાં અનેક અભિયાનોમાં બાળકોને સક્રિય રીતે જોડવામાં આવ્યાં છે.

સ્વચ્છતા રેલી, વૃક્ષારોપણ મહોત્સવ, પ્લાસ્ટિકમુક્ત અભિયાન જેવા કાર્યક્રમો દ્વારા બાળકોને "કમ્યુનિટી લીડર" તરીકે ઊભાં થવાની તક મળે છે. મોદીજીએ ખાસ ભારપૂર્વક કહ્યું છે કે:"બાળકો ‘સ્વચ્છતા રાજદૂત’ બનીને પોતાના પાડોશ અને શાળામાં સ્વચ્છતા અભિયાનને સફળ બનાવે એ ખૂબ જરૂરી છે." આ અભિગમથી બાળકોમાં નેતૃત્વક્ષમતા, સહકાર અને સામાજિક જવાબદારી જેવી ગુણવત્તાઓ વિકસે છે. જ્યારે બાળકો પોતાના સમુદાય સાથે મળીને વૃક્ષારોપણ, પાણીબચાવ, રિસાયક્લિંગ જેવી પ્રવૃત્તિઓમાં જોડાય છે, ત્યારે તે જાગૃતિ માત્ર શાળાની ચાર દીવાલો સુધી નહીં રહેતી, પરંતુ આખા સમુદાયમાં પ્રસરે છે. મોદીજીના પર્યાવરણ પ્રત્યેના અભિગમમાં બાળજાગૃતિ એક મુખ્ય આધારસ્તંભ છે. એના દ્વારા શૈક્ષણિક સ્તરે અને સમાજસ્તરે બંને સ્થળે ટકાઉ વિકાસ માટેનો માર્ગ તૈયાર થાય છે.

### ❖ 'સ્વચ્છ ભારત અભિયાન'માં અને અન્ય પ્રવૃત્તિઓમાં બાળકોની ભાગીદારી

2014માં પ્રધાનમંત્રીશ્રીએ શરૂ કરેલું સ્વચ્છ ભારત અભિયાન માત્ર સરકારી સ્તરે મર્યાદિત રહ્યું નથી, પરંતુ સમગ્ર દેશના નાગરિકો સુધી પહોંચવાનું લક્ષ્ય ધરાવતું એક જનઆંદોલન બની ગયું છે. મોદીજીના મતે, દેશના ભવિષ્ય માટે ટકાઉ અને સ્વચ્છ પર્યાવરણ ઊભું કરવામાં બાળકોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેમને બાલ્યાવસ્થાથી જ પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાની સમજ આપવી જોઈએ, જેથી તેઓ સચેત અને જવાબદાર નાગરિક બની શકે. મોદીજીએ ખાસ

ભારપૂર્વક જણાવ્યું છે : "સ્વચ્છતા એ માત્ર સરકારી કામ નથી, તે દરેક ભારતીયની ફરજ છે. ખાસ કરીને બાળકોમાં આ સંસ્કાર કેળવવા એ ભવિષ્ય માટે સર્વોચ્ચ જવાબદારી છે." (સ્વચ્છ ભારત અભિયાન*, 2014)* આ અભિયાન અંતર્ગત દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. શાળાઓમાં બાળકોને "પ્લાસ્ટિકમુક્ત દિવસ," "વૃક્ષારોપણ દિવસ," અને "જળ બચાવો અભિયાન" જેવી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડવામાં આવ્યાં છે. આવા પ્રયાસોથી બાળકોના મનમાં નાની ઉંમરે જ સ્વચ્છતા અને પર્યાવરણપ્રેમનાં મજબૂત સંસ્કાર પેદા થાય છે. મોદીજીનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે, સ્વચ્છતા એક વ્યક્તિની નહિ, સમગ્ર સમાજની જવાબદારી છે, અને જ્યારે આ સંદેશ બાળકો સુધી પહોંચે છે ત્યારે તે ભવિષ્યના પાયા મજબૂત થાય છે. આવા સંસ્કારોથી ભરપૂર પેઢી એક સંવેદનશીલ અને જવાબદાર સમાજના નિર્માણમાં યોગદાન આપે છે, જે અંતે રાષ્ટ્રના ટકાઉ વિકાસ માટે અનિવાર્ય છે.

બાળકો એ માત્ર દેશનું ભવિષ્ય નથી, પણ આજે જ ટકાઉ વિકાસના પાયાના નાગરિક તરીકે ઉભરતા જઈ રહ્યા છે. તેમના માધ્યમથી સમાજમાં પર્યાવરણીય જાગૃતિ અને જવાબદારીની ભાવના ઊંડા સ્તરે કેળવી શકાય છે. નરેન્દ્ર મોદીજીના મતે, "જો બાળમનમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને તેની રક્ષા કરવાની ભાવના વિકસાવવામાં આવે, તો તેઓ આખું જીવન પર્યાવરણની સંભાળ રાખશે." આ વિચારધારા અંતર્ગત શાળાઓમાં વિવિધ પર્યાવરણસંવાદી કાર્યક્રમો, કાર્યશાળાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે, જ્યાં બાળકો માત્ર સહભાગી ન રહી,

સ્વચ્છતા અભિયાનના આગેવાન બની રહ્યાં છે. શાળાની અંદરથી શરૂ થયેલી આ જાગૃતિ આજે સમુદાય સુધી પહોંચી છે જ્યાં બાળકો કચરો ન ફેંકવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, પાણી બચાવવું, વૃક્ષારોપણ કરવું જેવી પ્રવૃત્તિઓ દ્વારા તેમના આસપાસના લોકોને પણ પ્રેરણા આપે છે. સ્વચ્છ ભારત અભિયાન આજના દિવસે માત્ર સફાઈ સુધી મર્યાદિત નહિ રહ્યું, પરંતુ પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ સમગ્ર દેશમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદનશીલતા અને જવાબદારીનું રાષ્ટ્રીય ચળવળ બની ગયું છે. ખાસ કરીને બાળકોને "સ્વચ્છતા રાજદૂત" તરીકે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેઓને આ વિચાર અપાયો છે કે: "સ્વચ્છતા એક લાગણી બની રહેવી જોઈએ; માત્ર વ્યવહાર નહીં, પણ જીવનશૈલી." આ અભિયાન હેઠળ બાળકો સ્વચ્છતા રેલીઓ, પોસ્ટર સ્પર્ધાઓ, નિબંધલેખન અને કાર્યક્રમોમાં ઊત્સાહથી જોડાઈને એક સંવેદનશીલ પેઢી ઊભી કરી રહ્યાં છે. તેઓ પોતાની આવર્તનશીલ ક્રિયાઓથી પરિવાર, શાળા અને સમગ્ર સમાજમાં સ્વચ્છતાનો સંદેશ વહેંચી રહ્યાં છે. આમ, આજનાં બાળકોએ જો સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને માત્ર શીખવાનું નહિ, પણ જીવનમાં ઉતારવાનું શરૂ કરી દીધું છે, તો આવતીકાલે ભારત નક્કી જ એક સ્વચ્છ, ટકાઉ અને ભાવિ પેઢીઓ માટે યોગ્ય દેશ બની રહેશે.

# ૮. નવાચારથી નવું ભારત: નરેન્દ્ર મોદીજીનું બાળવિઝન

વર્તમાન યુગમાં ભારત ટેકનોલોજી, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને નવીનતા તરફ દ્રૂતગતિએ આગળ વધી રહ્યું છે. શિક્ષણજગતમાં પણ પરિવર્તનશીલ અભિગમ અપનાવવાની જરૂરિયાત વધી છે, જ્યાં બાળકો માત્ર પાઠ્યપુસ્તકના જ્ઞાન સુધી મર્યાદિત ન રહે, પરંતુ વિચારી શકે, શંકા ઉઠાવી શકે અને નવી દિશામાં જોઈ શકે. આ દૃષ્ટિકોણને આધાર આપતાં પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું છે: “બાળકોને પ્રશ્ન પૂછવાની આઝાદી આપવી જ જોઈએ, કારણ કે પ્રશ્નો જ ઉકેલ તરફના પ્રથમ પગલાં છે.” (‘પરિક્ષા પર ચર્ચા’, 7 જાન્યુઆરી, 2022) આ નિવેદન નરેન્દ્ર મોદીજીના બાળમિત્ર અને સંવેદનશીલ નેતૃત્વને દર્શાવે છે. તેમનું માનવું છે કે આજના યુવા માટે કૌતુક, સંશય અને શોધ ભાવનાઓને પ્રોત્સાહન આપવું એ સૌથી મોટું શિક્ષણ છે. તેઓ ભારતને એવી દિશામાં લઈ જવા માંગે છે જ્યાં શિક્ષણ માત્ર પ્રમાણપત્ર મેળવાનુ સાધન નહિ રહે, પરંતુ ટેકનોલોજી, સર્જનાત્મકતા અને નવીનતાના માધ્યમથી જીવનને વધુ અર્થપૂર્ણ બનાવે. મોદીજીના નેતૃત્વમાં ભારતે “ડિજિટલ લર્નિંગ”, “NEP (નવ શિક્ષણ નીતિ)”, “સ્ટાર્ટઅપ ઇન્ડિયા”, “આત્મનિર્ભર ભારત”, જેવી અનેક પહેલ શરૂ કરી છે, જેનાથી ભારતીય યુવાનોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનો દૃઢ પ્રયાસ થઈ રહ્યો છે. વિચારશીલ, પ્રશ્નકર્તા અને સુધારક મનોબળ ધરાવતા

યુવાઓ જ 21મી સદીના ટકાઉ વિકાસ માટેના સાચા નાગરિક બની શકે છે.

આજના યુગમાં દેશની વાસ્તવિક સમૃદ્ધિ અને વિકાસ માટે સૌથી મહત્ત્વપૂર્ણ સાધન એટલે તેની નવી પેઢીના આપણાં બાળકો. તેમને માત્ર પાઠ્યપુસ્તક જ્ઞાન પૂરતું જ નહીં, પણ નવીન વિચારો, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સર્જનાત્મકતાથી સજ્જ કરવું અત્યંત આવશ્યક બન્યું છે. આ દિશામાં ભારતના પ્રધાનમંત્રીશ્રીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ અને દૃઢ રહી છે. મોદીજીએ સૌપ્રથમ વખત શિક્ષણને ટેકનોલોજી સાથે જોડીને દેશના શૈક્ષણિક માળખામાં મૂળભૂત પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો છે. નરેન્દ્ર મોદીજીની દૃષ્ટિ પ્રમાણે, શિક્ષણનો ઉદ્દેશ માત્ર નોકરી મેળવવી નહીં, પણ વિચારોનું સૃજન કરવું જોઈએ. તેમનું માનવું છે કે બાળકોના મનમાં રહેલી શોધી કાઢવાની અને નવી રચના કરવાની પ્રવૃત્તિને ઊર્જા આપવી જોઈએ. તેમના વડપણમાં દેશભરમાં અવિરત પ્રયાસો થઈ રહ્યા છે  સ્માર્ટ ક્લાસરૂમ, એનએઆઈએસ (NAIS), અટલ થિકરીંગ લેબ્સ જેવી યોજના અને રમતગમત, વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં વ્યાપક જોડાણ. આ બધું મળીને બાળકોને વિશ્વસ્તર પર સ્પર્ધાત્મક બનાવે છે. આમ, નરેન્દ્ર મોદીજીએ ભારતીય બાળકોમાં છુપાયેલા પ્રબળ પોટેન્શિયલને ઉજાગર કરવાની દિશામાં મજબૂત પગલાં ભર્યાં છે. એ દર્શાવે છે કે નરેન્દ્ર મોદીજીનો અભિગમ માત્ર વિકાસમુખી જ નહીં, પણ ભાવિ પેઢી માટે આધુનિક, સશક્ત અને સ્માર્ટ ભારત રચવાનો છે. તેમના વિઝનમાં, શિક્ષણ અને સંશોધન માત્ર

પાયાની જરૂરિયાત નથી, પરંતુ રાષ્ટ્રના ભાવિનું ગઠન કરવાનું એક શક્તિશાળી સાધન બની રહે છે.

વિશ્વના જે દેશો અગ્રેસર બન્યા છે, તેઓએ પોતાની નવી પેઢીમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, નવીનતા અને સર્જનાત્મકતાનો સંસ્કારબોધ બાળપણથી જ ઊભો કર્યા છે. ભારત જેવા વિકસતાં દેશ માટે પણ આજની પેઢી, ખાસ કરીને બાળકો, ભવિષ્યના નિર્માતા છે. પ્રધાનમંત્રીશ્રીના મતે, જો બાળકોને નાની ઉંમરે જ તર્કશક્તિ, જિજ્ઞાસા અને ટેક્નોલોજી સાથે જોડવામાં આવે, તો તેઓ આગળ જઈને માત્ર પોતાના જ નહીં પણ દેશના વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. મોદીજીએ શિક્ષણને પરંપરાગત રીતે જોઈને તેને માત્ર પાઠ્યપુસ્તકો અને પરીક્ષાઓ સુધી મર્યાદિત ન રાખી, પણ તેને ટેક્નોલોજી, સંશોધન અને સર્જનાત્મક અભિગમ સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. “અટલ ટિંકરીંગ લેબ્સ” (ATL), “મન કી બાત” અને “ડિજિટલ ઇન્ડિયા” જેવી પહેલ દ્વારા બાળકોમાં નવીન વિચારશક્તિ અને વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા માટે પ્રયત્ન કરાયા છે. મોદીજી માને છે કે દરેક બાળકમાં કંઈક નવું સર્જવાનું સામર્થ્ય હોય છે, અને જો તેને યોગ્ય માહોલ અને માર્ગદર્શન મળે, તો તે વિશ્વ બદલવા માટે સક્ષમ બની શકે છે. નવી શિક્ષણ નીતિ 2020 પણ એ જ દિશામાં આગળ વધે છે, જ્યાં વિદ્યાર્થીઓને ચિંતન, વિશ્લેષણ અને નવી શોધ માટે પ્રોત્સાહન મળે છે. આજના યુગમાં જ્યારે વિજ્ઞાન અને ટેક્નોલોજી રાષ્ટ્રીય વિકાસના મુખ્ય સ્તંભ બની ગયા છે, ત્યારે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા સમયની માંગ છે, જે માત્ર શીખે નહીં, પણ વિચારશે, પ્રશ્નો ઉઠાવશે અને ઉકેલો શોધશે. મોદીજીનું

શિક્ષણ અંગેનું દૃષ્ટિકોણ સ્પષ્ટ છે બાળક જ દેશના ભવિષ્યનો ઊંડો પાયા છે, અને તેનો વિકાસ તેનાં વિચારો અને સર્જનાત્મક શક્તિથી જ શક્ય છે. આમ, નરેન્દ્ર મોદીજી માત્ર પ્રધાનમંત્રી નથી, પરંતુ દેશના બાળકો માટે એક દૃષ્ટિવાન માર્ગદર્શક તરીકે તેમની અંદર રહેલી સર્જનાત્મક શક્તિ, વૈજ્ઞાનિક દૃષ્ટિ અને વૈશ્વિક સ્પર્ધામાં આગળ વધવાની ક્ષમતા વિકસિત કરવા માટે સતત કાર્યરત છે. તેમનું વિઝન એ છે કે ભારતનું ભવિષ્ય એવા યુવાનો સાથે બની શકે, જે પોતાના વિચારો અને ક્રિયાથી વિશ્વમાં ફેરફાર લાવી શકે.

### ❖ અટલ ટિંકરિંગ લેબ્સ (Atal Tinkering Lab) – નવાચારની પ્રયોગશાળા

આજની દુનિયામાં દેશના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકોની હદે પૂરતું નથી રહ્યું. તેની સાથે સર્જનાત્મક વિચારશક્તિ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને નવીનતાભર્યા પ્રયોગો કરવાની ક્ષમતા પણ એટલી જ આવશ્યક બની છે. આવા આધુનિક અભિગમને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારે "અટલ ઇનોવેશન મિશન" અંતર્ગત અટલ થિકરિંગ લેબ્સ (ATL)ની શરૂઆત કરી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શાળાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત વિષયોમાં ગહન રસ વિકસાવવો તેમજ તેમને ડિઝાઇન થિંકિંગ અને સમસ્યાઓ ઉકેલવાની કળામાં નિપુણ બનાવવો છે. ATL દ્વારા વિદ્યાર્થીઓને એવી અનોખી પ્રવૃત્તિઓ કરવાનું મંચ મળે છે, જ્યાં તેઓ પોતાના વિચારોથી પ્રેરિત પ્રોજેક્ટો પર હકીકતમાં કામ

કરી શકે છે. આ લેબ્સમાં વિદ્યાર્થીઓને 3D પ્રિન્ટિંગ, રોબોટિક્સ, સેન્સર ટેકનોલોજી, માઇક્રો-કંટ્રોલર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવાં આધુનિક સાધનો સાથે પ્રયોગ કરવાની તક મળે છે. આ સાધનોની મદદથી તેઓ નવું સર્જી શકે છે અને સાદા સિદ્ધાંતોને જીવંત અનુભવે છે. નરેન્દ્ર મોદીજીએ પણ અનેકવાર ATL જેવી પહેલના મહત્ત્વ પર ભાર મૂક્યો છે. તેમણે 15 ઓગસ્ટ, 2018ના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં સ્પષ્ટ કર્યું હતું કે, "આજનાં બાળકો આવતીકાલના વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને ટેકનોક્રેટ છે. ATL તેમના વિચારોને વાસ્તવિકતા આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે." અટલ ટિંકરિંગ લેબ્સ માત્ર એક લેબ નથી તે વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિની પાંખ છે, જે તેમને ભાવિ યુગ માટે તૈયાર કરે છે.

અટલ ટિંકરિંગ લેબ્સ (ATL)નો હેતુ માત્ર ટેકનિકલ જ્ઞાન પૂરું પાડવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, ટીમ વર્ક અને સમસ્યાઓના ઉકેલો શોધવાની ક્ષમતા ઊભી કરવાનો છે. આ પહેલના માધ્યમથી દેશના નાનાં-મોટાં શહેરો, ગ્રામ્ય વિસ્તારો અને પીઢ સમુદાયો સુધી ટેકનોલોજીનો વિસ્તાર થાય છે, જેનાથી વિદ્યાર્થીઓ માટે નવી શોધખોળની દિશાઓ ખુલી જાય છે. ATL બાળકોને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે તૈયાર કરે છે, અને તેમને આત્મવિશ્વાસભેર નવીનતાઓનું અન્વેષ કરે છે. ડિજિટલ ઇન્ડિયા અભિયાન સાથે જોડાઈને ATL શૈક્ષણિક સમાનતા તરફ મોટું પગલું છે. તે દરેક વિદ્યાર્થી માટે ટેકનોલોજી સાથે અભ્યાસ કરવાની તકો ઊભી કરે છે, ભૌગોલિક કે આર્થિક અવરોધોને પાર કરીને. આ પ્રયાસો દેશના શૈક્ષણિક માળખામાં સમાનતા અને

સર્વગ્રાહ્યતા લાવવાનો પ્રયત્ન છે. નવી શિક્ષણ નીતિ 2020 (NEP 2020)માં પણ આવા અભિગમને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. 29 જુલાઈ, 2020ના NEP લોન્ચિંગ કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીજીએ જણાવ્યું હતું કે, "નવી શિક્ષણ નીતિ બાળકોને વિચાર અને પ્રયોગની સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. ATL એ આવા અભિગમ માટે અનુકૂળ માળખું ઊભું કરે છે." આ પ્રયોગશાળાઓમાં થતા પ્રયોગો અને શોધખોળો વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક રીતે નહી, પણ સામાજિક અને આર્થિક દૃષ્ટિકોણથી પણ સશક્ત બનાવે છે. ATL શિક્ષણને વિચારોના કેન્દ્રસ્થાને રાખે છે, જ્યાં સિદ્ધાંતો માત્ર વાંચવામાં નહીં, પણ ઉપયોગમાં મૂકવામાં આવે છે. આ રીતે ATL મોદીજીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરતો એક શક્તિશાળી આધારસ્તંભ બની રહ્યો છે. અટલ ટિંકરિંગ લેબ્સ એક એવી યાત્રાની શરૂઆત છે, જે ભારતના યુવા માનસને વૈજ્ઞાનિક, ટેક્નોલોજીકલ અને નાવિન્યના નવાં શિખરો તરફ લઈ જાય છે.

### ❖ 'મન કી બાત'માં બાળ વૈજ્ઞાનિકો અને નવીનતાઓની સરાહના — એક પ્રેરણાદાયી પહેલ

ભારતની નવી પેઢીમાં અદમ્ય શક્તિ, વિચારોની તીવ્રતા અને નવી શોધ કરવાની ક્ષમતા સમાયેલ છે. દેશના ભવિષ્યનિર્માતા તરીકે આ બાળકોમાં ઊંડી પ્રતિભાનો ખજાનો છુપાયેલો છે, જેને દેશના પ્રધાનમંત્રીશ્રી એ તેમની વિશિષ્ટ દૃષ્ટિ દ્વારા ઓળખી લીધા છે. પોતાના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં તેમણે વારંવાર આવા વિદ્યાર્થીઓને ઉજાગર કર્યા છે, જેમણે સાયન્સ, ટેકનોલોજી, પર્યાવરણ અને સામાજિક મુદ્દાઓના

ક્ષેત્રમાં અનોખા ઉકેલો આપ્યા છે. ‘મન કી બાત’ એક એવું મંચ બની ગયું છે, જ્યાં દેશના નાના ખૂણે બેઠેલાં બાળકો પણ પોતાના વિચાર અને શોધ દ્વારા રાષ્ટ્રીય પટલ પર ઓળખ મેળવી શકે છે. પ્રધાનમંત્રીશ્રી જે રીતે વિદ્યાર્થીઓના નવોન્મેષના પ્રયાસોને સાદર સ્વીકાર્યા છે, તે નોંધપાત્ર છે. આને કારણે આજે હજારો વિદ્યાર્થીઓ એવા વિચાર સાથે આગળ વધે છે કે તેમની શોધને પણ દેશનું માર્ગદર્શન મળવાની શક્યતા છે. વાસ્તવમાં, બાળક વૈજ્ઞાનિકો અને નવપ્રસ્થાનકારોને મળતી આ ઓળખ તેમના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ લાવે છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે પણ એક જીવંત ઉદાહરણ બની રહે છે. ‘મન કી બાત’ માત્ર વિચાર વિનિમયનું માધ્યમ નથી, પરંતુ તે ભાવિ વૈજ્ઞાનિકો અને ઇનોવેટરો માટે ઉજાસમય માર્ગદર્શિકા બની ગઈ છે.

### 1. વિહાન સંધુ (હરિયાણા) — ટૂલ ફોર ડિસએબલ્ડ

હરિયાણાના 14 વર્ષના વિહાન સંધુએ દિવ્યાંગ વ્યક્તિઓ માટે એક ઉપયોગી ટેકનોલોજી વિકસાવી છે, જે વ્હીલચેરની મદદથી તેમનું જીવન સરળ બનાવે છે. આ સાધન દ્વારા દિવ્યાંગો પોતે સરળતાથી હલનચલન કરી શકે તેવી સ્વતંત્રતા આપે છે. ‘મન કી બાત’ના 90મા એપિસોડમાં પ્રધાનમંત્રીશ્રીએ વિહાન સંધુની સરાહના કરતા કહ્યું હતું કે, “વિહાન જેવા યુવાનોથી આપણે આશા રાખી શકીએ કે ભારત ભવિષ્યમાં ઇનોવેશન હબ બની શકે છે.” વિહાનની વિચારી શકાય એવી નવી દિશાએ સમાજમાં બહુજન હિત માટે નવી ઊર્જા પેદા કરી છે.

## 2. અનન્યા શર્મા (ઉત્તરપ્રદેશ) — પેસિવ કોલિંગ સિસ્ટમ

ઉત્તરપ્રદેશની અનન્યા શર્માએ બધિર લોકોને ધ્યાનમાં રાખીને એક પેસિવ કોલિંગ સિસ્ટમ વિકસાવી છે. આ ઉપકરણ એવા લોકો માટે બહુ ઉપયોગી છે, જેઓ સાંભળી શકતાં નથી  કારણ કે તે ફોનસંદેશા કે કોલની માહિતી વિઝ્યુલ અથવા વાઇબ્રેશન દ્વારા આપે છે. પ્રધાનમંત્રીશ્રી  96મા એપિસોડમાં અનન્યાની શોધની ખાસ ચર્ચા કરતા જણાવ્યું હતું કે, “અનન્યા જેવી વિધાર્થી નીઓ દાખલો આપે છે કે ટેકનોલોજીનો ઉપયોગ સમાજના ઉપકાર માટે કેવી રીતે થઈ શકે.” અનન્યાનું કાર્ય સમાજમાં સમાન અવસર અને સહાય માટે ટેક્નોલોજીના સકારાત્મક ઉપયોગનું ઉત્તમ ઉદાહરણ છે.

## 3. અરુણોદય મિશ્રા (મધ્યપ્રદેશ) — ટોય ટેક્નોલોજી

મધ્યપ્રદેશના અરુણોદય મિશ્રાએ એવાં શૈક્ષણિક સ્વદેશી રમકડાં બનાવ્યાં છે, જે STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત)ની મૂળભૂત કલ્પનાઓ પર આધારિત છે. તેના દ્વારા બાળકોએ રમતા દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવું માળખું તૈયાર થયું છે. પ્રધાનમંત્રીશ્રી મન કી બાત’ના 94મા એપિસોડમાં જણાવ્યું હતું કે, “અરુણોદયનું કામ આત્મનિર્ભર ભારતના સ્વપ્ન માટે ઉપયોગી પગલું છે.” તેમના પ્રયત્નો સ્થાનિક ઉત્પાદનો, ભાષા અને કલ્પનાને પ્રોત્સાહન આપે છે.

### 4. ત્રિશલ પાટીલ (મહારાષ્ટ્ર) — પાણી બચાવવાની સ્કીમ

મહારાષ્ટ્રની ત્રિશલ પાટીલેએ એક એવી સિસ્ટમ તૈયાર કરી છે, જેના માધ્યમથી ઘરમાં વપરાતું પાણી ફરીથી ઉપયોગમાં લઈ શકાય છે. ખાસ કરીને રસોડા અને બાથરૂમમાં વપરાતા પાણીનો પુનઃઉપયોગ થાય એ માટે તેનું આ ઉપકરણ ખૂબ અસરકારક છે. ૧૪મા 'મન કી બાત' એપિસોડમાં પ્રધાનમંત્રીશ્રી ત્રિશલના પ્રયાસોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, "ત્રિશલનું કાર્ય નવીન તો છે જ, સાથે પર્યાવરણની રક્ષા માટે પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે." તેના અવલોકન અને ઉકેલ આપવાની ક્ષમતા બીજી અનેક યુવતીઓ માટે પ્રેરણાદાયી બની છે.

ભારતનાં નાનાં બાળકો પોતાની ઉંમરથી ઉપર જતા વિચારો અને નવીન ઉકેલોથી આજે મોટી પડકારજનક સમસ્યાઓના હલ શોધી રહ્યા છે. તેમની આ જિજ્ઞાસા અને પ્રયત્નોને દેશના પ્રધાનમંત્રીશ્રી 'મન કી બાત' જેવી ચર્ચિત રેડિયોશ્રેણી દ્વારા સરાહના મળી રહી છે. આ કાર્યક્રમે માત્ર તેમની ઓળખ વધારી નથી, પણ તેમને આત્મવિશ્વાસ પણ આપ્યો છે કે તેમના વિચારોમાં પણ શક્તિ છે, અને તેઓ દેશના વિકાસમાં યોગદાન આપી શકે છે. 'મન કી બાત' આજે માત્ર વાતચીતનું માધ્યમ નથી રહ્યું, પણ બાળકો માટે એક મંચ બની ગયું છે, જ્યાંથી તેઓ પોતાના વિચારોને જાહેર કરી શકે છે. અગાઉ જ્યાં તેમના આવા વિચારો ઘરની ચાર દીવાલોની અંદર જ રખાતા હતા, આજે તેઓ તેને કાર્યસ્વરૂપ આપવા માટે આગળ વધતા નજરે પડે છે. આ પહેલની સમાજ પર પણ સ્પષ્ટ અસર જોવા મળી રહી છે. માતા-પિતા અને શિક્ષકો હવે બાળકોની વાતો વધુ

ધ્યાનથી સાંભળે છે અને તેમને પ્રોત્સાહન આપે છે. જેનું પરિણામ એ છે કે આજે વિજ્ઞાન બાળકો માટે માત્ર શૈક્ષણિક વિષય નથી રહ્યો, પરંતુ તેમની રોજિંદી જિંદગીનું અવિભાજ્ય ભાગ બની ગયો છે. આ રીતે 'મન કી બાત' રેડિયો પર ચાલતો એક કાર્યક્રમ હોવાથી પણ, તે હવે ભારતના બાળવિજ્ઞાની યુગ માટે પ્રેરણાનો ઊંડો સ્ત્રોત બની ચૂક્યો છે. દેશને નવીનતા અને વૈજ્ઞાનિક ચિંતન તરફ દોરી જવાનું આ એક મહત્ત્વપૂર્ણ પગથિયું છે.

## ❖ વિજ્ઞાન અને ટેક્નોલોજી માટે રાષ્ટ્રીય મંચ પર બાળકોને સ્થાન

આજનો યુગ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો છે. કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ તેના યુવાનો અને બાળકોની વૈજ્ઞાનિક દૃષ્ટિ પર આધાર રાખે છે. નરેન્દ્ર મોદીજીની આગેવાની હેઠળ બાળકોને વિજ્ઞાન અને નવીનતાના ક્ષેત્રમાં આગળ લાવવાનું મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેમણે એવો દૃઢ નિર્ધાર કર્યો છે કે દેશના બાળકોને રાષ્ટ્રીય વિજ્ઞાન મંચો પર સ્થાન મળવું જોઈએ, જેથી તેઓના આત્મવિશ્વાસમાં વધારો થાય અને તેમના અંદરના સર્જનાત્મકતા અને જિજ્ઞાસાને નવી દિશા મળે. મોદીજીનું માનવું છે કે બાળકોને મંચ આપવું એટલે તેમને આત્મવિશ્વાસ આપવો. બાળકોને મંચ આપવું, એ તેમના સપનાને પાંખ આપવાનુ કામ છે. એવા પાયાથી, આજે ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ, રાષ્ટ્રીય વિજ્ઞાન મેળા, ઇનોવેશન ફેર અને ઇન્સ્પાયર એવોર્ડ્સ જેવા કાર્યક્રમોમાં બાળકોની સક્રિય ભાગીદારી જોવા મળે છે. આ મંચો દ્વારા બાળકોને તેમના પ્રોજેક્ટ્સ, શોધ અને વિચારો દેશભરના

વૈજ્ઞાનિકો અને વિશેષજ્ઞોની સામે રજૂ કરવાનો મોકો મળે છે. તેઓ માત્ર અભિનંદન પામે છે એટલું જ  નહિ, પણ તેમને એ પણ સમજાય છે કે તેઓ દેશની વિકાસ યાત્રામાં શું યોગદાન આપી શકે છે.

જ્યારે કોઈ ગામડામાંથી આવેલું બાળક રાષ્ટ્રીય સ્તરે પોતાનું નવોત્તમ મોડેલ રજૂ કરે છે, ત્યારે તે માત્ર પોતાનું નહીં, પરંતુ સમગ્ર સમાજ અને રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. આવા પ્રસંગો માત્ર વિજ્ઞાનની પ્રગતિ નહીં, પરંતુ આત્મવિશ્વાસ, જવાબદારી અને સ્વપ્રેરણાની લાગણી જન્માવે છે. પ્રધાનમંત્રીશ્રી દ્વારા શરૂ કરાયેલી પહેલ, જેમ કે અટલ ટિંકરિંગ લેબ્સ, ટોયથોન, ડ્રોન મહોત્સવ, સ્પેસ ક્વિઝ અને સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, બાળકોને ટેક્નોલોજી અને નવીન વિચારોના ક્ષેત્રે પ્રવેશ માટે મજબૂત પાયા પૂરાં પાડે છે. આવા કાર્યક્રમો બાળકોના વિચારોને માત્ર સમજવા માટે નહીં, પણ તેમને સાકાર કરવાની દિશામાં માર્ગદર્શન આપે છે. આ રાષ્ટ્રીય સ્તરનાં મંચ માત્ર શૈક્ષણિક કાર્યકમો નથી, પણ વિદ્યાર્થીઓના દૃષ્ટિકોણને વિસ્તૃત કરીને તેમને જીવનના નાનાં મોટા પ્રશ્નોનો વ્યવહારિક ઉકેલ શોધવા માટે પ્રોત્સાહિત કરે છે. ખાસ કરીને, આવા પ્લેટફોર્મ ગામડાં અને શહેરના વિદ્યાર્થીઓ માટે સમાન અવસર ઊભા કરે છે, જેના માધ્યમથી શિક્ષણની સમાનતા અને તકના ન્યાયનું મૂલ્ય અનુભવી શકાય છે.

અંતે, આવું કહી શકાય કે વિજ્ઞાન અને ટેક્નોલોજી માટે બાળકોને મળતા આ રાષ્ટ્રીય અવસરો એ માત્ર શિક્ષણની નીતિનો ભાગ નથી, પણ ભારતના ભવિષ્યને નવી દિશા આપતી યોજના છે. આજે જે વિદ્યાર્થીઓ પોતાના વિચારો રજૂ કરે છે, તેઓ જ

આવતીકાલના વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકો અને આગેવાનો બનશે. આવું ભારત તે સમયમાં કદમ રાખે છે જ્યાં દરેક બાળકનું સપનું માત્ર અંગત નથી રહેતું, પણ રાષ્ટ્રના વિકાસ સાથે સંકળાયેલું હોય છે. હવે આપણા બધા માટે જવાબદારી છે કે આપણે વધુમાં વધુ બાળકો સુધી આવા અવસરો પહોંચાડીએ અને તેમની પ્રતિભાને ખીલવા દઈએ, જેથી તેઓના સપનાંઓ સાકાર થવાની સાથે ભારતનાં સપનાંઓને પણ એક નવી ઊંચાઈ મળે.

### ❖ નવી શિક્ષણ નીતિ (NEP 2020)માં નવોત્થાનનો સમાવેશ

શિક્ષણ એ માત્ર માહિતી મેળવવાનો ઉપાય નથી, પરંતુ એ વિદ્યાર્થીની અંદર રહેલી પ્રતિભા, વિચારો અને ક્ષમતાઓને ઉજાગર કરવાનું એક શક્તિશાળી સાધન છે. 21મી સદીના ઝડપી બદલાતા વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ યુગમાં ભારતને એક એવી શિક્ષણવ્યવસ્થા જરૂર હતી, જે બાળકોને વિચારી શકે, પ્રશ્નો ઉઠાવી શકે અને નવા ઉકેલો શોધી શકે તેવા નાગરિકોમાં ફેરવે. આ દિશામાં નવા ભવિષ્યના નિર્માણ માટે, પ્રધાનમંત્રીશ્રીના દૃષ્ટાંત હેઠળ 2020માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) અમલમાં આવી. મોદીજીએ NEP વિશે વાત કરતાં 29 જુલાઈ, 2021ના રોજ કહ્યું હતું કે નવી નીતિનું કેન્દ્રબિંદુ એ છે કે “અમારા યુવાનોને વિચારવા માટે, પ્રશ્ન પૂછવા માટે, વિચારધારા વિકસાવવા માટે અને નવી શોધ કરવા માટે પ્રેરિત કરવામાં આવે.” આ અભિગમ દર્શાવે છે કે NEP 2020 માત્ર અભ્યાસક્રમ બદલવાની નીતિ નથી, પરંતુ સમગ્ર શિક્ષણપદ્ધતિ અને દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ છે. તેનું મુખ્ય લક્ષ્ય છે

વિદ્યાર્થીઓની ભૂમિકા પર અભ્યાસ કરતાં પણ આગળ વધારીને વિચારક, શોધક અને સર્જક બનાવવાં, જેથી તેઓ સત્તા અને સુધારાના સંવાદમાં સક્રિય ભાગ ભજવી શકે.

NEP 2020માં એવા અનેક પાયા ઉમેરી દેવાયા છે જે વિદ્યાર્થીઓમાં નવીન વિચારશક્તિ અને વ્યવહારિક જ્ઞાનને પ્રોત્સાહન આપે છે. તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ છે શૈશવાવસ્થાથી જ કોડિંગ શીખવવાની વ્યવસ્થા. કોડિંગ આજે માત્ર ટેકનોલોજીની ભાષા નથી, પણ તે એક નવી વિચારપદ્ધતિ છે, જે વિદ્યાર્થીની લોજિકલ થિંકિંગ અને સોલ્યુશન ઓરિએન્ટેડ અભિગમને વિકસાવે છે. જ્યારે બાળક શરૂઆતથી જ કોડિંગ શીખે છે, ત્યારે તે માત્ર ટેકનોલોજીનો ઉપયોગ કરતી વ્યક્તિ નહીં રહે, પરંતુ ટેકનોલોજી બનાવતી વ્યક્તિ બની શકે છે. બીજું મહત્ત્વપૂર્ણ પાસું છે અંતરવિષયક અભ્યાસ.  NEP 2020 મુજબ હવે વિદ્યાર્થીઓને ગણિત સાથે સંગીત, વિજ્ઞાન સાથે આર્ટ્સ અથવા ઇતિહાસ સાથે કોમ્પ્યૂટર સાયન્સ જેવા વિષયો વાંચવાની છૂટછાટ છે. એ રીતની અભ્યાસપદ્ધતિ તેમને વધુ વ્યાપક દૃષ્ટિકોણ આપે છે અને વિવિધ વિષયોના સંયોજનથી વિચારશક્તિમાં નવી ઊંચાઈ લાવે છે. પ્રોજેક્ટ આધારિત અભ્યાસ પણ NEPની મહત્ત્વની વિશેષતા છે. વિદ્યાર્થીઓને હવે પાઠ્યપુસ્તકની બહાર જઈને વિવિધ વિષયોની શોધખોળ કરવાની તક મળશે. પ્રોજેક્ટ બનાવતી વખતે વિદ્યાર્થીઓ કોઈ સમસ્યા અંગે માહિતી મેળવે છે, વિચાર કરે છે અને નવી રીત શોધે છે આ પ્રક્રિયા તેમને નવાચારી બનાવે છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) એ શિક્ષણમાં એક વ્યાપક પરિવર્તન લાવવાનો પ્રયાસ છે, જે માત્ર

પાઠ્યપુસ્તકો પર આધારિત અભ્યાસ નહીં, પણ અનુભૂતિઆધારિત શીખવા તરફ દોરી જાય છે. હવે શિક્ષણ વર્ગખંડની મર્યાદા ઓળંગી રહ્યું છે  વિદ્યાર્થીઓને પ્રયોગશાળાઓમાં, ક્ષેત્રભ્રમણમાં અને જીવનપ્રાસંગિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શિક્ષણને જીવંત બનાવવાની તક મળશે. આવા પ્રયાસો વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જગાવે છે, તેમની જિજ્ઞાસાને ઊંડી કરે છે અને કલ્પનાશક્તિને નવી દિશા આપે છે. NEP 2020નું એક મહત્ત્વપૂર્ણ પગલું એ છે કે શરૂઆતનાં વર્ષોમાં શિક્ષણ માતૃભાષામાં આપવામાં આવે, જેથી બાળકો માટે શીખવાની પ્રક્રિયા વધુ સ્વાભાવિક અને સરળ બને. ભાષાની આસાની સાથે તેઓ વિષયોને સારી રીતે સમજી શકે છે અને અભ્યાસમાં વધારે લગાવ અનુભવે છે. આ નવી નીતિ માત્ર શિક્ષણ ક્ષેત્રે સુધારા લાવતી યોજના નથી, પણ એ ભારતના ભવિષ્યનું દર્શન છે એવું ભવિષ્ય જ્યાં યુવાઓ માત્ર રોજગાર શોધનારા નહીં રહે, પણ રોજગાર સર્જનારા બની રહેશે. NEP 2020 એ આ નવી પેઢીનું માર્ગદર્શન છે, જે તેમના અંદરના સર્જનાત્મકતા, નવીનતા અને વિચારોને ઊજાગર કરી, ભારતને આત્મનિર્ભર અને વૈશ્વિક દૃષ્ટિથી સક્ષમ રાષ્ટ્ર બનાવવા માટે તૈયાર કરે છે. અંતે એવું કહી શકાય કે NEP 2020 એ શિક્ષણમાંથી વિચાર તરફ અને વિચારમાંથી કૃતિકાર્ય તરફ નીકળતી એક સંકલ્પભરેલી યાત્રાની શરૂઆત છે  જે માત્ર શીખવા માટે નહીં, પણ વિશ્વને બદલવા માટે શિક્ષણ આપે છે.

## ❖ સ્થાનિક સમસ્યાઓના ઉકેલ માટે બાળકોને પ્રેરણા

બાળકો એ દેશનું ભવિષ્ય છે, અને જો તેમને યોગ્ય દિશા અને પ્રેરણા મળે, તો તેઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. આજના સમયમાં આપણી આસપાસ અનેક સ્થાનિક સમસ્યાઓ જોવા મળે છે. જેમ કે; પાણીની અછત, કચરા સંચાલન, ઊર્જાનો ઉપયોગ, અસ્વચ્છતા, પ્રદૂષણ અને પર્યાવરણની અવગણના. આવી સમસ્યાઓના ઉકેલ માત્ર કેન્દ્રીય સ્તરે નહીં, પણ સ્થાનિક સ્તરથી પણ શક્ય છે, અને તેમાં બાળકોની ભૂમિકા નહિવત શકાય એવી છે. પ્રધાનમંત્રીશ્રીએ પણ આ દિશામાં બાળકોએ જવાબદારી વહન કરે તે માટે પ્રેરણા આપતાં કહ્યું હતું કે સાચું નવપ્રવર્તન એ જ હોય છે, જે લોકોના જીવનને વધુ સારું બનાવે. તેમનો ઉમેરો હતો કે નવપ્રવર્તન માત્ર પ્રયોગશાળાઓ સુધી મર્યાદિત ન રહેવું જોઈએ, પરંતુ તેનું લાગુ પડતું સ્વરૂપ સમાજની સમસ્યાઓના ઉકેલ તરફ દોરી જાય એવું હોવું જોઈએ. મોદીજી બાળકોને ઉદ્દેશીને અપીલ કરે છે કે તેઓ પોતાના આસપાસની સમસ્યાઓને ઓળખે, તેમની ઉપર વિચારે અને નાનાં નાનાં ઉકેલો શોધી તેમની પર અમલ કરે. જ્યારે બાળકો પોતાની શાળા કે ગામમાં રહેલી વાસ્તવિક સમસ્યાઓ સામે આવીને તેનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેઓમાં જ્ઞાન સાથે જવાબદારીનો ભાવ પણ ઊંડો થાય છે. બાળકો વરસાદી પાણીના સંગ્રહ માટે રેઇનવોટર હાર્વેસ્ટિંગ શીખી શકે છે, કચરાનું વર્ગીકરણ, રિસાયકલિંગ અને ઓર્ગેનિક કંપોસ્ટ બનાવતાં શીખી શકે છે. ઊર્જા બચાવવાના ઉપાયો અપનાવી શકે છે અને સોલાર પાવર જેવી

નવીન ઊર્જા સ્ત્રોત વિશે જાગૃત થઈ શકે છે. આવા પ્રયત્નો દ્વારા બાળકોમાં સમસ્યાઓ સામે ઊભા રહેવાની અને તેનો ઉકેલ લાવવાની ક્ષમતા વિકસે છે. અંતે, આપણે જો બાળકોમાં જાગૃતિ, જવાબદારી અને સર્જનાત્મકતા જગાવી શકીશું, તો તેઓ એવાં સમાજનું નિર્માણ કરશે, જે માત્ર સમસ્યાઓથી પરિચિત ન રહે, પરંતુ તેના ઉકેલ માટે એક મજબૂત પહેલ પણ કરે. ફેરફારની શરૂઆત નાનાં પગલાંઓથી થાય છે અને એ સૌંદર્યમય પગલાં બાળકોના હાથથી શરૂ થઈ શકે છે.

ભારતના પ્રધાનમંત્રીશ્રીએ 16 જાન્યુઆરી 2021ના રોજ આયોજિત "નવપ્રવર્તન સંવાદ કાર્યક્રમમાં બાળકો અને યુવાનોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે નવપ્રવર્તન માત્ર પ્રયોગશાળાઓ સુધી મર્યાદિત ન રહેવું જોઈએ," પણ તેનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજની સમસ્યાઓના અસરકારક ઉકેલો લાવવાનો હોવો જોઈએ. તેમણે ખાસ કરીને બાળકોને પ્રેરણા આપતાં કહ્યું હતું કે તેઓ પોતાના આજુબાજુના સ્થાનિક પડકારો, જેમ કે પાણીનો તંગી, કચરો વ્યવસ્થાપન, ઊર્જાબચત અને સ્વચ્છતા  પર ધ્યાન આપે અને નવીન વિચારો દ્વારા તેના માટે ઉપાયો શોધે. બાળકોમાં જિજ્ઞાસા, કલ્પનાશક્તિ અને નવી રાહ શોધવાની અદ્ભૂત ક્ષમતા હોય છે. જો તેમને યોગ્ય દિશામાં માર્ગદર્શન મળે, તો તેઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.  આથી, ચાલો આપણે તમામ બાળકોને એવા સાચા અને ઉપયોગી નવપ્રવર્તન તરફ પ્રોત્સાહન આપીએ, જે સમાજ માટે લાભદાયક અને બદલાવ લાવનારાં બને.

## ❖ બાળકો માટે ડિજિટલ શિક્ષણ અને ટેકનોલોજી પ્રત્યે નરેન્દ્ર મોદીજીનું વિઝન

ભારતના પ્રધાનમંત્રીશ્રી ડિજિટલ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે પ્રતિબદ્ધ રહ્યા છે. તેમના દૃઢ નેતૃત્વ હેઠળ દેશે "ડિજિટલ ઈન્ડિયા" જેવી મહત્ત્વકાંક્ષી પહેલ શરૂ કરી છે, જેનો મુખ્ય ઉદ્દેશ બાળકો અને યુવાધનને વૈશ્વિક સ્પર્ધાઓ માટે સજ્જ બનાવવાનો છે. મોદીજીએ દેશના વિકાસમાં ટેકનોલોજીની ભૂમિકા એટલી મહત્ત્વપૂર્ણ ગણાવી છે કે તે હવે શૈક્ષણિક ક્ષેત્રના દરેક ખૂણે પ્રવેશી ગઈ છે. તેઓ માને છે કે ટેકનોલોજી માત્ર સાધન નથી, પણ શિક્ષણને પહોંચાડવાનું એક શક્તિશાળી માધ્યમ છે. મોદીજીએ ભારતના યુવા ટેલેન્ટને માહિતીપ્રદ અને ટેકનોલોજી આધારિત ભવિષ્ય તરફ દોરવાનું સૂચન કર્યું છે. તેમના સંકલ્પ મુજબ, દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએ, ભલે તે ગામમાં રહે કે શહેરમાં. હાલમાં શરૂ થયેલાં અભિયાનો, જેમ કે PM eVidya, DIKSHA (Digital Infrastructure for Knowledge Sharing), અને SWAYAM એ તેમણે દર્શાવેલા શિક્ષણ વિઝનના મુખ્ય સ્તંભ છે. DIKSHA પોર્ટલ અને ઇ-પાઠશાળા જેવા પ્લેટફોર્મ્સ દ્વારા વિદ્યાર્થીઓ દેશના કોઈ પણ ખૂણે બેઠા મોબાઇલ અથવા કમ્પ્યૂટરના માધ્યમથી અભ્યાસસામગ્રી મેળવી શકે છે.

શિક્ષણના પરંપરાગત માળખાને ટેકનોલોજી સાથે જોડીને નરેન્દ્ર મોદીજીએ સમયાનુકૂલ દૃષ્ટિકોણ રજૂ કર્યો. ઓનલાઇન શિક્ષણ, સ્માર્ટ ક્લાસરૂમ્સ અને ઈ-લર્નિંગ પ્લેટફોર્મ્સનો વ્યાપ વધી રહ્યો છે. વિદ્યાર્થીઓના શિક્ષણમાં વિઘ્ન ન આવે અને તેઓ

સતત શીખતાં રહે, એ માટે મોદીજીએ ટેકનોલોજી આધારિત ઉકેલો લાવવામાં આગેવાની આપી. NEP 2020 એટલે કે નવી શિક્ષણ નીતિએ આ દિશામાં મજબૂત પાયાનું કામ કર્યું છે. આ નીતિ હેઠળ ડિજિટલ લિટરેસી, કમ્પ્યુટેશનલ થિંકિંગ, કૃત્રિમ બુદ્ધિ (AI), રોબોટિક્સ, ક્રિટિકલ થિંકિંગ અને કોડિંગ જેવા આધુનિક વિષયોનો સમાવેશ પ્રાથમિક શિક્ષણથી શરૂ થયો છે. તેના પાછળનો હેતુ સ્પષ્ટ છે ભારતના ભવિષ્યના નાગરિકોને 21મી સદી માટે યોગ્ય કુશળતાથી સજ્જ બનાવવો. મોદીજી વિદ્યાર્થીઓ સાથે ‘પરીક્ષા પે ચર્ચા’ જેવા કાર્યક્રમો દ્વારા સતત સંવાદ રાખે છે અને તેમને ટેકનોલોજીનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે. તેમણે એવું સ્પષ્ટપણે કહ્યું છે કે બાળકો માત્ર સ્માર્ટફોન કે લેપટોપનો ઉપયોગ કરવો જાણે એટલું પૂરતું નથી, પરંતુ તેમને ડિજિટલ સુરક્ષા, સાક્ષરતા અને સાયબર સલામતીની સંપૂર્ણ સમજ હોવી જોઈએ.

તેમના મતે, આજેનાં બાળકોને ટેકનોલોજી માત્ર અભ્યાસ માટે નહીં, પણ નવી શોધો, નવીન ઉદ્યોગો અને વૈશ્વિક સ્પર્ધામાં ભાગ લેવા માટે પણ ઉપયોગી થવી જોઈએ. આત્મવિશ્વાસથી ડિજિટલ જગતમાં પ્રવેશ કરવાથી વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા વિકસે છે અને ભારતને ‘વિશ્વગુરુ’ બનાવવાના દૃષ્ટિકોણ તરફ એક મજબૂત પગલું ભરાય છે. આ રીતે, મોદીજીનો દૃષ્ટિકોણ છે કે શિક્ષણને ટેકનોલોજી સાથે એકીકૃત કરીને દરેક બાળકને સશક્ત અને આત્મનિર્ભર બનાવવું, જેથી તેઓ નવું વિચારી શકે, નવી દિશા આપી શકે અને ભવિષ્યના વિશ્વમાં ભારતને મોખરે લઈ જઈ શકે.

મોદીજીના મતે, ડિજિટલ ઇન્ડિયાનો ઉદ્દેશ્ય ફક્ત ઇન્ટરનેટની પહોંચ વધારવાનો નથી પરંતુ તે ડિજિટલ સંસાધનો દ્વારા બાળકોને સશક્ત બનાવવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું પણ છે. ડિજિટલ શિક્ષણ બાળકોને માત્ર જ્ઞાન તરફ જ નહીં પરંતુ કૌશલ્ય અને સામાજિક જાગૃતિ તરફ પણ માર્ગદર્શન આપે છે. ડિજિટલ ઇન્ડિયાનો ઉદ્દેશ્ય બાળકોને તેમના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃત કરવાનો છે, જેથી તેઓ એક મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપી શકે. તેમણે એમ પણ કહ્યું કે બાળકોને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા શિક્ષણ આપવું જોઈએ જેથી તેઓ પોતાને અપડેટ રાખી શકે અને નવી ટેકનોલોજી અને નવીનતમ માહિતીથી વાકેફ રહી શકે. મોદીજીએ ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અનેક સરકારી યોજનાઓ શરૂ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ, પ્રધાનમંત્રી “ઈ-વિદ્યા” અને “સ્વયં” જેવી પહેલો શરૂ કરવામાં આવી હતી, જે બાળકોને ઓનલાઈન શિક્ષણ દ્વારા ઘરે બેઠાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાની તક આપે છે. આ સરકારી પહેલો દ્વારા વિદ્યાર્થીઓને ઘરે બેઠાં જ શિક્ષણ મેળવવાની સમર્થતા મળી છે, જેના કારણે ભૌગોલિક અને આર્થિક અડચણો દૂર થઈ શકે છે. વીડિયો અભ્યાસક્રમો, ઓનલાઈન અભ્યાસક્રમો અને અન્ય ડિજિટલ સંસાધનો દ્વારા શિક્ષણને વધુ સહજ, આકર્ષક અને વ્યવસ્થિત બનાવવામાં આવ્યો છે. મોદીજીના મતે, આ પ્રકારની ડિજિટલ પહેલો દેશના ભવિષ્યના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવશે.

નરેન્દ્ર મોદીજીના વિચાર મુજબ, ડિજિટલ શિક્ષણ અને ટેકનોલોજી બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

તેમની માન્યતા છે કે બાળકોને ટેકનોલોજીનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની સમજ હોવી જોઈએ, જેથી તેઓ માત્ર ભણતર સુધી સીમિત ન રહે, પણ નવી તક શોધી શકે અને પોતાની સર્જનાત્મકતા વિકસાવી શકે. ડિજિટલ શિક્ષણના માધ્યમથી બાળકોને વિષયોની સરળ સમજ મળે છે અને તેઓ વિશ્વના જ્ઞાન સાથે જોડાઈ શકે છે. આ સાથે, તેમનામાં આત્મવિશ્વાસ આવે છે અને તેઓ ભવિષ્યમાં પડકારોનો સામનો કરવામાં સક્ષમ બને છે. મોદીજીના વિઝન મુજબ, ટેકનોલોજી બાળકોને સ્માર્ટ અને આત્મનિર્ભર નાગરિક બનાવવા તરફ એક મોટું પગલું છે.

# ૯. ભવિષ્યના ભારતના શિલ્પી : પ્રેરણાપ્રાપ્ત બાળકો

ભારતના પ્રધાનમંત્રીશ્રીનો બાળકોને લઈ દૃષ્ટિકોણ માત્ર એક રાજકીય નેતા તરીકેનો નથી, પણ એક સંવેદનશીલ માર્ગદર્શક અને શિક્ષક તરીકેનો છે. તેઓ માને  છે કે દરેક બાળકમાં અપરંપાર શક્તિઓ અને અનંત શક્યતાઓ છુપાયેલી હોય છે, અને તે શક્તિઓને ઉજાગર કરવા માટે યોગ્ય માર્ગદર્શન અને ઉપસ્થિતિ અત્યંત જરૂરી છે. મોદીજી હંમેશાં કહી ચૂક્યા છે કે બાળકો એ ફક્ત ભવિષ્યના નાગરિક નથી, પરંતુ આજના ભારતના શક્તિશાળી નિર્માતા છે. તેમના માટે બાળક એક નિર્વિકાર બાળક નથી, પરંતુ એક એવું જીવનબીજ છે, જેમાં દેશના વિકાસના નકશા છુપાયેલા હોય છે. તેમના માનવામાં આવે છે કે જો આજના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, યોગ્ય મોરલ મૂલ્યો અને સકારાત્મક વાતાવરણ મળે, તો તેઓ આવતીકાલે એવા જવાબદાર અને સર્જનાત્મક નાગરિક બની શકે છે, જે ભારતને વૈશ્વિક પટલ પર એક નેતા તરીકે ઊભું કરી શકે.

મોદીજીના કાર્યકાળ દરમિયાન એવી અનેક યોજનાઓ અમલમાં આવી, જેમ કે ‘બેટી બચાવો, બેટી પઢાવો’, ‘સ્વચ્છ ભારત અભિયાન’, ‘ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ’, ‘મિડ-ડે મીલ પોષણ યોજના’, અને સ્કૂલો માટેના ડિજીટલ ઇનોવેશન જેવા અભિગમો. દરેક યોજના પાછળ બાળહિત અને રાષ્ટ્રના ભવિષ્યને વધુ

સશક્ત બનાવવા માટેની ઇચ્છા છુપાયેલી છે. બાળકો સાથેનો મોદીજીનો સીધો અને જીવંત સંબંધ તેમની વાતચીત અને કાર્યક્રમોમાં સ્પષ્ટ જોવા મળે છે. 'પરીક્ષા પર ચર્ચા' એક એવું અનોખું આયોજન છે, જ્યાં મોદીજી વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધીને તેમને પરીક્ષાના દબાણથી મુક્ત રહેવાની અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. તેઓ કહે છે કે જીવનમાં નિષ્ફળતા અંત નથી, તે તો સફળતા તરફ આગળ વધવાનું એક પગથિયું છે. તેમની પ્રવૃત્તિઓમાંથી સ્પષ્ટ થાય છે કે તેમને બાળકોની સિદ્ધિઓ પર ગર્વ છે અને તેઓ તેમને પ્રોત્સાહન આપીને એક નવી પેઢી ઊભી કરવા ઇચ્છે છે. એવી પેઢી જે સફળતા સાથે સંસ્કાર અને સમર્પણ પણ ધરાવે. અટલ ઇનોવેશન મિશન અને ટિંકરિંગ લેબ્સ જેવી પહેલનું ઉદાહરણ લઈએ, તો તેઓ બાળકોને માત્ર પાઠ્યપુસ્તકના જ્ઞાન સુધી મર્યાદિત રાખવા માંગતા નથી, પરંતુ તેમને વૈજ્ઞાનિક દૃષ્ટિ, નવીન વિચાર અને સર્જનાત્મકતામાં નિપુણ બનાવવી છે. જો બાળકને બાળપણથી જ વિચારવા માટે પ્રોત્સાહન આપવામાં આવે, સવાલો ઉઠાવાની હિંમત આપવામાં આવે અને નવી દિશામાં આગળ વધવાની તક આપવામાં આવે, તો આ બાળકો ભવિષ્યમાં દેશના નસીબને નવેસરથી લખી શકે એવી ક્ષમતા ધરાવે છે.

નરેન્દ્ર મોદીજીની દૃષ્ટિમાં બાળકો માત્ર ભવિષ્યના નાગરિક નથી, પરંતુ તેઓ ભારતના ઊજળા ભવિષ્યના સ્થાપક છે. તેઓ ઇચ્છે છે કે ભારતના બાળકો વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે એવી ક્ષમતા ધરાવતાં બને, પરંતુ સાથે જ તેઓ ભારતીય સંસ્કૃતિ,

પરંપરા અને આધ્યાત્મિક મૂલ્યો સાથે મજબૂતીથી જોડાયેલાં પણ રહે. મોદીજી બાળકોને પ્રકૃતિ સાથે સબંધ જાળવવા, સ્વચ્છતાનું મહત્ત્વ સમજવા, યોગ અને આરોગ્યને જીવનશૈલીનો ભાગ બનાવવાનો સંદેશ આપે છે. તેમનાં ભાષણો માત્ર પ્રેરણાત્મક વક્તવ્ય નથી, પણ એ જીવન માટેના માર્ગદર્શક પાઠ છે  જેમાં સંઘર્ષ સામે અડગ રીતે  ઊભા રહેવાની, હકારાત્મકતાથી જીવન જીવવાની અને આત્મનિર્ભર થવાની વાત હોય છે. તેમનો બાળકો અને યુવાનો પ્રત્યેનો વિશ્વાસ ખૂબ સ્પષ્ટ છે. 2022માં શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા બાદના સંવાદમાં તેમણે સ્પષ્ટ રીતે કહ્યું હતું કે “આજના વિદ્યાર્થીઓ 2047ના ભારતનું સ્વરૂપ નક્કી કરશે.” આ નિવેદન માત્ર આશાવાદ નહિ, પણ રાષ્ટ્રના ભવિષ્ય માટેની તૈયારીની દિશા બતાવે છે. મોદીજીના વિચારો સૂચવે છે કે જો બાળકોને યોગ્ય શિક્ષણ, સંસ્કાર અને માર્ગદર્શન આપવામાં આવે, તો તેઓ દેશના ભાવિ યોદ્ધા, દ્રષ્ટા અને નેતાઓ બની શકે છે. તેમની આ દૃષ્ટિ એક રાજકીય નેતા તરીકે નહીં, પણ એક રાષ્ટ્ર નિર્માતા તરીકે તેમની દૃઢતાને દર્શાવે છે.

તેથી, નરેન્દ્ર મોદીજીની આ દૃષ્ટિ આપણા માટે માર્ગદર્શક બનવી જોઈએ કે જ્યાં બાળક માત્ર એક શિશુ નથી, પરંતુ રાષ્ટ્રની નવી શરૂઆતનો બીજ છે.

### ❖ "બાળકોને નરેન્દ્ર મોદીની પ્રેરણા, આત્મશક્તિ અને આત્મવિશ્વાસનો સંદેશ"

ભારતના પ્રધાનમંત્રીશ્રી માત્ર દેશના શાસક તરીકે નહિ, પણ આજના બાળકોએ અનુસરી શકાય એવો પ્રેરણાસ્રોત અને માર્ગદર્શક તરીકે પણ ઓળખાય છે. તેમની દૃષ્ટિએ બાળક એક ખાલી પાનું નથી, પરંતુ એક જીવિત શક્તિ છે. એવી શક્તિ, જે યોગ્ય માર્ગદર્શન, આત્મવિશ્વાસ અને મૂલ્યો દ્વારા માત્ર પોતાનું નસીબ નહીં, પણ સમગ્ર રાષ્ટ્રનું ભવિષ્ય બદલી શકે છે. મોદીજી ઘણી વખત બાળકોને સંબોધતાં જણાવે છે કે સપનાં જુઓ અને તેને સાકાર કરવા માટે નિર્ભય બની મહેનત કરો. તેમના માટે સફળતા એ સતત પ્રયાસો અને ભૂલોમાંથી મળતી શીખનો સબંધ છે. તેઓ માને છે કે ભૂલો એ નિષ્ફળતા નથી, પણ આગળ વધવા માટેનાં પગથિયાં છે. તેમના સંદેશમાં જે વાત સ્પષ્ટપણે સામે આવે છે તે એ છે કે દરેક બાળક પોતે અનોખું છે, અને તેની તુલના બીજાઓ સાથે નહિ પરંતુ પોતાના ઉન્નતિશીલ સ્વરૂપ સાથે થવી જોઈએ. તેમણે બાળમિત્ર દૃષ્ટિ સાથે ઘણીવાર બાળમનમાં એક નવો ઉત્સાહ અને દૃઢ ઇચ્છાશક્તિ જગાવી છે. મોદીજીનું વિઝન વ્યક્તિગત વિકાસથી આગળ વધી સામાજિક જાગૃતિ અને જવાબદારી તરફ દોરી જાય છે. તેઓ અવારનવાર કહે છે કે "માત્ર પોતાનાં સપનાને ન જુઓ, એવું કંઈક કરો કે બીજાનું જીવન બદલાઈ જાય." આ શબ્દો દ્વારા તેઓ સમાજપ્રેમ, દયાળુતા અને સહાનુભૂતિ જેવાં મૂલ્યોનું વાવેતર કરવા માંગે છે. તેમનાથી પ્રેરિત ભારતનાં  બાળકો નવી વિચારો જન્માવે છે, નવા રસ્તાઓ શોધે છે અને નવી દિશામાં રાષ્ટ્રને દોરી જાય છે.

મોદીજીનું શિક્ષણ અને વિકાસ અંગેનું વિઝન માત્ર આત્મનિર્ભર ભારત સુધી સીમિત નથી, તેમાં સર્જનાત્મકતા, જીવનકૌશલ્ય, નૈતિકતા અને નવીનતાનું સંયોજન છે. તેઓ ઇચ્છે છે કે ભારતનાં બાળકો માત્ર નોકરી શોધનાર નહીં, પણ નવું સર્જન કરનાર, નવી દિશા આપનાર અને વિશ્વને બદલાવ આપનાર બને. તેમની દૃષ્ટિ એક એવું ભારત બનાવવાની છે જ્યાં દરેક બાળક એક શક્તિશાળી, આત્મવિશ્વાસી અને જવાબદાર નાગરિક તરીકે વિકસી શકે.

## ❖ "ભવિષ્યનું ભારત – એક સામૂહિક સ્વપ્ન"

ભવિષ્યનું ભારત એ માત્ર નકશા પરની ભૂગોળીય સીમાઓથી નિર્મિત ચિત્ર નથી, પણ એક જીવંત કલ્પના છે. એક એવું સામૂહિક સ્વપ્ન, જે દરેક ભારતીયના હૃદયમાં આશાની જેમ ધબકે છે. પ્રધાનમંત્રીશ્રીની નજરે આ સ્વપ્ન ત્યારે હકીકત બની શકે, જ્યારે આજનાં બાળકોમાં જ્ઞાન, નૈતિકતા, નવીન વિચારો અને માનવતાની ભાવના પોષાય. તેઓ વારંવાર એ વાત પર ભાર મૂકતા રહ્યા છે કે જો દરેક બાળક મનમાં દેશ માટે કંઈક કરવાની તીવ્ર ઇચ્છા રાખે, તો ભારતના પ્રગતિના માર્ગને કોઈ અટકાવી શકતું નથી. મોદીજીના મતે, 21મી સદીનું ભારત એ ત્યારે જ વિશ્વ મંચ પર આગેવાન બની શકે છે, જ્યારે તેના નાગરિકો ખાસ કરીને યુવા પેઢી માત્ર પોતાની જાત માટે નહીં, પણ સમગ્ર રાષ્ટ્રના હિત માટે વિચાર કરશે અને કાર્ય કરશે. બાળકો ભવિષ્યના શાસક માત્ર નથી, તેઓ તો દેશના નિર્માતા છે જેમના વિચારો, અભિગમ અને કાર્યશૈલીથી રાષ્ટ્રની દિશા નક્કી કરે છે. મોદીજી હંમેશાં પ્રયાસ કરે છે કે બાળકો નેતૃત્વના

ગુણો અપનાવે, પોતાની ભૂમિકા ઓળખે અને સામૂહિક જવાબદારીનું મહત્ત્વ સમજે. તેમનો 'બાળમિત્ર' અભિગમ આ દિશામાં વિવિધ પાસાંઓને સ્પર્શે છે જેમાં નેતૃત્વક્ષમતા વિકસાવવી, ટીમવર્ક અને સહકાર માટે તૈયારી, પર્યાવરણ માટે ચેતના અને ભારતીય સાંસ્કૃતિક વારસામાં ગૌરવ અનુભવવા માટેની પ્રેરણા આપવામાં આવે છે. "આજે એક છોડ વાવો, કાલે પૃથ્વી બચાવો," જેવા સંદેશો દ્વારા તેઓ પર્યાવરણીય જાગૃતિ ઊભી કરે છે, જ્યારે યોગ, માતૃભાષા અને લોકપરંપરાની વાતો દ્વારા સંસ્કૃતિક ગૌરવ બાળકોના મનમાં ઉમેરી રહ્યા છે. મોદીજીનું માનવું છે કે ભવિષ્યનું ભારત કોઈ એક વિઝનરી નેતાની કલ્પના નથી, પણ દરેક બાળકના હૃદયમાં ઉગેલો વિશ્વાસ છે, એક ચોક્કસ ભાવના કે "હું પણ કંઈક કરી શકું છું, હું પણ બદલાવ લાવી શકું છું." તેમના માટે બાળક માત્ર ભવિષ્ય માટે જાળવવાનું એક આશ્રિત પાત્ર નથી, પણ રાષ્ટ્રના નિર્માણમાં સક્રિય યોદ્ધા છે જેઓ આજના વિચારો અને પ્રયાસોથી આવતીકાલના ભારતને વિશ્વના શિખર પર લઈ જશે.

# 10. આધુનિક અભિમન્યુઃ આત્મવિશ્વાસથી ઉજ્જ્વળ ભવિષ્ય તરફ

નવી સદીમાં ભારત માત્ર ભૌતિક પ્રગતિ સુધી મર્યાદિત નથી.પણ માનસિક, નૈતિક અને સર્જનાત્મક ઊંચાઇ તરફ આગળ વધતું રાષ્ટ્ર છે. આવા ભારતના નિર્માણ માટે આપણે એવી પેઢી તૈયાર કરવી પડશે જે માત્ર આજનું નહીં. પણ આવતીકાલનું નેતૃત્વ કરવા સક્ષમ હોય. આજે, આપણને 'આધુનિક અભિમન્યુ'ની જરૂર છે. એવું બાળક જે જીવનની લડતને માત્ર સમજે નહિ, પણ તેને જીતી લેવાની તૈયારી અને ક્ષમતા પણ રાખે. પૌરાણિક મહાભારતમાં અભિમન્યુએ ચક્રવ્યૂહમાં પ્રવેશ કરવાની રીત જાણતો હતો, પણ બહાર આવવા વિશેનું જ્ઞાન ન હતું. આજના યુગમાં એ ભૂલ પુનરાવર્તન પામવી ન જોઈએ. આજનો 'આધુનિક અભિમન્યુ' એવું બાળક છે જે જીવનના દરેક ચક્રવ્યૂહમાં માત્ર પ્રવેશ કરવો નહીં જાણે, પણ તેમાંથી સુરક્ષિત અને સફળ રીતે બહાર આવવા માટે જ્ઞાન, તર્ક, સંસ્કાર અને તકનિકી કુશળતા ધરાવતો હોય. આ આધુનિક અભિમન્યુ કોઈ એક વિષયનો જ પંડિત નથી, તે એક સર્વાંગી વિકાસ પામેલી વ્યક્તિ છે. તે ભાષા, વિજ્ઞાન, ગણિત અને ઇતિહાસ જેટલું જ ટેકનોલોજી, ભાવનાત્મક બુદ્ધિ, પર્યાવરણ અને નૈતિક મૂલ્યોમાં પણ સમૃદ્ધ હોય છે. તે સાબિત કરે છે કે શિક્ષણ માત્ર માર્કશીટ માટે નથી, પણ જીવન જીવવાની સજાગ રીત શીખવા માટે છે. આવા બાળક માટે સંસ્કાર એટલા જ મહત્ત્વપૂર્ણ છે જેટલી

કુશળતા. એ Google પર સર્ચ કરતો હોય છે, પણ પૌરાણિક વારસાની ઊંડી સમજ પણ ધરાવે છે. એ Coding લખી શકે છે, પણ સાથે જ મનમાં ‘સ્વચ્છ ભારત’ કે ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ માટે કંઈક નવો વિચાર પણ ઉમેરી શકે છે. તેની અંદર આત્મવિશ્વાસ છે, પણ સાથે સાથે નમ્રતા પણ છે. આધુનિક અભિમન્યુ સમાજના પ્રશ્નો સામે આંખ મીંચી નથી લેતો. તે પ્રશ્નો ઊભા કરે છે, જવાબ શોધે છે અને જો જરૂરી લાગે તો સિસ્ટમમાં બદલાવ લાવવા પણ આગળ વધે છે. તેનો ઉદ્દેશ માત્ર વ્યક્તિગત સફળતા સુધી સીમિત નથી, પરંતુ સામૂહિક કલ્યાણ સુધી વિસ્તરેલો છે. મોદીજીના વિઝન મુજબ, આજે આપણે એવા યુવાનોને ઘડવા જોઈએ જે માત્ર સફળ નોકરશાહ બનવા માટે નહી, પરંતુ નવી દિશા આપતા, વિચારી શકતા અને જવાબદારીથી ચલાવતા નાગરિક બને. એવા નાગરિકો જ ભારતને વૈશ્વિક નેતૃત્વની દિશામાં લઈ જઈ શકે છે. આથી, 'આધુનિક અભિમન્યુ' માત્ર એક વિચાર નહીં, પરંતુ આવતી પેઢી માટેનું એક નવું મૉડલ છે, જે આવનારા સમયમાં ભારતને દરેક ક્ષેત્રમાં સફળ અને શક્તિશાળી દેશ બનાવવામાં મદદરૂપ થશે.

ચાલો, એ ભવિષ્યને સ્વીકારીએ. ચાલો, આવા અભિમન્યુઓ ઘડવા માટે શિક્ષણ, સંસ્કાર અને તકનીક વચ્ચેનો સંતુલિત પુલ બાંધીએ. કારણ કે ભવિષ્યનું ભારત, આજે ઘડાતા આવા અભિમન્યુઓનાં મગજ અને હૃદયમાં છુપાયેલું છે. આજની દુનિયામાં ચક્રવ્યૂહ માત્ર યુદ્ધની લડાઈ નથી, તે હવે ટેકનોલોજી, માનસિક સંઘર્ષો, સામાજિક અને આર્થિક પડકારોનું રૂપ લઈ ચૂક્યો છે. એ માટે બાળકોને જીવનના દરેક ક્ષેત્રમાં પોતાની

સુરક્ષા અને વિકાસ કેવી રીતે કરવો તે શીખવવું ખૂબ જ જરૂરી છે. આ દૃષ્ટિકોણથી, બાળકોને આધુનિક અભિમન્યુમાં બદલવાનું કાર્ય કોઈ એક શાળા કે સરકારની જ જવાબદારી નથી, તે માતા-પિતા, શિક્ષકો, સમગ્ર સમાજ, અને નીતિનિર્માતાઓની સંયુક્ત જવાબદારી છે. જ્યારે વિચારોના યુદ્ધક્ષેત્રમાં જ્ઞાન અને જાગૃતિથી પરિપૂર્ણ 'આધુનિક અભિમન્યુ' ઊભા થાય છે, ત્યારે તે જ દેશને સફળતા અને પ્રગતિનાં નવીન શિખરો સુધી લઈ જઈ શકે છે.

"આપણાં બાળકો આપણા સમાજનો સૌથી મોટો ખજાનો છે. તેઓ આપણા દેશના ભવિષ્યના શિલ્પી છે. જો દરેક બાળક એવું વિચારે કે હું મારા દેશને કંઈક આપી શકું છું, તો તે રાષ્ટ્રનિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે."

- શ્રી નરેન્દ્ર મોદી (મન કી બાત એપિસોડ 64, 28 ઓક્ટોબર, 2018)